186. D. 205.

THE

# HISTORY OF SURAT.

# સુરતની તવારીખ.

બનાવનાર.

એદલજી બરજોરજી પટેલ.

આ૦ ફર્સ્ટ આસિસ્ટંટ માસ્તર.

ગવર્નમેંટ મિડ્લ સ્કૂલ, સુરત.

આ ચોપડી સને ૧૮૬૭ના ૨૫મા આક્ટ પ્રમાણે નોંધાવી, હક સ્વાધીન રાખ્યા છે

સને ૧૮૯૦.

સુરત અખબાર છાપખાનામાં નરોતમદાશ ગોવીંદરામે છાપી.

કીમત રૂપીઆ બે.

# પ્રસ્તાવના.

સુરત દુનિયામાં જાણીતાં થયલાં શહેરો માંહેલું એક છે. એ કેટલું પૂરાણું છે, એમાં રાજ્ય કેવું ચાલતું હતું, પ્રજાને શા શાં સુખ દુઃખ હતાં; એમાં કટલીવાર લડાઇઓ થઇ, ધાડ પડી; કેટલીવાર દુકાળ, આગ, રેલ વગેરેની આફતો પડી, અને લોકોને કેટલીવાર પોતાનો જીવ જીવનગારો ભોંય ભંડાર કરી નાસી જવું પડયું તે જાણવાની ઘણાઓ ઉલટ રાખે છે.

મારા મનમાં તે ઉપરથી વિચાર આવતો કે સુરતની તવારીખ લખવી. એટલામાં સને ૧૮૭૯માં હુલ્લડ થયું. મેં અનુભવથી જોયું કે લોકોમાં તવારીખનું જ્ઞાન હોત તો એવી હડનાલ પડત નહીં અને એ હુલ્લડ થાત નહીં, એટલામાં મારા વાંચવામાં આવ્યું કે. નામદાર સરકાર પોતે પણ ગુજરાતી ભાષામાં સુરતની તવારીખ લખાયલી જોવાની ખાહેશ રાખે છે. આ કારણોથી મેં આ તવારીખ લખી. તે લખવામાં મેં કશી વિદ્વત્તા બતાવવાની કે કોઇપર ઉપકાર કરવાની નેમ રાખી નથી. મેં માત્ર

"*No life is worth living that is not useful to man.*"

એ કહેવત પ્રમાણે માણસજાત તરીકે મારી એક ફરજ બજાવી છે. એ તવારીખ લખતાં મેં સાચવટ છુપાવ્યું નથી. કોઇની ખાતર મુરવતથી કામ કીધું નથી. મને જે વાજબી લાગ્યું તે મેં લખ્યું છે. મેં આગળા વખતની "પરદેશાની બીનાં" નોંધી છે, તે નોધવામાં મારો હેતુ એ છે કે, અભણ વર્ગમાં સુરતની આગલી હાલત વિશે ખોટા વિચારો ચાલે છે, તે દૂર થાય. કોઇ સુરતને પાચ પચીસ હજાર વરસપર વસેલું શહેર ગણી તેને સાતમે આસમાને ચઢાવે છે, તો કોઇ પડતી દશામાં આવેલાં આ શહેર તરફ ઘણો હલકો વિચાર રાખે છે. કોઇ આ શહેરના આગલા રાજ કર્તાઓને જોઇએ તેથી વધારે ડાહ્યા તથા ઇનસાફી સમજે છે તો કોઇ તેઓને હરડના જુલમગારો કહે છે. કોઇ મુગલાઇ રાજ્ય ગયાથી પરમેશ્વરના પાડ માને છે તો

કોઇ સુરત શહેર કંપનિ સરકારે "દગાથી લીધું," એવું કહે છે. આ વાતમાં ખરૂં ખોટું શું છે તે આપોઆપ માલમ પડે, એટલામાટે મેં "પરદેશની બીના" દાખલ કરી છે. સુરતમાં પોરટયુગીઝ, ઈંગ્રેજ, વલંદા, ફ્રેંચ અને પેશ્વા એક બીજા સાથે હરીફાઇ કરતા, તેઓ ઉત્તર તથા દક્ષિણ હિંદુસ્તાનમાં કેટલા બળવાન અથવા કેટલા નબળા હતા—તેઓ પોતાની સ્વભૂમીમાં રાજયકિય કળામાં કેટલા વધેલા હતા, અને તેથી જો ઈંગ્રેજે સુરત લીધું ન હોત તો કોઇપણ બીજી પ્રજાએ સુરત લીધું હોત તેનો વિચાર લાવવાને મેં એ બાબત વધારી છે. ટુકામાં ચોક્કસ સદીમાં સુરતની ચોક્કસ હાલત હતી, પછી સુરત કેટલું વધ્યું અથવા પાછલ પડયું તે સઘળાનો મુકાબલો કરી વાંચનારાઓ સુરતની તબારીખ વિશે ખરા વીચાર પર આવવાને શકિતમાન થાય એટલા માટે મેં તે બીનાં વધારી છે.

આ તવારીખ જેમ બને તેમ ઘણા લોકો—પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો, વળી ભણેલાઓ તેમ ઓછું ભણેલાઓ પણ વાચે, અને નહીં ભણેલાઓ સહેલાઇથી સમજે, એવા હેતુથી લખી છે, તેથી લખાણ સાદી ગુજરાતી ભાષામાં કરયું છે.

આ તવારીખ મેં મારા મિત્ર મિ૦ એદલજી દોરાબજી તલાટી (એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ)ને બતાવેથી તેમણે એની ગોઠવણ પસંદ કરી. એક સુચના કરી હતી. તે એકે એમાં જાણીતાં કુટુંબોની તવારી દાખલ કરવી. મેં તેમ કરવાને કેટલીએક મુશ્કેલીઓ વચ્ચે કોશેશ કરી, પણ ચોપડીનું કદ બેવડું થઇ જતું હોવાથી અને વખત વધારે જશે એવું જાણ્યાથી મેં તે બાબત એમાં દાખલ કરી નથી.

એ ચોપડી લખતાં મને કેટલીએક તવારીખો વાંચવી પડી છે, તેમાં મોટી મદદ સુરત તથા ભરૂચના ગેઝેટીયરથી મળી છે. "પારસી પ્રકાશ" નામના કીમતી ગ્રંથની પણ મેં મદદ લીધી છે. જે જે ચોપડીઓની મેં મદદ લીધી છે, તેના બનાવનારાઓનો તથા મારા મિત્ર મિ૦ પાલનજી બેજનજી કોટવાલનો કેટલીએક બાબર અંતરો માટે ઊપકાર માનું છુ.

એદલજી બરજોરજી પટેલ.

નેકનામ શરફુઝ ખાન બહાદુર

જનાબ મીર ગુલામબાબાખાન સાહેબ

મુ. સુરત.

આપ સાહેબ આ પુરાતન તથા નામાંકિત શહેરના રાજવંશી નવાબી ખાનદાનના નબીરા છો—આપ દેશીઓનું સદા કલ્યાણ કરવામાં એક નિષ્ટાથી અને આગ્રહ પૂર્વક મથન કરો છો—તથા આપના ઉત્તમ ગુણો જોઇ હર્ષ પામી,

આપ સાહેબને આ

હિંદ દેશના રત્નરૂપ પુરાતન શહેર

" સુરતની તવારીખ "

મોટાં માન તથા પ્રેમ પૂર્વક અર્પણ કરી છે.

કર્તા.

# સુરતની તવારીખનું સાંકળિયું


| પ્રકરણ ૧ લું | | પાનું. |
|---|---|---|
| તવારીખ. | | ૧ |
| ખુદરતના ચમત્કાર—આજે વસ્તી—કાલે મેદાન. | ... | ૨ |
| સુરત—એક મેદાન. | ... | ૩ |
| ભરૂગચ્છા—ભરૂચ શહેર. | ... | ૪ |
| **પ્રકરણ ૨ જું** | | |
| સુરત શહેરનું પુરાતનપણું.—એ શહેર ક્યારે અને કોણે વસાવ્યું? | | ૫ |
| સુરત—એ નામ શાથી પડ્યું? | ... | ૬ |
| સુરત ક્યાં આવેલું છે?—એ શહેરના વતની કોણ?. | ... | ૭ |
| બીજી જાતના લોકો હતા કે નહીં?—તે વખતે લોકોની હાલત. | | ૮ |
| તે વખતનો રાજકારભાર. | ... | ૮ |
| એ વખતની પરદેશની બીનાં. | ... | ૯ |
| ચોદમી સદીમાં સુરતની હાલત. | ... | ૧૦ |
| એ વખતની પરદેશની બીનાં. | ... | ૧૧ |
| પંદરમી સદીમાં સુરતની હાલત.—ગોપી. | ... | ૧૨ |
| ગોપીતળાવ. | ... | ૧૩ |
| એ વખતની પરદેશની બીનાં. | ... | ૧૪ |
| **પ્રકરણ ૩ જું.** | | |
| યુરોપીનયન લોકોના પગપેસારો—પોરટયુગીઝ.—કિલ્લો. | | ૧૮ |
| અકબર પાદશાહના રાજ પહેલાં સુરતનો કારભાર. | ... | ૨૦ |

| પ્રકરણ ૪ થું. | | પાનું. |
|---|---|---|
| અકબર પાદશાહની સુરતપર ચઢાઈ. | ... | ૨૧ |
| અકબરના રાજ પહેલાંની આમદાની.—મુગલાઈ રાજ. | | ૨૨ |
| અકબર પાદશાહનું રાજ. | ... | ૨૨ |
| એ વખતની પરદેશની બીનાં. | ... | ૨૪ |
| **પ્રકરણ ૫ મું.** | | |
| જહાંગીર પાદશાહનું રાજ. | ... | ૨૫ |
| ઈંગ્રેજો આવ્યા ત્યારે સુરતની હાલત. | ... | ૨૬ |
| ઈંગ્રેજને કોઠી સ્થાપતાં પડેલી મહેનત. | ... | ૨૭ |
| ઈંગ્રેજોને પાદશાહે આપેલા હક્કો.—શાહજાદો ખુરમ. | ... | ૨૦ |
| વલંદા વેપારીઓની કોઠી. | ... | ૩૧ |
| શાહજહાંનું રાજ. | ... | ૩૨ |
| શાહજહાંના અમલમાં આબાદી. | ... | ૩૪ |
| કંપનિ સરકારની કોઠીના ચીફ (વડા અમલદારો.) | ... | ૩૬ |
| **પ્રકરણ ૬ ઠું.** | | |
| ઓરંગજેબ પાદશાહનું રાજ. | ... | ૩૭ |
| મરાઠાઓની ધાડ અને લુંટ. | ... | ૪૦ |
| દેશીઓને સુઝેલી વિનાશકાળે વિપરીત બુદ્ધિ. | ... | ૪૨ |
| શીપજ-કર-જકાતઆવેરો.—મુંબાઇની સને ૧૬૬૧માં હાલત. | | ૪૩ |
| સને ૧૬૫૮થી ૧૭૦૭ લગીના મુત્સદીઓ. | ... | ૪૪ |
| ઉપજની વીગત. | ... | ૪૫ |
| સજવહીવટ, લોકોની હાલત વગેરે. | ... | ૪૬ |

| | | |
|---|---|---|
| | | પાનું. |
| ઈંગ્લાંદના વણકરો. | ... | ૪૯ |
| ઈંગ્રેજની બીજી કંપનિ.—જોડાયલી કંપનિ અને તેનો વહીવટ. | | ૫૦ |
| પોરટયુગીઝ.—ફ્રાંસના વણકરો.—ઓરંગજેબના રાજ્યના પાછલા ભાગમાં હાલત | ... | ૫૧ |
| લોકોનું પ્રમાણિકપણું | ... | ૫૨ |
| વેપારમાં બરકત-નફો.—એ વખતનાં જાણીતાં કુટુંબો. | ... | ૫૩ |
| એ વખતની પરદેશની બીનાં. | ... | ૫૪ |

પ્રકરણ ૭ મું.

| | | |
|---|---|---|
| ઓરંગજેબ પછીના પાદશાહો. | ... | ૫૭ |
| સને ૧૭૦૭થી ૧૭૩૩ લગીના નવાબો. | ... | ૫૮ |
| નવાબ મોમીનખાન, સૈયદ અસાલતખાન, હાઇદર કુલીખાન, તહવારખાન. | | ૫૯ |
| મુલ્લાં અબ્દુલ જફ્ફર.—નવાબ રૂસ્તમઅલીખાન. | ... | ૬૦ |
| નવાબ સોહરાબખાન. | ... | ૬૧ |
| અહમદ ચલેબી. | ... | ૬૩ |

પ્રકરણ ૮ મું.

| | | |
|---|---|---|
| નવાબી રાજ્ય.—સને ૧૭૩૩થી ૧૭૫૯ લગીના નવાબો. | | ૬૪ |
| નવાબ તેગબખ્તખાન. | ... | ૬૫ |
| કંપનિના અમલદારોનું અપ્રમાણિકપણું. | ... | ૬૬ |
| નવાબ તેગબખ્તખાન (ચાલુ.) | ... | ૬૭ |
| નવાબ બેગલરખાન (હઝરતખાન.) | ... | ૭૧ |
| નવાબ સફદરખાન.—નવાબી માટે માંહો માંહે લડત. | | ૭૨ |
| નવાબ અલી નવાઝખાન. | ... | ૭૪ |
| નવાબ મીઆ અચ્ચંન. | ... | ૭૫ |

પ્રકરણ ૯ મું. પાનું.


| | | |
|---|---|---|
| કિલ્લા માટે ઈંગ્રેજ તથા નવાબ વચ્ચે વિગ્રહ. | ... | ૭૬ |
| કિલ્લો ઈંગ્રેજના હાથમાં આવ્યો તે વખતે સુરતની હાલત. | | ૭૮ |
| નવાબની સવારી. | ... | ૮૦ |
| કિલ્લો ઈંગ્રેજના હાથમાં આવ્યો તે વખતે સુરતની હાલત (ચાલુ.) | | ૮૪ |
| કેળવણી તથા કળા કૈશલ્ય. | ... | ૮૬ |
| તે વખતનાં નામાંકિત કુટુંબો. | ... | ૮૮ |
| લોકોના પોશાક. | ... | ૮૯ |
| લોકોના ખોરાક. | ... | ૯૦ |


પ્રકરણ ૧૦ મું.


| | | |
|---|---|---|
| નવાબી તથા ઈંગ્રેજી ભેગું રાજ્ય.—અને ૧૭૫૯ થી ૧૮૦૦ લગીના નવાબો. | ... | ૯૧ |
| સીદી સરદાર. | ... | ૯૪ |
| સચીનનો નવાબ. | ... | ૯૫ |
| સચીનના નવાબો.—ચઢતી પડતીનાં કારણો. | ... | ૯૭ |


પ્રકરણ ૧૧ મું.


| | | |
|---|---|---|
| કિલ્લો લીધાપછી શહેર સ્થતાં લગીનાં ૪૦ વરસમાં સુરતની હાલત. | | ૯૮ |
| શહેરમાં ઈંગ્રેજોનું ચલણ. | ... | ૯૮ |
| નવાબનું લશ્કર.—પોલીસ. | ... | ૧૦૦ |
| ઇનસાફ. | ... | ૧૦૨ |
| ખેતી અને ખેડુત. | ... | ૧૦૪ |
| " મીરાસી બંદરનો વાવટો " | ... | ૧૦૫ |

| | | પાનું. |
|---|---|---|
| વેપાર. | ... | ૧૦૯ |
| વેપારની જણસ. | ... | ૧૧૦ |
| ઉપજ. | ... | ૧૧૧ |
| જમીનનું મહેસુલ.—મુકાત. | ... | ૧૧૨ |
| જકાત. | ... | ૧૧૩ |
| સરટિફિકેટ ટેક્ષ.—"ચામડી" મુજબ કર. | | ૧૧૪ |
| નાતજાતનો તફાવટ રાખ્યા વગર કર લેવાડવાની ઈંગ્રેજની કોશેશ. | | ૧૧૫ |
| ઈંગ્રેજ પોતે કર કેમ લેતા. | ... | ૧૧૫ |
| પરદેશી કોઠીવાળાઓ.—પરદેશી કોઠીવાળાઓની હાલત. | | ૧૧૫ |
| નવાબી રાજ્યના છેલ્લા દિવસો. | ... | ૧૧૬ |
| સને ૧૭૯૯નું તંબાકુ બાબત હુલ્લડ. | ... | ૧૧૭ |

## પ્રકરણ ૧૨ મું.

| | | |
|---|---|---|
| નવાબ પાસેથી સુરત લેવાને હિંદુસ્તાનના ગવર્નર જનરલ તથા મુંબાઇના ગવર્નર વચ્ચે પત્ર વહેવાર. | ... | ૧૧૯ |
| મુંબઇના ગવર્નરે ગવર્નર જનરલપર લખેલો પત્ર. | ... | ૧૧૯ |
| મુંબાઇના ગવર્નર મિ૦ જોનાથન દંકનપર સુરતના ચીફ મિ૦ સીટને લખેલો પત્ર.—મરહુમ નવાબનાભાઇ મીર નાસરૂદીન તરફનો રૂકકો. | | ૧૨૦ |
| મીર નાસરૂદીનખાને મિ૦ જોનાથન દંકનપર લખેલો પત્ર. | | ૧૨૧ |
| મિ૦ દેનિયલ સીટને મિ૦ જોનાથન દંકનપર લખેલો પત્ર. | | ૧૨૧ |
| મિ૦ સીટનપર મીર નાસરૂદીને મોકલેલો રૂકકો. | ... | ૧૨૨ |
| મુંબઇના ગવર્નર મિ૦ જોનાથન દંકને મીર નાસરૂદીનપર લખેલો પત્ર | | ૧૨૩ |
| નામદાર ગવર્નર જનરલ તરફથી મુંબઇના ગવર્નરપર પત્ર (છુપું ખાતું.) | | ૧૨૩ |
| સુરતના કોલકરાર. | ... | ૧૨૬ |

પાનું.

મુંબઈના ગવર્નરે સુરતના કરાર બાબત ગવર્નર જનરલને લખેલો પત્ર. ૧૨૮
નામદાર ગવર્નર જોનાથન ડંકને સુરત લીધા બાબત કરેલી નોંધ. ૧૨૮
મીર નાસરૂદીનખાન સાહેબ નવાબની અરજ. ... ૧૩૦
સુરત શહેર લીધા બાબત નામદાર ગવર્નર જોનાથન ડંકને કરેલી ખાનગી નોંધ. ... ૧૩૩
નવાબ સાહેબને મસનદપર બેસાડવાની ક્રિયા. ... ૧૪૦
ગવર્નર સાહેબને ભેટ. ... ૧૪૧
સુરત શહેર ઈંગ્રેજ સરકારે લીધા બાબતનો ગવર્નર ડંકને કાઢેલો ઢંઢેરો. ૧૪૧
સુરતમાં ઈંગ્રેજી રાજ્ય.—એ વખતની પરદેશની બીનાં. ... ૧૪૩

પ્રકરણ ૧૩ મું.

નવાબ પાસેથી કંપનિ સરકારે સુરત લીધું તે વખતે હાલત.—વસ્તી. ૧૪૫
ચલણી નાણું. ... ૧૪૫
મજૂરી. ... ૧૪૬
સોંઘવારી. ... ૧૪૭
પાંજરાપોળ. ... ૧૪૮
અંધેર રાજ.—ગરાસીઆ. ... ૧૫૦
લુંટારા. ... ૧૫૨
ફુટકી વસ્તુઓનાં વેચાણ.—પારસી (વહાડીઆ) વહાણ બાંધનારા. ૧૫૩

પ્રકરણ ૧૪ મું.

અમલદારોની નીમનુક. ... ૧૫૪
નવાબ તથા તેમના વારસો. ... ૧૫૫
આબકારી.—સુરતી દારૂ. ... ૧૫૭

| | | પાનું. |
|---|---|---|
| અવઢાના દારૂપર જકાત. | ... | ૧૫૮ |
| તાડી તથા નીરો. | ... | ૧૫૯ |
| ઇમામ મહેદી-બોધાનનો બળવો. | ... | ૧૬૦ |
| મીઠાંપર પહેલવહેલો કર.—મીઠાંનું હુલ્લડ. | ... | ૧૬૨ |
| વલંદા ફ્રેંચ તથા ફીરંગીઓની બંધ થયલી કોઠીઓ. | ... | ૧૬૪ |
| સને ૧૮૫૭નો બળવો. | ... | ૧૬૪ |
| બળવા વખતે સુરતની હાલત તથા વફાદારી. | ... | ૧૬૬ |
| ઇનકમટેક્ષ.—રેલવે તથા તાર.—રૂનો સટો. | ... | ૧૬૮ |
| રૂની કમાઇ વખતે પારસી સખાવત. | ... | ૧૭૦ |
| ગ્રહણ તથા "ઉંટીયું ટુટીયું" | ... | ૧૭૧ |
| આનંદનો દિવસ. | ... | ૧૭૨ |
| લાઇસંસ ટેક્ષને લીધે હડતાલ તથા હુલ્લડ. | ... | ૧૭૩ |
| કુદરતી ચમત્કાર. | ... | ૧૭૬ |
| વીજળીના દીવા.—સ્થાનિક સ્વરાજ. | ... | ૧૭૭ |
| ૧૮૮૩ની રેલ.—આઇસ ફેકટરી. | ... | ૧૭૮ |
| નવું દેખાવું.—પાતાળ કુવા.—વટલેલ. | ... | ૧૭૯ |
| તારાનો વરસાદ.—યંત્રકળાથી ચાલતો ઉદ્યોગ. | ... | ૧૮૦ |
| સને ૧૮૮૯નો અગ્નિકોપ.-મોઘવારી. | ... | ૧૮૧ |

પ્રકરણ ૧૫ મું.

| | | |
|---|---|---|
| સુરતના કોટ. | ... | ૧૮૩ |
| શહેરપનાહ કોટ. | ... | ૧૮૪ |
| શહેરપનાહની અંદર આવેલા ભાગો. | ... | ૧૮૫ |
| આલમપનાહ કોટ. | ... | ૧૮૭ |

| | | પાનું. |
|---|---|---|
| પરાં. | ... | ૧૮૯ |
| મહમદન લોકોનાં પ્રાચીન ધર્મનાં મકાનો. | ... | ૧૯૧ |
| હિંદુ લોકોનાં ધર્મનાં ઠેકાણાં. | ... | ૧૯૨ |
| પારસી લોકોનાં ધર્મનાં મકાનો. | ... | ૧૯૩ |
| વહોરા લોકોનાં ધર્મનાં મકાનો. | ... | ૧૯૬ |
| યુરોપીયન લોકોના ધર્મના મકાનો | ... | ૧૯૮ |

પ્રકરણ ૧૬ મું.

| | | |
|---|---|---|
| ધરતીકંપ.—સુરતમાં આવેલી મોટી રેલો. | ... | ૨૦૦ |
| સને ૧૮૮૩ ની મોટી રેલ. | ... | ૨૦૪ |
| મોટી આગો.-રૂસ્તમપુરાની આગ. | ... | ૨૦૮ |
| સને ૧૮૩૭ ( સંવત ૧૮૯૩.) નો અગ્નિ કોપ. | ... | ૨૦૯ |
| નાની નાની આગો.—સને ૧૮૮૯નો અગ્નિ કોપ | ... | ૨૧૧ |
| " માતાનો કોપ "! | ... | ૨૧૨ |
| સલાબતપુરાની આગ-સગરામપુરા તથા રૂસ્તમપુરાની આગ. | | ૨૧૩ |
| લોકોનો ગભરાટ | ... | ૨૧૪ |
| લોર્ડ રે. | ... | ૨૧૫ |
| દટન. | ... | ૨૧૬ |
| દુકાળ. | ... | ૨૧૭ |
| સુડતાળો કાળ. | ... | ૨૧૮ |
| સાઠોકાળ.-અગણોતેરો કાળ. | ... | ૨૧૯ |

પ્રકરણ ૧૭ મું.

| | | |
|---|---|---|
| જોવાલાયક ઠેકાણાં. | ... | ૨૨૧ |

હવા ખાવાનાં ઠેકાણાં.–રાંનેલ-રેનર-રાંદેર. ... ૨૨૨
સુંહાલી. ... ૨૨૫
બાપ્પસનો અઝરો-દીવાદાંડી. ... ૨૨૬
હોપ બ્રિજ.–પાંજરાપોળ. ... ૨૨૭
ક્લૉકટાવર.–પબ્લીકપાર્ક. ... ૨૨૮
ઈંગ્રેજની કોઠી.–મુસાફરખાનું. ... ૨૨૯
જાફરઅલી સ્પિનિંગ એંડ વીવિંગ કંપનિ.–ગુલામબાબા સ૦. ૨૩૦
બેગમહમદ મીલ.–મ્યુનિસિપાલિટિ. ૨૩૧
ન્યાય ખાતું. ૨૩૩
જડજ. ૨૩૫
સબોરડિનેટ જડજ:–સ્મોલકોઝ કોર્ટ. ૨૩૬
કલેક્ટર.–મેજીસ્ટરેટ. ૨૩૭
પોલીસ –આરોગ્યતાખાતું. ૨૩૮
કેળવણી. ૨૪૦
સરકારી ઈંગ્રેજી નિશાળ. ૨૪૧
પહેલી પા સદીની સરકારી કેળવણી. ૨૪૨
બીજી નીશાળો. ૨૪૪
વર્તમાન પત્ર તથા છાપખાનાં. ૨૪૫
પારેખ હુનરશાળા.–પુસ્તકશાળા. ૨૪૬
કસરતશાળા.–તાલીમખાનાં. ૨૪૭


પ્રકરણ ૧૮ મું.


બાણી.–મકાનો. ૨૪૮

મેળા. ૨૫૦
સુરતના લોકોની ઝાહોઝલાલી. ૨૫૧
ઓગણીશમી સદીમાં જાણીતાં કુટુંબો. ૨૫૨
જાણીતા લક્ષાપતિઓ. ૨૫૩
પરી૦ આત્મારામ ભુખણ. ૨૫૪
ખા૦ બા૦ અરદેશર ધંજીશાહ. ૨૫૫
ખા૦ સા૦ ફીરોજશાહ ધંજીશાહ.—જાત મહેનતથી વધેલા ગ્રહસ્થો. ૨૫૮
ઓગણીસમી સદીના અમલદારો-વકીલ-દાકટર વગેરે. ૨૬૧
નામદાર સરકાર તરફથી ખેતાબ તથા ચાંદના માન પામેલા ગ્રહસ્થો ૨૬૬


પ્રકરણ ૧૯ મું.


પારસીઓનું ધરમખાતું. ૨૬૬
ગંબારનું જસન-ન્યાત. ૨૬૯
હિંદુ નિરાશ્રિત ફંડ. ૨૭૧
મુંબઈના લોકોની સખાવત. ૨૭૨


પ્રકરણ ૨૦ મું.


બીજી અગત્યની નોંધો.—સુરતના પારસીઓ. ૨૭૫
૧૮૮૯માં લોકોની વસ્તી.—૧૮૮૯માં લોકોની હાલત. ૨૮૧
" " પોસાક.— " " ઘરેણાં. ૨૮૨
" " નો ખોરાક. ૨૮૩
બજાર.—પીઠ—વખણાતી ચીજો. ૨૮૪

# શુદ્ધિ પત્રક.

| પાનું. | લીટી. | અશુદ્ધ. | | શુદ્ધ. |
|---|---|---|---|---|
| ૨ | ૪ | poets' | ... | poet's. |
| ૪ | ૨ | વિદ્યાન | ... | વિદ્વાન. |
| ૯ | ૧૮ | ચાર્ટા | ... | કાર્ટા. |
| ૧૬ | ૧૩ | ફતેફમંદ | ... | ફતેહમંદ. |
| ૧૭ | ૧૫ | ૧૮૭૮ | ... | ૧૪૭૮. |
| ૧૯ | ૧૦ | અબ્યો | ... | આબ્યો. |
| ૨૧ | ૧૭ | બદાલમાં | ... | બદલામાં. |
| ૨૩ | ૧૪ | ટોડદરમલ | ... | ટોડરમલ. |
| ૪૩ | ૯ | પા | ... | રા. |
| ૪૩ | ૧૧ | પા | ... | રા. |
| ૬૪ | ૧૬ | ૧૬૪૮ | ... | ૧૭૪૮. |
| ૬૫ | ૧૧ | લીધેલા | ... | લીધેલી. |
| ૭૯ | ૧૯ | હજીર | ... | ... |
| ૮૮ | ૧૩ | વરસાસણ | ... | માસિક પેનશાન. |
| ૯૪ | ૧ | ૧૭૯૨ | ... | ૧૭૯૫. |
| ૧૧૨ | ૧૫ | હથીરબંધ. | ... | હથિયારબંધ. |
| ૧૩૯ | ૧૮ | રજાલઈગયા | ... | રજાલઈને. |
| ૧૪૮ | ૧૩ | જીતું | ... | જીત્યું. |
| ૧૮૨ | ૯ | કાપાસ | ... | કપાસ. |
| ૧૮૯ | ૨૦ | ૧૮૧૮ | ... | ૧૦૦. |
| ૧૯૫ | ૦૬ | દાવાર | ... | દાવર. |
| ૨૪૭ | ૬ | તે | ... | ... |
| ૨૬૬ | ૬ | ગુલાબાબાખ્યાન | ... | ગુલામબાબાખ્યાન. |
| ૨૮૦ | ૨૫ | અરાઢમી | ... | ઓગણીશમી. |

# સુરતની તવારીખ.

## પ્રકરણ પહેલું.

### તવારીખ.

તવારીખનું જ્ઞાન દરેક માણસને અગત્યનું છે. તે વાંચનારને ગમત સાથે જ્ઞાન આપે છે. દુનીઆં ક્યારે શરૂ થઇ, તે વખતે લોકો કેવા હતા, તેઓ કેટલા હતા, તેઓ ક્યાં વસતા હતા, તે મુલકો હાલમાં છે કે નહીં, તે મુલકોનું શું થયું, એ સઘળી વાકેફગારી તવારીખથી મળે છે.

તે અજ્ઞાનીઓને જ્ઞાની બનાવે છે, જંગલીઓને માણસાઇમાં લાવે છે, અંધકારમાં પડેલાઓને પ્રખ્યાત બનાવે છે, પ્રખ્યાતને દીપાવે છે. તવારીખ મરણ પામેલાઓને જીવતા હોય તેમ આબેહુબ હાજર કરે છે, તેઓનાં સારાં કામો વાજીંત્રમાં વાગતાં હોય તેમ વાગી રહે છે, અને તે વાંચનારી દુનીઆં સુધરતી જાય છે. પોતાના ન્યાગાનો કોણ હતા, તેઓનાં કામ કેવાં હતાં, તે કશું જાણવામાં ન આવ્યું હોય તો, તવારીખ તે ન્યાગાનોને આપણી સન્મુખ લાવી ગોયા તેઓ જીવતા હોય તેમ તેઓની ઓલખ કરાવે છે, તેઓનાં નામ નિશાન, તેઓનાં ઠામ ઠેકાણાં, કામ ધંધા તથા તેઓની ઝાહોઝલાલીની કથા કહી બતાવે છે. તેઓના વારામાં શાં શાં સુખ દુઃખ હતાં, તેઓના આવરદા કેટલા વરસના હતા, તેઓનો વંશવેલો કેટલો મોટો હતો, તે સઘળું તવારીખથી જણાય છે.

ટુંકામાં, તવારીખનો વિષય એવો છે કે મંડળીઓમાં માન પામવાની અને દુનીઆમાં પ્રખ્યાતી મેળવવાની ઇચ્છા રાખનારાઓને એ જ્ઞાનની ખરી જરૂર છે. પોપ નામનો કવિ કહે છે કેઃ—

"Justly Cæsar scorns the poets' lays,
It is *history* he trusts for praise."

તવારીખ હરેક દેશ અથવા શહેરના તમામ રહેવાશીઓનો ગોયા ફોટો ગ્રાફ એટલે તસવીર છે. યંત્રકળાથી લીધેલી તસવીર એક માણસના ચહેરો બતાવે છે. પણ તેની ખુબી ખામી, તેની ચાલ ચલણ તેનાં સુખદુઃખ, તેના કુટુંબ પરીવરની વીગતો, એમાનું કશું તેમાંથી માલમ પડતું નથી. તવારીખની તસવીર દરેક બાબત વીગતવારે બતાવવાને સદા કાયમ રહે છે. યંત્રકળાની તસવીર કોઇવાર થોડા દહાડામાં રવડી જાય છે, ખુબડી જાય છે, અથવા ભુંસાઇ જાય છે, ત્યારે તવારીખમાં આપેલી તસવીર ઘેરઘેર, શહેરે શહેર અને દેશો દેશ વિદ્વાનોના ખજાનામાં જળવાઇ રહે છે.

તવારીખ એ ગોયા એક આરસી છે. જેમાંથી સેંકડો, હજારો વરસના બનાવો આપણા દીઠામાં આવે છે. વહાલામાં વૃહાલો દોસ્ત એક વાત કહે તે કરતાં વધારે સાચી વાત તે કરે છે. તેને કોઇની બીક નથી, તેને કોઇની ખુશામત નથી, તે હરેક વખતે મસ્લત કરવા લાયક મિત્ર છે.

## ખુદરતના ચમત્કાર—આજે વસ્તી—કાલે મેદાન.

ખુદરતે ઘણા ચમત્કાર કરેલા છે. તેમાનો એક ચમત્કાર તે આપણે જે પૃથ્વિપર રહીએ છીએ તે પૃથ્વિનો ગોળો છે. એ ગોળાપર મોટા મોટા પહાડો, મહાશાગરો, રેતીના મેદાનો અને વસ્તીવાળા મુલકો દીઠામાં આવે છે. પણ તે, ખુદરતે પ્રથમ જેવું સરજેલું, તેવુંને તેવુંજ રહેલું નથી. જ્યાં દરિયો હોય છે, ત્યાં રણ થઇ જાય છે. જ્યાં રણ હોય છે ત્યાં દરિયો થઇ જાય છે.

જયાં વસ્તી હોય છે ત્યાં જંગલ થાય છે; જંગલમાં વસ્તી થાય છે.

એક બીઆબાન પડેલું ગંજાવર જંગલ આજે અમેરિકાને નામે ઓલખાય છે. ત્યાં એક મહાન રાજ ચાલે છે. શાહરાનું રેતીનું રણ છે ત્યાં આગલા વખતમાં માહાશાગર હતો. થોડી મુદ્દતમાં વલી પાછો તે વસ્તીવાળો મુળક થઇ પડે, એમ છે. અરબ્બી સમુદ્ર આજે જે ઠેકાણે દીઠામાં આવે છે, તે ઠેકાણે લીમૂરીઆ નામનો મહાન ખંડ હતો, પણ તે આજે દરિયો છે, અને ઘરડામાં ઘરડા માણસને પુછશોતો, તે કહેશે કે તે જનમ્યો ત્યારથીજ તે દરિયો હતો' એટલુંજ નહીં, પણ તે કહેશેકે તે તેની પેઢી દર પેઢીથી સાંભલતો આવ્યો છે કે તે ઠેકાણે દરિયો છે. પોમ્પિઆઇ નામનું દુનીઆમાં મશ્હુર શહેર હતું, તે ધરતીકંપથી ડટાઇ ગયું છે. તે શાહેર કયાં છે, તે પણ સેંકડો વરસ લગીતો કોઇને જડયું નહીં. લાંબી મુદ્દતે હુમણાં હુમણાં જમીનમાં ડટાયલી તેની નિશાની જણાય છે; તેની ઉપર રણ જેવી જમીન ફરીવળી છે. જયાં જાવળીનું ઝુંપડું નહીં ત્યાં મોટા મોટા મહેલો બંધાય છે. જયાઁ મહેલો હોય છે, ત્યાં ફાડી ખાનારાં પશુઓ વ્રશે છે. આફ્રાબરીઆબના મહેલમાં ઘુવડો પાશબાની કરે છે. સીઝરના મહેલમાં કરોળીઆના જાળાં જોવામાં આવે છે. હપતેખાન આજે દુનીઆમાં નામીચો મુલક થઇ પડયો છે. એજ પ્રમાણે વખત ફેરફાર કરયોજ જાય છે. "નામ તેનો નાશ" થયા વના રહેતો નથી.

## સુરત—એક મેદાન.

હાલ જે સુરત શાહેરની તવારીખ લખીએ છીએ, તે પણ સાતસેં વરસ પર એક મેદાન હતું. તે ખેતી હતી. સાતસેં વરસ પર તે મેદાન જોવામાં આવ્યું, તે વખતે જો કોઇ ખેડુતને પુછવામાં આવત કે, ભાઇ, એ ઠેકાણે મેદાન ક્યારથી થયું છે? તો તે ખેડુત તે પુછનાર સામે અજબ થઇને જોયા કરત, યા તે પુછનારને દીવાનો ધારત! તે જવાબ દેત કે, તેતો તેના બાપ દાદાથી સાંભ

ળતો આવ્યો છે કે, તે અસલથી મેદાનજ છે.

પણ વિદ્વાન લોકો કેટલીક વાર એને સૂર્યપૂરને નામે લખે છે, તથા ઇ૦ સ૦ સુમારે ૯૯૦ ના સાલમાં અણહીલવાડના રાજાનું લશ્કર લાઠના સરદાર પર ચઢી ગયું તે વખતે તે સૂર્યપૂર રહીને ગયું હતું એવું નોધાયલું છે, તે ઉપરથી અને નીચેની હકીકતથી જણાય છે કે, એ ઠેકાણે સૂર્યપૂર નામે શહેર હતું. એ સૂર્યપૂર અને ભૃગુપૂર એ બે શહેરો એકી વખતે એક જમાનામાં પાસેપાસે હતાં, એવું તવારીખથી જણાય છે.

## ભરૂગચ્છા—ભરૂચ શહેર.

એ ભૃગુપૂર તે હાલનું ભરૂચ છે. ભરૂચ તે "ભૃગુપૂર" એવું તવારીખથી નક્કી થયું છે. એ ભરૂચ ઇ૦ સ૦ પૂર્વે ૩૦૦ વરસનું એટલે ૨૨૦૦ વરસનું જુનું શહેર છે. રેવા મહતમયમાં લખ્યા મુજબ સ્કંધતિર્થમાં ચંદ્રગુપ્ત રાજા અને તેનો પ્રધાન ચાનક્ય મહેનત અને જંજાળથી દૂર થઇ ઇ૦ સ૦ પૂર્વે ૩૧૫ માં આવી રહયા. સુમારે ૧૮૦૦ વરસ પર પારઠીયન રાજા જે સાહ અથવા ક્ષત્રપને નામે ઓળખાતા, તેઓના હાથમાં તે ગયું. રૂદ્રદામનના ગીરનારના કોતર કામ ઉપરથી, અને ભરૂચમાં તેઓના સિક્કા મળી આવ્યા હતા, તે પરથી એ વાત સાબીત થઇ છે. પેરીપલસ અને ટોલમીનો કર્તા ભરૂચને ઇ૦ સ૦ ૬૦—૨૧૦ માં ભરૂગચ્છાના નામથી લખી ગયો છે. બસેં વરસ પછી એ જમીન એક જૈન રાજાના હાથમાં આવી. અને તે વખતે એને "ભૃગુપૂર" ન નામે ઓલખતા. સૂર્યપૂર પણ તે વખતે વાંચવામાં આવે છે અને તેથી જણાય છે કે, હમણાં સુરત છે તે ઠેકાણે અગાઊ સૂર્યપૂર નામનું શહેર હશે. એ ઉપરથી જોતાં તે ઇ૦ સ૦ની ચોથી સદીથી તે દશમી સદી લગી તો હતું. રહેતે રહેતે તે પડી ભાંગ્યું, તેનો નાશ થયો, અને તે મેદાન થઇ પડયું. તે બે કે ત્રણ સદી મેદાન રહ્યું અને સાતસેં વરસાપર તેરમી સદીમાં પાછું નવેસર

રથી 'સુરતા' એ નામે શહેર વસ્યું. એ નામ કેમ પડયું તે નીચે લખ્યું છે.

## પ્રકરણ બીજું.

### સુરત શહેરનું પુરાતમપણું.

આપણે ઉપર જોઇ ગયા કે, તે એક વખતપર સૂર્યપૂર નામે શહેર હતું, પણ તે કોઇ ખુદરતી ફેરફારથી, યા રાજદ્વારી કે વેપારી બનાવને લીધે ઉજજડ થઇ ગયું હતું. હવે ત્યારે સાતસેં વરસપર એ ઠેકાણે મેદાન હતું એ ચોક્કસ છે. કેમકે આરબ અને ઇરાની લખનારા પણ એનું નામ ઇ૦ સ૦ની તેરમી સદી લગી લેતા નથી. એ વાતને એબી રેંનલ નામના મુશાફરની શાહદતથી ટેકો મલે છે. તે લખે છે કે, "તેરમી સદીની સરૂઆત લગી સુરત એક નાના ગામડાંથી વધારે મોટું નહોતું." એના કહેવાને દી. એનવિલ ખરૂં માને છે. મહમદન તવારીખ લખનારાઓ પણ તેમજ લખે છે. તેઓ જણાવે છે કે, "મહમદ શાહબુદીન પાદશાહનો સરદાર કુટ્બુદીન અણહીલવાડના રાજા ભીમદેવને હરાવ્યા પછી ઇ૦ સ૦ ૧૨૦૫ને સુમારે રાંદેર અને સૂરત લગી ગયો હતો." એમાં સુરતનું નામ લખેલું છે તેપરથી જણાય છે કે, તે વખતે સુરત હતું.

### એ શહેર કયારે અને કોણે વસાવ્યું.

સુરત કિયા ચોક્કસ વરસમાં વસ્યું, તે વરસ કોઇ લેખમાં નથી. તેમ શહેર સરખું શહેર એક વરસમાં વસી રહેતું નથી, તેથી તે ફલાણા ચોક્કસ

વરસમાં વસ્યું એમ નીકળેજ નહીં. પણ એટલું ચોક્કસ છે કે તે તેરમી સદીમાં વસેલું શહેર છે. તેથી એ શહેર સાતસેં વરસનું પુરાણું છે.

## 'સુરત' એ નામ શાથી પડ્યું ?

એનું નામ 'સુરત' કેમ પડયું તે વિશે જુદી જુદી દંતકથાથી લીધેલી નોંધ મોજુદ છે. તેપરથી જણાય છે કે, રાંદેરના નવાયતા નામના સોદાગરની એક માસુક હતી તેનું નામ સુરજ હતુ. એ નવાયતા પાસે ૫૬ કરોડ રૂ૦ની દોલત હતી. તેને ત્યાં 'છપનપર ભુંગલ વાગતી હતી.' તે માસુકને તે સોદાગર સાથે ટંટો થયો, તેથી તે રાંદેર છોડી, આ કીનારે માછીમાર લોકો રહેતા ત્યાં આવી. આ કીનારે આવ્યા પછી તે મક્કે હજ કરવા સારૂ જવા નીકળી. રાંદેર સરખું મોટું શહેર—વસ્તીથી ભરપુર થયલું—તેવા વખતમાં આસપાસ એક બે માઇલ સુધીં ગરીબ ગરબાં, ખેડુત યા મજુર લોકોના ઘર ખેતરોમાં હોયજ. તેવી રીતે એક ગામડું સરખું આ કીનારે.હતું. હિયાં એક ડોશી હશે તેને ત્યાં પેલી ઓરતે ઉતારો લીધો હતો. (કેટલાક કહે છે કે એ ડોસી તેણીને ત્યાં ડાસી હતી). એ ઓરત પાસે સારી પુંજી એકઠી કરેલી હતી, તે સઘળી પેલી ડોશીને સોંપીને મક્કે ગઈ. ત્યાંથી પોતાનું કામ પૂરં થયાથી, તે પાછી આવી. ડોશીએ તેણીને તેણીના દાગીના, રોકડ જે હતુ તે એમને એમ સઘળું હવાળે કરયું. તેથી સુરજ રામજાણીએ તે સઘળી દોલત મરતી વખતે તે ડોશીના દીકરાને આપી. એ છોકરો એ દોલતથી તાલેવાન થયો, અને રહેતે રહેતે વસ્તી વધી. તેણે એ શહેરનું નામ "સુરજ" રાખ્યું.

પણ પાદશાહની રજા માંગી તો પાદશાહે "સુરજ" એવું આખું હિંદી નામ પસંદ કરયું નહીં. તેથી તેણે 'જ' અક્ષર ફેરવીને કુરાનના પ્રકરણના 'ત' અક્ષર મુકી સુરત નામ રાખવાની રજા આપી.

એ છોકરાનું નામ ગોપી હતું. આવી દંત કથા હશે ખરી, પણ ગો

પીતા છેક સોલમી સદીમાં થઇ ગયો, એમ આગળ જોવામાં આવ શે. તેથી એ કથા શક ભરેલી છે.

બીજી દંતકથા એવી છે કે, તુરકસ્તાનના સુલતાનના જનાનામાંથી એક સ્રી કોનસ્ટંટિનોપલના એક સોદાગર સાથે નીકળી ગઇ. તેઓ રાંદેર આવ વા નીકળ્યાં. તેઓ આવીને રાંદેરની સામે કીનારે રહયાં. વેપારમાં તે ઘ ણો તવંગર થયો, અને તેણે આ શહેર વસાવ્યું. તે ઓરતનું નામ 'સુરતા' હતું, તેપરથી તેણે એનું નામ 'સુરતા' રાખ્યું. તે નામ બદલાતાં બદલા તાં સુરત થઇ ગયું. આ કથા વધારે માનવાલાયક લાગે છે.

## સુરત ક્યાં આવેલું છે. ?

સુરત તાપી નદીનાં દક્ષિણ કીનારાપર અક્ષાંસ (નારથ લેટિટયુદ) ૨૧° ૧૨´ અને રેખાંસ (ઇસ્ટ લોંજિટયુદ) ૭૨° ૫૨´ એ હદમાં આવેલું છે. તે ખંભાતના અખાતથી ૧૦ માઇલપર, જયાં તાપી નદી અગ્નિ કોણથી વળી જઇને નૈરૂત્ય કોણ ભાણી જાય છે, ત્યાં આવેલું છે. એ નદી સાતપુડા પહાડ માંથી નાગપોર આગળ માલટે ગામ પાસેથી નીકળી ૪૬૦ માઇલ લગી ફ રતી, સુરત આગળ આવેલી છે.

## એ શહેરના વતની કોણ ?

હવે આપણે જોઇએ છીએ કે હરેક મોટાં શહેરની પાસે, જો નદી કે દરિયો હોય છે. તો માછી લોકો પોતાનો ધંધો કરવાને ત્યાં હાજર હો ય છે. તેઓને નદીને કીનારે રહેવું વધારે પરવડે છે. એ શહેરમાં એ મુજબ મૂળ વતની માછી, અને કોળી ખેડુતો રહેતા હતા. તે વખતે એમાં બીજી કોઇ જ્ઞાતના લોકો ન હતા.

## બીજી જ્ઞાતના લોકો હતા કે નહીં ?

પારસીઓ એ વખતે સુરતથી દક્ષિણે બાર કોશપર તરતના વસેલાં શહેર " નવીસારી " માં સુરતની નજદીકજ, પણ છેક સને ૧૧૪૨ના સાલના આ વીને વસેલા હતા. ઉત્તર તરફ ખંભાતમાં ૧૨મી સદીથી પારસીઓ વસતાહતા. એ મુજબ એમાં એ વખતે જેમ પારસીઓ નહોતા તેમ મુસલમાનો પણ ન હોતા. મુસલમાનો રાંદેરમાં હતા. એ વખતે યુરોપીઅન લોકોમાંની એક પ્રજા આખા હિંદ દેશમાં નહોતી. એટલુંજ નહીં, પણ એ વખતે તેઓને હિંદના રસ્તાની પણ ખબર નહોતી.

## તે વખતે લોકોની હાલત.

લોકોની હાલત કેવી હશે તે ખબર કાઢવાને, તે માટે, આપણે અટકવાનું નથી. ગરીબ માછી, ખારવા, તથા ખેડુત લોકો મજુરી મહેનત કરી પોતાનું ગુજરાન કરતા હોવા જોઇએ; તેઓ ગરીબ ગામડીઆ હોવા જોઇએ.

## તે વખતનો રાજકારભાર.

તે વખતે એ ઠેકાણે રાજ કોણનું હતું, તે ચોક્કસ નથી. પણ તે વખતે કામરેજના કોઇ હિંદુ વહીવટદારના હાથમાં એ ભાગનો કારભાર હતો, એવું દંતકથાથી જણાય છે. કામરેજ સુરતથી ૯ કોશપર આવેલું છે. જ્યારે ઇ૦ સ૦ ૧૨૦૫ ને સુમારે કુટુબુદીન ચઢી આવ્યો ત્યારે એ વહીવટદાર સુરત નાસી આવી એક વાડીમાં રહયો હતો. પણ પાછળથી તે કુટુબુદીનને તાબે થયો. અને તેને કામરેજની સત્તા પાછી મળી. સુરતનો રાજકારભાર કોના હાથમાં હતો, તે ત્યાર પછી ૧૫૦ વરસ લગીની કશી નોંધ રહી નથી.

## એ વખતની પરદેશની બીના.

એ તેરમી સદીમાં સુરત જ્યારે એવી અવસ્થામાં હતું ત્યારે ઉપર કહી ગયા મુજબ ભરૂચ, ખંભાત તથા નવસારી આબાદ હાલતમાં હતાં. અમદાવાદ તે વખતે હતું નહીં.

હિંદુસ્તાનમાં કોઇ ચોક્કસ પાદશાહ નહોતો. દિલ્હીની ગાદીપર એ સદીમાં ગુલામ તથા ખીલજી વંશના પાદશાહો થઇ ગયા, પણ તેઓની સત્તા ગુજરાતપર ઝાઝી નહોતી. ખીલજી વંશના અલાઉદીને ખંભાત લગી ગુજરાત જીત્યું.

તાતાર દેશના સરદાર જંગીસખાંએ સન ૧૨૧૫માં ચીનદેશ ઉપર અને સન ૧૨૧૮માં હિંદુસ્તાનપર સવારી કરી.

ઈંગ્લાંદના જોન રાજાને સનં ૧૨૦૮માં પોપ નામના ખ્રિસ્તિ લોકોના વડા ધર્મગુરૂસાથે વાંધો પડયાથી, પોપે એક મનાઇ હુકમ કાઢયો. તે હુકમની રૂએ છ વરસ લગી સઘળી ધર્મ ક્રિયાઓ બંધ પડી; સઘળાં દેવાલય બંધ પડયાં; દેવાલયના ઘંટો કાટ ખાતા પડયા; મરણ પામેલાંઓની ક્રિયા બંધ પડી. આવું થયાથી પ્રજા કંટાળી ગઇ. પોપે એ અપવિત્ર રાજાને પદભ્રષ્ઠ કરવાને ફ્રાંસની મદદ માંગી અને લડાઇ જાગી. અંતે રાજાએ પોપને ધારા પ્રમાણે ૧૦૦૦ માર્ક દર વરસ આપવા કબુલ કીધાથી સમાધાની થઇ. ઈંગ્લાંદમાં સન ૧૨૧૫માં મેગના ચાર્ટા નામના એક ફરમાનપર રાજાએ સહી કરી. એ ફરમાનથી રાજાનો આપખુદ અખત્યાર બંધ પડયો, અને ન્યાય તથા સ્વતંત્રપણાનો અમલ દાખલ થયો.

સન ૧૨૪૪માં મુગલ લોકે ખ્રિસ્તિ ધર્મનું પવિત્ર શહેર યરૂસલમ બાળી મૂકયું.

સન ૧૨૬૪માં ત્રીજા હેન્રિ રાજાને પ્રજાએ કેદ કરયો.

સન ૧૨૬૫માં પારલેમેંટ મજબુત પાયાપર સ્થાપી.

સન ૧૨૮૨માં સિસિલિમાં લોકોએ ૮૦૦૦ ફ્રેંચોને કાપી નાખ્યા.

## ચોદમી સદીમાં સુરતની હાલત.

ચોદમી સદીથી સુરતની વસ્તીમાં વધારો થતો ગયો, તથા વેપાર વધતો ગયો, એ ચોક્કસ છે. ઇ૦ સ૦ ૧૩૪૭માં એ શહેર વિશે એક નોધવા લાયક બનાવ બનેલો છે. મહમદ તગલખ નામનો હિંદુસ્તાનમાં ગાંડો પાદશાહ ઇ૦ સ૦ ૧૩૨૫થી ૧૩૫૧ લગી રાજ કરી ગયો. તેના વખતમાં ગુજરાતમાં એક મોટો બળવો જાગ્યો. તે બળવામાં ગુજરાતમાં અંધેર રાજ ચાલી રહ્યું. એ બળવા વખતે તગલખ પાદશાહે સુરત શહેર લૂંટી લેવાની રજા આપી.

સુરત લૂંટીને નવસારી રહીને તે દેવગઢ ઉપર ચઢાઇ કરવાને ચાલ્યો.

તેણે અહમદવાઝને ગુજરાતની સુબાગીરી આપી, મલેક મુકબીલને તેનો વજીર ઠરાવ્યો. આ વેળાએ બીજા કેટલાક સરદારોને ગુજરાતમાં જાગીરો મળી, તેમાં એક મલેક ઉતુઝાર એટલે મોટો સોદાગર એ નામે સરદાર હતો, તેને નવસારી અને તેના તાબાના મુલકો જાગીરમાં આપ્યાં. આ ભાગમાં દ્રવ્યવાન માણસને "માલેતોઝાર" કહેવામાં આવે છે, તે એ મલેક ઉતુઝાર શબ્દપરથી નીકળેલો છે.

તેના મરણ પછી તેનો બેટો ફીરોઝશાહ સને ૧૩૫૧માં ગાદીએ બેઠો. તે ઘણો શાણો અને ડાહયો પાદશાહ હતો. તેના વખતમાં સુરતના લોકોને લગાર નિરાંત મળી. કેમકે ભીલ અને કોલી લોકો લૂંટફાટ ચલાવતા, તેમને તે જેર કરતો. એટલેથી બંદોબસ્ત રહયો નહી, ત્યારે તેણે સને ૧૩૭૩માં તાપી નદીના કીનારાપર એક નાનો કિલ્લો બંધાવ્યો. એ અદલ પાદશાહ ઇ૦ સ૦ ૧૩૮૮માં મરણ પામ્યો. સને ૧૩૯૧માં ગુજરાતના સરદાર ઝુફરખાને પોતાના બેટા માસ્ટેખાનને રાંદેર અને સુરતનો નવાબ ઠરાવી મોકલ્યો. એ વખતે પણ સુરતમાં ઝાઝી વસ્તી નહોતી.

## એ વખતની પરદેશની બીના

સન ૧૩૨૭માં આફ્રિકાથી ૨૦૦૦૦૦ મૂર (આરબ લોકો) ખ્રિસ્તિઓની સામે લડવાને ગ્રેનેદાના રાજાને મદદ કરવા સ્પેન ગયા.

સન ૧૩૫૦માં ઈંગ્લાંદમાં ત્રીજા એદવર્દના રાજ્યમાં સ્કાટલાંદના દેવિદ રાજાને તથા ફ્રાંસના જોન રાજાને બંદીખાનામાં પૂરેલા હતા. દેવિદ રાજા દંડ ભરીને ૧૩ વરસે છુટો થયો. જોને ત્રીસ લાખ સોનાના ક્રાઉનનો દંડ આપવાની સરત કરી, પરંતુ તે નાણું વસૂલ ન થયાથી તે કેદખાનામાં સબડીને મરણ પામ્યો.

સન ૧૩૯૫માં ટૈમૂરલેંક નામના (લંગડો હોવાથી તેને લંક કહેતા હતા) મુગલે રશિયાપર, અને ૧૩૯૮માં હિંદુસ્તાનપર ચઢાઇ કરી. તે કેટલાકને ગુલામ તરીકે પકડી ગયો, તેમાં કેટલાક પારસી હતા.

ઈંગ્લાંદમાં પ્રજા હજી જંગલી હાલતમાં હતી. રસોઇમાં મસાલો નાખવાની રીત તેઓ છેક એ સદીમાં સીખ્યા. છાપરાંપર ઝાવલીને ઠેકાણે નળિયાં મૂકવા સીખ્યા. તેઓના ઘરમાં રાચ રચીલામાં ફક્ત એકાદ બે બિછાનાં, પિત્તળની એકાદ રકાબી, એકાદ પવાલું, અને એકાદ બીજું વાસણ એ હતાં. લડાઇમાં તીર કામઠાં અને ભાલા વાપરતા હતા.

તે વખતે ઈંગ્લાંદમાં મજૂરી ઘણી હલકી હતી. ખેતીના મજૂરને ૮ પાઈનો રોજ, છપડબંધને ૧૨ પાઇનો, સુતારને ૧૬ પાઈનો અને કડિયાને ૨ આનાનો રોજ મળતો. એક ગામના કારીગરથી બીજે ગામ જઇ મજૂરી થવાતી નહોતી. લોકોને વાંચતાં લખતાં આવડતું નહોતું. માત્ર ધર્મગુરૂઓ વાંચી લખી જાણતા હતા. તેઓજ વૈદ, શિક્ષક તથા વકીલ હતા. ચોપડીઓ હાથની લખેલી વેચવામાં આવતી હતી. એક બાઇબલની કિંમત રૂ ૪૦૦ પડતી હતી.

એ વખતનો ત્યાંના લોકોનો પોષાક જાણવા લાયક છે. મરદો આજની પારસણની માફક બાલનો અંબોડો બાંધતા તથા ચાંચીઆ જોડા પહેરતા હતા.

## પંદરમી સદીમાં સુરતની હાલત.

આ સદીની શરૂઆતમાં પણ ઘણીજ થોડી વસ્તી હતી. એ વસ્તી પણ આછી, ખેડુત વગેરેની હતી. હજી એમાં પારસી કે યુરોપીયન લોકો નહોતા. પારસીઓ પંદરમી સદીના પાછલા ભાગમાં સુરત આવેલા જણાય છે.

અમદાવાદ શહેર એ સદીમાં વસ્યું. એ શહેર અહમદશાહ પાદશાહે સન ૧૪૧૨માં વસાવ્યું.

સન ૧૪૮૨માં સુરત તથા વલસાડ તરફ ચાંચિયાઓનું જોર વધી પડયું. તેઓ વેપારને ખલેલ પહોંચાડતા હતા, એટલુંજ નહીં, પણ તેમના તરફથી હલ્લો થવાની ધાસ્તી ઉત્તપન્ન થઇ હતી, માટે અમદાવાદના પાદશાહ મહમદશાહ (મહમદ બેગડા) નું લક્ષ તેમના ઉપર દોડયું. તેણે ખંભાત આગળ દરિયાઇ કાફલો તૈયાર કરયો, પોતે દરિયાઇ નાખુદા થયો, અને ભારે લશ્કર સહીત વહાણો લઇને ચાલ્યો. તેણે વલસાડ આગળ દુશ્મનોને હરાવ્યા, અને ચાંચિયાઓનાં વહાણ પકડી લીધાં.

## ગોપી.

ગોપી નામે એક તાલેવાન હિંદુ વેપારી આ શહેરમાં સને ૧૪૯૬—૧૫૨૧ લગીમાં થઇ ગયો. એ નાગર બ્રાહમણ હતો, પણ કોઇ કહે છે કે એ અનાવલો બ્રાહમણ હતો. એનો બાપ એને બચપણમાં મુકી મરણ પામ્યો હતો. બાળવયથી ગોપીએ ફારસી ભાષામાં પ્રવિણતા મેલવી હતી, અને દિલ્હી લગી ગયો હતો. એણે સુરતમાં મોટું મકાન બાંધ્યું હતું, તથા વેપારીઓને પરદેશથી બોલાવીને એ શહેરમાં રહેવાને લલચાવ્યા હતા. એને પાદશાહે મલેકનો ખેતાબ આપ્યો હતો, અને એની સ્ત્રીને રાણીનો ખેતાબ આપ્યો હતો, એવી કથા

ચાલે છે. ગોપીપરું ગોપીએ વસાવ્યું હતું એ ખરી બીના છે. રાણીતળાવ ગો
પીની સ્ત્રીને નામે બંધાવેલું કહેવામાં આવે છે.

## ગોપીતળાવ.

એ તળાવ ઈ૦ સ૦ ૧૫૧૬માં ગોપીએ બંધાવ્યું હતું. ગોપીતળાવ સલા
બતપુરાની પશ્ચિમે તથા રૂસ્તમપુરાની ઉત્તરે આવેલું છે. એ ઘેરાવામાં ૦॥॥
માઇલ છે. એમાં ૫૮ એકર જમીન છે. એને ખોદીને આસપાસ જે મટોડું
નાખેલું, તે ઉપર ચોતરફ મહમદન લોકોનાં કબરસ્તાન છે. વાયવ્ય ખુણામાં
નવસૈયદપીરની દરગાહ છે. એ સૈયદની યાદગારીમાં ૩૦૦ વરસ થયાં દર વ
રસ મેળો ભરાય છે, અને મહમદનો સિવાય નીચ વર્ગના હિંદુઓ એની
માનતા લે છે. હાલ એ તળાવ નથી, એના તળીઆમાંથી પથરા તમામ ખો
દી કાટેલા છે, એમાં હવે પાણી રહેતું નથી પણ એક બાગ તરીકે વપરાય
છે. એમાં હાલ એક ચારખુણાની વાવ તથા ઘણા કૂવા છે. એની આસપાસની
પાકી પાળ લગભગ બધી ભાંગી ટુટી ગઇ છે.

સત્તરમી સદી લગી એમાં દૂરથી પાણી લાવી, તે દાખલ કરવામાં
આવતું. અસલ એને તળીએ તમામ પથરા જડેલા હતા. તે સઘળા ખંભાતત
રફના હતા, એમ મુસાફરો લખી ગયા છે. આખા તળાવમાં જ્યારે પાણી
રહેતું, ત્યારે વચમાં એક મોટો બંગલો બાંધેલો હતો, તે ઉપર કીનારેથી લો
કો હોડીમાં બેસીને ફરવા હરવા જતા હતા. એ તળાવ સુરતની વસ્તીને પાણી
પુરું પડે એટલામાટે અસલ બાંધેલું ધારવામાં આવે છે. એ કામ માટે તે છે
ક સને ૧૬૩૮ લગી વપરાતું જણાયું છે. તે દહાડે દહાડે પુરાઇ ગયું, અને
સને ૧૬૬૬માં એવું માલમ પડયું કે "કોઇ ધર્મિષ્ઠ માણસ જો એને ખાણા
વી સાફ નકરશે તો" તે પુરાઇ જશે. પણ કોઇ ધર્મિષ્ઠ નીકળ્યો નહીં. તે છેક
૧૬૭૩ લગી પાણીથી ભરાતું હતું, અને ફ્રાયર લખે છે કે, "એમાં પાણી

એટલું ઊંડું છે કે, દુનીઆમાં મોટામાં મોટું વાહાણ એમાં તરી શકે." એ પ્રમાણે છેક ૧૭૧૭ લગી ચાલ્યું. હવે તે છેક નકામું પડતું ગયાથી, તેના તળીઆમાંથી પથરા ખણી કાઢી, એજ તળાવના પશ્ચિમ ભાગમાં એક વાવ બાંધવાને કામમાં લીધા અને બાકીના પથરા મોટો કોટ જે પરાંઓની આસપાસ છે, અને જેને આલમપનાહ કહે છે, તે બાંધવાના કામમાં લીધા છે.

એ તળાવનો એક નવો ઉપયોગ કરવાનો સને ૧૮૬૮માં સુરતના કલેકટર મિ૦ હોપે ઠરાવ કરયો હતો. શહેરમાં આવતી રેલ મુખઈ પુલ આગલ અટકાવવાનું બાંધકામ કરયું. એ બાંધકામથી નદીમાંથી રેલનું પાણી શહેરમાં આવતું અટક્યું. પણ તે બાંધકામ કરતાંજ એવો વિચાર આવ્યો કે, એક તરફથી રેલને લીધે મુખઈ પુલની બારી બંધ રાખવી પડે ને બીજી તરફ મારમારનો વરસાદ હોય તોપણ બારી બંધ હોવાને લીધે, વરસાદનું પાણી શહેરમાં લોકોના ઘરમાં પેસે. માટે એવે વખતે ખાડીમાં એકઠું થયલું વરસાદનું પાણી એ તળાવમાં ઉતારી દેવું, એવા વિચારથી એ તળાવમાં એક ગંડાળું મુકી તેમાં બારી મૂકી છે. એકબેવાર એ બારીમાંથી એ તળાવમાં પાણી ઉતારયું પણ હતું. એવે વખતે તળાવના માલેકને જે નુકશાન થાય તે આપવું ઠરાવ્યું હતું. પણ થોડાં વરસ થયાં, તેમ કરવાની જરૂર પડતી નથી. હમણાં એ તળાવ એક બાગ થઇ પડયું છે. તેમાં તરેહવાર કિમતી ઝાડો છે.

## એ વખતની પરદેશની બીના.

સને ૧૪૦૨ માં ટૈમુરલેને ટરકિના સુલતાનને કેદ પકડી, પાંજરામાં બંધ કરાવી સમરકંદ મોકલેલો કહેવાય છે.

સને ૧૪૧૫ માં જરમનિમાં બે સુધારકોને જીવતા બાળી મુક્યા.

સને ૧૪૯૨ માં રશિયાના રાજ કરતાએ ' ' ના એલકાબ ધારણ કે

રચો. એ વખત લગી એ રાજકરતાઓ ફકત દયુક ઓફ મોસ્કો એ નામના દ યુક ગણાતા.

સને ૧૪૭૬ માં વિલ્યમ કેક્ષટને છાપવાની કળા શોધી કાઢી. એ વખતથી ઈંગ્લાંદમાં કેળવણી વધતી ગઇ.

સને ૧૪૯૨માં ફ્રાંસ, સ્પેન અને પોરટુગલમાંથી યાંહુદીઓને હાંકીકાઢયા.

કોલંબસે બાહામાના ટાપુ સન ૧૪૯૨ માં અને દક્ષિણ અમેરિકા સન ૧૪૯૭ માં શોધી કાઢયા.

સન ૧૪૯૭ માં વાસ્કો દિ ગામાએ કેપ ઓફ ગુદ હોપને રસ્તેથી હિંદુસ્તાન આવવાનો રસ્તો શોધી કાઢયો. એ વખત અગાઉ યુરોપીઅન લોકોને હિંદુસ્તાન આવવાના દરિયા માર્ગની ખબર નહોતી.

હિંદુસ્તાનમાં પંદરમી સદીમાં દરેક ઠેકાણે જુદા જુદા રાજકરતા હતા. દિલ્હીમાં કોઇ ચોક્કસ પાદશાહ નહોતો.

પારસીઓની વસ્તી પંદરમી સદીમાં નવસારીખાતે ભારે હતી. કાઉસ નામના એક ઇરાની મુસાફરે ૩૭૫ વરસ પર કિસ્સે કાઉસ નામની ફારસી તાબ લખી છે તેમાં આતસબેરામને નવશારી લાવ્યા, તે બાબતનું આખું વર્ણન આપેલું છે. તેમાંનો થોડો ભાગ હાદેશાનઃમાના કર્તાએ સને ૧૮૩૧ માં ગુજરાતી ભાષામાં આપ્યો છે, તે નીચે મુજબ.—

"શ્રી વાંસદામાં જેવારે વરસ ૧૪ ગુજરયાં તેવાર પછે આશમાન મોરાદ મુજબ ફરવા લાગો જે એક બહેદીન તે વખત ઉપર જાહેર થાએઓ કે તે વખતમાં તેની મીશાલનો કોઇ નહીં ઉતો કે તે જમાનાના દરમીઆનમાં દીનદારીની કેટલીએક નીશાનો તે બહેદીનથી જાહેર થાઇ. તે બેહેદીન નામે ચાંગા બીન આશા તે શ્રી નાસારીનો સરદાર હુતો અને તે સખસ બહેદીનાને કેટલોએક આશારો આપતો કાંયજે તે નેક બહેદીને આખર વખતને દરમીઆન ભલી દીનને બગડવા નહી દીધી. અને જે કોઇને શદરો કુશતી નહી હુતી તેનાને પોતીકા પઇસાથી ખરચ કરીને શદરા કુશતી અપાવયા અને ઘણીએક કોશેશ દીનનાં કામમાં તે મરદે કીધી અને જે કોઇ મરદ દરદ ભરેલો તેની પા

શી જાનો તે પોતાનો એલાજ કીધા વગર તેહેની નજદીકથી ખાલી અને ના ઉમેદ પાછો નહીં ફરતો.

તે નેકીના ચાહનારા ચાંગાશાહે એક દહાડો પોતાના દેલમાં ધારીને તમામ અંજુમન નોસારીમાંહાં એકઠું કીધું. અને તે અંજુમનની આગલ આતશબેરામની વાત કહાડીને કહયું જે એ નેક ચાહનારા લોકો હું એમ ચાહુંચ જે પાદશાહોના પાદશાહ શ્રી આતશબેરામને શ્રી વાંશદેથી આપણે એ જગો ઉપર લાવીએ. અગરજો તે આતશબેરામનો મુબારક દીદાર હરરોજ આપણે જોઇએતો આપણને શવાબ ઘણો લાગે અને બીજુ એ છે જે આપણે તાંહાં જતાં હરવરશ રશતામાં ઘણી રંજ અને શખતી ખેંચીએ છીએ. કાંએ જે એ આદરમહીનો છે તેમાંહે વરસાદ ઘણો આવે છે તેથી આંપણને તે જગો ઉપર જાવું ઘણું કઠણ પડે છે વાશતે એ અછુજ પયાગ્રા લોકો એથી બહેતર બીજું શું છે. વાશતે આપણે સઘળા દાના લોકો સાથે જઇને તે વાંસદેથી ફતેફમંદ આતશબેરામને આપણે નૌશારીમાંહાં લાવીએતો આપણે તેહના દીદાર હરરોજ જોઇએ કે તેથી હરરોજ આંપણી રંજક રોછ ઘણી જીઆદે થાએ અને તેહનાં દીદાર હરરોજ જોવાથી બેહેદીનોનાં દેલ રોશન થાય. એ પરમાણે તે ચાંગાશાહે બહેદીનોને કહયું તેવારે તેહની વાત સાંભલે આથી શરવે અંજુમનના લોકો ખુશહાલ થાએઆ અને સરવે દોઢ વાંસદે જાવાની મહેનતથી છુટા અને સેંકડો બોજોરગીથી શ્રી આતશબહેરામને તથા તે ભલી દીનના લોકોને નવસારીમાં લાવેઆ ને એક સારૂં ખુશ મકાન શ્રી આતશબહેરામને વાસતે આપીઉં."

ચાંગાશાહ વિશે એંકેટિલ દિ પેરોં નીચે મુજબ લખે છે:—

"From the commencement of the 15th century, the career of certain Parsis at Nowsári was most distinguished. They...enjoyed great influence...Changá Asá a wealthy Parsi of Nowsári was the 1 st Desái (?) He was appointed to that office in the year 1419 & his influence with the authority was so great as to be practi-

cally unbounded. He was a man of eminent piety & spared neither time nor resources in promoting such objects as he considered were calculated to better the social & religious condition of his countrymen. ( Kauga's Translation of Anquetil de Perron's Travel. )

પારસી પ્રકાશ નામના પારસીઓની તવારીખના કિમતી પુસ્તકમાં લખે છે કેઃ—

“આ વેળાએ નવસારીમાં ચાંગા આશા નામે સર્વમાં વધારે તવંગર બહેદીન હતા. તેવણ...વાંસદેથી આતસબેરામને નવસારી ખાતે લાવ્યા હતા.

ઇરાનથી જરથોસ્તીઓ હિંદુસ્તાનમાં આવ્યા પછી તેઓમાં દિવસે દિવસ ધર્મ તથા રેવાજોને લગતું અજ્ઞાનપણું વધતું ગયું તેથી નવસારી, સુરત, ભરૂચ, ખંભાત અંકલેસર વગેરેના જરથોસ્તીઓએ મલી બહેદીન ચાંગા આશાની મદદથી...ભરૂચનાં એક ખબરદાર તથા હીમતવાન જરથોસ્તીને પહેલ વહેલો હિંદુસ્તાનથી ઇરાન તરફ...સવાલો આપી મોકલ્યો હતો, તે સવાલોના જવાબ આજની તારીખે (તા૦ ૨૨મી આગસ્ટ ૧૪૭૮)લખી ઇરાનની અંજુમને બેહદીન ચાંગા આશા તથા હિંદુસ્તાનના તમામ...(જરથોસ્તીઓ)પર મોકલ્યો. તેમાં તે લખે છે કે...નરીમાન હોસંગ ભરૂચી જે આએ તમારી તરફના સવાલો લઇ આવ્યો છે. તેણે નવસારીના વડા ચાંગા આશા વિશે અમોને કહ્યું છે કે, તેણે ત્યાં ઘણા ધરમો કીધા છે. તથા બહેદીનો ઉપરની ખંડણી માફ કરાવી છે”...

આ ઉપરથી માલમ પડે છે કે એ સદીમાં સુરતમાં પારસી થોડા થોડા વસવા માંડયા હતા, અને નવસારી પારસીઓના ધર્મનું વડું મથક હતું.

## પ્રકરણ ત્રીજુ

## યુરોપીઅન લોકોનો પગપેસારો–પોરટયુગીઝ.

આ દેશમાં હવે યુરોપીઅન લોકો આવતા થયા. યુરોપના પોરટયુગીઝ લોકો ઈ૦ સ૦ ૧૪૯૮માં પહેલવહેલા હિંદુસ્તાન આવ્યા અને કેલીકટમાં ઉતરયા હતા. તેઓ પછી સુરત આવ્યા, અને સને ૧૫૧૨માં સુરત બાળી મુકયું.

બારબોસા નામનો એક પોરટયુગીઝ સને ૧૫૧૪માં સુરતની હાલત કેવી હતી તે વિશે આ પ્રમાણે લખે છે:—

"બધી જાતના વેપારી માલનો મોટો વેપાર કરવાનું (સુરત) શહેર તથા અગતનું બંદર છે, તેમાંથી રાજાને મોટી મહેસુલ ઉપજે છે, અને મળબાર તથા બીજાં બદરોથી વહાણો આવે છે."

એ વખતથી વેપાર ધોક્કારે વધતો ચાલ્યો. પોરટયુગીઝ લોકે બીજીવાર સુરતપર સને ૧૫૩૦માં ચઢાઇ કરી. તેવખતે ૩૦૦ સવાર અને ૧૦૦૦૦ પાયદલ લશ્કર તેઓની સામે થયું. તેમાં પોરટયુગીઝ જીત્યા, સુરતનું લશ્કર નહાસી ગયું, અને પોરટયુગીઝે બીજીવાર સુરત સળગાવી દીધું. એ વખતે એ શહેરમાં ફકત ૧૦ હજાર માણસની વસ્તી હતી. વસ્તીમાં ઘણાખરા વાણિયા અને વસવાયાં લોકો વસતા હતા. ધીમે ધીમે એ શહેર વધતું ગયું તેટલાં પોરટયુગીઝે પાછું બીજે વરસ ત્રીજીવાર બાળી મુકયું.

### કિલ્લો.

પ્રથમનો નાનો કિલ્લો સને ૧૩૭૩માં દિલ્હીના ફીરોઝશાહ પાદશાહે

ના અમલમાં બંધાવેલો, તે દુશ્મનોનો હુમલો ઝીલવાને લાયક નહીં જ જણાયાથી, તેજ ઠેકાણે ફરીથી એક મજબુત કિલ્લો અમદાવાદના પાદશાહ મહમદ બીજાએ સફી આગા નામના હાકેમની દેખરેખ હેઠલ બંધાવ્યો. સફી આગાએ પાદશાહપર કિલ્લાને લગતો કાગળ લખ્યો હતો, તેમાં 'મુબારક' બોલ છેલ્લે લખેલો હતો. તેપરથી તે દિવસથી 'સુરત બંદર મુબારક' એવી રીતે લખાતું હતું. આગો જાતે તુરકી હતો. અને એને ખુદાવંદખાન એવો ખિતાબ આપેલો હતો. એ મોટો કિલ્લો સન ૧૫૪૩માં બંધાયો.

એ કિલ્લો બંધાતો અટકાવવાને પોરટયુગીઝોએ ઘણી મહેનત કરી; તેઓએ બોટમાં બેસી આવીને લોકોને બહુ દુઃખી કરયા; તે છતાં પણ તે બાંધી તૈયાર કરવામાં આવ્યો.

અકબર પાદશાહે સને ૧૫૭૩માં સુરત લીધા પછી એ કિલ્લામાં મુગલ પાદશાહોની તરફથી એક કિલ્લેદાર રહેતો. સને ૧૬૬૧થી જંજીરાના સીદી એ કિલ્લેદારના હોદ્દાપર હતા. સને ૧૭૫૧માં મુગલના કાફલાના એદમિરલ સીદીએ તે લઈ લીધો. તે તેના હાથમાં ફક્ત ૮ વરસ રહયો. કેમકે સને ૧૭૫૯માં એ કિલ્લો લડીને ઈંગ્રેજે લીધો, એવું આગળ જોવામાં આવશે. એ દિવસથી જોકે એ ઈંગ્રેજનોજ હતો, તોપણ નૈરૃત્ય ખુણામાં ઈંગ્રેજનો વાવટો ઉડતો, અને અગ્નિ ખુણામાં "શરીરા" મુગલાઇ વાવટો ઉડતો હતો. એવી રીતે સને ૧૮૪૨માં સુરતના છેલ્લા નવાબ હક થયા તયાં લગી ચાલ્યું. એ વરસમાં નવાબનો વાવટો ઉતારી પાડયો, અને તાપીનદીમાં જે કાફલો રહેતો તે મુંબઇ મોકલી દીધો. ખુદાવંદખાને એ કિલ્લો બાંધયા પછી ઈંગ્રેજે તેમાં કશો ફેરફાર કરયો નહોતો, ફક્ત પુર્વ તરફના દરવાજા સામે એક દરવાજો સને ૧૭૬૦માં વધારયો. તેમજ છેક સને ૧૮૬૪માં જયારે એ કિલ્લો ફક્ત ઓફિશ દાખલ વપરાતો થયો ત્યારે તેમાં પૂર્વ તરફના બે બુરજો વચ્ચે એક ઇમારત કલેક્ટર સાહેબને માટે બાંધી છે. લડાઇના કામને માટે લાંબી મુદ્દતનો એ નિરૂપયોગી થઇ પડયો હતો. સને ૧૮૬૨માં એ માહેલું તમામ ગેરીસન

ખાલી કરયું હતું.

એ કિલ્લાની પશ્ચિમ દિશાએ લગોલગ તાપી નદી છે. ઉત્તર તરફ પણ થોડોક ભાગ નદીમાં છે. એ કિલ્લાપર ચારે ખુણે તોપ ગોઠવવાને બુરજો બનાવેલા હતા, તે દરેક બુરજ જમીનથી ૭૫ ફીટ ઉંચો હતો. હાલ એક તબકે ઉતારી નીચો કરેલો જોવામાં આવે છે, તે સિવાય તે સલામત છે. એના ઉત્તાર દિશાના છેડા પરથી તાપી નદીમાં બાંધેલો હોપબ્રિજ પસાર થાય છે.

## અકબર પાદશાહના રાજ પહેલાં સુરતનો રાજકારભાર.

સુરતનો કારભાર ગુજરાતના પાદશાહ તરફના સરદારો આધીન કરતા તેને નાજીમને નામે ઓળખતા. સુરતમાં સોળમી સદીની શરૂઆતથી ઉઠલપાઠલ થઇ. આમારે સને ૧૫૪૩માં સુરત ઈમાદુલ મુલ્ક રૂમી નામના રાજ કરતાના તાબામાં હતું. શહેરના હાકેમે પોતાના એ રાજાને ખાણું આપવા બોલાવ્યો, અને ત્યાં તેને મારી નંખાવ્યો. રૂમીનો છોકરો ચાંગીશખાન સુરતપર ચઢી આવ્યો, કિલ્લો જીતી લીધો, અને ખુદાવંદખાન નામે શહેરનો હાકેમ હતો, તેને મારી નાખ્યો. એ ખુદાવંદ નામના સખસો ત્રણ થઇ ગયા છે. તેથી ગુચવાડો ઉભો થાય છે. પણ પોરટયુગીઝને પોતાની મદદે બોલાવી ચાંગીશખાને સુરતપર હુમલો કરી તે જીત્યું અને હાકમને કાપી નાખ્યો, એ વાતમાં સંદેહ નથી. ચાંગીશખાન એક બહાદૂર રાજ કરતા હતો. તેના નામના સિક્કા ચાલતા હતા, તેને ચાંગીશાહી સિક્કા કહે છે. આ ચાંગીશખાન તથા તાતાર દેશના સરદાર જંગીશખાન, એ બે જૂદા સખશો છે. જંગીસખાન ૧૩મી સદીમાં અને ચાંગીશખાન ૧૬મી સદીમાં મરણ પામ્યા.

## પ્રકરણ ચોથું.

### અકબર પાદશાહની સુરતપર ચઢાઇ.

સને ૧૫૭૨માં સુરત મીરઝાંઓના હાથમાં ગયું. એ વખતે હિંદુસ્તાનમાં મુગલાઇ રાજ પૂર દમામથી ચાલતું હતું. ત્યાં પાદશાહ અકબર રાજ કરતો હતો. એ મીરઝાંઓને પાદશાહ સાથે દુશ્મની હતી, તેથી અકબર પાદશાહ સુરતપર ચઢી આવ્યો. એ વખતે મીરઝાં અલીહુસેન રાજ કરતોહતો. અકબર પાદશાહ તા૦ ૧૯મી જાનેવારી ૧૫૭૩ને દિવસે સુરત આગળ આવ્યો. તે ભારે લશ્કર લઇ આવ્યો હતો, અને તેના ડેરા તંબુઓ ગોપીતળાવને કાંઠે (જ્યાં હમણાં સલાબતપરૂં તથા રૂસ્તમપરૂં છે ત્યાં) તાણ્યા હતા. કિલ્લાને ઘેરો ઘાલ્યો અને બહારથી સૂરંગ ખોદી કિલ્લામાં જવાની ગોઠવણ કરી. એ ઘેરો છ અઠવાડીયાં સુધી રહયો. હાકેમ અલીહુસેને જયારે કશો ઇલાજ જોયો નહીં ત્યારે તે ભરૂચ તરફ નહાસી ગયો, કે તરત કિલ્લેદાર હમજખાને પોતાનો જીવ બચાવવાની પાદશાહ પાસેથી કબુલત લઇ કિલ્લાના દરવાજા ઉંઘાડી નાખ્યા. તા૦ ૬થી મારચ સને ૧૫૭૩ને દીવસે સુરત અકબરના હાથમાં ગયું અને શહેરના કિલ્લાપર અકબરનું લાલ નિશાન ઉડવા લાગ્યું.

એ કિલ્લો અકબરને હાથ જતાં પહેલાં, મીરઝાંઓએ પોરટયુગીઝોને મદદે બોલાવ્યા અને તેમને તેના બદલમાં કિલ્લેદારી આપવા કબુલત આપી. પણ પાદશાહના લશ્કરનું જોર ઘણું જોયાથી, તેઓએ મદદ આપી નહીં.

સુરતની હાકમી ખલીજખાનને સોંપી અને કિલ્લાનો ઉપરી બીજાને બનાવી અકબર આગ્રે ગયો.

## અકબરના રાજ પહેલાંની આમદાની.

જ્યારે મુગલ વંશના પાદશાહ અકબરે સુરત જીત્યું ત્યારે સુરતની સરકારને તાબે ૯૯૩ ગામ હતાં, અને આમદાની વરસે ૫ લાખ ચાંગીશાહી રૂપીઆની હતી.

## મુગલાઇ રાજ.

અકબરે સને ૧૫૭૩ માં સુરત જીત્યું, ત્યારથી તે સને ૧૭૩૩ લગી સુરતમાં દિલ્હીના મુગલ પાદશાહનું રાજ રહ્યું. એ મુગલાઇ અમલમાં પાદશાહો સુરતના હાકેમ નીમતા. તેઓ મુત્સદીના દરજ્જાથી ઓલખાતા. કિલ્લાનો ઉપરી કિલ્લેદાર કહેવાતો. એ મુત્સદીઓ પાદશાહને દરવરસ ૧ લાખ રૂપીઆનું નજરાણું તથા તાર્ફ તાર્ફ ઘોડા અને કિમતી કાપડ મોકલતા. સને ૧૭૨૩ સુધી એ પ્રમાણે ચાલ્યું.

મુગલ પાદશાહ મહમદશાહ ઘણો નબળો નીકળ્યો, તેના વખતમાં સુરત શહેરમાં જે હાકેમ હતો, તે સ્વતંત્ર થઇ પડ્યો, અને એ વખતથી તે મુત્સદીઓ નવાબનો એલકાબ ધારણ કરી સ્વતંત્રપણે રાજ ચલાવતા થયા. એવી રીતે સને ૧૭૩૩થી તે સને ૧૭૫૯માં કિલ્લો ઈંગ્રેજ સરકારે લડાઇ કરીને પોતાના બળથી જીતી લીધો, ત્યાં સુધી શહેરનો સઘળો રાજકારભાર મુત્સદીઓ નવાબના એલકાબથી ચલાવતા. સને ૧૮૦૦ના મે મહીનાની ૧૩મી તારીખે નવાબી રાજ ખતમ થયું, અને ઈંગ્રેજી અમલ દાખલ થયો.

## અકબર પાદશાહનું રાજ.

ઉપર કહી ગયા કે સને ૧૫૭૩માં સુરત અકબરે લીધું. તેજ વરસ મહ

મદ હુસૈન મીરઝાએ દોલતાબાદથી આવી સુરતને ઘેરો ઘાલ્યો, પણ તેનું કાંઇ ચાલ્યું નહીં, તેથી તે ભરૂચ તરફ કુચ કરી ગયો.

એ પાદશાહના વખતમાં સુરતને તાબે ગંદેવી, વલસાડ, તથા રાંદેર એ ત્રણ બંદરો હતાં. ગંદેવીમાં એ વખતે 'એક મોટો માણસ' ગવર્નર હતો એવું કોવર્ટ નામનો મુસાફર લખે છે. સુરતમાં વેપાર વધી પડયાથી, એક લશ્કરી અમલદાર, અને એક મુલ્કી, એવા બે જુદા જુદા અમલદારો નીમાયા. લશ્કરી અમલદારને કિલ્લેદારના અને મુલ્કી અમલદારને મુત્સદીના નામથી ઓળખતા.

અકબરે જ્યારે સુરતથી પાછો ગયો હતો, ત્યારે કિલ્લેદાર તરીકે ખલીજ ખાનને નીમી ગયો હતો.

મુત્સદીની નીમનુક પણ તેણેજ કરી હતી, અને ત્યાર પછી હમેશાં બહારો બહાર દિલ્હીથી થતી.

પણ ૧૫૭૩થી દરીઆના ધણી પોરટયુગીઝ હતા.

સને ૧૫૭૬માં અકબરના એક અમલદાર રાજા ટોડરમલે સુરત અને તેને લગતા મુલકોની માપણી કરી, તો સુરત જીલ્લામાં ૭૭૦૯૮૫ એકર (૧૩૧૨૩૧૫ વીઘાં) જમીન હતી. અને રૂ ૪૭૫૮૮૦ની વારસીક ઉપજ હતી. તેમાંથી ૨૦૦૦ ઘોડેસ્વારનું તથા ૫૫૦૦ પાયદલનું લશ્કર રહેતું હતું.

હવે ઈંગ્રેજ મુસાફરો આ દેશ આવતા થયા. સને ૧૫૭૯માં ટોમસ સ્ટીવન્ઝ નામનો ઈંગ્રેજ પેહેલ વહેલો હિંદમાં આવ્યો. ત્યાર પછી સને ૧૫૮૩માં રાલ્ફફિચ, જેમ્સ ન્યુબેરિ અને લિડઝ નામના ઈંગ્રેજો આવ્યા. તેઓને પોરટયુગીઝોએ ગોવામાં બંદીખાને નાખ્યા. અકબર મરણ પામ્યો ત્યાં લગી સુરતમાં ઈંગ્રેજો આવ્યા નહોતા.

અકબર પાદશાહ સને ૧૬૦૫માં મરી ગયો. ત્યાં લગી સુરતની ઝાહોઝલાલી દીનપર દીન વધતી જતી હતી. પણ સુરતની આસપાસ દરીઆનું ધણીપણું ફીરંગી લોકોના હાથમાં હતું.

તે વખતે સરસામાનપર રાા ટકા, ખોરાકીપર ૩ ટકા અને નગદીપર ૨ ટકા જગાત હતું. તે સિવાય બીજું જક્રાત નહોતું.

## એ વખતની પરદેશની બીના

સને ૧૫૦૧માં ઇરાન દેશમાં તુરકસ્તાનના શાહનું રાજ્ય થયું, તે વખતથી ઇરાની તથા તુરકીઓ વચ્ચે ભારે યુદ્ધ થયાં.

સને ૧૫૧૭માં જર્મનિમાં મારટિન લ્યુઠરે રોમન કેઠલિક ધર્મ સામે લડત શરૂ કરી.

ઈંગ્લાંડમાં ૮ મા હેન્રિ રાજાના વખતથી કેળવણી વધવા માંડી. મધ્ય વર્ગની નિશાળો ઉઘડી ત્યારથી એ વર્ગના લોકો લખતા વાંચવા શિખતા થયા.

સને ૧૫૨૬માં હિંદુસ્તાનમાં મુગલવંશના પાદશાહનું રાજ્ય દાખલ થયું. બાબર નામનો મુગલ પાદશાહ દિલ્હીમાં થયો.

— સને ૧૫૩૦માં બાબર મરણ પામ્યાથી તેનો દીકરો હુમાયુ દિલ્હીમાં પાદશાહ થયો.

સને ૧૫૫૫માં લંડનમાં રોમન કેઠલિક તથા પ્રોટેસ્ટંટ વચ્ચે લડાઇ થઇ તેમાં હજારો માણસ ઘાહેલ થયાં, અને ૨૮૮ પુરૂષ, સ્ત્રી તથા બાળકોને બાળી મુક્યાં.

સને ૧૫૫૬માં દિલ્હીમાં અકબર પાદશાહ થયો.

સને ૧૫૮૮માં સ્પેનના બીજા ફિલિપ રાજાએ ૧૩૨ વહાણના મોટા કાફલા સહીત ઇગ્લાંડપર ચઢાઇ કરી. તે કાફલામાં ૨૦૦૦૦ સોલજર અને ૨૬૩૦ પિત્તળની તોપો હતી. એ લડાઇ કરવાની તેની મતલબ એ હતી કે, પ્રોટેસ્ટંટ ધર્મનો નાશ કરવો, અને ઈંગલાંડની કુંવારી રાણી એલિઝાબેથે તેની સાથે પરણવા ના કહી હતી, તેનું વેર લેવું. તે ચઢાઇમાં મદદ કરવાને ડયુક ઓફ પારમાએ બીજા ૪૦૦૦૦ માણસો એકઠાં કરયાં. આ વખતે ઈંગ્લાંડની રાણી પાસે માત્ર ૩૬ નાનાં નાનાં વહાણો હતાં. પણ આખા દેશની પ્ર

જા ધર્મ સંબંધી ઉઠેલી લાગણી કોરે મૂકી એકસંપ થઇ. અમીર ઉમરાવો, વેપારીઓ અને ગરીબ રહેવાશીઓ પોતાની દોલત દેશના બચાવ માટે ખરચવા તૈયાર થયા. રોમન કેઠલિક અને પ્રોટેસ્ટંટ સઘળા મળી ગયા. લડાઇમાટે ૧૯૧ વહાણનો કાફલો ઉભો કરયો. લશકરમાં ૧૩૦૦૦૦ માણસો થયાં. બંધે લશ્કરો સામ સામે થયાં. સ્પેનના ૧૨ વહાણોનો ઈંગ્રેજે નાશ કરયો કે, ગભરાઇને સ્પેનનો આખો કાફલો નાઠો. ત્યાં તોફાન નડયાથી સઘળાં વહાણો ફનાં થયાં. માત્ર ૫૩ વહાાણનાં ખોખાં સ્પેન પહોતાં.

સને ૧૫૯૯માં ઈંગ્લાંદમાં એક બનાવ બન્યો, અને તે પરથી ઈંગ્રેજોને હિંદુસ્તાન આવવાનું બન્યું. તે વખતે વલંદા (હોલંદના રહેવાસી) વેપારીઓ મસાલાના ટાપુ લગી વેપાર કરવા આવતા, ત્યાંથી તેઓ મરી વગેરે તેજાનાં ઈંગ્લાંદ લઇ જતા; અને ઘણો ભાવ ખાઇને તે વેચતા. તેઓ ઈંગ્રેજોને દોઢ રૂપીએ શેર મરી આપતા. આ ભાવ મોઘો છતાં વલંદાઓએ એથી પણ ભાવ વધારયો, અને તેઓ ચાર રૂપીએ શેર મરી વેચવા લાગ્યા. ઈંગ્રેજોની આંખમાં તે આવી ગયું; તેથી તેઓએ તા૦ ૩૧મી દીસેંબર સને ૧૫૯૯ને દિવસે એક કંપનિ સ્થાપી. એ કંપનિનું નામ "ઇસ્ટ ઈંદીઝ જોડે વેપાર કરનારા લંડનના વેપારીઓના ગવર્નર અને કંપનિ" એવું રાખ્યું. એ કંપનિમાં ૧૨૫ ભાગીદાર હતા, તથા ૭ લાખ રૂપીઆનું ભંડોળ હતું. એ કંપનિ ઉભી કરીને તેઓ વેપાર કરવા મસાલાના બેટ ખાતે આવ્યા.

## પ્રકરણ પાંચમું.

## જહાંગીર પાદશાહનું રાજ.

અકબર મરણ પામ્યા પછી દિલ્હીમાં જહાંગીર પાદશાહ સને ૧૬૦૫

માં ગાદીએ બેઠો. સુરતમાં તેના બાપ અકબરથી ચાલતો આવેલો અમલ જારી રહયો. જહાંગીરના રાજયમાં ઈંગ્રેજો સુરત આવ્યા.

ઈંગ્રેજો સને ૧૬૦૮માં પહેલવહેલા આ શહેરમાં વેપાર કરવા આવ્યા, ત્યારે આ શહેર તંવગર અને બહોળા વેપારનું મથક હતું- એ ઈંગ્રેજો ઈંગ્લાંદની ઉપર કહેલી ઇસ્ટ ઈંદયા કંપનિના, મોકલેલા અધીકારી હતા.

## ઈંગ્રેજો આવ્યા ત્યારે સુરતની હાલત.

નદી કીનારે કિલ્લો અને ફુરજો એ બે મોટી ઇમારતો હતી. કિલ્લાપર ઘણી તોપો ગોઠવેલી હતી, તેમાં એક સુલેમાન નામની ટુરુકીના સુલતાનની તરફથી આવેલી અને કેટલીક મોટા કદની હતી. શહેરમાં વેપારીઓનાં મોટાં મકાનો હતાં. ફુરજાની પછવાડે બે બજાર હતાં. એક માલ વેચવાનું અને બીજું ઘોડા અને ઢોરનું. કિલ્લા આગળ મેદાન હતુ. તે વખતે ફકત શહેરની આસપાસનો એક કોટ હતો; અને તે પણ કાચો હતો. તે કોટ શહેર પનાહને નામે ઓળખાતો, તેમાં ત્રણજ ભાગળ હતી. વરીઆવી, બરહાનપુરી અને નવસારી. કોટબહાર ફરતાં ઝાડ અને જીવતી વાડ હતી. એ વાડમાં પૂર્વ તરફ એક ઝાંપો હતો, તે રસ્તેથી જતા આવતા હતા. (એ ઝાંપા ઉપરથી ઝાંપું એવું નામ પડ્યું.) નવસારી ભાગળની દક્ષિણે નવસૈયદ નામની એક દરઘા હતી. તેની પાસે ગોપીતળાવ હતું. એ તળાવ ઘેરાવામાં ॥ માઇલ હતું, તેની કોરે કબરસ્તાન હતું. (આ ઉપર કહ્યું તે સઘળું આજે પણ જોવામાં આવે છે.) કબરસ્તાન આગળ આંબાવાડી હતી. એ આંબાવાડીમાં લોકો ખાવા પીવા જતા હતા. અને થોડેક દૂર વાણિયાઓને પૂંજા કરવાની સમડી હતી. જે ઠેકાણે હાલ સગરામપુરા, રૂસ્તમપુરા, સલાબતપુરા એ સઘળાં પરાં છે, તે ઠેકાણે બાગ બગીચા હતા, તેમાં આખું વરસ તરેહવાર જાતનો મેવો થતો હતો. ઉપર કહેલી સમડી રૂસ્તમપુરામાં હજી છે. એ સમડીની પૂંજા

કરવાને દશેરા ઉપર વાણિયાઓ એકઠા થતા હતા, અને મોટો મેળો ભરાતો હતો. એ બાગોમાં પાણીના ફુંવારા અને ઝરા પુસ્કળ હતા. એ બગીચાઓમાં દાડેમડી, અનનાસી, લીંબુડી, તરબુચનાઝાડ, અંજીરી, આંબાઓ વગેરે હતાં. આવી હાલત તે વખતે હતી. જે ઠેકાણે બીજાં પરાં વસેલાં છે, તે જમીન પણ બાગ બગીચાથી રોકાએલી હતી. અનનાસનાં ઝાડ તે વખતે ફકત અમેરિકામાંજ થતાં. તે અમેરિકાથી મંગાવવામાં આવ્યાં હતાં.

વસ્તીની બાબતમાં પણ સુરત તેવુંજ હતું. તે વખતે શહેર ભર વસ્તીવાળું હતું. તેમાં ફીરંગીના રાજયમાંથી વાણિયા અને બીજા લોકોએ આવી આસરો લીધો હતો. પારસીઓની પણ સારી વસ્તી હતી. લોકો કદાવર, ચોખ્ખા, ગભીર અને સમજુ હતા. તેઓ સફેદ કેલીકો તથા રેશમનાં કપડાં પહેરતા. એ વખતે શહેરમાં મુખ્ય વેપાર રેશ્મી, સુતરૂ અને ઉનનું કાપડ હતું. તે જદા, મુખ્ખા, જાવા, અચીન, અને જાપાન લગી જતું.

## ઈંગ્રેજને કોઠી સ્થાપતાં પડેલી મહેનત.

સને ૧૬૦૮ અગાઉ સુરતમાં ઈંગ્રેજનું નામ નહોતું. ઈંગ્લાંદથી કંપનેના ઈંગ્રેજ અમલદારોએ આવી આ દેશમાં તો સુરતમાં પહેલ વહેલી કોઠી સ્થાપી. ઈંગ્રેજની પરોણા ચાકરી કરનાર સૌથી પહેલું સુરત હતું. ૧૬૦૮માં કપટાન હાકિન્સ ઈંગ્લાંદના રાજાનો કાગળ જહાંગીર પાદશાહને નામનો લઈને આવ્યો, અને તા૦ ૨૦ આગસ્ટ ૧૬૦૮ને દિવસે સુરતથી ૭ માઇલપર સુંહાલી ગામમાં ઉતરયો. તે બીજે વરસ આગ્રે ગયો. એજ વરસમાં ઈંગ્લાંદથી બીજું વહાણ આવ્યું પણ તે બારામાં ભાંગી ગયું. ૭૦ માણસો સુરત આવ્યા. પણ ફીરંગીઓએ વાંધો લેવાથી, સઘળાને સુરત છોડી જવું પડયું. સન ૧૬૦૯માં મુઝફરનો છોકરો બહાદૂર સુરતપર ચઢી આવ્યો, તેથી મોટો

ગભરાત થઇ રહયો. પણ દિલ્હીના પાદશાહના સરસુબો અમદાવાદમાં રહે તો તેની તરફથી વખતસર લશ્કરની મદદ આવ્યાથી તે પાછો ગયો. એજ વરસમાં નીઝામ સરકારના દેલતાબાદના હાકેમ મલીકઅંબરે ગુજરાતપર ચઢાઈ કરી સુરત લુટયું. સને ૧૬૧૧માં ફરંગીઓનો વગ સુરતમાં વધ્યો હતો. એ વરસમાં તેઓએ પહેલ વહેલી કોઠી સ્થાપી. સને ૧૬૧૨માં દરેગન તથા ઓસીએન્દર નામની બે મનવાર ઈંગ્લાંદથી આવી. પોરટયુગીઝે તેમાંના ખલાસીને પકડયા, પણ ઈંગ્રેજે ગુજરાતનું એક મોટું વાહન જપત કરયું, અને જયાં સુધી તેમને કોઠી સ્થાપવાની રજા મળે નહીં તાહાં સુધી તે આપવા ના પાડી, તેથી ગુજરાતના સુબાએ તા૦ ૧૧મી જાનેવારી ૧૬૧૨ને દીને કોઠી સ્થાપવાના કરાર કરયા. એ કરારની મતલબ આ પ્રમાણે હતીઃ—

૧. સુરતના લોકો ઈંગ્રેજ સાથે વેપાર કરે તેમાં હરકત લેવી નહીં.

૨. ઈંગ્રેજના માલપર ૩ાા ટકા જકાત લેવી.

૩. દરીઆમાં જે લોકો લુટારાનો ધંધો કરી લુંટ ચલાવે તેને માટે ઈંગ્રેજ કોઠી જવાબદાર રહે નહીં.

આ ઉપરથી ફીરંગી અને ઈંગ્રેજને લડાઇ થઈ, તેમાં ફીરંગી હારયા. ફરીની લડાઇમાં ઈંગ્રેજને નહાસી જઇ સુંહાલીમાં રહેવું પડયું. સને ૧૬૧૩ માં પાદશાહે ઉપર કહેલો કરાર મંજુર કરયો, અને તે સુરતના મુત્સદીએ એક કાસદ સાથે સુંહાલી મોકલ્યો. ઈંગ્રેજે એવી રીતે કાસદ સાથે મોકલેલો કરાર લેવાની ના પાડી. તેથી સુરત દરબારના અમલદારો પોતે ભારે દમામથી સુંહાલી જઇને આપી આવ્યા. ઈંગ્રેજ લોકોની આવી ચઢતી જોવાથી અદેખાઇને લીધે પોરટયુગીઝો મુગલ પાદશાહનું એક મોટું વહાણ પકડી ગયા. એ વહાણમાં ૭૦૦ માણસો અને ૧૦ લાખ રૂપીઆનો માલ હતો. આવું થયાથી મુગલ સરકારે ફીરંગીઓ સામે લડાઇ જાહેર કરી. એ સરકારે મકરાબખાનને ખંભાતનો નવાબ બનાવીને દમણ અને દીવપર ચઢાઇ કરી. મકરાબખાનને ખંભાતના નવાબનો દરજજો મલેથી, તે સુરત, ભરૂચ, વડોદરા

તથા નડીઆદ એ સઘળાનો નવાબ બન્યો. સને ૧૬૧૪માં ઈંગ્રેજનાં બીજાં ચાર વહાણ સુંહાલી આવ્યાં. કસ્ટમ કમિશનર ખોજા નાસરે એ વહાણોના સરદારને અરજ કરી કે તેણે ફીરંગીની સાથે લડવામાં મદદ કરવી. તે સરદારે તે ના પાડયાથી તેણે એવો હુકમ કાઢયો કે ઈંગ્રેજ સાથે સુરતના કોઇ વેપારીએ વેપાર કરવો નહીં, કેમકે તેને વહેમ ગયો કે ઈંગ્રેજ તથા ફીરંગી મલતીઆ છે. આવી રીતે તે બંધે પ્રજા સામે સખત થયો. પણ પછવાડેથી પોતાની ભૂલ જોઇને તેણે ઈંગ્રેજનો માલ સુરતમાં ઉતારવાની રજા આપી. એટલામાં ફીરંગીએ જહાંગીર પાદશાહની માતાનું "રહીમી" નામે હજ કરવા જવાને માટે ખાસ બનાવેલું વહાણ ઘોઘા આગળ બાળી મુકયું. સને ૧૬૧૫માં ફીરંગીઓ ૬૦ બોટ અને ૯ વહાણ લઇ સુરતપર ચઢી આવ્યા. સુરતના અમલદારનાં હાંજાં ગગડી ગયાં. તે કરગરી પડયો. પણ ફીરંગીઓએ કશી સરતો કબુલ કરી નહીં. સુંહાલી તરફ રહેલાં ઈંગ્રેજી વહાણોને પાણીમાં ઉતરતાં જોઇ ફીરંગીઓ સમજ્યા કે ઈંગ્રેજ ઉભી પુછડીએ નહાસે છે, તેથી તેઓમાના થોડાક બારૂં ઘેરી ઉભા તથા થોડાએકે ઈંગ્રેજના વહાણપર ચઢવાની કોશેશ કરયાથી ઈંગ્રેજે તોપ છોડી. તેને જોઇ ફીરંગીએ પણ છોડી, પણ એટલામાં ફીરંગીના ત્રણ વહાણ સળગી ઉઠવાથી તેઓનેજ નહાસવું પડયું. એ લડાઇમાં ઈંગ્રેજો પાસે ૪ વહાણો હતાં. ફીરંગીઓ પાસે ૬૦ લડાઇની બોટો હતી, તે દરેકપર વીસ વીસ લડવૈયા હતા. ફીરંગીએ હવે સુરતના અમલદાર સાથે કરાર કરવાની મરજી બતાવી; પણ રાઇના પહાડ તે રાતે ગયા. અમલદારોએ ઈંગ્રેજને બળવાન જોઇને ફીરંગી સાથે કરાર કરવાની ના પાડી, અને ઈંગ્રેજને જે જોઇએ તે આપી મદદ કરવા લાગ્યા. મામલો આવી રીતે ફરી ગયલો જોઇને પોરટયુગીઝ લોકો હુંકારી ગયા.

## ઇંગ્રેજોને પાદશાહે આપેલા હકો.

સને ૧૬૧૪માં સર ટોમ્સ રો સુરતમાં આવ્યો, અને બીજે વરસ અજમેર ખાતે જહાંગીરને જઇ મળ્યો. પાદશાહે તેને ભારે આદરમાન આપ્યું તથા આ પ્રમાણે હકો આપ્યાઃ—

૧. ઈંગ્રેજો સાથે સારાં સલુકથી ચાલવું.

૨. તેઓ પાસેથી જકાત લઇ તેઓને વેપાર કરવા દેવો.

૩. તેઓ પાદશાહને નજરાણાં મોકલે તેના કુરજામાં કોઇએ ઝાડો લેવો નહીં.

૪. ઈંગ્રેજ મરીજાય તેની મીલકત ઈંગ્રેજોને હવાલે કરવી.

## શાહજાદો ખુરમ.

સને ૧૬૧૫માં જહાંગીરે મેકરાબખાનને બોલાવી લઇ પોતાના ત્રીજા શાહજાદા ખુરમને ગવર્નર કરી મોકલ્યો. એ પછવાડેથી શાહજહાંને નામે પાદશાહ થયો.

તેની સાથે સર ટોમ્સ રોએ બીજો કરાર કરયો કે, સુરતના મુત્સદીઓએ ઈંગ્રેજોને વહાણો વાપરવા આપવાં, તેઓને હથિયાર બાંધવા દેવાં, સુરતમાં તેઓને મકાન બાંધવા દેવું, તેઓના ધર્મના કામમાં હરકત કરવી નહીં.

સને ૧૬૧૬માં ઈંગ્રેજના વહાણોનો બીજો કાફલો આવ્યો. તે સન ૧૬૧૭ના માર્ચ મહિના લગી સુંહાલી આગળ રહયો. એ મહિનામાં શહેરમાં એક તકરાર જાગી, તેથી તે વહાણો પરથી હથિયાર બંધ લશ્કર ઉતરી આવ્યું, અને તેણે શહેર લુંટવાની ધમકી આપી, પણ કશું નુકશાન કરયા વના તે લશ્કર પાછું ગયું. છતાં, ફરીથી એવીરીતે લશ્કર આવે તેને માટે સુરતના હાકેમે

કિલ્લેબંદી મજબુત કરી. સને ૧૬૧૮માં સર ટામ્સ રો ઈંગ્રેજને માટે ઉપ ર કહેલા અગતના હકો મેળવીને સુરત પાછો આવ્યો.

એ વખતે સુરતની તાપી નદી કેવી હાલતમાં હતી, તે વિશે યુરોપીઅનો ના વિચાર જાણવા લાયક છે. સને ૧૬૨૬માં સર ટી હરબર્ટ મુંહાલીથી સુ રત આવ્યો. તરીને રસ્તે આવતાં મુશ્કેલી હોવાથી તે પાડાની ગાડીમાં ખુસ્કી એ આવ્યો. તે તાપી નદી વિશે લગાર તિરસ્કારથી લખે છે કે, "એ નદી ન થી સફરને માટે કામની, કે નથી પીવાના પાણીને માટે કામની. એ માત્ર મૂર તી પુંજક વાણિયાઓને નહાવાના ખપની છે, ને સિવાય બીજા કશા ખપની નથી. એ નદીમાં ફક્ત ચોક્કસ રતુઓમાં ૧૦૦૦ ટનનાં વહાણો ફરી શકે છે."

## વલંદા વેપારીઓની કોઠી.

સને ૧૬૧૬માં વલંદા વેપારીઓ આવ્યા. એ લોકોને ૧૬૧૭માં વેપા. ર કરવાનો પટો મળ્યો, તોપણ ઈંગ્રેજના જેવા હક મળ્યા નહોતા.

તેઓને જે પટો મળ્યો તેની સરતો આ પ્રમાણે હતીઃ—

તેઓના માલપર કુરજાનું કોઇ ખાશ જકાત નાખવું નહીં; તેઓના વેપારીઓને કંટાળો આપવો નહીં; તકરારનો નીવેડો કરવાનો હક તેઓના વડાને છે; કોઇને પણ મુસલમાન ધર્મમાં જબરજસ્તીથી વટલાવવો નહીં.

સુરતમાં રહીને વલંદાઓએ પોતાનો વેપાર બહુ વધારયો. સુરતને તેઓએ વેપારનું વડું મથક બનાવવાનો ઠરાવ કરયો. મસાલાના ટાપુમાં વડું મથક જાવાના બટેવીઆ શહેર ખાતે રાખ્યું. સુરતને તાબે ૧૫ જૂદાં જૂદાં બં દરો હતાં. દરેક બંદરે તેઓએ કોઠી ઘાલી હતી. એમાં ઇરાનખાતે પાંચ હ તીઃ—ગોમ્બરૂન, બસ્રા, લાર, શીરાઝ, અને ઇશફાન. હિંદુસ્તાનમાં વીંગોરલા, આગ્રા, અમદાવાદ, ખંભાત, ભરૂચ, વડોદરા તથા સરખેજમાં કોઠીઓ હતી. એ સઘળી કોઠીઓ થોડાં વરસમાં બંધ પડી. ફક્ત ભરૂચ ખાતેની કોઠી સને

૧૬૮૬ લગી સુરતના તાબામાં રહી.

સુરત ખાતે વલંદાઓ ઈંગ્રેજોની બરાબર વેપારમાં વધ્યા હતા. તે ઓનો આયાત માલ સીસું, પારો, હાથીદાંત, કલઈ, ત્રાંબું, લવેંગ, જાયફળ, જાવંત્રી, મરી, ચીનાઈ વાસણો વગેરેનો હતો. એ માલનાં ભરેલાં સેંકડો વહાણો આવતાં હતાં. તેઓની કોઠી ઈંગ્રેજ લોકોની કોઠીના જેવી ભપકા દાર બાંધેલી હતી, તથા જ્યારે જ્યારે તેઓનો વડો ફરવા નીકળતો ત્યારે તે ઈંગ્રેજના જેવા દમામથી ભારે રસાળા સાથે નીકળતો હતો. તેઓમાં અને ઈં ગ્રેજોમાં ફેર એ હતો કે, ઈંગ્રેજો ઘણાખરા કુંવારા હતા, ત્યારે વલંદાઓમાંના ઘણાએક પરણેલા તથા કુટુંબ કબીલાવાળા હતા. તેઓએ એક સદી સુધી દમામમાં વેપાર ચલાવ્યો, તેટલાંમાં તેઓએ ૨૮ વાર પટો બદલાવ્યો હતો; દરેક વખતે તેઓ નવાબ તથા પાદશાહને ભારે નજરાણું આપતા ત્યારે પટો બ દલાતો હતો. આગલા પાદશાહનાં કરેલાં કામને કેવી રીતે મુગલ પાદશાહો નજ રાણાને લીધે થોડી મુદતમાં ફેરવી નાંખતા તે એ પરથી જણાય છે. વલંદા બંદર નામે જે વલંદાઓની કોઠી નદી કીનારે અંદરના તથા બહારના બે કોટની વચ્ચે આવેલી છે, તે કોઠીને માટે જમીન સને ૧૭૨૯માં તેઓએ લીધી—જ્યાં આગળ નાનપુરા નામનું પરૂં હાલ જોવામાં આવે છે, અને જ્યાં હાલ પોસ્ટ ઑફિસ તથા ઇજનેરની ઑફિસ છે.

## શાહજહાંનું રાજ.

પાદશાહ જહાંગીર સને ૧૬૨૭માં મરણ પામ્યાથી તેનો શાહજાદો ખુર મ જે સુરતમાં ગવર્નર થઈ ગયો હતો, તે પાદશાહ થયો.

શાહજહાંના રાજમાં પૂર આબાદી હતી. એ વખતમાં મોટા મોટા બ નાવો પણ બન્યા. એકવાર વેપારીઓએ હાકેમ આગળ ફરીઆદ કરી કે, યુરોપીઅન લુંટારાઓ વહાણ લુંટે છે. તેથી તેણે સઘળા ઈંગ્રેજોને કેદ ક

૧થા; તે કેટલેક મહીને છોડયા.

સને ૧૬૨૯માં પાદશાહે ઇંગ્રેજ ઉપર એક ફરમાન મોકલ્યું તેની રૂએ, જ્યારે ફીરંગી શહેરપર ચઢી આવ્યા ત્યારે ઇંગ્રેજ સાથે નદીમાં અને ખુસ્કી પર ભારે લડાઇ થઇ. બંધે રેતીના કોટ બનાવીને લડયા. આમાં ફીરંગીને બહુ નુકશાન થયું.

સને ૧૬૩૧માં સુરતખાતે ભારે કાળ પડયો અને તેની સાથે મરકી ચાલી.

સને ૧૬૩૬માં વેપારીના વહાણ લૂંટાયાના સમાચાર મળ્યાથી શહેરના હાકેમે બધા યુરોપીઅનોને કેદ કરયા. મહા મેહનતે અને લાંબી મુદ્દતે રૂ ૧૭૦૦૦૦ લઈને તેમને છોડયા.

ફ્રેંચ જેને તે વખતે ફ્રાંસિસને નામે ઓળખતા હતા, તેઓ સને ૧૬૨૦ માં સુમાત્રામાં હતા. તેઓનો વડો એદમિરલ બોલ્યુ નામનો હતો. એ વરસમાં તેણે સુરતમાં કોઠી સ્થાપવાની રજા મેળવવાને મુગલ દરબાર ખાતે એક આડતીઓ મોકલ્યો. તેની અરજ બાહાલ રહી. તેઓ સને ૧૬૨૩માં સુંહાલી બંદરે પહેલવહેલા આવ્યા, પણ તેઓનો વેપાર ઝાઝો ચાલ્યો નહીં. તેઓએ ૧૬૪૨માં મોટા પાયાપર કામ ઉઠાવ્યું ખરૂં, પણ, તેમાં ફતેહ પામ્યા નહીં.

૧૬૪૪માં મુસાફર લોકોને માટે મુગલીસહરામાં મુસાફરખાનું બંધાયું, જે પછવાડેથી કેદીઓને રાખવા માટે વપરાયું, અને જેના ઘાટ ફેરવી હ‍ાલનો મ્યુનિસિપલ હૉલ બનાવ્યો છે.

એ વખતે શહેરમાં એક ગવર્નર શહેરના અને એક કિલ્લાના કમાનદર, એવા બે અમલદારો રહેતા. આ ગવર્નરોને મુત્સદીના એલકાબથી ઓળખતા. એ સઘળા મુત્સદીઓ માત્ર થોડાં વરસ હાકમીપર રહયા. કોઇવારતો વરસમાં બે બદલાયા. એવી રીતે થયા છતાં લોકોની આબાદીમાં વધારો થતો રહયો, એ તે વખતના ભોળા તથા ભલા હાકેમોની નરમ રાજનીતિને લીધે હતું. છેલ્લાં ૩૨ વરસમાં ૧૧ મુત્સદી (નવાબ) થયા. તેઓના નામ તથા તેઓ ક્યા

વરસમાં થયા, તે નીચે આપ્યું છેઃ—

| મુત્સદીનું નામ. | ગાદીએ બેઠાનો સને. |
|---|---|
| ૧ મીર આરબ. | ૧૬૨૯ |
| ૨ મોઝુલ મુલ્ક. | ૧૬૩૦ |
| ૩ જામ કુલ્લી. | ૧૬૩૫ |
| ૪ મહમદખાન. | ૧૬૩૯ |
| ૫ મોવાઝખાન. | ૧૬૪૪ |
| ૬ મોવાઝખાન. | ૧૬૪૫ |
| ૭ માઝીહુઝ ઝમાન. | ૧૬૪૮ |
| ૮ જામકુલી (ફરીથી). | ૧૬૫૧ |
| ૯ મુસ્તફાખાન. | ૧૬૫૩ |
| ૧૦ મહમદ સાદક. | ૧૬૫૫ |
| ૧૧ રોશનઝામીર. | ૧૬૫૭ |

## શાહજહાંના અમલમાં આબાદી.

શહેરપનાહ કોટની ખાડી ઓળંગી ગયા પછી વાડી તથા ખેતરોમાં લોકો વસ્તા હતા, (હાલ જેને પરાં કહે છે) તેની પેલીમેર શહેરના બચાવ માટે મંટોડાંના કકડે કકડે કોટ બાંધેલો હતો. આ વખતે મુખ્ય વસ્તી હિંદુ, પારસી અને મુસલમાનની હતી. સૌથી થોડા મુસલમાન હતા, અને સૌથી દોલતવાન વાણિયા હતા. પરદેશીઓમાં યુરોપીઅન વેપારીઓ સિવાય તુરકી, યાહુદી, આરબ, ઇરાની અને આરમીનિયન વેપારીઓ હતા. એ ઉપરાંત ચીન, અને જેપાનના પણ વેપારી હતા. આજુ બાજુ ગામડાંની જમીન વેરાન હતી. કેમકે ખેડુત પાસેથી રોકડને બદલે જેટલું પાકે તેમાંથી અડધો દાણો લેવામાં આવતો હતો. આ વખતે એનો દરજજો પહેલા નંબરના શહેરમાં હતો. જાને

વારી, ફેબરવારી તથા મારચ મહિના મોસમના હોવાથી વસ્તી એટલી વધતી કે શહેરમાં કે પરામાં રહેવાનું મકાન જડતું નહોતું. ખુસ્કીએ લાખો વણજારો આવતી, અને તરીએ યુરોપ, આફ્રિકા, અરબાસ્તાન, ઇરાન, લંકા, પેગુ, મલાક્કા અને સુમાત્રા લગી વેપાર ચાલતો. વણજાર ઉપરાંત ઉંટે લાદેલો માલ આવતો. મોટાં વહાણ સુંહાલી આગળ થોભતાં, ત્યાં લંગરાતાં, અને ત્યાંથી ૧૨ માઇલ ગાડામાં માલ ભરીને સુરત લાવતા. જાત જાતની ત્રાંબા, પિત્તળ, લોઢાં અને આરસપહાણની વસ્તુઓ બનતી. હીરા, મોતી, માણેક, પરવાળાં અને અકીકના દાગીના દેશાવર જતા. ઘઉં તે વખતે દુનીઆમાં સૌથી ચઢતો સુરતનો કહેવાતો. જાત જાતની દવા બનતી, તરેહવાર જાતના સાબુ, ખાંડ, મુરબ્બા, મીણ અને કાગળ બનતાં, તથા દેશાવર જતાં. અફીણ અને ગળીનો વેપારતો મુખ્ય, અને યુરોપીઅન સાથનોજ હતો. મુખ્ય નીકાશ રેશ્મી અને સુતર કાપડની હતી. કેપઆફ ગુડહોપથી બીજે નાકે ચીન લગી તમામ લોકો લુગડાં સુરતનાંજ વાપરતા. એ કપડાંમાં જાત જાતનાં ખરા સોનેરી રૂપેરી કસબ અને રેશમ વણવામાં આવતાં. રેશ્મી ગાલીચા ભાતભાતના ફુલવાળા, બીજા કસ્બી ભાત ઉપર રેશ્મી તરેહવાળા થતા. લક્કડ અને નકશી કામ પણ તેવુંજ નામીચું બનતુ. જર્મનિની રાઇટિંગ દેસ્ક જેવી દેસ્કો થતી. તેમાં હાથીદાંત, હીરા, મોતી, માણેક, અને સોના રૂપાંથી મઢેલી તરેહવાર નકશીઓ પાડવામાં આવતી. આ સઘળું આંખને છક કરી નાંખે એવુ હતું. એટલુંજ નહીં પણ "અજબ જેવું સોઘું" મળતુ હતું.

ઈંગ્રેજ અમલદારો ઘણા ભપકામાં રહેતા. બહાર નીકળતાં ત્યારે જીનવાળા ખાલી ઘોડા સાથે એક વાવટો આગળ રહેતો, અને ઢાલ, તલવાર, તથા તીર કામઠાંવાળા માણસોની એક પલટણ આગળ ચાલતી.

જયારે તેઓ નવાસવા આવ્યા ત્યારે ફકત ૨ માણસો કોઠીખાતે હતા. સને ૧૬૧૮માં તેઓને મકાન બાંધવાની રજા મલ્યાથી, ૧૬૩૦માં કોઠીખાતે વેપાર વધતો ચાલ્યો. તેના વહાને 'ચીફ' ના નામથી ઓળખવા લાગ્યા. સ

ને ૧૬૩૮માં ૨૦ થી ૨૪ વેપારીઓ કોઠીખાતે હતા, અને બીજા જેઓ શાખા કોઠીખાતે હતા, તે દર વરસ સુરત હિસાબ આપવા આવતા. સને ૧૬૪૬માં રૂ ૮૩૬૦૦૦નો માલ ભરેલો હતો, અને ૧૬૬૪માં એટલો વધારો થઇ ગયો કે વલંદા સિવાય ઈંગ્રેજથી વધારે મોટો બીજો કોઇ વેપારી નહોતો. કોઠી સ્થાપી ત્યારથી વડા અમલદાર કોણ અને ક્યારે થયા તે નીચે આપ્યું છે.

## કંપનિ સરકારની કોઠીના ચીફ (વડા અમલદારો)ના નામ.

| નામ | સને |
|---|---|
| આલ્ડવર્થ | ૧૬૧૩. |
| કેરિજ | ૧૬૧૫. |
| ટામસ રાસ્ટેલ | ૧૬૨૩. |
| વાઇલ્ડ | ૧૬૨૬. |
| મેથવોલ્ડ | ...... |
| વિલ્યમ ફ્રેમ્લેન | ૧૬૩૮. |
| ફ્રાંસિસ બ્રિટન | ૧૬૪૪. |
| કેપ્ટન જરમિ બ્લાકમાન | ૧૬૫૦ |
| નેથેનિયલ વાઇક | ૧૬૫૮. |
| રીવિંગટન | ૧૬૫૯. |
| એંડ્રયુસ | ...... |
| સર જયોર્જ ઓક્ષનડન | ૧૬૬૨. |
| જીરાલ્ડ એનજીયર | ૧૬૬૯. |
| રોલ્ટ | ૧૬૭૭. |
| સર જોન ચાઇલ્ડ | ૧૬૮૨. |
| બારथોલોમ્યુ હેરિસ | ૧૬૯૦. |
| ડેનિયલ એનેસ્લિ | ૧૬૯૪. |
| સ્ટીફન કોલ્ટ | ૧૭૦૧. |

શાહજહાંના રાજ્યમાં સુરતને સૌથી મોટો વેપાર મોખ્ખા તથા અમાશામાં આવેલા અચીન સાથે હતો. મોખ્ખાનો એક સોદાગર સુરતમાં હતો, તેને શાહજહાં પાદશાહે 'ઉમેદતુલ તુજ્જાર' નો ખેતાબ આપેલો હતો. એ સોદાગર હિંદુસ્તાનના પાદશાહ તરફથી પાલખી નશીન હતો. તેનો મોખ્ખામાં એક મહેલ હતો, તે ઇસ્ટ ઈંદયા કંપનિની કોઠીને માટે લાંબી મુદ્દત ભાડે રાખવામાં આવ્યો હતો.

સને ૧૬૫૭માં શાહજહાં માંદો પડયો તેથી તેના છોકરા માંહો માંહે લડયા. તે લડાઇમાં એક છોકરાએ સુરતનો કિલ્લો જપત કીધો, અને સુરત લૂંટયું, તેથી લોકોએ ધન ભોંય ભંડાર કરયું, અને વેપાર ધંધો બંધ પડી ગયો.

## પ્રકરણ છઠ્ઠું

## ઔરંગજેબ પાદશાહનું રાજ.

શાહજહાં પાદશાહ સને ૧૬૫૭માં માંદો પડયો. એ પાદશાહને ચાર છોકરા હતા. દારા, સુજા, ઔરંગજેબ તથા મુરાદ. પાદશાહ માંદો હોવાથી તેણે પોતાના વડા દીકરા દારાને રાજનો વહીવટ સોંપ્યો. ઔરંગજેબ અસલથીજ લુચ્ચો, સાવધ. તરકટી અને લોભી હતો. દારાને રાજ ચલાવતો જોયાથી તેના ત્રણે નાના ભાઇઓને અદેખાઇ આવી. તેઓના હાથમાં શાહજહાંએ લશ્કરી અખત્યાર આપેલો હોવાથી તેઓએ માથું ઉચકયું. અને દારાની સામે થયા. ઔરંગજેબે મુરાદને પ્રથમ હાથમાં લીધો. તેણે મુરાદને કહ્યું કે, "મને રાજ જોઇતું નથી, મારેતો ભક્તિમાં દહાડા કાઢવા છે; માટે દારા હારયા પછી રાજ

ગાદી તને મળશે." આવું સમજાવી તેણે બેનું બળ એકઠું કરયું. બંધેએ મળી દારાના લસ્કરને હરાવ્યું. તેઓએ પોતાના બાપ પાદશાહ શાહજહાંને કેદ કરયો. આ પ્રમાણે કરીને ઔરંગજેબ સને ૧૬૫૮માં પાદશાહ થયો.

શુજાનું બળ વધારે જોઇ તેણે દગાથી શુજાના દીકરા મહમદને પોતાના હાથમાં લીધો. તેણે મહમદને પોતાની દીકરી સાથે પરણાવવાની કબુલત આપી. આમ નબળો પડી ગયાથી શુજા પણ હારયો. તેથી ઔરંગજેબ એકલો હિંદુસ્તાનના પાદશાહ તરીકે રાજ કરવા લાગ્યો.

અકબર પાદશાહના વંશમાંજ એક એબ ચાલતી આવી હતી કે પાદશાહના શાહજાદા પોતે પાદશાહની સામે બળવો કરે. અકબરની સામે તેના શાહજાદા જહાંગીરે બળવો ઉઠાવ્યો હતો. જહાંગીરનાં રાજ્યમાં પણ તેના શાહજાદા શાહજહાંએ ભારે બળવો ઊઠાવ્યો હતો. તેજ મુજબ શાહજહાંના શાહજાદાઓએ પણ બળવો કરયો અને બાપને કેદ કરી ઔરંગજેબ પોતે પાદશાહ થઇ બેઠો.

પાદશાહ થતાંજ તેણે ભારે ઘાતકી કામો કરયાં. તેણે પોતાના બે ભાઇઓને મારી નાખ્યા, અને તેના બાપ શાહજહાં પણ દીખ નામાં સબડીને સને ૧૬૬૬ માં મરણ પામ્યો.

પણ તેના વખતમાં દખ્ખણમાં એક મરાઠા સિપાઇનો શિવાજી નામનો બહાદૂર છોકરો લડાઇ, લૂંટ અને દગલબાજીમાં પ્રવિણ નીકળ્યો. તેણે ઔરંગજેબને ઘણી મહેનત આપી. ઔરંગજેબની ભૂલ ભરેલી રાજનીતિથી તે વધ્યો. ઔરંગજેબે શિવાજીને ઉખેડી નાખવાને બદલે દખ્ખણનાં મહમદન રાજયોને પ્રથમ નબળાં કરયાથી શિવાજી ફાવી ગયો.

ઔરંગજેબના રાજ્યમાં મરાઠાઓ વારંવાર સુરતમાં ધાડ પાડતા, લૂંટ ચલાવતા, અને બીજી તરફથી સને ૧૬૮૭ પછી મુંબઇ સુરતનો વેપાર ખેંચતું જતું હતું, તોપણ ખંભાતનું બંદર તૂટયાથી, ગુજરાતમાં લડાઇ કજીઆ ચાલ્યાથી, અને મસ્કતના આરબોએ દીવ બંદર તારાજ કરયાથી આ શહેરનો

રોજગાર વધતોજ ચાલ્યો. રોજગારની સાથે મક્કે હજ કરવા જનારા મુસલ માનોનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં. કેમકે ઔરંગઝેબ જાતે ધર્માંધ હોવાથી તેની મુસલમાન રૈયતમાં કેટલોક ભાગ વધારે ધર્માંધ બન્યો હતો.

સુરતને "મક્કાનો દરવાજો" એ એલકાબ આપીને પાદશાહે મુસલમા નોમાં ધર્મનું જે ઝનુન વધાર્યું હતું, તે ઝનુનને લીધે સુરત વધારે મખ્યા ત થઇ નીકળ્યું હતું. સુરતથી મક્કે હજ કરવા જનારા લોકો જે વહાણોમાં જાય તેનો પુખ્ત બંદોબસ્ત રાખ્યાને લીધે, મુસલમાન વેપારીઓ પાસેથી જકાતનો દર હલકો લેવામાં આવતો, તથા કેટલીક મુદત સુધીતો મુસલમાનોને જકાત માફ કર્યું હતું તેને લીધે, સુરત શહેર આખા દેશમાં જાણીતું થઇ પડ યું. એ વખતે હિંદુઓ તથા મુસલમાનો વચ્ચે ધર્મનું વેર જોસભેર ઉભરી આ વ્યું હતું, અને હિંદુઓને પકડી પકડીને જબરજસ્તીથી વટલાવવામાં આવ તા, વેઠે પકડી જઇ કબરો ખોદાવવાને વળગાવી દેતા, તાબીઆ ઉંચકવાને ર સ્તે જતા ગમેતેવા આબરૂદાર હિંદુને પકડતા; તે બાંધ મારતા તો ઠીક, નહીં તો ઢાલ, છક્કડ, લાત મુક્કી મારી તેની પાસે બાંધ મરાવતા; તેની પાસે "યા હુસેન" એ બોલ વટીક બોલાવતા.

મહમદનોપર આવી ખાસ મેહેરબાનીને લીધે આખી દુનીઆમાં મહમ દનોમાં આ શહેર નામીચું થઇ પડયું હતું. અને તેનો ડંકો આખા હિંદ દેશ માં વાગી રહ્યો હતો.

સને ૧૬૫૯માં હિંદુ તથા મુસલમાનો વચ્ચે ભારે લડાઇ તથા કાપાકાપી ચાલેથી વાણિયા, તથા નાણાવટીઓને ઘેરેઘેરથી પકડી ગયા, તેમને બંદીખા ને નાખ્યા, અને થોડીક મુદત લગી શહેર બહાર કાઢી મૂક્યા.

આ વખતે એબીસીનીઆથી આવેલા સીદી મુસલમાનો મુંબઇથી ૪૦ માઇલ દક્ષિણે જંજીરામાં રહેતા, તે બીજાપોરના રાજાની તાબેદારી ઉ ઠાવતા. પણ શિવાજી સામે લડતાં એ સીદીઓએ દગો કીધો, એવો શિવાજીને શક આવવાથી તેણે સીદી સરદારને મારી નખાવ્યો, તેથી તેના વારેસો ઔ

ફ્રંગ્રેજોની દરીઆ ખાતાની નોકરીમાં, વરસે બે લાખ રૂપીઆ લેવાંની શ રતથી, સુરત આવી રહયા.

સને ૧૬૬૪માં વલંદાનું જોર એટલું વધી પડયુ હતું કે, તેમણે ઇંગ્રેજોને ઠોકીને હલકા કરયા, અને ખુદ પાદશાહનું હજ કરવા જવાનું એક વહાણ પકડયું. ગવર્નરે અગાઉ લીધેલા રૂ ૫૦૦૦૦ વલંદાને પાછા ભરયા, ત્યારે તેઓએ તે વહાણ છોડયું.

## મરાઠાઓની ધાડ અને લૂંટ

શિવાજી નામના મરાઠાએ હવે સુરત તરફ મન ફેરવ્યું. તેણે બહિરજી નામનો એક જાસુસ મોકલ્યો. તે શહેરની આબાદી જોઇ ગયો. શિવાજીએ નાસક જવાને બહાને ૪૦૦૦ લૂંટારા ભેગા કરયા અને સને ૧૬૬૪માં શિવાજીએ સુરતપર પહેલ વહેલી લૂંટ ચલાવી. તે એકાએક ૪૦૦૦ ઘોડેસવાર લઇ સુરત આવ્યો. ઉપર સમજાવ્યું તેમ તે વખતે સુરતને એકજ (શહેરપનાહ) શહેરનો કોટ હતો, તે પણ કાચો હતો. પરાની આસપાસ હાલ ફરતો કોટ છે તેને ઠેકાણે માટીનો કોટ હતો. ગવર્નર સામે થયા વગર નહાસીને કિલ્લામાં ભરાયો. લોકો જીવ જીવનગારો ભોંય ભંડાર કરી, કોઇ ઘરમાં ખીલી વાસી ભરાઇ બેઠાં; કોઇ નહાસી ગયાં. શિવાજીએ નિરાંત જીવે આખું શહેર લૂંટયું. કેટલાક બહાદૂર લોકો સામા થયા, પણ તેમાં તેઓના જાનમાલની ખરાબી થઇ. ઈંગ્રેજ અને વલંદા સામા થયા, અને તેઓએ પોતાના લોકના જાનમાલનું રક્ષણ કરયુ. એટલુંજ નહી, પણ ઈંગ્રેજી કંપનિના અમલદારોએ સુરતની પ્રજાનો પણ બચાવ કરયો, તેથી નવાબે ઇનામમાં ૩॥ ટકા જકાત હતું તેને બદલે ૨ ટકો કરયું. આ લૂંટ ૩ દહાડા ચાલી. તેમાં એક કરોડ રૂપીઆ શિવાજી પુને લઇ ગયો. આ લૂંટથી લાલચ લાગવાથી પાંચ વરસ રહીને તે પાછો આવ્યો. સને ૧૬૭૦, ૧૬૭૨, ૧૬૭૪, ૧૬૭૫માં તેણે શહે

ર લૂંટયું તથા સળગાવી દીધું. તેણે એ પ્રમાણે લોકોને પાયામાલ કરયા. વેપાર ધંધો ભાંગી પડયો, લોકો નાસભાગ કરી પરદેશ ગયા. લડાઇ તથા કાપાકાપીથી વસ્તી ઘટતી ગઇ, અને સુરતનો દહાડો બરગસ્તે બેઠો. પહેલી લૂંટથી બીને શહેરના બચાવ માટે શહેરપનાહ કોટ બાંધવા માંડેલો. તે સને ૧૬૮૧માં બંધાઇ રહયાથી શહેરના લોકને લગાર નિરાંત મળી.

એ કોટ બધાયા પછી પહેલ્લાં ગાસ્તીપુરા, બેગમપુરા તથા સલાબતપુરામાં લોકો સારી સારી ઇમારતો ઊઠાવી વસવા લાગ્યાં. બીજાં પરાં ત્યાર પછી વસ્યાં. પણ તયાર પછી શિવાજી પોતે આવ્યો નહીં. તે સને ૧૬૮૦માં મરણ પામ્યો. લોકો આ સાંભળી ખુશી થયાં. લૂંટના વેરમાં ઔરંગજેબે શિવાજીનાં રાજ્યપર ચઢાઇ કરી તેના દીકરા શંભાજીને પકડી કેદ કીધો, અને શંભાજીએ પેગંબર હઝરત મહમદને ગાળ દીધેલી તે માટે જીવતાં જીવત તેની જીભ તોડાવી નાખી, તેની આંખોમાં લોહાનો ઢગઢગતો સળીઓ ઘોચાવી તેના શીરચ્છેદ કરયો. શંભ.જીના મરણથી તેનો દીકરો શાહુ, રાજા થયો. તે વખતે તે ૬ વરસનો હતો, તોપણ તેને પકડી ઔરંગજેબે ૧૭૦૭ લગી કેદ રાખ્યો.

સને ૧૬૭૯, ૮૦, અને ૮૪ માં શહેર બચ્યું. માત્ર પરાં લૂંટાયાં.

શિવાજી અગાઉથી ફકીરને વેશે એકલો શહેરમાં ફરતો અને તાલેવાન લોકો કયાં કયાં વસે છે, તે સઘળું નજરમાં રાખતો. સને ૧૭૦૩માં મરાઠાનું લશ્કર પાછું ચઢી આવ્યું, બધાં પરાંઓ સળગાવી દીધાં, શહેરને ઘેરો નાખ્યો. અને સુરતની ઉપજની ચોથ કબુલ કરે ત્યાં સુધી તેણે ઘેરો ઉઠાવવાની ના પાડી. ફરીથી સને ૧૭૦૬માં મરાઠા લૂંટારા ચઢી આવ્યા, તેઓ આલમપનાહ કોટની બહાર પડી રહયા, કેટલાંક અઠવાડીઆં લડાઇ ચાલી, અને આખરે ઘેરો ઉઠાવી ચાલ્યા ગયા. આ ઘેરાથી સઘળી ખાધખોરાકીના ભાવ એકના ત્રણ ગણા થઇ ગયા હતા. લોકોમાં ભૂખમરો ચાલ્યો. શહેરની અવસ્થા માહા ભૂંડી થઇ પડી.

## દેશીઓને સુઝેલી વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

શિવાજીના લશ્કરના છાકટ, જંગલી મરાઠાઓ લૂંટતા; લૂંટ નહીં મળતી તે ઘરમાં મારફાડ કરતા; ઉંધા લટકાવતા, લટકાવી બાળતું કરતા, આંખે મરચાંના પાટા બાંધતા, અને સૌથી વધારે ત્રાસદાયક એ હતું કે સ્ત્રીઓ જે હાથમાં આવે તેને ધોળે દિવસે, છડેચોક ઘરધણીના દેખતાં પકડતા, જબર જસ્તી ગુજારતા અને તેથી ન ધરાતાં વખતે ઉંચકી પણ લઇ જતા. શિવાજીનું નામ સાંભળી ગુજરાતના લોકો થરથર કાંપતા, અને હેબકી જતા. એ પ્રમાણે દખણના દેશીઓએ ગુજરાતના દેશીઓને અને આખાં સુરત શહેરને પાયમાલ કરયું. તે લૂંટ લઇ જતો, અને તે પોતાના જાતભાઇઓને આપી દેતો. તે લૂંટમાંથી ખપ જોગું રાખી બ્રાહ્મણોને "દાન" કરતો. ઔરંગજેબ હિંદુઓના પૈસો મુસલમાનોને આપતો. શિવાજી મુસલમાનો તથા હિંદુઓનો પૈસો પોતાના દખણના દેશીઓને આપતો. એવી રીતે બેવડે મારે સુરત શહેર મરવા પડ્યું. તે વખતથી સુરતની પ્રજા મુંબઇ તરફ નહાસવા લાગી, એટલું જ નહીં પણ ઈંગ્રેજ જેવા લડનૈયા લોકો પણ કંટાળીને સુરતથી મુખ્ય મથક કાઢી નાખી મુંબઇને મુખ્ય મથક કરી બેઠા.

ઔરંગજેબ પાદશાહ જાતે મહમદન અને ધર્માંધ હોવાથી શહેરમાં ઉતરતા વર્ગના મહમદન લોકો, લોકોને વટલાવવાનો, મારફાડ કરવાનો, અને લૂંટ ચલાવવાનો ધંધો લઇ બેઠા હતા. તેઓ હિંદુઓને વટલાવતા. પારસીઓની સાથે મહમદનો સારી રીતે ચાલતા.

તોપણ ઔરંગજેબ પાદશાહ હિંદુ તથા પારસીઓ પાસેથી વેરા તથા જકાત લેતો. તે વેરા તથા જકાતની મહમદનોને માફી હતી. સારાંશ એકે હિંદુઓને લૂંટી મહમદન લોકને સુખી કરતો. પ્રજાપર આ પ્રમાણે બેવડો જુલમ હતો. મુત્સદીઓ ડાહ્યા છતાં પાદશાહ આગળ તેમનું ચાલતું નહોતું.

## ઊપજ, કર તથા જજીઆવેરો.

ઔરંગઝેબનાં રાજમાં સુરત તથા તેને તાબેના મુલકોની પેદાશ આસરે ૧૩ લાખ રૂપીઆની હતી. તે જકાત લેતો, તે જકાત એક સરખે ધોરણે રાખેલું નહોતું. મુસલમાનો પાસેથી સેંકડે ૨ ટકા, ખ્રિસ્ટિ પાસેથી ૩ા ટકા અને હિંદુઓ પાસેથી સેંકડે ૫ ટકા જકાત લેતો. એ જકાત સિવાય બીજા કર હતા. એ તી માટે રોકડ લેવામાં આવતું નહોતું. જેટલો પાક થાય, તેમાંથી ૩ ભાગ સરકારના અને એક ભાગ ખેડુતનો એવા ભાગ પડતા. તે ઉપરાંત જજીઆ વેરો હતો. જેઓ મુસલમાન ન હોય, તે દરેક માણસ પાસેથી માથાદીઠ દર વરસે રૂ પાા લેવામાં આવતા. આ પ્રમાણે હિંદુઓપર એ નવો બોજો હતો.

આપણે જોયું કે દરેક માણસ દીઠ રૂ૦ પાા નો તો ફક્ત જજીઆવેરો હતો, તે ઉપરાંત શહેર અને ટંકશાળની પેદાશ ફક્ત ૩ાા લાખ રૂપીઆની નોંધાયલી છે.

## મુંબઇની સને ૧૬૬૧માં હાલત.

મુંબઇમાં એ વખતે થોડા માછીઆનાં ઝુપડાં હતાં. એ ટાપુમાં કશી વસ્તી કે કશી આબાદમાની નહોતી. તે પોરટયુગીઝ લોકોના હાથમાં હતું. પણ ઇ૦ સ૦ ૧૬૬૧માં પોરટયુગલના રાજાની દીકરી ઇંગલાંડના રાજા સાથે પરણી, ત વખતે પહેરામણીમાં એ ટાપુ ઈંગ્રેજને મળ્યો. રાજાએ વરસે રૂ ૧૦૦ લેવાનો ઠરાવ કરી સને ૧૬૬૮માં કંપનિ સરકારને આપ્યો. એ ટાપુ પર લુંટારાઓ સહેલાઇથી હુમલો કરી ન શકે એવો હોવાથી કંપનિએ સને ૧૬૮૭માં સુરતથી વડું મથક કાઢી નાંખી, એ ટાપુમાં કર્યું. એવી રીતે મરાઠા

ના વારંવારના કંટાળાથી ઈંગ્રેજે મુંબઈમાં વડું મથક કરયુ

પણ. ઔરંગઝેબે શિવાજીના વારેસોને ઉપર લખ્યા મુજબ સખત શીક્ષા કરી. તેવાજ બીજા સખત ઉપાય લીધા. શાહેરપનાહ કોટ પાકો બ ધાવ્યો. આલમપનાહ બાંધવાનો હુકમ કરયો. અને હાકેમો સારા સારા નીમ વા ગયા.

એના રાજ્યમાં નીચે મુજબ હાકેમો થયાઃ—

## સને ૧૬૫૮ થી ૧૭૦૭ લગીના મુત્સદીઓ.

| મુત્સદીનું નામ. | ગાદીએ બેઠાનો સને. |
|---|---|
| ઇનાયત ખાન. | ૧૬૫૮. |
| રૈયતખાન. | ૧૬૬૪. |
| મહમદબેગખાન. | ૧૬૬૬. |
| ગ્યાસુદીનખાન. | ૧૬૬૭. |
| ઝીમુલાબુદીનખાન. | ૧૬૬૯. |
| મુખત્યારખાન. | ૧૬૭૧. |
| મોતઅનીરદખાન. | ૧૬૭૩. |
| એતમેલખાન. | ૧૬૭૫. |
| કરતલાબખાન. | ૧૬૭૭. |
| અદુલ્બારખાન. | ૧૬૮૦. |
| શાહામતખાન. | ૧૬૮૩. |
| મીરઝાં શેખઅલ્લા. | ૧૬૮૫. |
| સલાબત મહમદ. | ૧૬૮૭. |
| નવાબતખાન. | ૧૬૯૦. |
| દેલાવરખાન. | ૧૬૯૩. |
| નીયાતખાન. | ૧૭૦૧-૧૭૦૭. |

## ઉપજની વીગત.

ઔરંગજેબના રાજ્યમાં સને ૧૬૬૬માં ફક્ત તરીના માલ ઉપરનું જકાત ફુરજામાં રૂ ૧૨૦૦૦૦૦ ઉપજ્યું હતું. જો એ આંકડા ખરા હોય તો એ સદીની આખરમાં સુરતની ઉપજ ઘણી ઘટી ગયલી હોવી જોઇએ, કેમકે ત્યારે મહેસુલ, જકાત, કર, જજીઆવેરો (માણસ વેરો, માણસદીઠ રૂ ૨ા) એ સઘળું મલીને ૧૩ લાખ ઉપજતા જણાવ્યામાં આવે છે. એ તેર લાખની પેદાશ દરેક પ્રગણાંવાર નીચે આપી છે. એમાંથી માલમ પડે છે કે કુલ્લે ૪૯૪૬૩૬૬૨ દામની પેદાશ હતી. ૪૦ દામનો એક રૂપીઓ થાય છે.

| નામ. | ઉપજ—દામ. |
|---|---|
| શહેર તથા ટંકશાળ | ૧૫૦૦૦૦૦૦ |
| ચોરાસી | ૪૧૬૭૫૫૦ |
| રાંદેર | ૨૬૫૦૦૦ |
| અમરોલી | ૧૫૪૦૦૦૦ |
| વલુસાડ | ૩૫૭૭૦૦૦ |
| ચીખલી | ૧૬૦૦૦૦૦ |
| મારસર(?) | ૬૭૦૦૦૦ |
| બારનોલી તથા મોમલા (બારદોલી તથા મોતા) | ૫૦૦૦૦૦ |
| ગંદેવી | ૨૩૦૦૦૦૦ |
| હાનોસર (?) | ૧૦૦૦૦ |
| માલુર (વાલોડ) | ૩૯૪૮૯ |
| ઘડકા (?) | ૧૪૦૯૧ |
| સાહારત(?) | ૧૬૦૦૦ |

| નામ. | ઉપજ—દામ. |
| --- | --- |
| મલવાડા (વલવાડા) | ૧૯૮૨૮૮ |
| અનાવલ | ૫૦૨૦૦ |
| બુહારી (બુહારી) | ૧૦૦૦૦૦ |
| બનીઆ( ? ) | ૧૫૪૪૦૦૦ |
| સરભોન | ૧૨૨૫૦૦૦ |
| ખરોદ (કડોદ) | ૬૯૨૦૦૦ |
| સોસા (સુપા) | ૧૬૪૦૦૦૦ |
| મોવા (મહુવા) | ૭૫૦૩૨૦ |
| બીઆદ્રા (વીઆરા) | ૮૩૬૩૨૫ |
| કોસ્ર (?) | ૧૨૦૩૨૦ |
| બારજોલ (પારચોલ ?) | ૫૩૭૭૩૭૧ |
| તલારી (તેલારી) | ૪૯૬૦૦૦ |
| કામરેજ | ૧૯૩૫૦૦૦ |
| નઊસારી (નવસારી) | .૬૦૩૨૦૦ |
| તલેશ્વર (તડકેશ્વર) | ૩૪૮૦૨૭૮ |

કુલ્લે દામ ૪૯૪૬૩૬૬૨

## રાજ વહીવટ, લોકોની હાલત, વગેરે.

ઔરંગજેબનાં રાજમાં બેગમવાડી નામનો સૌથી મોટો બાગ હતો, અને બીજા નાના નાના બાગો હતા. બહેરાનપુરી ભાગળ આગળ છેક સને ૧૬૨૬થી ઈંગ્રેજ લોકોએ બાગ બનાવ્યા હતા, તેમાં જવા આવવાને સફાઈદાર રસ્તા બાંધી લીધા હતા, અને રસ્તાની બંધે હારે મધૂર ફુલનાં ઝાડો રોપેલાં હતાં. તેથી તે ફુલવાડી જેવી બની રહી હતી. ભાગળ આગળ કંપનિની ૩૪ દુકાનો, ઘો

કાની પાયઘા રાખવાને તબેલા, એક હવાખાવાનો બંગલો અને બીજી પાકી ઈ મારતો હતી. જ્યારે શહેરપનાહ કોટ પાકો બાંધ્યો, ત્યારે તે સઘળું ઉખેડી નાખવામાં આવ્યું હતું.

શહેરમાં આ વખતે કેટલાંક ઘર મોટાં મોટાં અને કિમતી હતાં. એ ઘરો સઘળાં મુસલમાનોનાં હતાં. એક ઘણું મોટું મકાન પારસીનું હતું. તે જંટામના રાજાનો દલાલ હતો. મોટો ભાગ કામડાં ટટાનાં હતાં. ઈંટ તથા છાં ઘણી મોંઘી હોવાથી લોકો દમણથી લક્કડ અને વાંસ આણતા. હિંદુઓ નાનાં નાનાં (cells) ઝુપડામાં રહેતા. એવાં ઘર બાંધવાની મતલબ બે હતી. એક એકે કસર કરવી; અને બીજી એકે રખે મુગલાઈ હાકમની નજર બગડે.

શહેરમાં સફાઈ સોજજાઇ બીલકુલ નહોતી. મોહોલાઓમાં નરકખાનાની એટલી ગંદકી હતી કે, ફ્રાઇયર નામનો મુસાફર ૧૬૮૩માં અજબ થઈને લખે છે કે "આ નરકખાના છતાં, રોગ ઉભરી નથી નીકળતો એ અજબ જેવું છે." વરસ નહીં ગયું, એટલામાં શહેરમાં મરકી ફાટી નીકળી, તે લાંબી મુદ્દત સુધી ચાલુ રહી. એ મરકી ૧૬૮૪માં ફાટી નીકળી તે બે વરસ ચાલી. તેમાં દરરોજ ૩૦૦ મરણ થયાં.

એ વખતે શહેરના હાકેમપાસે ૧૫૦૦ માણસ રહેતાં તે હાકમ મુત્સદી લખાતો. તેના હાથ નીચે ઇનસાફ કરનાર જડ્જ હતો, તે કાઝી કહેવાતો. કાઝી પછી વાકનવીસ નામનો અમલદાર રહેતો. તેના તાબામાં દફતરખાનું રહેતું. જકાતખાતાના ઉપરીને શાહબંદરને નામે ઓળખતા. શહેરના બંદોબસ્તમાટે ઉપરી હતો, તે કોટવાલને નામે ઓલખાતો. શહેર બહારના બંદોબસ્તમાટે ફોજદારો રાખ્યા હતા. ફોજદારી સઘળી કોટવાલને સ્વાધીન હતી. એ કોટવાલ રાતના ૯થી ૩ વાગા લગી આખા શહેરમાં 'રોન' ફરતો અને શહેરની પાસબાની રાખતો. ગુનાહ એટલા ઓછા હતા કે સને ૧૬૭૦થી સને ૧૬૯૦ લગીમાં શહેરના લોકોમાં માંહો માંહે કોઇનું ખુન થયું નથી.

કેમકે કાયદા ઘણા સખત હતા. લગારપણ વાંકમાં આવેલા ગુનેહગારોને ગધેડે બેસાડી મોહલે મોહલે ફેરવી બાંધી મારતા.

આ વખતે શહેરમાં વેપાર ખડોળો હતો. વેપારીઓ લક્ષાધીપતિ હતા. એક વેપારી પાસે લગભગ કરોડ રૂપીઆ હતા. બીજા એક પાસે કેટલી દોલત હતી, તેનો વિચાર એટલાથી આવશે કે, તેની પાસે ૨૨ રતલનો ખરાં મોતીના હાર હતા. એ હાર શિવાજીના હાથમાં આવ્યા હતા. પારસી અને મુસલમાનો ઘણા તવંગર વેપારી હતા, તેઓ મોટા દમામથી રહેતા હતા. ઈંગ્રેજ અને વંલદાના દલાલો પારસી હતા, તેઓ પાસે વીસથી ત્રીસ લાખની દોલત હતી હિંદુઓમાં પણ કેટલાક તવંગર વેપારી હતા. તેઓ કરકસરથી રહેતા અને પોતાની દોલત કોઇ નહીં જાણે તેમ છુપી રાખતા અથવા ભોંયમાં દાટી મૂકતા. પારસીઓના હાથનીચે વાણિયાઓ દલાલ હતા, તેઓ પણ તવંગર હતા.

થોડા સિવાય બીજાઓથીં મોટી હવેલી બંધાવાતી નહીં. ગાડી ઘોડે બેસી ફરાતું નહીં. સારાં કપડાં પેહેરી બહાર નીકળાતું નહીં. બોલતા જોડા પહેરનારની કમબખ્તી થતી.

ઓરતો જવલેજ બહાર જાણાતી. જવાન ખુબસુરત ઓરત એકલી કદી બહાર નીકળવાની હીંમત કરી શકી નહોતી. ન છુટકે બહાર નીકળવું પડે, યા પાણી ભરવા બહાર જવું પડે તો પાંચ પાંચ, સાત સાત ઓરતોના ટોળાં બહાર નીકળતાં.

એ વખતે વસ્તી ભારે હતી. ખાલી જગ્યા, ખાલી ખંડિયેરો ન હોવાથી તેમજ શહેર માંહે અને શહેર બહાર વસ્તીનો ફેલાવો ઘણો મોટો થઇ પડ્યાથી ખુદરતી હાજતે જવાની વટીક સ્રીઓની મુશ્કેલી વધી પડી. તેઓના ઘરની પાછળ જગ્યા નહીં કે તેઓ વાડામાં તેની સગવડ કરે; તેથી તેઓને પોતાનાં ઘરની અંદર યા ઓટલાઓ ઉપર હાજતે જવાના જાજરૂઓ કરવાની જરૂર પડતી. એ રીત તેઓએ ફક્ત હોંશને કે ફાયદાને ખાતર પકડી

નહોતી. ઓરતોથી દૂર લગી જઇ ન શકાય તેથી, ન છુટકે, નાચારીએ તેઓ ને એવી રીતે ઘરમાં જાજરૂઓ કરવાં પડયાં હતાં.

હિંદુઓ પૈસાદાર હતા, તે ઉપર કહી ગયા. તેઓ બૈરાં છોકરાંને પુષ્કળ ઘરેણાં ગાંઠાં કરતા. તહેવારના દિવસોપર અને લગન તથા મરણનાં જમણવારોમાં તે જોવામાં આવતું.

તે વખતના હિંદુઓવિશે એક લખનાર કહી ગયોછે કે તેઓ હિસાબના કામમાં એવા ચંચળ હતા કે સૌથી ઝડપથી આંકડા મૂકીને ગણનારાઓ કરતાં તેઓ મોઢેથી ખરો અને વધારે વહેલો જવાબ દેતા.

## ઇંગ્લાંડના વણકરો.

રહેતે રહેતે સુરતી કપ્પડ ઈંગ્લાંદમાં એટલું પસંદ પડયું કે ત્યાના વણકરો ભૂખે મરવા લાગ્યા તેથી સને ૧૬૭૪, ૧૬૮૦ અને ૧૬૯૭માં ઈંગ્લાંદના લોકોએ ફરિયાદ ઉઠાવી અને છાપર આવી જઇને વાંધો લીધો કે, સુરતી કપ્પડ ઈંગ્લાંદમાં બીલકુલ દાખલ કરવું નહીં. તેથી ૧૭૦૧માં ઈંગ્લાંદખાતે એક એવો કાયદો પસાર થયો કે ઈંગ્લાંદ દેશમાં કોઇએ પણ સુરતી લુગડાં પહેરવાં નહીં !

સને ૧૬૮૭માં કંપનિના વેપારનું મૂખ્ય મથક સુરતથી મુંબઇ લઇ ગયા તે ઉપર લખી ગયા. એજ વરસમાં કેટલાંક વહાણ પકડવાનો હૂકમ ઈંગ્રેજે આપ્યો છે, એવો શક ગયાથી સુરતના હાકેમે સુરતના ઈંગ્રેજોને કેદ કરયા, તેથી ઈંગ્રેજ તથા સુરતના હાકેમને લડાઇ થઇ. ઈંગ્રેજનું દરીઆઇ લશ્કર તાપીના મૂખ આગળ આવ્યું, તોએ હાકેમ ડરયો નહીં, આખરે ઈંગ્રેજોએ કાલાવાલા કરયાથી અને રૂપીઆ દોઢ લાખનો દંડ આપ્યાથી તે ઈંગ્રેજોને છોડયા; પણ હવે સુરતનો સેતારો બદલાવા લાગ્યો. આમ હેરાન થયાથી તેઓનું દીલ સુરતપરથી ઉઠતું ગયું, તેથી તેઓ સુરતને બદલે કે

લીકટ વગેરેથી માલ યુરોપ મોકલવા લાગ્યા. જ્યારે આવું થયું ત્યારે ઔરંગજેબ ડરયો. સુરતમાં ઈંગ્રેજોનો માલ લૂંટી લીધેલો તેના રૂ ૮૦૦૦૦ તેણે પાછા અપાવ્યા, અને કાલાવાલા કરીને તેઓને સુરતમાં વેપાર કરવા રાખ્યા.

## ઇંગ્રેજની બીજી કંપનિ.

સને ૧૭૦૦માં બીજી કંપનિ આવી. પ્રથમતો એ બંધેમા કુસંપ ચાલ્યો. નવી કંપનિએ હાકેમના કાન ભરીને જૂની કંપનિના અમલદારોને તથા તેમની સ્ત્રીઓને કેદ કરાવ્યાં. હાકેમે સઘળાં મળી ૧૦૭ને કેદ કરયાં. તે સઘળાંઓને બે વરસ કેદ રાખ્યાં તેટલાં તેઓમાંથી ૮૫ માણસો મરી ગયાં.

## જોડાયલી કંપનિ અને તેનો વહીવટ.

સને ૧૭૦૨માં બંધે કંપનિ જોડાઇ ગઇ. અને ત્યારથી કંપનિનું કામે સારૂં ચાલ્યું. હવેથી એ કંપનિનું નામ "યુનાઇટેદ ઇસ્ટ ઈંદયા કંપનિ એવું પડયું."

આ કંપનિનો વડો પ્રેસિદંટ કહેવાતો તેને વરસે રૂ ૫૦૦૦ મળતા. તેના હાથ નીચે ચેપલેનને વરસે રૂ ૧૦૦૦ અને દોટકરને વરસે રૂ ૪૦૦ મળતા. બીજાઓને વરસે રૂ ૭૨૦ થી ઉતરતામાં ઉતરતાને રૂ ૧૦૦ મળતા. આ પગાર ચોખ્ખો તેમની પાસે બચતો, કેમકે ખાધખોરાકીનો સઘળો ખરચ કંપનિને માથે હતો. તે વખતે નોકરોની ખુજ જાણવામાં આવતી. જેમ નોકર જૂનો થતો તેમ તેનો પગાર વદયો જતો. નોકરીમાં ત્રણ ગ્રેદ બાંધેલા હતા, જેમ જેમ ઉપલા ગ્રેદમાં જગા ખાલી પડતી તેમ તે નીચલા ગ્રેદવાળાને મળતી, અને છેલ્લી જગ્યા કોઇ ઉમેદવારને મળતી. કેટલાક દેશી નોકરો પણ કંપનિએ રાખ્યા હતા. એક માસ્તર, એક વૈદ, અને એક રસોઇઓ. એ સિવાય કારાદ, કુંભાર, ચાકર, મળીને ૪૦ માણસો હતાં. કંપનિ સઘળો

માલ દલાલની મારફતે ખરીદતી. તેઓ ગામે ગામ ફરતા, કપ્પડ ખરીદતા, અને ખપ એટલો બહોલો હતો કે વણકર લોકને ઘેરબેઠાં અગાઉથી રૂપીઆ ધમધોકાર આપતા.

## પોરટયુગીઝ.

પોરટયુગીઝ લોકોનો ધંધો સને ૧૬૭૦ લગી સારો ચાલ્યો. એ વરસ લગી તેઓએ વહાણને પરવાના આપ્યા, અને એ વરસમાં જકાત ઘટાડી ૨ ટકા કરયાથી ઈંગ્રેજોની સાથે હરીફાઇમાં ફાવ્યા, તેથી સને ૧૬૮૪માં તેઓ તેમના ધાસ્તી ભરેલા હરીફ થઇ પડયા. પણ તેમનો ધંધોપાછો પડી ભાગતો ગયો, તેથી તેઓ આસરે ૧૭૦૦ના સાલમાં જતા રહેયા

## ફ્રાંસના વણકરો.

આપણે ઉપરે કહી ગયા કે ફ્રેંચ લોક સુરત આવ્યા હતા. ફ્રાંસના લોક પણ ઈંગલાંદના લોકની માફક સુરતી કપ્પડ વાપરવા ના પાડયાથી તેઓનો વેપાર ઘટી ગયો, અને સુરતના વણકરોના ધંધો નબળો પડી ગયો. તેથી સને ૧૭૧૯માં ફ્રેંચે લોકો શહેરમાં થયલું દેવું આપ્યા વગર સુરતથી નીકળીનાઠા.

## ઔરંગજેબના રાજના પાછલા ભાગમાં હાલત.

સતરમી સદીના પાછલા ભાગમાં એ શહેરમાં ૨ લાખ માણસની વસ્તીનો અડસટો નીકળ્યો હતો. એ વખતમાં ૩ પરાં નવાં વસ્યાં. કેટલીક મોટી મસજીદો બંધાઇ. ઇદગા સન ૧૬૮૭માં બંધાઇ. એમાની બે મોટી મસજીદો સને ૧૭૮૨માં દંટદર વખતે (તોફાનથી)પડી ગઇ.

સને ૧૬૯૫માં શહેર આબાદીમાં ઘણું વધી ગયું. એ હિંદુસ્તાનનું મ

બય બંદર હતું. દુનીઆની સઘળી પ્રજા અહીં વેપારને માટે આવતી. હિંદી મહાસાગરમાં ફરનારૂં કોઇ પણ વહાણ એવું ન હોતું, કે જેમાં સુરત બંદરનો માલ ન હોય. એ વખતે દાનચોરી વધી પડયાથી યુરોપીઅન પ્રજાનો માલ સુંહાલી આગળ અને દેશીઓનો માલ બારાં આગળ ઉતરતો. જકાત ત્યાંજ લેવામાં આવતું. વેલાતની મોટી મનવારો ત્યાંજ ખંગરાતી અને તયાંથી પગ રસ્તે માલ લાવવાને બદલે પડાઉ અને બતેલાઓમાં ભરીને સુરત આણતા. એ વખતે શહેરમાં દરેક ચીજનો વેપાર હતો. તેમાં યુરોપ અને ચીનનો મોટો હતો. હીરા, માણેક, મોતી અને સઘળી જાતનું ઝવાહેર અહીં ખપતું. અંબર, કસ્તુરી. હીરાબોલ, લોબાન, માના, સુરમો પારો, લાખ, ગળી, સઘળી જાતનાં તેજાના, સઘળી જાતના રંગ, અને સઘળી જાતનું રેશમી તથા સુતરૂ કાપડ અહીં મળતું અને ખપતું હતું.

## લોકોનું પ્રમાણિકપણું.

વેપારીઓમાં પ્રમાણિકપણું મોટું હતું. રૂપીઆની બાંધીને સીલ કરેલી થેલીઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે વગર ગણવે અને વગર પરખવે વરસનાં વરસ આપ લે કરવામાં આવતી, એવી તે વખતે સારૂ દાનત હતી. તેને તે થેલીઓ એક બીજાને ત્યાં આપ લે થતી.

એ વખતે ઈંગ્લાંડથી વેપારને માટે માત્ર સીસું, તાર, તલવાર, છરી, ચસમા, આરસી, હુક્કા. અને ગુલાબજળ એટલું આણતા. ભેટ સોગાદને માટે લાંબી તથા પિત્તળની બંદુકો, કાચની ટાંકીઓ, તથા સફેદ, કીરમજી તથા લીલું તરેહ તરેહનાં ફૂલવાળુ કાપડ લાવતા.

## વેપારમાં બરકત-નફો.

ચીનના વેપારીઓને સેંકડે સો રૂપીઆનો નફો મળતો, અને રૂપું મોકલીને સોનું મંગાવનારને સવાઇ થતી. હરેક વેપારમાં ભારે નફો હતો.

વલંદાઓ મસાલાના બેટખાતેથી તેજાના લાવતા. તેઓને ૧૦૦ રૂપીઆના માલપર ૫૨૦ રૂપીઆ નફો મળતો. સને ૧૬૮૮ થી ૧૬૯૮ સુધી માંતો સેંકડે ૮૫૦ ટકાનો નફો રહયો હતો. બીજી જાતના માલમાં સેંકડે ૬૦ ટકા નફો હતો. તેઓને ૧૬૮૮ થી ૧૬૯૮ લગી દર વરસ સરાસરી ૩.૦ ૬૯૫૮૧૦નો નફો રહયો હતો. દેશીઓને પણ એવીજ બરકત હતી. લવેંગ ૫ થી ૨૫ રૂપીએ શેર વલંદા વેચતા. તે વખતથી "લવેંગની વખારે ગયા છે", "એસા બનીઆ ભોલા, કે લવેંગમાં પેસા તોલા" એ કહેવતો પડીછે.

## એ વખતનાં જાણીતાં કુટુંબો.

સત્તરમી સદીમાં આરબ, આરમીનિયન. મુગલ, મીરજાં અને તુરકસ્તાનના રહેનારી ચલબીના નામથી ઓળખાતા ઘણાએક સોદાગરો હતા. સૈયદ એદરૂસ, કાઝી, શેખ વગેરે કુટુંબોના ગ્રહસ્થો વળી એલમમાં પ્રવિણ હતા.

બક્ષી વિશે આગળ ઘણું વાંચવામાં આવશે, તેઓ નવાબના કુટુંબના છે. તેમનો અધીકાર ઘણો મોટો હતો. સુરતમાં બક્ષીઓ આ પ્રમાણે થયા છે:—

મીર અમીરૂદીન, નાયરનીદીન, નીઝામુદીન, સદરૂદીન, મોહીનુદીન, ફાતમા ઊલ નીશા બેગમ, મીર અજમુદીનખાન કમરૂદીનખાન. બ્રિટિશ સરકારે સુરત લીધું ત્યારથી એ અમીરોને મહીને રૂપીઆ ૨૦૦૦નુ પેનશન મલે છે.

સુરતના કાઝીનું કુટુંબ આ દેશમાં કદીમવખતનું અને નામાંકિત છે. એ કુટુંબના બુઝરોગો નીચે પ્રમાણે થઇ ગયા છે:—

| | મરણ હીઠ સને. | | મરણ હીઠ સને |
|---|---|---|---|
| ખાજે મહમદ પડદચોરા. | ... | ખાજે ફૈજલ હુસેન. | ૧૧૫૧ |
| ખાજે મહમદ જમાલુદીન | ૧૦૧૬ | કાઝી મીર સરફુદીનખાન. | ૧૧૫૫ |
| ખાજે અબલ હસન. | ૧૦૫૪ | કાઝી મીર અબલ હુસેનખાન. | ... |
| ખાજે સૈયદ મહમદ. | ૧૦૭૭ | કાઝી મીર મહમદ હુસેનખાન. | ૧૨૩૫ |
| ખાજે નુરૂલ હુસેન. | ૧૧૩૩ | કાઝી મીર મહમદ અખીખાન. | ૧૨૬૩ |

એ કુટુંબના ગ્રહસ્થો સૈયદ ખાનદાનના છે. તેઓનો વંશ પેગંબરના વંશમાં પહોંચતો જણાવવામાં આવે છે. એ કુટુંબ આરબસ્તાનનું રહેવાશી છે. પાછળથી તે બોખારા જઇ વસેલું. ત્યાંથી ખાજે મહમદ પડદપોશ આ દેશ આવ્યા પછી તેમના વંશના ખાજે સૈયદ જમાલુદીન, અકબરના વખતમાં સુરત આવ્યા. તેઓ પાદશાહના સલાહકાર અને મહમદન લોકોના આગેવાન હતા. તેઓની કાબેલ્યતથી મહમદન લોકો તેમને પીર તથા ગુરૂ માનતા અને હુકમને તાબે રહેતા. એમના બેટા ખાજે અબલ હસનને જહાંગીરશાહ પાદશાહે વેરવાડા ગામ તથા ૦ા ઉદના ગામ બક્ષીસમાં આપ્યાં. ત્યાર પછી વે ગામ જાગીરીમાં મળ્યું. ખાજે દીવાન સાહેબનો રોજો ખાજે અબલ હસને બંધાવ્યો. તેમાં ઓરસ થાય છે અને માનતા ચાલે છે. ખાજે ફેજલ હુસેનને દિલ્હીના પાદશાહ મહમદશાહે "ખાન" નો ખેતાબ વંશપરંપરા આપ્યો. તેમના બેટા કાઝી મીર અબલ હુસેનને નામદાર ઇસ્ટ ઇંડિયા કંપનિના અતરેના વડાએ નીચે પ્રમાણે લેખ આપ્યો છે:—

This is to Certify to all whom it may concern that Caji Mir Adul Huson having always behaved himself in an upright Good manner towards the subjects of the Honble Company, and Readily attended to any affairs entusted to him, By the English Chief, and Governor of the Moguls Castle, I Thomas Day Esqre. Chief for all affairs of British Nation & Governor of the Moguls Castle & Fleet at Surat, do hereby at the Request of the said Caji Mir Abul Huson take him with his sons, Family & Servants into the Honble Company's Protection, and have caused his Name to be entered in the Honble Company's Latty agreeable to the Custom that whatever subject should be entrusted him he shall do by talking with the Chief. Beside this no body of other Sircar can Injure & Molest him till the Honble Company's Flag & affairs are here he is to go on with his affairs. Given under my Hands, and sealed with the seal of the aforesaid Hon'ble Company in Surat this Third day of March 1785.

સુરતમાં નવાબ, બક્ષી*તથા કાઝી એ ત્રણે કુટુંબના એકઠા મળી રાજ કરતા. નવાબ વડા, બક્ષી તેઓના દીવાન અને લશ્કરના સૈન્યાધિપતિ તથા કાઝીને હાથ તમામ ઇનસાફનું કામ હતું. એ કુટુંબનો અમલ ઘણો વધયો હતો. એઓએ ખાજે દીવાનમાં મીનારો બંધાવ્યો [ તે ૧૭૮૨ના દટન

* બક્ષીને ત્યાં દીવાન તરીકે શેઠ ફીરોજશા શાપુરજી કેમેસરીયતવાળા—અને ત્યારપછી હમણાં મિ૦ હોરમજશાહ ફીરોજશાહ છે ( મિ૦ ફીરોજશાહના બાપ શેઠ સાપુરજી ફરદુનજીને બ્રિટિશ સરકારે નીમકહલાલી ભરેલી નોકરીના બદલામાં ચાંદ આપયો હતો. )

વખતે પડી ગયલો તે મીર ગુલામબાબાખાને પાછો નવેસરથી બંધાવેલો હાલ જોવામાં આવેછે ] તેમના નબીરા કાઝી મીર મહમદ બખી હતા. એઓને ૨ પુત્ર છે. વડા સઇયદ મીર જમાલુદીનખાન અને નાના મીર ગુલામબાબાખાનછે તેમનો જન્મ ૧૮૩૪માં થયો. તેઓ ઇલમમાં પ્રવિણ થયા પછી તેમની શાદી મીર અફ્ઝુલુદ્દીનખાનનાં પોત્રી મરનાર રહીમુનનીશા બેગમ સાથે ૧૮૬૦માં થઇ. મીર ગુલામબાબાખાનને* નામદાર સરકારે "વફાદારી" ની સનદ, ખાન બહાદુરનો ખેતાબ અને બીજા ઉમરાવોને મળતા હક્કો આપેલા છે. તેઓ છેક ૧૮૬૩થી મ્યુનિસિપલ કમીશનર હતા, અને ૧૮૮૮માં મ્યુનિસિપાલિટિના પરેઝિડંટ નીમાયા હતા. તેનું તેમણે રાજીનામું આપ્યું હતું. તેમને વાઇસરાયે દિલ્હી દરબાર વખતે ઇજન મોકલ્યું હતું. નામદાર સરકાર તેમને પરવરસી સારૂ હાલ દર વરસ ૧૦ હજાર રૂપીઆનું પોલિટિકલ પેનશન આપે છે અને એમની ઓલાદને માટે પરોવિદેનશિયલ ફંદ કરેલું છે. એમણે ધી ગુલામબાબા સ્પિનિંગ કાઢી છે, તેના જીંદગી લગીના ચેરમેન છે. એઓએ દરેક આગ. રેલ, વગેરેની આફતમાં, સરકારી મદરશાનોમાં, જાહેર બાગમાં વગેરેમાં સખાવતો કરી છે. એમને બે પુત્ર નામે મીર મુજફ્ફર હુશેનખાન તથા મીર જાફરઅલીખાન અને ૩ પુત્રી છે. બંધે પુત્રની શાદી બેલાના નવાબ† મીર આલમખાનની બેટીઓસાથે, અને બેટીઓ માંહેલી એકની શાદી મીર ગુલામબાબાખાનના ભત્રીજા મીર માસુમઅલીખાન સાથે, બીજીની શાદી રાંદેરવાળા અમીર મીર અબદુલ રસુલખાન સાથે અને ત્રીજી પુત્રીની શાદી નવાબ મીર અબદુલ રસુલ આલમખાન સાથે થયલી છે.

શેખ અહમીદ શેખ અબદુલ્લા નામનો સોદાગર હીં૦ સને ૧૦૫૦માં અમદાવાદથી સુરત આવ્યો હતો. તેને ત્યાં ૭ હાથી તથા ૨૦ હજાર પુસ્તકોનું કેતાબખાનું હતું. શેખ અહમીદને પાદશાહ શાહાજહાંએ ઉમેદ-ઉલ-તુજાર નો ખેતાબ આપ્યો. તેને વળી પાલખી, ઝવેરાતનું ખંજર વગેરે ઇનામમાં આપ્યાં હતાં, અને એક લાખ રૂપીઆના જકાતની માફી આપી હતી. તેના કુટુંબમાં શેખ ફાજલના વખતમાં વેપાર વધ્યો. શેખ ફાજલ જવાનીમાં મરણ પામ્યો. તે વખતે તેના સગીર છોકરાના વાલી દાખલ સાલેહ ચલબી નામના સોદાગરને ઠરાવ્યાથી તેણે તેનો વેપાર જારી રાખ્યો સાલેહ ચલબી એકાએક મરણ પામ્યાથી સગીર છોકરા શેખ બહાદુરનો વેપાર નબળો પડયો. એ કુટુંબનો વડો શેખ અબદુલ લતીફ આરબસ્તાનના હીદજાજ પ્રાંતનો વડો કાજી હતો. તે હીજરી સન ૭૩૬માં સરખેજ આવ્યો. અમદાવાદ વસ્યા પછી એ કુટુંબના ગ્રહસ્થો ત્યાના પાદશાહના દેવાન થયા. અને ત્યાર પછી શેખ શફી અમદાવાદમાં સુબો થયો. તેને "શેફ ખાન" નો ખેતાબ મળ્યો હતો તેનો છોકરો શેખ અમીન હીજરી સને ૧૦૬૬માં સુરત ખાતે નવાબ થયો હતો.

---

* મીર ગુલામબાબાખાનના સેક્રેટરી રાવ સાહેબ અનુપરામ કીરપારામ દાજીભાઇ વકીલવાળા છે.

† નવાબ મીર આલમખાનની શાદી મીર જાફરઅલીખાનની વડી બેટી બેગમ જીઆઉીસનીશા લાડલી બેગમ સાથે થઇ હતી. એ નવાબના બે પુત્ર નવાબ મીર અબદુલ રસુલખાન તથા નવાબ મીર મહમુદ આલમખાન છે.

આ સદીમાં નામાંકિત પારસીઓ નીચે મુજબ હતા.

સેઠ નાનાભાઇ તથા બમનજી પુંજીઆજી અકબર તથા જહાંગીર પાદશાહના વખતમાં હતા. તેઓ તવંગર, એલમવાળા તથા દીનદાર અને દિલ્લી દરબારમાં વગવાળા ગ્રહસ્થો હતા. તેઓની અટક ઈંગ્રેજી કોઠી આવ્યા પછી મોદીની ચાલે છે. એ કુટુંબના સેઠ કુંવરજી નાનાભાઇએ પોતાના વસીલાથી નવસારીવાળા ૧૨ મોબેદોને ૧૬૮૯માં ખુનના તોહમતમાંથી છોડાવ્યા હતા. કંપનિ સરકારના અમલદારો દુશ્મનોના ઘેરામાં પડયા હતા. તેવા બારીક ઘડી ગામમાં એ કુટુંબના વડાએ પોતાના પૈસા તથા વગને જોરે તેમને દાણો વગેરે પહોંચાડી છુપી મદદો કરેલી. તેઓ ઈંગ્રેજના મદદગાર તરીકે જણાયાથી સીદી સરદારે તેમના બે નબીરાઓને કાપી નાખ્યા એ સઘલું આગલ વાંચવામાં આવશે.

સુરતમાં આ સદીમાં નામાંકિત પારસી વેપારીઓ થઇ ગયા છે. તેઓ મોટા ધનવાન અને પરગજુ હતા. ઈંગ્રેજની કોઠીખાતે સેઠ રૂસ્તમજી માણેકજી વડા દલાલ તરીકે પ્રખ્યાત છે. ઈંગ્રેજની તરફ તેઓ નીમકહલાલીથી વરત્યા છે. સને ૧૬૬૦માં ઈંગ્રેજી કોઠીને માટે કેટલાક હકો મેળવવાને તેઓ કોઠીના વડા સાથે ઔરંગજેબ પાદશાહ આગળ દિલ્લી ગયા હતા. તેમને પાદશાહે જકાતની માફી આપી હતી. તેમણે દલાલના કામમાં ભારે દોલત મેલવી હતી. તેઓએ ઈંગ્રેજી કંપનિને રૂ ૧૪૦૦૦૦ તથા બીજી કંપનિવાળાઓને સુમારે પાંચ લાખ રૂપીઆ ધીરયા હતા. ( હાલ મુંબઇમાં શેઠ ખાનદાનના ઘણા ગ્રહસ્થો અને સુરતમાં મિ૦ પેસ્તનજી ઉકડજી છે.) બીજા પણ જાણીતાં કુટુંબો હતાં.

સતરમી સદીમાં હીરજી વાછા મોદી, ખુરશેદ આદરજી, માણેકજી નેગોહોરાગ, લીમજી રૂસ્તમજી, એદલજી નસરવાનજી. હીરજી નશરવાનજી, લીમજી ખુરશેદ, કુંવરજી કાવશ, આદરવાન સોહરાબજી, બહમન રૂસ્તમજી, નાનાભાઇ ફરામજી, ખુરસેદ લીમજી, પેસતનજી અસપંદીઆરજી ગાંધી, રૂસ્તમજી બહમનજી, માણેકજી બહેરામ રૂસ્તમ, આદર મહેરજી, નાનાભાઇ નરશંગજી, ધનજી પદમ, જમશેદ માણેક, માણેકજી નાનાભાઇ, કુંવરજી બેરામજી, માણેકજી એદલજી દલાલ વગેરે પારસીઓ, થોડા મોબેદો અને દસ્તુરો (દ૦ નોશારવાનજી કેખુશરો, ડોકટર કેખુશરોનરીમાન વીગેરે એ કુટુંબના)એ કુટુંબો હતાં

## એ વખતની પરદેશની બીનાં.

૧૬૩૨માં એમબોયનામાં વલંદાઓએ ઈંગરેજોની કતલ કરેથી બાકીના હિંદમાં નાસી આવ્યા. ૧૬૬૫માં વલંદાએ ઈંગ્લાંદપર ચઢાઇ કરી. ૧૬૬૬માં લંડનમાં મરકાથી ૧ લાખ માણસ મરી ગયાં. ૧૬૬૭માં લંડનમાં અગ્નિ કોપ થયો, તેમાં ૧૩૦૦૦ ઘરો બળી ગયાં- એ આગ ૩૦૦ માઇલ દુરથી જણાઇ હતી. એ આગ પછી લંડનમાં રસ્તા પહોળા થયા. મુંબઇમાં એ સદીમાં પારસીની વસ્તી થઇ.

## પ્રકરણ સાતમું

### ઔરંગજેબ પછીના પાદશાહો.

ઔરંગજેબ સને ૧૭૦૭માં મરણ પામ્યો. એના પછી નીચે પ્રમાણે દિલ્હીમાં પાદશાહ થયાઃ—

| નામ. | ગાદીએ બેઠાનો સન. |
|---|---|
| બહાદૂર શાહ (મોઆઝીમ) | ૧૭૦૭ |
| જાંહાંદારશાહ | ૧૭૧૨ |
| ફરોખશીર | ૧૭૧૨ |
| મુહમદશાહ | ૧૭૧૯ |
| અહમદશાહ | ૧૭૪૮ |
| આલમગીર | ૧૭૫૪ |

આલમગીરપછી હિંદુસ્તાનમાં મુગલાઈ રાજની સમાપ્તી થઈ.

એ સઘળા પાદશાહ નબળા હોવાથી હિંદુસ્તાનના બીજા ભાગમાં થયું તેમ તેઓનો કાબુ સુરત પર પણ નામનોજ રહયો. વખતે પાદશાહ કોઈને મુત્સદી નીમતો, વખતે કોઈ બીજો હરીફ તેને ઉઠાડી મૂકી પોતે નવાબ થતો. નવાબો પાદશાહને દર વરસ ૧ લાખ રૂપીઆ રોકડ તથા ઘોડા અને રેશમી કપ્પડની ભેટ મોકલતા તે સઘળું બંધ પડી ગયું.

આવી રીતે માથે ધણી નહીં હોવાથી, તથા પેશ્વા, મરાઠા, ઈંગ્રેજ, વલંદા વગેરેની ચોતરફ વધેલી સત્તાને લીધે અને નવાબ નવાબ વચ્ચે કુસંપ જારી થયાથી શહેરમાં ગાદીને માટે લડાઈ ટંટા વધી પડયા, અને તેથી કોઈ એક વ

રસ, તો કોઇ બે, અને ઘણાંમાં ઘણા પાંચ છ વરસ નવાબી ટકાવી શકયા.

મરાઠાઓએ ફકત સુરત પાદશાહના તાબામાં રહેવા દીધું. શહેરના કોટ બહાર તમામ રાજ મરાઠાનું થયું, તેથી સુરતની આમદાની ઘટી ગઇ.

ઉપર કહયા મુજબ પાદશાહની અને તે ઉપરથી તેણે નીમેલા મુત્સદીઓની સત્તા નબળી પડી ગયાથી સુરતના દોલતવાન વેપારીઓ તેમાં મુખ્ય ત્વે કરીને પારસી તથા મહમદન વેપારીઓનું અને યુરોપીયન કોઠીના અમલદાર લોકોનું ચલણ વધ્યું. તેઓ શહેરની તવારીખમાં આગેવાનીભરેલો ભાગ લેતા થયા.

નવાબના હાથ નીચે દીવાનના તથા તેથી ઉતરતા ઓદ્ધાઓપર હિંદુઓ દાખલ થતા ગયા. મહમદન લોકો ધીમે ધીમે એ કામમાંથી ઓછા થતા ગયા.

ઓરંગજેબ પછીના પાદશાહોનો સુરતમાં મુત્સદીઓપર કાબુ નામનો જ હતો. તેઓ હમણાથી ધીમેધીમે નવાબના એલકાબથી ઓળખાતા થયા હતા. સને ૧૭૦૭ થી ૧૭૩૩ લગીના ત્યારે અડધા તાબેદાર અને અડધા સ્વતંત્ર હતા. તેઓને મુત્સદી કરતાં નવાબથી વધારે ઓળખવામાં આવતા. એ મુદતમાં જે નવાબો થયા, તેઓનાં નામ તથા તેઓ ગાદીએ કયા વરસમાં બેઠા તેના સન નીચે આપ્યા છે:—

## સને ૧૭૦૭ થી ૧૭૩૩ લગીના નવાબો.

| નામ. | ગાદીએ બેઠાનો સન. |
|---|---|
| અમાનતખાન. | ૧૭૦૭. |
| દીઆનતખાન. | ૧૭૧૩. |
| ખાજેઅબદુલહમીદખાન. | ૧૭૧૪. |
| મહુનારીમખાન. | ૧૭૧૪. |
| મોમીનખાન. | ૧૭૧૫. |
| સૈયદ અસાલતખાન. | ૧૭૧૬. |

| | |
|---|---|
| હૈદરકુલીનખાન. | ૧૭૧૭. |
| તહવારખાન. | ૧૭૧૯. |
| રૂસ્તમઅલીખાન. | ૧૭૨૩. |
| સોહરાબખાન. | ૧૭૨૫. |

## નવાબ મોમીનખાન, સૈયદ અસાલતખાન, હાઇદિર કુલીખાન તથા તહવારખાન.

નવસારી પેશ્વાના હાથમાં ગયું, ત્યાં કામદારોના જુલમ તથા મરાઠાઓની વારંવારની લૂંટથી પારસીઓ કંટાળી ગયા. તેથી એકકી વખતે આસરે ૧૦૦૮—૨૦૦૦ પારસીઓ પોતાના કુટુંબ કબીલા સહીત સુરત આવ્યા. તેઓએ રૂસ્તમપુરા નામનું પરૂં વસાવ્યું અને રોઆનને કેટલાંક વરસ લગી નવસારીને દોખમે લઇ ગયા. આડે દહાડે તેમને એ કામમાં મુશ્કેલી લાગતી નહીં હશે, પણ ચોમાસામાં કાદવ કીચલમાં તથા નદીઓ રેલપાણીથી ભરપૂર હોય, તેવા વખતમાં તેમને હેરાનગતી અતિશ્ય પડતી, તેથી રૂસ્તમપુરાની પારસી અનજુમનના તે વખતના પટેલ અસપંદીઆરજી સોરાબજીએ નવાબ મીર મોમીનખાન પાસે પીપલોદ તથા ભરથાણાના સીમાડાપર જમીન લઇ ઉઘરાણું કરી પીળા પથ્થરનું એક દોખમું બંધાવ્યું. એ જમીન રૂસ્તમપુરાના સઘળા પારસીઓને માટે વકફ તરીકે માફીમાં વંશપરંપરા આપ્યા બાબતનું નવાબ સાહેબે મહોર સાથનું ફરમાન આપ્યું.

ઔરંગજેબના મરણ પછી તેના ઉત્તરાધિકારીઓના રાજ્યમાં સુરતખાતે બીજું મોટું કામ એ થયું કે ઔરંગજેબે બાંધવા ધારેલો આલમપનાહ કોટ નવાબ હાઇદર કુલીખાનના વખતમાં (૧૭૧૭—૧૭૧૯)માં બાંધવા માંડયો, તે સને ૧૭૨૦માં તહવારખાનના વખતમાં બંધાઇ રહયો.

## મુલ્લાં અબ્દુલ જાફર.

અબ્દુલ જાફર પ્રથમ પાટણનો રહેવાશી હતો. તેને વિશે કહે છે કે, તે સને ૧૬૮૮માં પાટણથી ગરીબી હાલતમાં સુરત આવ્યો હતો. તેણે પ્રથમ નિશાળ કાઢી, ત્યારથી તે મુલ્લાં કહેવાવા લાગયો. (હેમિલ્ટન કહે છે કે તે શીહાપંથનો વહોરો હશે, તેથી તે મુલ્લાંના એલકાબથી ઓળખાતો હતો.) તે પછી વેપારમાં પડયો, તેમાં તેણે દોલત મેલવી. દંતકથા એવી છે કે, તેની પાસે મોન્જેજ હતા. તેનાં વહાણમાંહેલો ખજુર તથા માખણ દરીઆનાં પાણી લાગ્યાથી બગડી ગયાં તે તેણે લેવા નાપાડી. તોપણ તેને માથે તે પડયાં. તેથી તેણે તે અલ્લગ રહેવા દીધું અને થોડેવારે જુએ છે તો તેમાંથી હીરા માણેક નીકળ્યાં. બીજી કાહાણી એવી ચાલે છે કે, તેને એક ફકીરે ૧૯ નાળીએર આપ્યાં, એટલે કે તે ૧૯ વહાણના ધણી થશે.

ગમે તે હો, પણ તે મોટો વેપારી હતો. તેને ત્યાં ૨૦ વહાણો હતાં. તે ૧૭૧૭માં મરણ પામ્યો ત્યારે ૮૫ લાખ રૂપીઆની દોલત મૂકી ગયો. એ દોલત નવાબ હાઇદર કુલીખાને જપત કીધી.

## નવાબ રૂસ્તમઅલીખાન.

સને ૧૭૨૩માં રૂસ્તમઅલી નામના એક બહાદૂર સિપાહને નવાબ કરી બેસાડયો. તે મરાઠાઓને પૂરો પડયો. તેમના હાથમાંથી તેણે શહેર બહારનાં પરગણાં પાછાં જીતી લીધાં. તે પોતાના ભાઇના ખુનનું વેર લેવા મરાઠાઓ સામે લડવા અમદાવાદ ગયો, ત્યાં તે મારયો ગયો.

## નવાબ સોહરાબખાન.

રૂસ્તમ અલીખાન પછી તેના બેટો સોહરાબખાન નવાબ થયો. તેને માટે કહે છે કે, તેણે જુલમ કરવા માંડયો, તેથી વેપારીઓ તથા યુરોપી અન કોઠીવાલાઓ તેના દુશ્મન થઇ પડયા. તેના વખતમાં લડાઇ ટંટા શરૂ થયા. તે છેક સને ૧૭૩૩ લગી ચાલ્યા.

એ ટંટાનું મૂળ એક ચોક્કસ મુલ્લાં મહુમદઅલી હતો. એ પાટણવાળા અબ્દુલ જાફરનો પૌત્ર હતો. અબદુલ જાફર વગર વારેસે મરી ગયો, એવું ધારી તેની દોલત હાઇદર કુલીખાને સને ૧૭૧૭માં જપત કરી હતી. તે દોલતપર મુલ્લાં મહુમદઅલીએ દાવો કરયો. નવાબે તેની અરજ નામંજુર કરી, તેથી તે દિલ્હી પાદશાહ આગળ ફરીઆદ ગયો. ત્યાં તેણે પોતાનો હક સાબેત કરયો. પાદશાહે તેને કિમતી બક્ષેસો આપી, અને તેણે સુરત આવી ૧૭૧૯માં નવાબ પાસેથી તે દોલત પાછી મેળવી.

એ મુલ્લાં મહુમદઅલીએ વેપારમાં દશ વરસ કાઢયાં. તેણે સને ૧૭૨૯માં નવાબ થઇ બેસવાની તદબીરો રચી. તેણે ઘોઘા આગળ પીરમની ટેકડીપર જઇ વસવાનો વિચાર કરયો, તે ફોકટ ગયા પછી તેણે અઠવા ગામમાં રહેઠાણ કરયું. એ ગામ સુરતથી ૩ માઇલપર નદી કીનારે છે. ત્યાં તેણે એક કિલ્લો બાંધવા માંડયો. સોહરાબખાન તે વખતે સુરતનો હાકેમ હતો. તેણે તેને કિલ્લો બાંધતાં અટકાવ્યો. આપરથી સોહરાબખાન સાથે ગુસ્સે થઇને, તેણે કિલ્લાના કમાનદંટ બેગલરખાનને ભારે ભારે ભેટો આપીને હાથમાં લીધો. તેણે એવી ગોઠવણ કરી કે બેગલરખાન નવાબના મહેલપર તોપનો મારો ચલાવે. જો તે એમ કરે તો મહુમદઅલી પાદશાહપર વગ ચલાવીને બેગલરખાનના ભાઇ તેગબખતખાનને નવાબી અપાવે. આવી રીતે તોપનો મારો ચાલ્યો.

આથી સોહરાબખાન હટી ગયો. તેણે, પાદશાહની પરવાનગી મળતાં લગી, તેગબખતખાનને શહેરની હાકમી આપી, અને કિલ્લો બાંધવાની પરવાનગીને માટે લખ્યું. એટલામાં મહમદઅલીએ કિલ્લો બાંધવાનું પાછું શરૂં કીધું. પણ નવા હાકેમ તેગબખતખાન તથા તેના ભાઇ બેગલરખાને તેને, પાદશાહની પરવાનગી મળતાં લગી તે બાંધતાં અટકાવ્યો.

સોહરાબખાનના લખવાથી દિલ્હીથી હુકમ આવ્યો કે, શહેરનો હાકેમ સોહરાબખાન રહે. આથી ગુચવાડો વધી પડયો. મહમદઅલી પાછો સોહરાબખાનસાથે મળી ગયો, અને તેગબખતખાનને ઉઠાડી મૂકયો.

મુલ્લાંને સોહરાબખાને કિલ્લો બાંધવાની રજા આપી. જયારે અઠવામાં કિલ્લો તૈયાર થયો, ત્યારે ત્યાં જઇને તે રહયો, અને તેને લીધે અઠવા ગામનો હાલતો દહાડો ફરયો. ત્યાં વેપાર ચાલતો થયો. પણ સુરતને જકાતની આમદાનીમાં ધોકો લાગ્યાથી, સોહરાબખાને તેને સુરત પાછા ફરવાનો હુકમ કીધો.

મુલ્લાં મહમદઅલી હવે વલંદા, ઈંગ્રેજ તથા બેગલરખાનસાથે મળી ગયો, તેથી સોહરાબખાન ધોધે નાસી ગયો.

મુલ્લાં મહમદઅલીએ ધારેલું કરયું. "તેણે અઠવામાં રહેઠાણ રાખી, વેપાર જારી રાખ્યો, અને વલંદા તથા ઈંગ્રેજની મરજીથી તથા મહમદઅલીએ ટેકો આપવાનું વચન આપીને તેગબખતખાને નવાબી આપી."

એક વરસ ગયું કે, વચન કોરે મૂકીને મહમદઅલીએ ભારે ભારે નજરાણું પાદશાહપર મોકલીને માંગણી કરી કે, નવાબી તેના દીકરાને આપવી. આ વાતની તેગબખતખાનને ખબર પડેથી, મહમદઅલીને ખાવા બોલાવી બંદીખાને નાખ્યો. તયાંજ તે સને ૧૭૩૪માં મરી ગયો. મુલ્લાંએ અઠવામાં બાંધેલો કિલ્લો તેગબખતખાને ખોદાવી નાખ્યો.

જયારે આ ટંટાની ખબર દિલ્હી પહોંચી, ત્યારે પાદશાહે સુરતમાં મુત્સદી દાખલ ખંભાતના મુત્સદી મોમીનખાનને નીમ્યો, અને તેગબખતખાનની

ખંભાત બદલી કરી. મોમીનખાને પોતાની વતી સૈયદ નુરૂલ્લાને સુરત મોક લ્યો. તેને તેગબખ્તખાને હરાવયો. બીજી તરફથી તેગબખ્તખાને દિલ્હીખાતે નજરાણાં મોકલી પોતાનેમાટે બહાલી મંગાવી તથા બહાદૂરનો ખેતાબ માંગ્યો.

આ વખતે વસ્તીનો વધારો થતો રહયો હતો. આલમપનાહ કોટ બંધા ત્યાથી જે સલામતી થઈ, તે સલામતીને લીધે વસ્તી ઘણી વધી. અઠવાના મે રચા આગળ સને ૧૭૨૫માં કાઝી મીર ફતુલાખાને મકદુમપુરા નામનું પ રૂં વસાવ્યુ..

સને ૧૭૨૯માં સુરતમાં તાપી નદીમાંથી ભારે રેલ ચઢી આવી. તે રેલ શહેર અને પરાંઓમાં ફરી વળી. પાણી ચઢતાં ગયાં. લોકોના ઘરમાં માળ લગી, અને કેટલેક ઠેકાણે છાપડાં ઉપર લગી પાણી ફરી વળ્યાં, તેથી લોકો એ છાપડાંપર અને ઝાડ ઉપર આશરો લીધો. લોકોપર આથી ભારે આફત પડી. ગરીબ ગરબાં ભૂખે રખે મરે તેટલામાટે નવાબ સોહરાબખાને તે વ ખતે મોટી નામદારી કરી. તેણે હિંદુ તથા મહમદનોને જેટલું જોઈએ તે ટલું ખાવાનું પૂરૂં પાડયું.

સને ૧૭૩૨માં બીજી આફત પડી. વરસાદ થયો નહીં અને દાણો મો ઘો થયો. તેથી દાણાપર ભાવ ચઢી ગયો, અને લોકો ભૂખે મરવા લાગ્યા. આ આફત પણ ભારે હતી.

## અહમદ ચલેબી.

આ વખતમાં અહમદ ચલેબી નામનો એક આરબ વેપારી હતો. તે ઘણો દોલતવાળો હતો. વેપારી મંડળ તથા રાજપ્રકરણમાં તે મોટો ભાગ લે તો હતો. તે પોતાને મળેલાં માનથી એટલો ફૂલી ગયો હતો કે, તેણે પણ લ શ્કર રાખી, નવાબસામે લડવાની ગોઠવણો કરવા માંડી. તેણે થોડી ઘણી ગડ બડ કરી, અને તે ઉઠલપાઠલ કરે, તે પહેલાં, તેના ટેકો આપનારા સઘળા ખસી

ગયા. તેને નવાબ તેગબખ્તખાને તા૦ ૧૨ મી જુલાઇ સને ૧૭૩૬ને દિવશે તેના ઘરમાં જઈને મારી નાખ્યો.

અહમદ ચલેબીનો સાલે ચલેબી નામે ભાઇ હતો; તેપણ તેવો દોલત વાળો અને વગવાળો હતો.

## પ્રકરણ આઠમું.

## નવાબી રાજ.

સને ૧૭૩૩થી ખરેખર નવાબી રાજ્ય થયું. તેગબખ્તખાને મુત્સદીના ઉતરતો એલકાબ પડતો મુકી વાઇસરાએ એટલે નામદાર નવાબ એવો એલ કાબ ધારણ કરચો. આ વખતથી સઘળા નવાબો ગણાવા લાગ્યા. તેઓનાં નામ તથા સને નીચે આપ્યા છેઃ—

### સને ૧૭૩૩ થી ૧૭૫૯ લગી

| નવાબ. | ગાદીએ બેઠાનો સને. |
|---|---|
| તેગબખ્તખાન. | ૧૭૩૩. |
| બેગ્લરખાન, | ૧૭૪૬. |
| સફદરખાન. | ૧૭૪૭. |
| મુઇનુદીનખાન (મીઆ અચ્ચન). | ૧૬૪૮. |
| અલીનવાઝખાન. | ૧૭૫૮. |
| મીઆ અચ્ચન (બીજીવાર) | ૧૭૫૮. |

## નવાબ તેગબખ્તખાન.

સન ૧૭૩૩મા તેગબખ્તખાન સ્વતંત્રપણે નવાબ થયો. કિલ્લાના કમાંડં ટનો અખત્યાર પણ તેના હાથમાં રહયો. કેમકે તેગબખ્તખાનના વખતમાં ઉપર કહેવા મુજબ મુગલ પાદશાહનું બળ નરમ હતું, અને મરાઠા એકવા ર ફરીથી સુરતના થડ લગી આવ્યા હતા. આ અમલદારે પોતાના એક ભાઇ બેગલરૂખાનને કિલ્લાનો કમાંડંટ અને બીજા ભાઇ સફદરખાનને પો લીસનો વડો બનાવ્યો.

આ વખતે આમદાની ઘટી ગઇ હતી. આપરથી તેણે શહેરમાં વેપાર પ ર નવા કર નાખ્યા.

સીદીઓને વરસે ૩ લાખ રૂ૦ આપતા હતા એ બંધ કીધા, અને સુરતના તાબાની જે જમીન નવાબ સોરાબખાનના વખતમાં મરાઠાઓએ લઇ લીધેલા તેમાં મરઠા સાથે ભાગ કીધો.

જંજીરાના સીદીઓ સને ૧૬૬૧માં ઓરંગજેબના વખતથી દરીઆ માં બંદોબસ્ત રાખતા તેઓ દરીઓ સાચવવાને હવે અશક્ત થઇ પડયા હતા, તેથી દરીઆમાં રક્ષણ કરવા માટે એદમિરલનું કામ ઈંગ્રેજોએ માગ્યું. તે આપવાની તેની મરજી હતી ખરી પણ એ કામના બદલામાં રૂ૦ ૩૦૦૦૦૦ સીદીને આપતા તેમ તેઓને આપવા પડે, તેથી અને વળી રખે ઈંગ્રેજ વધા રે બળવાન થઇ પડે તેથી સીદી પાસેથી નવાબે ચાર્જ અપાવ્યો નહીં.

રૂસ્તમખાનના વખતમાં સુરતને તાબે જે જમીન હતી. તે સોરાબખાન પાસેથી મરાઠાઓએ પડાવી લીધેલી તે બાબત તકરાર ચલાવીને તેની ઉપજ માં તેણે મરાઠા સાથે ભાગ કરયો. એવી રીતે કે ગાયકવાડ તે જમીન રાખે અને વરસે રૂ૦ ૨૩૬૦૦૦ નવાબને આપે.

આવું થયાથી મરઠા સાથે તેને મિત્રાચારી વધી તેથી ઈંગ્રેજને તેગબખતખાનસાથે ઘસાતી ચાલી. તેગબખતખાને ઈંગ્રેજોને હરેક બહાને હેરાન કરયા, તેથી તેઓ બારે જઈ સ્ટીમરમાં રહયા. ત્યાં જઈને તેઓએ વેપારીઓને બારામાં આવતા અટકાવ્યા, તેથી શહેરમાં તમામ વેપારીઓ ગભરાયા. આવી રીતે ઘણા દહાડા ચાલ્યાથી શહેરમાં મોઘવારી થઈ. હરેક ચીજપર ૪૦ ટકા ભાવ ચઢયો.

પણ એટલામાં દામાજી ગાયકવાડે ઈંગ્રેજને કહેણ મોકલ્યું કે નવાબ સાથે લડવાને તે મદદ આપવા તૈયાર છે. તેમજ વેપારીઓ પણ નવાબ સાથે નાખુશ થયલા જણાયા. તેઓ ઈંગ્રેજ અમલદાર પાસે જઈને કહેવા લાગ્યા કે વેપારીઓ સઘળા નવાબપર નાખુશ છે તથા સુરત છોડી ઈંગ્રેજના રાજમાં મુંબાઈ જવા રાજી છે. પણ ઈંગ્રેજ કાચો નહોતો. તે સમજતો હતો કે પોતાના ઘરબાર મૂકી વેપારીઓ ઈંગ્રેજના તાબામાં દૂર જઈ વશે એમ બનવાનું નથી, પણ વેપારીઓની એવી હીકમત જણાઈ કે ઈંગ્રેજ અહ્રા કહેનો નવાબ ગભરાય, અને તે વેપારીઓની મરજી માફક ચાલે તો વેપારીઓ નવાબ આગળ મરજી પ્રમાણે ચાલે. લાંબી મુદતે અંતે નવાબે છેક નાચારીએ ઈંગ્રેજની માગણીઓ કબુલ કરી અને વેપારીઓને તેઓ સાથે વેપાર કરવાની રજા આપી.

## કંપનિના અમલદારોનું અપ્રમાણિકપણું

આ વખતે કંપનિની હાલત ઘણી સારી હતી, પણ કંપનિના નોકરોની બદદયાનત વધી પડી. કંપનિમાં ધુમ ચોરી ચાલતી. કેટલાક જુગારી તથા છાકટ હતા અને તેઓ દારૂમાટે પીઠે પીઠે રખડતા હતા. આ વાતની ખબર મુંબઈના અમલદારોને પડેથી તેઓએ એક અમલદારને હિસાબ તપાસવા મોકલ્યો. સુરત ખાતેનો વડો તે વખતે લેઠર નામે હતો. તેણે મુંબઈવાળા અ

મલદારને ગાળબોળ દઇને ઘોંઘાટ કરી મૂક્યો. બીજા મેંમબરોએ પણ તેને કશી ખબર આપી નહીં. તેથી દેશી વેપારીઓથી તેણે સઘળી બાતમી મેળવી. આવું થયાથી લોઠર તથા તેના સોબતીઓને મુંબઇ બોલાવ્યા. મુંબઇ જવાને બદલે તેઓ ઈંગ્લાંદ નહાસી ગયા. આ ઉપરથી કંપનિએ લોઠર, જેમ્સ હોપ, જોન રોબિન્સન, દેનિયળ ઇન્સ, જેમ્સ રામ્સદન તથા દેનિયલ ટોદિનને બરતરફ કરયા. તોપણ પાછળથી બે સખસો નામે હોપ અને ટોદિનને પાછા આવવાની રજા આપી. તે વખતથી લેમ્ટનને ચીફ બનાવ્યો. તે એવો સાહૂકાર નીકળ્યો કે કંપનિની તીજોરીમાં મૂકેલું ઝવેરાત ( વેપારીનું ગીરવી રાખેલું હતું તે) સઘળું ઉચાપત કરી ગયો. તેથી તેને ૧૭૩૯માં બરતરફ કરયો, અને કુંપનિએ એવો ઠરાવ કરયો કે, તીજોરીને ૩ જૂદાં જૂદાં તાળાં રહે, તેની ૩ અમલદારો પાસે કુંચી રહે. અને દર મહીને આખી કાઉનસીલનાં દેખતાં સીલક ગણે.

## નવાબ તેગબખ્તખાન. ( ચાલુ. )

સીદી લોકોને નબળા પડેલા જોઇને નવાબે તેમનું દરીઆ સાચવવાનું વરસાસણ બંધ પાડવાની કોશેશ કરી, પણ સીદી સાટે લડવાની તૈયારી કરી. તેણે કાફલો તૈયાર કરીને તાપીનદીના મૂખ આગળ કેટલાંક વહાણ ⋅ પત કરયાં. આ ઉપરથી નવાબ ગભરાયો. તેણે તે કામનો સમાધાનીનો નીવેડો લાવવા ઈંગ્રેજોને વચ્ચે નાખ્યા તથા રૂ ૨૪૦૦૦૦ ચઢેલા, અને રૂપીઆ ૧૫૦૦૦૦ ચાલતાં વરસને પેટે આપવા કબુલ્યા, પણ આપવાનું મન ન હોવાથી તેગબખ્તખાન પાછો ફરી બેઠો. તે ઉપરથી સાટ સીદીના એજંટ માસુદ સીદીએ ફરીથી વહાણ પકડયાં. તેથી નવાબે ફરીથી ઈંગ્રેજોને વચ્ચે પડી તે ટંટો પટાવવા કાલાવાલા કરયા, પણ એક વારની ઠોકર ખાધેલી, તેથી તેઓ ફરીથી,વચ્ચે પડયા નહીં. ત્યારે તેગબખ્તખાને પોતેજ પટાવી વહા

ણુ છોડ્યા.

નવાબે એ ઉપરાંત બીજા કેટલાકએક કર નાખ્યા. ધંધાધાપા અને વૈપારપર કર વધારયો. હિંદુ વેપારીઓ પાસેથી સેંકડે ૭ ટકા, મુસલમાન પાસેથી ૪॥ ટકા, આરમીનીયન પાસેથી ૩॥ અને યુરોપીયન પાસેથી ૨॥ ટકા જકાત લેવું એવો ઠરાવ કરયો.

તેગબખ્તખાનના રાજના છેલ્લાં પાંચ વરસ લડાઇ ટંટામાં, બહારના હૂમલાનો બચાવ કરવામાં તથા વેપારીઓ અને દુઃખી યુરોપીયનોની ફરીયાદ સાંભળવામાં ગયાં. જંગલી એબીસીનીયનોનાં ટોળાં સામે એને બચાવ કરવો પડયો.

સને ૧૭૪૨માં નાસરજંગ સુરતપર ચઢી આવ્યો. લોકો પાછાં ભયભીત થઇ નહાસભાગ કરવા, અને જીવ જીવનગારો ભોંય ભંડાર કરવા પડી ગયાં. નવાબ ગભરાયો. તેણે પરદેશીઓપાસે મદદ કરવાનું વચન લીધું, અને તેઓ રખે દુશ્મનો સાથે મળી જાય તેથી બહુ હોશિયાર રહયો. કોટને એકદમ ગરામત કરી, તેને સારી હાલતમાં આણ્યો. કોટની પેલીમેરની ઝાડી તથા ઝાડો કપાવી બચાવમાટે તૈયારી કરી. ઈંગ્રેજોની કબરો પણ ખણાવી નાંખવાની તૈયારીમાં હતો, પણ ઈંગ્રેજો સામે થયાથી તે કામ અટકયું. પણ નાસરજંગનો ચાર માઇલ દૂરથી બીજે રસ્તે ગયો; કેમકે તેને ખબર મળી હુતી કે ઈંગ્રેજો નવાબની મદદમાં છે. તેવામાં વળી બીજી ખબર મળી કે નાસરજંગના લશ્કરની પછવાડે મરાઠાઓનો સરદાર ખંડેરાવ લાગ્યો છે. અને વીરાવલ આગળ મરાઠાઓએ મુસલમાનોના સરદાર અઝીઝખાન તથા ફતેહખાનને મારી નાખી મુસલમાની સૈન્યને હરાવી વીખેરી નાખ્યું છે. આ ખબર મલ્યા પછી લોકો નિરાંત થયા.

સને ૧૭૪૩માં તેગબખ્તખાન રાજકારભારની ચીંતાથી દૂર થયો અને તેના ભાઇ સફદરખાનને કારભાર સોંપ્યો. આ ફેરફારથી ઈંગ્રેજોને લાભ થયો નહીં. નવા નવાબે ઈંગ્રેજના તાબાના એક દેશી વેપારીને પકડાવી મં

ગાળ્યો, અને ઈંગ્રેજના કહેવાડયા છતાં તેને છોડયો નહીં. નવાબ તથા ઈંગ્રેજ વચ્ચે કડવાસ એટલો વધ્યો હતો કે ૧૭૪૫માં ૩ ઈંગ્રેજો બહાર ફરતા હતા, તેઓમાના એકે એક ભયંકર કુતરા તરફ ગોળી ફેંકી, તે ગોળીથી તે કુતરો મુઓ નહીં, છતાં નવાબના ૩૦ માણસો નીકળી આવ્યાં, અને ઈંગ્રેજોને મરણતોલ માર મારયો. આ કામ માટે ઈંગ્રેજે ધણીએ ફરીયાદ લખી મોકલી, પણ નવાબે તેને ગણકાવી નહીં. તા૦ ૨૮મી આગસ્ટ ૧૭૪૬ને દિવસે તેગબખતખાન અતેસારની બીમારીથી મરણ પામ્યો.

એ નવાબે પ્રજાની ઘણી પ્રીતી મેળવી હતી. જો કે તે લોભી હતો તો પણ તેણે પૈસાદારો પાસેથી કઢાવેલો પૈસો ગરીબોમાં વાપરયો, તેથી તે બહુ વહાલો થઇ પડયો હતો. તે પોતાના વારેસો માટે પુષ્કળ દોલત મૂકી ગયો. એનો સ્વભાવ ખુશ હતો એ જાતે દયાળુ અને સખી હતો. એણે ૫ લાખ રૂપીઆ મહેલ અને બાગપર ખરચ્યા હતા. તેના ખરચાળુ સ્વભાવથી તે લાંબી મુદત સુધી વખણાયો હતો.

સને ૧૭૧૯માં ઓસ્ટેન્ડ કંપનિ નામની આસ્ત્રિયન કંપનિ સુરતમાં વેપાર કરવા આવી. વલંદા અને ઈંગ્રેજે તેમને એટલું દુઃખ દીધું કે તેઓ કંટાળી ગયા. સને ૧૭૨૭માં આસ્ત્રિયાના સેહેનશાહે તે કંપનિનો ચાર્ટર રદ કરયો તેથી તેઓ હિંદુસ્તાનથી જતા રહયા.

ઈંગ્રેજના દલાલ રૂસ્તમ માણેક ૧૭૨૧માં મરણ પામ્યા પછી તેના વડા દીકરા ફરામજીને લેણદેણ બાબત ઈંગ્રેજે નવાબને કહીને કેદ કરાવ્યા. નવાબે રૂ ૫૦૦૦૦નો દંડ લીધો. મરનારના બીજા છોકરા બમનજી મુંબઇ દાદ માંગવા ગયા ત્યાં તેમને ઈંગ્રેજે કેદ કરયા, તેથી ત્રીજા છોકરા નવરોજી સને ૧૭૨૩માં સુરતથી બહારો બહાર ઈંગ્લાંદ ગયા. ત્યાના સત્તાવાળાઓએ ફરીયાદ સાંભળી દાદ આપી. નવરોજી સને ૧૭૩૨માં મરણ પામ્યા.

ઉપર લખ્યું કે, ઈંગ્રેજી કોઠીમાં દલાલો પારસી હતા, અને પારસીઓના હાથ નીચે વાણિયા રહયા હતા. એ વાણિયાઓમાં જગન્નાઠ લાલદાસના

મનો એક હતો. તેને વિશે સરકારી દફતરે નીચે મુજબ નોંધ છે.

તે ધીમે ધીમે મોટો દલાલ થયો, ત્યાં લગી કંપનિનું તેના વિશે સારૂં મત હતું. પણ ધીમે ધીમે તેની ચાલ ચલણ અમલદારોના જાણવા માં આવી અને તેઓએ તેને ઓળખ્યો કે તે લુચ્ચો છે-તે પોતાના સગાબાપને પણ છેતરે એવો ખંધો છે. સને ૧૭૩૬માં તેણે કંપનિના ૪ લાખ રૂપીઆ ધાલ્યા. તેથી કંપનિએ તેના જામીન માંગ્યો. કોઇ માણસ તેનો જામીન થયો નહી, તેથી તેને તથા તેના ભાઇને કંપનિએ બંદીખાને નાખ્યા. તેને કેદી કરીને મુંબઇ લઇ ગયા, અને તેના ભાઇને ૩ વરસ લગી સુરતમાં બંદીખાનામાં રાખ્યો. જગન્નાથે થોડે વરસે માંગી લીધુ કે તેને જો સુરત જવા દેવામાં આવે તો તે કરજ આપવાનો બંદોબસ્ત કરે. તેને મુંબઇથી તાપીના મુખ લગી પહોંચાડી, ત્યાં ઉતારયો. પણ ચોકી પહેરા છતાં તે ત્યાંથી છટકી નાસી ગયો. તે ઈંગ્રેજના હરદના દુશ્મન • મરાઠાઓને જઇ મળ્યો. તેને તેઓએ નોકરીએ રાખ્યો. તેને લશ્કરમાં મોટો ઓહદો આપ્યો. તે ઓહ્દા પર પણ, વાણિયો છતાં, તેણે બહાદૂરી બતાવી. પણ ત્યાં તેને કશી કમાઇ થઇ નહીં, તેથી તે પાછો ત્યાં બેઠો બેઠો કંપનિ સાથે પત્ર વહેવાર ચલાવવા લાગ્યો. તેનું પરિણામ એ આવ્યું કે, ૪ લાખનાં ખાંધાં પાંચડાં થયાં. ૪ લાખ દેવા હતા, તેને બદલે રૂપીએ પાવલીએ પટાવ્યું, અને તે પણ રોકડા આપ્યા નહી. દર વરસ રૂ ૧૨૫૦૦ હજાર લેખે, આઠ વરસે ૧ લાખ આપવા એમ ઠરયુ. તે પાછો ઈંગ્રેજના આશરામાં આવ્યો અને લશ્કરી કામમાં માથું મારતો થયો. સને ૧૭૪૭માં તેણે ઈંગ્રેજને ૩૦૦૦ માણસો ભેગાં કરી આપ્યાં, અને પાછો તે મોટો દલાલ થઇ પડયો. તે પોતાના મુરબ્બી (કંપને સરકાર ) કિલ્લાના માલેક થતાં લગી તેઓનો સલાહકાર હતો. તે સને ૧૭૬૧માં મરણ પામ્યો. તે ચાળાક તથા મજબુત મનનો માણસ હતો.

૧૭૩૩માં નવસારીમાં પીંઢારાઓની ધાસ્તી હોવાથી સંજાણવાળા આતશબેહેરામને બહેદીન ચાંગા આશાની મદદથી નવાસારીમાં લાવ્યા હતા તે

આતસબહેરામ સંજાણા મોબેદો રતોવાઇ ગુપચુપ સુરત લાવ્યા અને તે ત્રણ વરસ સુધી સેઠ નાનાભાઇ ભીમજી મોદીની હવેલીમાં રાખ્યા હતા. અને ૧૭૩૯માં જ્યારે પીંઢારાઓની લુંટની ધાસ્તી મટી ત્યારે સંજાણવાળાઓ, પાછા નવસારી લઇ ગયા. એ આતસબહેરામને નવસારીખાતેથી તેઓ સને ૧૭૪૧માં વલસાડ લઇ ગયા. વલસાડ એક વરસ રાખ્યા પછી પટેલ દાદાજી બેરામજીએ પુણે જઇ આતસબહેરામને માટે પેશ્વા સરકાર તરફથી એક ફરમાન મેલવ્યું. તે વખતથી આતસબહેરામને શ્રી ઉદવાડે લઇ ગયા. તે ફરમાનની રૂએ આતસબહેરામ માટે જમીન તથા ગામ મળ્યું.

પારસીઓમાં હમણાં કદમી તથા રસ્મી, એવા બે વિભાગ છે, તે વિભાગ સને ૧૭૪૫થી શરૂ થયા. એ બે વિભાગ થવાનું કારણ આ છે. કેટલાક પારસી માહા એક ગણે છે, તો બીજા તેની આગળનો એક ગણે છે. જેઓ એક મહીનો પાછળ છે, તેઓની દલીલ એ છે કે ઇરાનથી નીકળ્યા પછી એક કબીસો (૩૬૫ા દહાડાનું વરસ એ મુજબ હિસાબ મેળવવા દર ૧૨૦ વરસે એક મહિનો ઉમેરતા તે) કીધો છે. જેઓ આગળ છે, તેઓ કહે કીધો નથી; એવી તકરાર જોસભેર ઘણાં વરસ ચાલ્યા પછી અંતે સને ૧૬૪૫ માં કદમીઓએ એક મહીનો આગમચથી મુકતાદ માંડવાં શરૂ કીધાં. તે દિવસથી કદમી તથા રસ્મી એવા બે વિભાગ થયા. એક મહીનો આગળ રોજ માહ ભણવાની રીત અરમાનીના દલાલ સેઠ માણેકજી એદલજી અરમાનીએ છેક સને ૧૭૨૨થી શરૂ કરી હતી-એટલે તેઓ તેમ ભણતા હતા.

## નવાબ બેગ્લરખાન (હઝરતખાન).

તેગબખ્તખાન પછી તેનો ભાઇ બેગ્લરખાન સને ૧૭૪૬ માં નવાબની ગાદી ઉપર ચઢી બેઠો. પણ તે ૮૦ વરસની ઉમરનો હોવાથી બીજે વરસે

એટલે સને ૧૭૪૭ના ફેબરવારી મહીનામાં મરણ પાગ્યો. તેના મરણથી તેના ભાઇ સફ્દરખાન નવાબ થયો. એણે તેગબખ્તખાનની હૈયાતીનાં છેલ્લાં ૩ વરસ નવાબી ચલાવી હતી.

## નવાબ સફ્દરખાન.

સને ૧૭૪૬માં તેગબખ્તખાન મરણ પાગ્યો, તેની અને સને ૧૭૫૯ માં સુરત ઈંગ્રેજે ઘેરયું, તેની વચ્ચે આ મુખ્ય બીના બની—બેગલરખાનના મરણથી સફ્દરખાને નવાબી ચલાવી અને તેનો છોકરો વખ્તખાં કમાંદર થયો—સને ૧૭૪૮માં તેગબખ્તખાનના જમાઇ મીઆ અચ્ચને સુરતની મહેસુલનો ચોથો ભાગ આપવાની સરતે ગાયકવાડ દામાજીની મદદથી સફ્દરખાંન અને વખ્તખાનને હરાવ્યા—૧૭૫૧માં મીઆ અચ્ચનને હરાવી, સીદી મસુદ કમાન્દર હતો, તે નવાબ જેવો થઇ પડયો.થોડી મુદતમાંસફ્દરખાન પાછો નવાબ થયો. ૧૭૫૭માં ફારીશખાન નવાબ થયો, તેને ૧૭૫૮માં મીઆ અચ્ચને હરાવ્યો.

## નવાબીમાટે માંહો માંહે લડત.

નવાબીની લડત આલુ લડાઇ થઇ પડી. એ લડત એક મોલ્લાની લડાઇ સરખી થતી—દરેક હરીફ પોતાના સગાં વહાલાં, અને થોડાક નોકરને હથિયાર આપી, ઊભા કરતા. તેઓ પોતાની વાડી અને મકાનોમાં એકઠા થતા, અને જબરો નબળાને મારી હઠાવતો. આ વખતે સુરતના રહેવાશીઓ થંડે કલેજે શહેરની ભાગળો બંધ કરી પોત પોતાનું કામ કરયા જતા—તેઓ એટલે સુધી નિરાંત રહેતા કે, એવી લડાઇમાં કાંઇ નુકશાન થતું તો તે નુકશાન બાબત નવાબ આગળ ફરિયાદ જતા. અને તે નુકશાન

બાબત બદલો પણ મળતો.

સને ૧૭૫૧માં પેશ્વા ઈંગ્રેજ સાથે મળી ગયો. તેઓની મતલબ સીદી તથા સફદરખાનને કાઢવાની હતી. ઈંગ્રેજે નદીને રસ્તે અને પેશ્વાએ રઘુનાથરાવની સરદારી હેઠે પગરસ્તે સુરતપર લશ્કર મોકલ્યું. પણ દખણમાં ઝઘડો ઉઠ્યાથી, મરાઠા પાછા જતા રહ્યા. ઈંગ્રેજને ખરાબ લાગ્યું તેથી ભરૂચના નવાબ નેકઆલમની મદદ માંગી. નેકઆલમે તે મદદ મોકલી નહીં તેથી ઈંગ્રેજને નાહાસીને મુંબઇ જવું પડયું.

ભરૂચના નવાબ નેક આલમની મદદ ન મળવાથી ઈંગ્રેજને કશો એલાજ જણાયો નહીં, કેમકે હવેતો, પેશ્વા પણ ખસ્તો રહી ગયો. કારણ કે તેને સને ૧૭૫૨માં દામાજી ગાયકવાડે સુરતની ચોથમાંથી અડધો ભાગ આપવાનું કબુલ કીધું હતું. આવી રીતે ઈંગ્રેજ નબળા પડી ગયા, તેથી તેમની વાડીઓ ઢોરઢાંક વગેરે સઘળું નવાબે લુંટી લીધું, અને જે ઈંગ્રેજો જણાયા તેમને બંધીખાને નાખ્યા. આવું થયાથી સુરત ખાતેથી નહાસી ગયલા માણસોમાંના વડા મી॰ લેંબને સરકારે ઠપકો આપયાથી તેણે આપઘાત કરયો. પણ બીજે વરસે એટલે ૧૭૫૫માં ઈંગ્રેજનો હાથ પાછો ઉપર આવ્યો, તેથી એક કરાર એવો કરયો કે, ઈંગ્રેજને થયલાં નુકશાનને પેટે સફદરખાન બે લાખ રૂપીઆ આપે. પણ નવાબની તીજોરી એવી ભરેલી રહેતી ન હોતી. આટલા રૂપીઆ નવાબ પાસે ન હોવાથી, તેણે વગર ખબર આપવે હિંદુ અને થોડાક મુસલમાન વેપારીની ઉપર ‘એકોતરા’ નામનો સેંકડે એક ટકા લેખે કર નાખયો. જયારે એ દંડની રકમ સને ૧૭૫૮માં પૂરી થઇ ત્યારે એ કર બંધ પડયો. આવું હોવાથી ૪ વરસ લગીતો સીદી માસુદે શહેરના રાજકારભારમાં પૂર અખત્યાર ચલાવ્યો. સીદી માસુદ સને ૧૭૫૬માં મરણ પામ્યો. એને પેટે અહમદખાન નામનો છોકરો હતો.

હવેથી વલંદા અને સીદી એક તરફ તથા ઈંગ્રેજ અને સફદરખાન બીજી તરફ એમ વઢવા લાગ્યા, તેથી અલી નવાઝખાન, સફદરખાનના

વારેસ તરીકે રહેલો તે વજીંદા અને સીદીના પક્ષમાં ભળવાથી, સફદરખાને ફરીસખાનને વારસ તરીકે ગણી, તેની ઉપર મેહેરબાની વધારી. આ ઉપરથી સફદરખાને ઈંગ્રેજને વચન આપ્યું કે જો તેઓ સીદીઓનો પગ કાઢે તો દર આની સરદારી તેમને મળે. પણ ઈંગ્રેજે તે માંગણી કબુલ કરી નહીં.

એટલામાં સને ૧૭૫૮માં સફદરખાન મરણ પાંમ્યો. એના વખતમ ઘણો વખત લડાઇ ટંટામાંજ ગયો.

## નવાબ અલી નવાઝખાન.

સને ૧૭૫૮માં સફદરખાન મરણ પામ્યો, તેથી અહમદખાં સીદીના વસીલાથી અલી નવાઝખાનને હાકમી મલી. તેથી કિલ્લાના કમાન્ડંટ તરીકે સીદી કાયમ રહયા. આવું થયાથી માજી નવાબના નવા વારેસ ફરીસખાંની ટો ળીએ ઈંગ્રેજને કહયું કે જો ફરીસખાન હાકમી અપાવે તો કિલ્લાના કમાન્ડંટ અને એડમીરલ ઈંગ્રેજ થાય. તેને પેટે ફરીસખાન ઈંગ્રેજને પાંચ વરસ સુધી દર વરસ બે લાખ રૂપીઆ આપે. આ વાત ઈંગ્રેજે કબુલ કરી તેથી સને ૧૭૫૮માં એક કરાર થયો, તેમાં સરત એવી હતી કેઃ—

(૧) ફરીસખાને ઈંગ્રેજ લોકો શેહેરનો હાકેમ બનાવે.

(૨) ઈંગ્રેજો કિલ્લાના કમન્ડંટ થાય અને શેહેરના ત્રણ મોરચા તેઓના તાબામાં રહે.

(૩) લડાઇનો ખરચ ફરીસખાને માથે, અને ઈંગ્રેજને લશ્કરના ખરચને માટે દર વરસ બે લાખ રૂ૦ મળે. આ તૈયાર થયું, પણ આથી મરાઠા લોકો છેડાય એવું ધારી મુંબઇથી એ કરાર પ્રમાણે ચાલવા ના લખ્યું.

એવી રીતે સીદીઓ સાથે ઝઘડો ચાલતો હતો, તે દરમ્યાનમાં સીદીના એક માણસે મોદીના બે ભત્રીજાઓનાં ખુન કર્યાં.

એટલામાં મીઆ અચ્ચને મુંબઈથી આવી સીદીની મદદથી સને ૧૭૫૮માં અલીનવાઝખાનને કાઢી, પોતે શહેરનો હાકેમ થયો.

એ વખતે મીઆ અચ્ચનને ચીમનાજી આપા તથા મરેઠાઓએ મદદ આપી હતી, તેથી મીઆ અચ્ચને સુરતની પેદાશનો ચોથો ભાગ (ચોથ) આપવાના કરાર કરયા. એ કરારની રૂએ મરાઠાઓએ શાહેરના બે દરવાજા પોતાના કબજામાં લીધા અને ત્યાં વેરો ઊઘરાવવાનું પોતાના હાથમાં લીધું. એ ચોથ વંશપરંપરા આપવાની સરત હતી. એ ચોથમાં પાછો પેશ્વા તથા ગાયકવાડ એ બેનો ભાગ હતો.

પેશ્વાનો એ ભાગ ઈંગ્રેજ સરકારે સને ૧૮૦૨માં વસાઇના કરારથી પોતાને સ્વાધીન લીધો.

## નવાબ મીઆ અચ્ચન.

મીઆ અચ્ચન શુદ્ધ મુગલ વંશનો હતો. તેના બાપદાદા સત્તરમી સદીની સરૂઆતમાં બરાહનપોરથી આવી સુરતમાં રહયા હતા. તેને નવાબના ખાનદાનસાથે સગાઇ હતી, અને તે એક આગળા નવાબનો જમાઇ હતો.

નવાબ મીઆ અચ્ચનમાં ઝાઝો દમ ન હોતો. સઘળો અખત્યાર સીદીનો હતો.

શેહેરમાં વેપારીઓ સઘળા કંટાળી ગયાથી, તેઓએ ઈંગ્રેજને અરજી કરીકે સીદીને કાઢી કિલ્લાનો અને દરીઆઇ લશ્કરનો અખત્યાર ઈંગ્રેજે લેવો.

આ વખતે ઈંગ્લાંદથી એડમિરલ પોકોકના હાથ નીચે મનવારોનો કાફલો મુંબઇ આવી પહોંતો હતો. તેના ઉપર સુરતના વડા મી૦ સ્પેનસરે સુરતમાં ચાલતી બધી બેદાદી મુંબઇ લખી મોકલી. મુંબઇ સરકારે આ પરથી મરાઠાઓ સાથે પત્ર વહેવાર ચાલુ કીધો, અને આખરે મરાઠા સાથે એવી સ

રત કરી કે:—

(૧) સીદીને સુરતથી કાઢી મુકવા.

(૨) ઈંગ્રેજ લોકો કિલ્લાના માલેક, અને ઉપરી થાય.

(૩) સુરતના નવાબ નીમવાનો અખત્યાર ઈંગ્રેજને મળે.

(૪) તનખાની ઉપજમાંથી ઈંગ્રેજ, પેશ્વા અને નવાબ વહેંચી લે.

(૫) સુરતના ટંટામાં મરાઠા વચ્ચે પડે નહીં.

આવા કરાર મરાઠાઓ સાથે થયા કે સુરતના સઘળા ઈંગ્રેજો શહેરમાં થી નીકળી બારે જઈ પડયા. સુરતમાં એકલો મી૦ અરસ્કિન રહયો; પણ તેના જાન માટે ધાસ્તી રાખવાનું કારણ નહોતું. કેમકે મીઆ અચ્ચનના છોકરાને સુરત ખાતેના ઈંગ્રેજોની સલામતીની જામીનગીરીમાં મુંબઈ ખાતે અટકાવી રાખ્યો હતો.

## પ્રકરણ નવમું.

### કિલ્લા માટે ઇંગ્રેજ તથા નવાબ વચ્ચે વિગ્રહ.

આવી ગોઠવણ કરીને મુંબઈથી ઈંગ્રેજે લશ્કર મોકલ્યું તે તા૦ ૧૫ મી ફેબ્રુવારી સને ૧૭૫૯ને દિવસે બારામાં આવી પહોંચ્યું. એમાં ૮૦૦ યુરોપીઅન, ૧૫૦૦ દેશી પેદલ અને બાદશાહી તોપખાનાની એક ટુકડી એટલું હતું. પેદલ લશ્કરનો વડો કપટાન મેંટલેંડ, અને દરીઆઇ લશ્કરનો વડો કપટાન વાટસન હતો. સુરતમાં કિલ્લાના કમાન્ડંટ સીદી પાસે મુસલમાન, હિંદુ, આરબ અને પઠાણ મળીને ૨૦૦૦ માણસ અને નવાબની પાસે ૪૦૦૦ એ પ્રમાણે નવાબપાસે ૬૦૦૦ લડવૈયા હતા.

ઈંગ્રેજનું લશ્કર દાંટીલારીમાં ઉતરયું. એ ગામ સુરતથી ૯ માઇલપરછે.

ઈંગ્રેજ લશ્કર લઇ આવ્યો છે, એ ખબર શાહેરમાં પડતાંજ ગભરાત થઇ રહયો. નવાબે લડાઇની તૈયારી કરી અને ઈંગ્રેજ કિલ્લાપર આવે તે પહેલાં ફ્રેંચ ગારદનમાં જઇ સીદીના માણસો સામા ઊભા. એ ફ્રેંચ ગારદન અઠવાના મોરચા બહાર લેનમાં છે. બંને લશ્કર ત્યાં ભેગાં મળ્યાં. તેઓને ૪ કલાક લડાઇ ચાલી. તેમાં ઈંગ્રેજના ૨૦ માણસો મારયાં ગયાં. નવાબનાં માણસો કેટલાં મારયાં ગયાં તે ચોક્કસ નથી. પછી ઈંગ્રેજે તોપખાનું ગોઠવીને ૪ દહાડા સુધી ૩ તોપનો મારો નાનપરાના લતા તરફથી ચલાવ્યો. સીદીની ફોજ હટીને બહારના કોટની અંદર ભરાઇ અને હાલ જે જડજ કોરટ છે, તે અગાઉ સીદીની વાડી હતી, તે વાડીમાં જઇ ઉભી. ઈંગ્રેજના વહાણો ઉપરથી, અને પેદલ લશ્કરે એકઠો હૂમલો કરયાથી સીદીઓ ગભરાઇને મુખઇ ભાગળની અંદર આવતા રહયા. અંદર આવીને ભાગળ બંધ કરી, તેથી ઈંગ્રેજનું લશ્કર પરાંઓમાં ફરી વળ્યું, અને પરાંઓના ધણી ઈંગ્રેજ થયા.

પણ તળ શંહેર અને કિલ્લો હજી જીતવાના બાકી હતાં. શાહેરપનાહ કોટના મોરચા બંધ હતા, તેથી અત્યાર લગી શાહેરપર લડાઇની અસર નહોતી.

આ કામ માટે કિલ્લાથી ૭૦૦ વાર દુર, અને અંદરના કોટથી ૫૦૦ વાર દુર ઈંગ્રેજે નાનપુરામાં માત્ર ૩ તોપો ગોઠવીને સવારથી તોપો મારવી શરૂ કરી તે બીજે દિવસે બામદાદ લગી જારી રહી. હવે શાહેરના લોકોની ખરાબીનું પુછવુંજ શું? શાહેર માહેલા લોકો ગભરાઇ ગયાં. નવાબ સાહેબના કમાન્દંટ સીદી સરદારથી એકપણ તોપ સામી મારી શકાઇ નહીં. લોકો ગભરાયા. તેમજ નવાબ તથા સીદી પણ અકળાયા. અને સલાહનું કહેણ મોકલ્યું. શાહેરમાંથી પેગામ ઉપર પેગામ ઈંગ્રેજને મળતા. કેટલાક કહેતા કે લોકની મરજી મીઆ અચ્ચન ઉપર છે, અને કેટલાક કહેતા કે ફરીસખાન ઉપર છે. આખરે એવો કરાર થયોકે મીઆ અચ્ચન નવાબ, અ

ને ફરીશખાંને તેનો નાયબ બનાવવા, તથા ઈંગ્રેજ કિલ્લાના તથા ફલીટના ઉપરી થાય. બીઆ અરચને આ કોલ કરાર થયા કે, તુરત મુંબઇ ભાગળનો દરવાજો ઉઘડાવ્યો. સીદીના માણસો તાબડતોબ કિલ્લામાંથી નીકળી આવ્યા, અને તા૦ ૪ થી માર્ચ ૧૭૫૯ને દિવસે ઈંગ્રેજ કિલ્લાના ધણી થયા.

આ લડાઇમાં ઈંગ્રેજના માણસો ૧૦૦ને સુમારે મારયાં ગયાં તથા ઘાહેલ થયાં.

ઈંગ્રેજે કિલ્લો લઇ કરાર કરયો તે કહી ગયા. આ કોલકરાર દિલ્લીના પાદશાહે બાહાલ રાખ્યા, અને તા૦ ૪ થી સપ્ટેમબર સને ૧૭૫૯ના એક ફરમાનમાં ઈંગ્રેજની કંપનિને કિલ્લાનું ઉપરીપણું, અને તેના ખરચના દર વરસે લાખ રૂપીઆ આપવા એવી મતલબનું પાદશાહ તરફથી ફરમાન આવ્યું.

## કિલ્લો ઇંગ્રેજના હાથમાં આવ્યો તે વખતે સુરતની હાલત.

સને ૧૭૫૯માં ઈંગ્રેજે કિલ્લાનો વહીવટ લીધો, તે વખતે સુરત પૂર આબાદીમાં હતું. એ શહેર આગળ તાપીનદી વહાણોથી ભરપૂર રહેતી. યુરોપ અને આફ્રિકાના મોટાં વહાણો બારે લંગર કરતાં. નદીતરફથી એનો દેખાવ બહુ રળીઆમણો લાગતો. કિલ્લાપર નવાબનો લાલ રંગનો વાવટો ઉડતો. શેહેરના કોટની અને પરાંના કોટની વચ્ચેની એટલે પરાંની જમીન તમામ નાના મોટા ઘર અને બાગ બગીચાથી સઘલી ઘેરાઇ ગયલી હતી.

આ વખતે સુરતમાં ૧૦ લાખ માણસની વસ્તીનો અડસટો નીકળ્યો હતો. નીબબર નામનો પરદેશી લખે છે કે ૭ લાખથી ઓછી વસ્તી તો હોયજ નહીં. એ ગ્રહસ્થ કહે છે કે "એ વખત પારસીઓની વસ્તી ઘણી હતી પારસી લોકો ચતુર વેપારી, ઊદયોગી હુન્નર કામ કરનારા અને ભલા નોક

રો હતા. એ વખતે ૨૦ હજાર પારસી કુટુંબો સુરતમાં રહેતાં હતાં."

મરાઠાઓના હાથમાં અમદાવાદ આવ્યા પછી (સને ૧૭૫૭)માં કીરખા વણકરો, ચીકનદોરો, ઝવેરીઓ, હાથીદાંત, અખતુસ અને સુખડનું કોતરકામ કરનારા સુરત વસવા આવ્યા. સુરત જીલ્લાના પરગણાં મરાઠાઓને હાથ ગયાથી જેમ નવસારી વગેરેના લોકો નાસી આવ્યા હતા, તેમ હવે અમદાવાદમાં થયું. એજ વખતે ખંભાત અને પુણાથી પણ લોકો આવ્યા હતા, તેથી વસ્તી વધી ગઇ હતી.

ઉપર કહી ગયા છીએ કે, સુરતમાં પોરચુગીઝ, ઈંગ્રેજ, વલંદા, ઉપરાંત આર્મિયનો પણ વેપારને માટે આવ્યા હતા. આ લોકો ઉપરાંત જરમનીના, સ્વીદનના તથા દેનમારકના વેપારીઓ પણ સુરત આવ્યા હતા. તેમાંની કેટલીક કંપનિવાળા ખાશ અમલદારો ન મોકળતાં, બીજી કંપનિના નોકરોને કામ સોંપતા.

મુખ્ય વેપારી હિંદુ, મુસલમાન અને પારસી હતા. તે ઉપરાંત, ઇરાન, આરબસ્તાન, જીઓરજીઆ, મલાક્કા, ચીન, એબીસીનીઆ, માડાગાશકર, મોઝામબીક, અને કોમારો ટાપુ વેરથી વેપારીઓ આવતા હતા.

સને ૧૭૨૭માં ઓસ્ટેંદ કંપનિ ભાંગ્યા પછી સ્વીદનની ઇસ્ટ ઈંદયા કંપનિ ઉભી થઇ તે કંપનિનો અમલદાર સુરતમાં વેપાર કરવા વહાણ ભરી લઇને આવ્યો અને સને ૧૭૫૯—૬૩ લગી રહયો. તે ત્રાંબુ અને લોઢું ભરી લાવ્યો હતો, તે તેણે સારો નફો ખાઇને વેચ્યું. નવાબે તેની પાસેથી લાખ રૂપીઆ માંગ્યા. એ લાખ રૂપીઆ આપવાની તે વહાણના કપટાને ના પાડયાથી નવાબે તેને કેદ કરયો, અને આખરે રૂ ૨૦૦૦૦નો દંડ લઇને છોડયો.

આ વખતે મહમદન તથા પારસીઓનાં ઘણાએક મકાનો મોટાં અને કિમતી હતાં. તે તમામ મુગલાઇ ઘબનાં અને સદીઓ લગી ચાલે એવાં મજબુત હતાં. તે વખતે કેટલાએક બાગ સુંદર અને રળીઆમણા હતા.

મી૦ પ્રાઇસનો બાગ વખાણવા લાયક હતો. બીજો ફુલપાડે ઈંગ્રેજના ફલાલ (રૂસ્તમ માણેક) નો, ત્રીજો વલંદાઓનો હતો. પરંઆમાં બે બાગ પ્રખ્યાત હતા. મહમુદીબાગ સલાબતપુરામાં હતો, તે તેગબખ્તખાંએ બાંધ્યો હતો. તેની આસપાસ ફરતા મકાનો હતાં, તેમાં નવાબની બેગમો જુદી જુદી રહેતી હતી. એમાં બે હોજ હતાં. એક ૧૫૦ ફીટ લાંબું અને ૭૫ ફીટ પહોળું હતું. એમાં ફુવારા ઉડતા હતા. ઝાડ દેશો દેશના મંગાવી રોપેલાં હતાં. ફુલના ઝાડ તરેહ તરેહનાં હતાં. તેમાં ગુલલાલા ખીલી રહેતી હતી. તથા તે એવી તદબીરથી રોપેલાં હતાં, કે જોનારની નજર ઠરી રહેતી, અને જાણે ઉમદા ફુરકી ગાલીચો હોય, એવો તે કયારાનો દેખાવ રહેતો. એ મહમુદી બાગપર ૯ લાખ રૂપીઆ ખરચ્યા હતા. એ બાગ સને ૧૭૭૪ થી પડતી હાલતમાં આવતો જતો હતો.

બીજી વાડી બેગમપરામાં બેગમવાડી નામે ઔરંગજેબની બેને સને ૧૭૦૦માં બનાવી હતી. તે ૧૫ એકર જમીનમાં હતી. એ પણ સને ૧૭૭૦ લગી બીસ્મમાર હાલતમાં આવી પડી હતી.

## નવાબની સવારી.

ઇદનો દિવસ સુની તથા સીહા એ બંધે પંથના મહમદનોમાં પવિત્ર દિવસ ગણાય છે. એવી ઇદ વરસમાં બે વાર આવે છે. એ ઇદને દહાડે નવાબ પોતાના કુટુંબ કબીલાના મરદો તથા પોતાના તાબાંના અમીર ઉમરાવો સાથે પોતાના મહેલમાંથી સવારના દશ વાગે ઇદગાહ જવા નીકળતા, તેને ઇદની સવારીને નામે ઓળખવામાં આવે છે. ઇદનેમાટે દર વખત દરેક જાતનો પોષાક નવો સીવડાવવામાં આવતો, તે માટે ઘણી મુદત આગળથી તૈયારી કરવામાં આવતી. કિમતી કસબી તથા રેશમી વાગાઓ અને હીરા મોતી તથા સોનાની જણસો પોતાના ખેશ કુટુંબીઓને તથા નોકર ચાકરોને

માટે તૈયાર થતા. તે ઉપર ભારે ખરચ થતો. તેમાં સેંકડો માણુસોને કમાઇ હતી. અને તે હજારોમાં વહેંચાઇ જતી હતી.

નવાબ સાહેબની સવારી નવાબનો મહેલ જે સહેરાના મોરચા આગળ બેગમવાડીમાં આવેલો છે, ત્યાંથી નીકળતી; તેટલામાટે તમામ ગરીબ ગરબાં તથા અમીર ઉમરાવો, અમલદાર લોકો સરવે ત્યાં ભેગા થતા.

એ કામ માટે સવારથી તાકીદ રાખવામાં આવતી ત્યારે છેક ૯ વાગે સઘળા તૈયાર થઇ રહેતા.

સવારીમાં પહેલ વહેલા પાડા, બલદ, ઘોડા, ઉંટ વગેરેપર તરેહ તરેહના વેશ લઇને બેઠેલા મહમદનો જુદી જુદી જાતના ઢોંગ સોંગ અને કસરતના ખેલ કરતા રમુજ ઉપજાવતા આવતા. તેઓની હાર એક પછી એક પૂરી થયા પછી કેટલાએક લોકો નાન અને બુરીઆનીથી ભરેલાં ગાડાંઓમાં આવતા. તેઓ ફકીર તથા ગરીબ લોકોને આખે રસ્તે અન્નદાન કરતા ચાલતા. ત્યાર પછી ઘોડા તથા ઉંટપર બેઠેલા કેટલાક સરણૈયા, કેટલાક ઢોલ તથા નગારાંવાળા, વગેરે વગાડનારાની હાર એક પછી એક તરેહ તરેહના શણગારેલા ઉંટ તથા ઘોડાપર આવતી. તેમાં કકડે કકડે ઘોડે સ્વારો તથા પેદલ માણસો રહેતાં. બાદ નાચતા કુદતા, ગાતા બજાવતા સીદીઓના છોકરાઓ સંખ્યાબંદ દેખાતા. ત્યાર પછી તીર કમાન તથા ઢાલ તરવારવાળા ૨૦૦ માણસોની બબે બબે હારબંધ પલટણ ચાલતી. દરેક માણસના હાથમાં એક કમાન અને તીરનો એક ભાથો ડાબી ખાંધે બાંધેલો તથા જમના હાથમાં તરવાર અને જમની ખાંધે ઢાલ લટકાવી, સરવે લશ્કરમાં જતા હોય તેમ હોંસ તથા હીમતથી આગળ વધતા. ત્યાર પછી પેદલ લશ્કર બબે બબે એ રીતે હારબંધ આવતું. એ લશ્કરમાં દરેકના હાથમાં એક બંદુક તથા એક તરવાર રહેતી. તેની પાછળ વળી પાછા સરણૈયા, ઢોલી, નગારાં, તથા વાજાંવાળા—એ મુજબ એ સઘળા—જેટલા શાહેરમાં હોય એટલા બધા જ એકઠા થતા—એટલે તેની સંખ્યા સેંકડોની રહેતી. એ ગયા પછી કિમ

તી સાજથી સજેલા, શોભાયમાન, રંગબેરંગી જુદા જુદા દેશના, નાચતા કૂદતા, મસ્તી તોફાન કરતા—એવા તેજી ઘોડાઓપર બેઠેલા લશ્કરી અમલદારો ચલકાટભરેલા પોશાકવાળા અને તેજદાર હથિયારો હાથમાં પકડી ઘોડાપર એક પછી એક જતા. લશ્કરી અમલદારોની પછવાડે એક હારમાં બે ઘણા કિમતી અને મોટા કદના હાથીઓ નવા સુનેરી, રૂપેરી, અને રેશમી સાજવાળા, ધીમે ધીમે ડોલતા અને વાજીંત્રના સરોદથી, ગોયા મઘન થતા ચાલતા હોય તેમ, મઘન થતા, ખુશ મીજાજમાં, ચાલતા હતા. એ દરેક હાથીપર ઘણી સુંદર અંબાડીઓ હતી. પણ તે ખાલી અંબાડીઓ રહેતી, તે ઉપર કોઇ બેસતું નહોતું. એ બે હાથી પછી, તેથી મોટો અને સુંદર હાથી આવતો; તે પર ચઢતા અને કિમતી લાલ રંગની મખમલ તથા કસબી સાજથી સણગારેલા તથા હિંદ દેશના નામાંકીતમાં નામાંકીત કીસબી લોકોથી બનાવેલા કિમતી હોદાપર બેઠેલા નામદાર નવાબ સાહેબ આવતા. નવાબ સાહેબને જોઇ લોકો મઘન મઘન થતા અને સર્વે કોઇ નાના મોટા બધા એકદમ ઉઠી ઉભા થઇ નામદારને નમતા તથા માન આંપતા. આખે રસ્તે એ સવારી જોવાને જે લાખો માણસો ભેગાં થતાં તે સરવેનો ઘોંઘાટ અને ખુશ ખુશાલીના પોકારો આખે રસ્તે થઇ રહેતા.

નવાબ સાહેબની આસપાસ મોટા અને ભરોસેદાર લશ્કરી અમલદારો નાગી તરવારથી ચોતરફ પૂર દમામથી તપાસ રાખતા ધીમે ધીમે ઘોડા ચલાવતા હતા. નવાબના હાથીની પુઠે લગોલગ પાછા, પેલા આગળ જેવા બે હાથી ચાલતા તેવા, એકજ ઘાટઘાટ તથા સણગારવાળા બે હાથીઓ ખાલી ચાલતા. એ ખાલી હાથીપર માવત સિવાય કોઇ બેસતા નહોતા. નવાબ સાહેબના ખાલી હાથીઓની પછવાડે નવાબના મોટા અમીર ઉમરાવો, અમલદારો, બક્ષી, કાઝી. મુફતી વગેરે નામાંકિત અમલદારો દરેક એકેકી પાલખીમાં આવતા. એ પાલખીઓમાં સોનેરી રૂપેરી, હાથીદાંત અને કાચના ની પીઠના કિમતી નકસીદાર શણગારો કોતરેલા હતા. દરેક પાલખીમાં બે

ટેલા અમલદારો તેવાજ શોભાયમાન અને ભપકાદાર પોશાકમાં દમામથી બીરાજેલા હોવાથી તે પાલખીઓ શોભી રહેતી હતી. એટલુંજ નહીં પણ દરેક પાલખી ઉચકનાર હમાલ તથા હાથીપરનો માવત મોટા તોર અને દમામમાં જણાતા હતા. પાલખીઓની પુંઠે પાછા ૨૦૦ તીરંદાજ અમલદારો હારબંધ ચાલતા હતા, તેની પાછળ પાછું પેદલ અને ઘોડેસવાર લશ્કર હારબંધ આવતું હતું.

એ સવારીમાં કોઇવાર ૬૦૦૦ લશ્કરી તથા પોલીસના તથા મુલકી સીપાહો, તો કોઇવાર ૩૦૦૦ માણસો કકડે કકડે ચાલતાં હતાં. કોઇ કોઇવાર સવારીમાં નવાબ સાહેબનું કિલ્લામાંહેલું તોપખાનું પણ સાથે રાખવામાં આવતું હતું; અને જયારે તોપખાનું નીકળવાની ખબર પ્રજાને પડતી હતી, ત્યારે બચ્ચાં બાલાં તથા ઘરડાં બોખાંઓને પણ એ સવારી જોવાનું મન થતું હતું, અને તેઓ સઘળા, આવી ભારે ધકા મુક્કી છતાં, ભારે ઉલટથી તમાસો જોવાને કલાકના કલાક ખોટી થતા.

ઇદગાહમાં ક્રિયા પુરી થયા પછી એ સવારી પાછી નવાબ સાહેબને મહેલ જવાને પાછી ફરતી. ત્યારે પણ આખી સવારી પાછી મહેલ લગી જતી. આખે રસ્તે નવાબ સાહેબ ખુશાલીમાં સોના રૂપાનાં ફૂલ તથા પાવલી બેઆની મૂઠે મૂઠે રસ્તાની બંધે બાજુએ ખેરાત તરીક નાખ્યા ચાલ્યા જતા હતા. નવાબને મહેલે ગયા પછી ધારા પ્રમાણે મુલાકાતો કરી રજા લઇ અમલદારો તથા આખી કોમના ભેગા મલેલા મહમદન લોકો પોતપોતાને મકાને જતા હતા.

ઇદની મુબારકબાદી આપવાને શાહેરના બીજી કોમના નામાંકિત લોકો પણ જતા. તેઓ નવાબ સાહેબની આગળ પોતપોતાના ગજા પ્રમાણે એક બે ચાર કે પાંચ મહોર નજરાણું કરતા. તે આગલા નવાબો સઘળા લેતા હતા. પાછળથી જેમજેમ અમલ ઘટતો ગયો, તેમ તેઓ દાનાઇ વાપરી તે મહોર કે રૂપીઆને ફક્ત હાથ લગાડતા, અને તે પાછી વાળતા હતા.

## કિલ્લો ઇંગ્રેજના હાથમાં આવ્યો તે વખ્ત તે સુરતની હાલત (ચાલુ).

શહેર માંહેલાં બજારો ભાત ભાતનાં કિમતી માલથી ભરપૂર રહેતાં. મોહોલાઓ ખીચોખીચ બાંધેલા હતા, અને રસ્તાઓ પર ઉમદા કારીગરીથી બનાવેલી શોભાયમાન ગાડીઓ તથા સુંદર પાલખીઓ રાતદહાડો અહીં તહીં દોડાદોડ કરતી હતી. વસ્તી બહોલી અને ઘર નાનાં હોવાને લીધે ઘર અડોઅડ આવેલાં હતાં. તેથી મુસાફરો લખે છે કે મોહોલાઓ સાંકડા અને ગલીચ હતા. એંક્વેટિલ દિ પેરોં નામના ફ્રેંચ મુસાફર લખે છે કે તે તા૰ ૨૦ મી જુન સન ૧૭૬૦ ને દિવસે રાત્રે ફરવા નીકળ્યો હતો, ત્યારે તે રસ્તો ભુલી ગયો હતો, અને એક ઠેકાણે કાદવમાં ઘુટણપૂર ડટાઇ ગયો હતો.

પારસીઓ બધાજ અમલમાં—સોળંકી વંશી હિંદુ રાજાઓના, તેમજ અમદાવાદના મુસલમાન પાદશાહોના અને પાછળથી મુગલાઇ રાજમાં—સઘળી કોમ સાથે નિષ્કપટ અને પરભાજુ દીલથી ચાલ્યા આવે છે. એવું તવારીખમાં નોંધાયલા છેક કદીમ જમાનાના પારસી અમીરો વિશે આ પુસ્તકમાં શરૂઆતમાં આવી ગયું. તેઓને તેવાં રાજમાં પણ કદી કોઇ સાથે વાંધો પડ્યો નથી. ઔરંગજેબના રાજમાં પણ ઊંચ ખવાસના મહમદન લોકો પારસીઓ સાથે પોતાનીજ કોમના હોય તેમ ભારે મહોબત અને દોસ્તીથી વર્ત્યા છે. ફક્ત થોડાં વરસ જયારે શહેરમાં છેક ગેરકારભાર ચાલ્યો, ત્યારે પાદશાહ કે નવાબ નહીં જાણે એવી રીતે, ઉતરતા લોકોએ દોર ચલાવ્યો, પણ તેનો પણ એલાજ તે વખત પછીના પાદશાહના લખવાથી નવાબે તરત કર્યો. એ બાબત નીચે જોવામાં આવશે.

સન ૧૭૧૦-૧૧ માં પારસી લોકોના લગન સાદી વગેરે પર સુરતના કાજી તરફથી થોડાં વરસ થયાં લવાજમ લેવામાં આવતો, અને પારસીઓને

મહેનત પડતી. નવાબ તેનો અટકાવ કરી શકયા નહીં તેથી તે બાબદ દિલ્હીના પા દશાહ ફરોખશીરને જાહેર કરયાથી તે પાદશાહે નીચેનું ફરમાન મોકલ્યું.

"મોદી હીરજી કુંવરજી, પારસી કોમના દાવર.

મુત્સદી, તાલુકદાર અને બીજા મુસલમાનોને ફરમાવવામાં આવે છે કે, ધરમની અદાવતથી પારસીઓ પાસે તેઓના ધરમ વીરૂધ કામો કરાવે છે. તેઓને પકડી જઇ કિલ્લાની અને કોટની આસપાસની ખાહી તથા મુડદાંની કબરને માટે ખાડા ખોદાવે છે, એ કામ તેઓના ધરમ મુજબ અપવીત્ર છે; કાઝીઓ પોતાના વગતે જોરે પારસીઓ પાસેથી લગન તથા નાતરાંની ફી લેછે. તમારા વકીલે આવી, એ હકીકત જાહેરકરીને એવી અરજ કરી છે કે, સદરહુ કામો બંધ પાડવાને એક પાદશાહી ફરમાન નીકલવું જોઇએ. તે પરથી ફરમાવવામાં આવે છે કે, કોઇએ પણ પારસીઓની ધરમની લાગણી દુખે એવાં કામ હવેથી કરવાં નહીં. સુરત શહેરના કે અમદાવાદની સુબાગીરીને તાબેના કોઇ પણ કાઝીએ લગન તથા નાતરાં પર વેરો લેવો નહીં, તથા તેઓએ પારસીકોમ તથા તેના દાવરના સંબંધનાં ધરમને લગતાં, સંસારી કે રેવાજી કામમાં વચ્ચે આવવું નહીં. કોઇ સબબે કોઇ પણ રીતે પારસીઓને સતાવવા નહીં. તા૦ ૨૯ મી જીલહજ ૧૧૨૭ હીજરી."

મોબેદ લોકો પોતાની પેદાશમાટે માહો માંહે લઢતા, અને તેથી પારસીઓને પણ હેરાન થવું પડતું. તેથી સને ૧૭૪૨ માં નવાબ સફદરખાને દરેક પંથકના મોબેદોને કામ કરવાની હદ બાંધી આપી; તથા એક નવો પરવાનો આપી, તે બાબત નીકળેલા સઘળા જુના પરવાના રદ કરયા.

આ વખતના પારસીઓની હાલત કેવી હતી, તે સુરતમાં તે અરસામાં અથવા થોડાં વરસ પછી આવેલા નામીચા યુરોપીઅન મુસાફરોની નોધથી જણાય છે. સ્ટેવોરિન્સ નામનો ડચ અમલદાર લખે છે કેઃ—

"તેઓની સંખ્યા વધતી જાય છે; તેઓ પરાં ને પરાં બાંધીને એકઠા વસે છે તથા ધંધાને સર કેટલાએક હિંદુસ્તાનના બીજા ભાગ પર જાય છે. સુ

શતમાં ઘણાએક માતબર પારસી વેપારીઓ છે. તેઓ હિંદુ લોક કરતાં ગો રા છે. તેઓની ચામડીના રંગ સ્પેનિયર્દ લોકોને મલતો છે. ઘણું કરીને તેઓની આંખો મોટી, નાક વાંકાં, અને બાંધા સીધા છે. તેઓ એકથી વધારે બાયડી એકી વખતે કરતા નથી, તેથી એ કોમ સ્વચ્છ તથા બીજી મજાના લોહી સાથે ભેલસેલ વગરની છે. હરામ દોલતના હવસવાળા ઘણા પુરૂષોથી મેં સાંભળ્યું છે કે, ગમે એટલી મેહેનત તથા પૈસાના ખરચ કરી લલચાવ્યા છતાં, તેઓ કોઇબી પારસી ઓરતને ફુસલાવી શક્યા નથી. તેમની કોમમાં એવો પુખ્ત બંદોબસ્ત છે કે, જો કોઇ એવાં કામમાં પકડાય તો તે મારયાં[illegible]વના રહે નહીં. તેઓ મોહલાઓમાં ફરહર કરે છે, અને એકઠી થઇને કુવેથી પાણી લાવે છે. સ્ત્રીઓ એકલી કેઠે જતી જણાતી નથી. મંચેરજી સેઠ, ધંજીશાહ મંછાહ વગેરે તેમના વડા છે, તે ટંટા ચુકવે છે. તોપણ ખુન તથા બીજા ગુનાહની તપાસ નવાબ કરે છે, કેમકે તે પારસીઓની મોટી સંખ્યા તથા બહાદુરીથી કરીને હિંદુ તથા મુસલમાન કરતાં તેમને વધારે સ્વતંત્રતા ભોગવવા દેછે."

નામીચો મુસાફર સર જેમ્સ નીચે મુજબ કહે છેઃ—

"પારસીઓના હાથમાં મોટી મોટી જાગીરો તથા બગીચાઓ છે. એ કોમ અજાએબરીતે વધી ગઇ છે. એક ચાળાક, બળવાન, સ્યાણી, અને ખંતી કોમ તરીકે તેઓ કંપનિ સરકારની મજાનો એક ઉમદા ભાગ છે, જયાં તેઓને પનાહ મળે છે, એટલુંજ નહીં પણ માન તથા ઉત્તેજન મળે છે. તેઓ કદી સરકારના કે પોલીસના કામની વચ્ચે આવતા નથી. પણ એકમારગી પણે દોલત તથા નફો મેળવે છે."

## કેળવણી તથા કળા કોશળ્ય.

જે કેળવણીથી માણસ જાતનું આ તથા પેલી દુનીઆમાં સુખ વધે તે કેળવણી તથા આ જમાનામાં થોડુંક ભાગું તુટું લખતાં વાંચતાં શીખ

વામાં આવે છે, તે કેળવણી, એ બેમાં મોટો ફેર છે. પાછળી જાતની કેળવણી, તે વખતે બીલકુલ નહોતી. તે વખતે મહમદન લોકોની કેળવણી માટે, તે પણ મહમદન ધરમની કેળવણી માટે, સાધનો હતાં. તે સિવાય નિશાળો કે પાઠશાળાઓ નહોતી. મુસલમાન લોકો સરકારી ભાષા-જે ફારસી તે-ભાષામાં કેળવાયલા હતા. હિંદુ તથા પારસી કોમમાં કેળવણી નહોતી. તેઓમાં ઘણાજ થોડા થોડુંક જાણતા, તે "છીપા નામું" હતું. ફારસી ભાષા વાંચતાં તથા બોલતાં સીખવું એજ તે વખતની નેમ હતી. તેથી જેઓ સહેજ ફારસી જાણે તેઓ અકલ ગણાતા હતા. નવાબના દીવાન પણ એવામાંથી બનતા હતા અને તેઓને ફારસી ભાષાનું કેટલું જ્ઞાન રહેતું, તે આગળ જતાં મુંબઇના ગવરનરે પોતાની ખાનગી નોંધમાં દીવાનના ફારસી જ્ઞાન વિશે જે નોંધ કરી છે, તે ઉપરથી વાંચનારાને આપોઆપ સમજ પડશે. ઇંગ્રેજી કંપનિના સંબંધમાં આવ્યાથી કોઈ કોઇ પારસીઓ ઈંગ્રેજી ભાષા શીખ્યા હતા, તે મોટી કેળવણી ગણાતી હતી.

હવે, લખવા વાંચવાની કેળવણીની એ અવસ્થા હતી, ત્યારે બીજી કેળવણી જેને ખરી કેળવણી ગણવામાં આવે તે ઘણી ચઢતી હતી. નીતિ કેળવણી, સંસારી કેળવણી, અને કીસબ કારીગીરીની કેળવણીથી કોઇજ બેનશીબ હતો. દરેક માણસ હુનર અને કીસબમાં પછી તે હલકો હોય કે ભારે હોય, તેમાં પ્રવિણ હતો. દરેક જણ ધંધા રોજગારની બચપણથી તાલીમ લેતો હતો, અને ફક્ત થોડાક કાએચ તથા નાગર લોકો નવાબની નોકરી કરતા હતા તે સિવાય બધી કોમના લોકો નોકરીની દરકાર કરતા નહોતા. પારસીઓ સરકાર દરબારમાં, દિલ્હીના પાદશાહ આગળ વગ ધરાવતા હતા, તે પોતાની કેળવણી, સખવત, ચંચળાઇ તથા ચાલતા આવેલા વહીવટ અને કાબુને લીધે હતું.

દરેક માણસ બાપદાદે ચાલતો આવેલો હુન્નર તથા ધંધો બચપણથી શીખતો, તેથી મોટપણે તેમાં પ્રવિણ રહેતો. વાણિયાનો દીકરો વેપાર તથા દુકાનદારી કરતો ખેડુત ખેતી અને મજુર મજુરી કરતા. કીસબીનો દીકરો કીસ

મ કરતો. આ પ્રમાણે ઘેર ઘેર હુન્નરશાળા હતી.

## તે વખતનાં નામાંકિત કુટુંબો.

હિંદુઓ પૈસે ટકે સુખી હતા. તેઓમાં કેટલાક મોટા દલાલ મોટા વેપારી તથા મોટા સરાફ હતા અને કાયચ કોમના વિદ્વાન લોકો દીવાનગીરીમાં દાખલ થયા હતા. નવાબ તેગબખ્તખાનના વખતમાં નાગર બ્રાહ્મણ મયારામ દયારામ દીવાન હતા. તે સને ૧૭૪૩ માં મરણ પામ્યા ત્યારે નવાબ તેગબખ્તખાને પોતાના લહેણા બાબત તેના ઘર પર જપ્તી મૂકી તથા ઘર માંહેલી સઘળી મીલકત લઇ લીધી. તે વખતે મયારામની વિધવા પોતાના કિરપારામ નામના ૮ વરસની ઉમરના દીકરાને લેઇ ઓરપાડ નાસી ગઇ. કિરપારામ આસરે ૧૪ વરસનો થયો ત્યારે નવાબની નોકરીમાં રહયો, અને રહેતે રહેતે દીવાન થયો. તે સને ૧૭૩૫ માં જનમ્યો હતો, અને ઇસ્ટ ઈંદયા કંપનિએ નવાબ પાસેથી સને ૧૮૦૦ માં સુરત લીધું, ત્યારે કંપનિની સેવા બજાવવા માટે તેને વંશપરંપરા રૂ ૩૦૦ નું વરસાસણ કંપનિ સરકારે કરી આપ્યું. એ વિશે નવાબ તથા ઈંગ્રેજ વચ્ચે થયલા કોલકરાર આગળ આવશે, તેમાં વધારે જોવામાં આવશે.

હિંદુઓમાં એ વખતે સૌથી જુની પેઢી પરી૦ વરજદાસ વિટલદાસની, નગરસેઠ લખમીદાસની, પરી૦ આત્મારામ ભુખણદાસની, ભણશાળીવાળાની લાલા ચુનીલાલની અને દુલાચંદજીની હતી. બીજા નાના નાના વેપારીઓ હતા, અને તેઓ આ વખત પછી વધ્યા હતા.

મહમદન લોકોમાં નવાબ પછી બક્ષી, કાઝી, સીદી, સૈયદ ઇદરૂસ વગેરે મોટા જાગીરદાર અને ઓધેદાર હતા.

મહમદન વેપારીઓમાં પણ કેટલાએક લક્ષાધિપતિ હતા. તેઓમાં આ

રગ, મુગલ અને મુસલમાનો હતા. કેટલાએક મોટા વેપારી આરમીનીયન હતા. મુલ્લાં અબદુલ જાફર, મુલ્લાં અબદુલ ગની, ઉમેદ તુલ તુજ્જાર, અહમદ ચલેબી, સાલે ચલેબી અને તાહર ચલેબી એઓ મોટા સોદાગર હતા.

મહમદન લોકોની હાલત વધારે સારી હતી. તેઓ ભારે ખરચ રાખતા, અને ઘણા ભપકામાં રહેતા હતા.

પારસીઓમાં પણ લક્ષ વિપતિ હતા. તેઓ પૈસે ટકે સુખી હતા. તેઓમાં મોદીનું કુટુંબ, રૂસ્તમ માણેક સેઠનું કુટુંબ. સેઠ હીરજી વાછાનું કુટુંબ; શેઠ ધંજીશાહ મંજીશાહ, શેઠ મંચેરજી, શેઠ નકશાએતખાન વગેરેનાં કેટલાંએક તવંગર અને વગવાળાં કુટુંબો હતાં.

## લોકોનો પોશાક.

આ વખતે લોકોનો પોશાક પણ સાદો હતો. તેઓ સઘળા હાથે વણેલાં તલબદુ જાડાં લૂગડાં પહેરતા હતા.

હિંદુઓ હલકી પાઘડી અને ધોતી તથા ખાડીના અંગરખા અને ધોતીઆં પહેરતા હતા. સ્ત્રીઓ ઘરેણાં ઘાલતી તે પોકળ અને લાખથી ભરેલાં હતાં. મોટો ભાગ રૂપાનાં હતાં, અને તવંગર લોકો સોનાનાં ઘરેણાં ઘાલતા હતા.

પારસી લોકોમાં મોટો ભાગ છીટની સુતરાઉ, હાથે બાંધેલી પાઘડી પહેરતા હતા. તેમાં કેટલાક લાલ કસુંબા પાઘડી પહેરતા હતા. અંગરખાને ઠેકાણે દોતીના જામા પહેરી પીછાડી બાંદયા વના બહાર નીકળતા નહીં. જોડા વગર ચાંચના, ભારી પહેરતા અને તેને વાઘરી બાંધતા હતા. કેટલાક વરસતો મોટો ભાગ લાકડાના જોડા જેને પાવડી અથવા ખરાઉ કહે છે તે વડે કામ લેતા હતા. તેઓ, કોઇ મુસલમાનોની પેઠે ખોપડીપર ચોટલી રાખતા અને કોઇ હિંદુની પેઠે પછવાડે જીણી ચોટલી રાખતા હતા. મરદોમાં પણ કેટલાએક નાક કાન વીંધાવી બાલી પહેરતા હતા. રાતે કેટલાક પોટીઆં પહેરીને સુતા હતા.

પારસણો સુતરાઉ સાડી, સુતરાઉ ઇજાર અને કેટલીકતો ઘાઘડા તથા ચ ણીઆ પહેરતી હતી. સદરા તથા માથાબાનાં પણ જાડાં દોતીનાં હતાં. તેઓ કાંચળી પહેરતી હતી, કપાળે ચાંદલો ચોઢતી અથવા તીલું કરતી, અને ઘણી ખરીઓ બહાર નીકળતી વખતે આંખ આંજીને નીકળતી હતી. હાથે પહોળા પટાના કાળાં લાકડાં, ધાતુ કે કાળા કાચના ચુડા પહેરતી હતી.

માત્ર કોઇ કોઇ મોટે ઘેર રેશ્મી પોશાક ધીમે ધીમે દાખલ થતો હતો.

પારસણોનાં ઘરેણાં પણ હિંદુ તથા મહમદન લોકોનાં જેવાં હતાં. તેઓ માં મોટો ભાગ રૂપાની જણસો પહેરતી હતી. તાલેવાન લોકોને ઘેર સોના ની જણશો દાખલ થઇ હતી. તે જણશો હાથે, પગે, ડોકે, બાજુએ, કાને, ના કે અને આંગળીએ પણ પહેરવામાં આવતી. ચલણી રૂપાંના સીક્કાઓને નાકાં પડાવી તે પણ જણસ દાખલ પહેરવામાં આવતા હતા. છોકરીઓની માફ ક છોકરાઓને પણ હાથે પગે તથા નાકે કાને જણશો પહેરાવવામાં આવતી હતી.

## લોકોનો ખોરાક.

સોંઘવારી ઘણી હતી. તેથી દરેક ચીજ તાજી તથા ચોખ્ખી મળતી હતી. તોપણ તે વખતે પૈસો ઘણો મોઘો હતો, અથવા ઘણો વહાલો હતો. તેથી ના ણું ભેગું થતું હતું. આવક બહોળી અને ખરચ ઘણો કમી હતો.

હિંદુ લોકો ઘરમાં તેમજ લગન મરણના વરામાં શું ખાતા? તેઓ ઘ ણું કરીને જાડા ચોખાના ભાત, દાળ, કઢી તથા શાક ખાતા. ઉતરતા લોકો વા લ તથા રોટલા ખાતા. જે સખસ ગોળ તથા ઘઉંના લોટની ગોળપાપડી ખવા ડતો તે તવંગર ગણાતો. ઘી, માખણ, દુધ સસ્તું છતાં, તે ઘણું ઓછું વાપરવા માં આવતું. વરામાં ખાંડ જવલેજ વાપરવામાં આવતી.

પારસી લોકોનો ખોરાક પણ સાદો હતો. તેઓ ઘરમાં ઘણું સાદું ખા ણું ખાતા, તેમજ લગન તથા મરણના વરામાં પણ તેવુંજ હતું. જાડા ચો

આ. અને મગની કે વાળની દાળ. એ દાળને મોઘી ગણી કોઈનો દાળને ઠેકાણે કહેલું કે વેગણની બુરીઆનીથી કામ લેતા. માંસનો ખોરાક તે વખતે વરામાં વપરાતો નહોતો. દારૂ તથા તાડી કદી વરામાં પાવામાં આવતું નહોતું. ચઢતા લોકો જરા વધારે સોફીઆણી ખાતા; પણ તેપણ ઘણું રીતસર અને સાદું ખાણું હતું.

## પ્રકરણ દશમું.

### નવાબી તથા ઈંગ્રેજી–ભેગું રાજ.

આ વખત પછી નવાબોને ગાદી પર બેસાડવાનો અખત્યાર ઈંગ્રેજી કંપનિના હાથમાં આવ્યો.

સને ૧૭૫૯થી સને ૧૮૦૦ લગીનાં ૪૦ વરસમાં સુરતમાં ૪ નવાબ થયા તે નીચે મુજબઃ—

### સને ૧૭૫૯ થી ૧૮૦૦ લગીના નવાબો.

| નામ. | ગાદીએ બેઠાનો સને. |
|---|---|
| મીઆ અચ્ચન. | ૧૭૫૯. |
| આફીઝુદીનખાન. | ૧૭૬૩. |
| નીઝામુદીનખાન. | ૧૭૯૦. |
| નાસરૂદીનખાન. | ૧૭૯૯. |

મીઆ અચ્ચન તા૦ ૨૭મી ફેબરવારી સને ૧૭૬૩ને દીવસે મરણ પા મ્યો, ત્યારે તેનો છોકરો કુટુબુદીન, દિલ્હીથી નીમનુકની રાહ જોવાને બદલે મુંબઇ સરકારની પરવાનગીથી આફીજુદીનને નામે નવાબ થયો. આ દિવસથી પાછો શાહ સાથનો સંબંધ તુટયો. આફીજુદીન સને ૧૭૯૦માં મરણ પામ્યો ત્યારે તેનો વડો દીકરો નીઝામુદીન નવાબ થયો. એ નવાબનું મરણ તા૦ ૮મી જાનેવારી સને ૧૭૯૯ને દિવસ થયું. એને પેટે બાળક છોકરો હતો, તે તરત એક મહીને મરણ પામ્યો, તેથી મરનારના ભાઇ નાસરૂદીન સાથે ઈંગ્રેજને કોલકરાર થયા. અને સુરત શહેર તથા પરગણાં ઈંગ્રેજના હાથમાં આવ્યાં. તે સઘળું આગળ વાંચવામાં આવશે.

સને ૧૭૫૯થી અડધું ઈંગ્રેજી અને અડધું નવાબી રાજ શરૂ થયું. તે સને ૧૮૦૦માં બંધ પડયુ. સને ૧૮૦૦થી એકલું ઈંગ્રેજી રાજ થયું.

સને ૧૭૭૧માં ઈંગ્રજે ભરૂચપર ચઢાઇ કરી પણ ગોઠવણ ખામી ભરેલી હોવાથી કાંઇ વળ્યું નહીં.

કતારગામની ભાગળ બહાર સને ૧૭૭૫ માં આફીજુદીન નવાબે અલ્લાબાગ નામનો બાગ બનાવ્યો હતો. આ બાગ શોભાયમાન અને કિમતી હતો. તે વધારવાને આજુબાજુના મકાનો ઉખેડાવી નખાવ્યાં. તેથી લોકોએ તે અલ્લાબાગનું નામ "જુલમીબાગ" પાડયું. એમાં પણ ચીન, ઇરાન અને યુરોપ વેરથી ફૂલના ઝાડો મંગાવી રોપેલાં હતાં. એક ઝાડપર બબે જાતનાં ફળો ઉગતાં હતાં, અને કેટલાંક એવાં હતાં, કે એક ડાંખળીપર એક ફળ તો બીજીપર જૂદી જાતનું ફૂલ ઉગતું.

સને ૧૭૭૫માં રઘુનાથરાવ અથવા રાઘોબાની સાથે ઈંગ્રેજે ખંભાત તરફ ફોજ મોકલી, પણ રાઘોબા પાછો આવ્યો, અને કેટલીક મુદત લગી સુરતમાં ઈંગ્રેજના આશ્રયમાં રહયો. એ, પુણાના પેશ્વાનો કાકો હતો. તે શામાટે આવ્યો તે હકીકત નીચે આવશે.

૧૭૭૪માં રઘુનાથરાવે પોતાના ભત્રીજા નારાયણરાવ પેશ્વાને મારી ના

ખ્યો, અને પોતે પેશ્વાઇ લેવા માંગતો હતો, પણ નાના ફડનવીશ, સખારામ બાપુ વિગેરે સામા થયા, તેથી તેને બાહસીને ઉપર કહેવા મુજબ સુરત આવવું પડયું. તેને પુનાની ગાદી અપાવવાની મેહેનત કરી, પણ પેશ્વાએ ઈંગ્રેજને રાજી રાખ્યાથી રાઘોબાનું કાંઇ વળ્યું નહીં.

સને ૧૭૮૦માં સુરતની આસપાસના પેશ્વાના મુલક મીઠ બોદામેલીધા. અને તેજ વરસમાં તા૦ ૧૫મી ફેબરવારીએ અમદાવાદ ઈંગ્રેજના હાથ માં આવ્યું, તેને લગતા કરારની રૂએ ફતેહસીંગ ગાયકવાડે તાપીની દક્ષિણના મુલકો ઉપરનો પોતાનો હીસો ઈંગ્રેજને આપ્યો. એવામાં અફવા ચાલી કે રાઘોબાને પકડવા સીંધીઆ આવે છે. તેથી શહેરમાં મોટી ધાસ્તી દાખલ થઇ. ગોવાલિયરના રાજા સીંધીઆએ સુરતથી દક્ષિણનો બધો મુલક લુંટી તારાજ કરયો અને શહેરના કોટ લગી આવી પહોચ્યો. આવી રીતે મરાઠાઓ જયારે ત્યાર સુરતના લોકપર ધાસો કરતા, તેમને સ્વાદ દેખાડવાને ઈંગ્રેજે ઠરાવ કરયો. તેમણે લેફટેનંટ વેસ્ટની સરદારી નીચે એક ફોજ મોકલી, તેણે તે લુંટારાના સરદાર ગણેસપંઠને મરણતોલ ઘાહેલ કરયો. લુટારાને નસાડયા, અને તેનું તોપખાનું પકડયું. દક્ષિણ ભણી વધીને પારનેરા, બગવાડા અને ઇનદેગરના ડુંગરી કિલ્લાને તારાજ કીધા. પણ સુરતની દખણનો મુળક ઈંગ્રેજ પાસે લાંબી મુદત રહયો નહીં. કેમકે સને ૧૭૮૨માં સાલબાઇના કરારની રૂએ તે સઘળુ પાછું આપવું પડયું.

તેથી સને ૧૭૮૨થી સને ૧૮૦૦ લગી સુરતની દક્ષિણના મુલકો પેશ્વા તથા ગાયકવાડના તાબામાં રહયા.

સને ૧૭૮૨માં એક એવું સખત તોફાન થયું કે, શહેરમાં અડધો અડધ મકાનો તુટી પડયાં, તેથી મોટી ખરાબી થઇ. એને 'દટંદર' કહેતા.

સને ૧૭૯૦માં પાછો દુકાળ પડયો, તેથી લોકોનાં દુખનો પારરહયો નહી.

હવે નવાબે, ઈંગ્રેજ રક્ષણ કરશે એવું ધારી, ફોજ કાઢી નાખી, અને શેહેર સાચવવાના માણસોજ રહેવા દીધાં.

સને ૧૭૯૨માં મુસલમાન અને હિંદુઓ વચ્ચે ધર્મ સબંધી ભારે લડાઇ થઇ, એ લડાઇ ઘણા દહાડા લગી જારી રહી, તોપણ તેટલી મારામારી નવાબથી બેશાડી શકાઇ નહીં.

ઈંગ્રેજો બળવાન થયા અગાઉ, વલંદા વેપારમાં અને દરીઆઇ બળમાં પેહેલે નંબરે હતા, પણ સને ૧૭૬૨માં નવાબે વલંદાની કોઠી જપત કરી અને રૂ ૯૦૦૦૦નો દંડ કરયો, તેથી તેમણે તોપ મોકલાવી દીધી, અને શાહેરની અંદર કિલ્લાની નજદીક નાની વલંદાવાડ હાલ કહેવાય છે, તેમાંથી નીકળી જઇને શેહેર બહાર નાહાનપુરામાં હાલ ઓલખાતી વલંદાવાડમાં જઇ રહયા. એ વલંદાવાડ તે વખત જાહાંગીર ઓવારાને નામે ઓળખાતી. ત્યાં પુર દમામથી રહયા અને ત્યાં પોતાનો વાવટો ચઢાવ્યો. સૌથી સરસ હવાવાળી જગ્યા એ હતી. પણ ત્યાં તેઓ ઝાઝાં વરસ રહયાં નહીં. તેઓએ સને ૧૭૮૮માં તોપખાનું અને લસ્કર કાઢી નાખ્યું. મોટા મોટા હાથી અને ઘોડા, સોનેરી રૂપેરી સાજની પાલખી, અને ચારટો સઘળું વેચી નાખ્યું. અને સોના રૂપાનો સરસામાન સુમારે રૂ ૩૦૦૦૦નો હતો તે લઇને તેઓ જાવામાં બટેવીઆ શાહેર છે ત્યાં જવા ઉપડી ગયા.

## સીદી સરદાર.

ઈંગ્રેજ સરકારે કિલ્લો જીત્યો કે તરત સીદી સરદાર પોતાના માણસો સહીત કિલ્લામાંથી નીકળી ગયો, એવું ઉપર આવી ગયું. હવે એ સીદીઓ, કોણ હતા, તથા તેના સરદારનું શું થયું, તે કયાં છે, તે જાણવાની કદાચ કોઇની ઇચ્છા થશે.

એ સીદીઓ પ્રથમ આફ્રિકાથી આવેલા. તેઓ એબિસિનિયાના હોય, સોમાલીકાંઠાના હોય કે કોઇ બીજે ઠેકાણેના હોય, તે કશું ચોક્કસ નથી. પણ જેટલા આફ્રિકાના વતની તે સઘળાને હબ્સી અથવા સીદી એ નામે ઓળ

ખવામાં આવે છે, એ ચોક્કસ છે.

તેઓનો એક સરદાર જે આલમગીર યાને ઔરંગજેબ પાદશાહની નોકરીમાં સુરતના કિલ્લેદાર તરીકે સને ૧૬૬૦માં રહયો હતો, તે સરદારના વંશનો એ સરદાર હતો. ઈંગ્રેજે કિલ્લો લીધા પછી તેઓ સઘળા જંજીરા તરફ નીકળી ચાલ્યા. એ જંજીરાના સરદાર વિશે સરકારી દફતરમાં નીચે મુજબ નોંધ જોવામાં આવે છે.

## સચીનના નવાબ.

સચીનના નવાબ આફ્રિકાના વતનીની ઓલાદના છે. નવાબના બુઝરગો હિંદુસ્તાનમાં કયા વરસમાં આવ્યા તે શકભરેલું છે. પંદરમી સદીમાં કોકણમાં આવેલા દાંડા-રાજપૂર તથા જંજીરાનાં સીદી એ નામથી તેઓ ઓલખાતા અને તેઓ બીજાપુરના રાજાના (૧૪૮૯-૧૬૮૬) અને પછવાડેથી મુગલ સેનશાહના દરિયાઇ નાખુદા દાખલ જણાયલા છે. બીજાપુરના રાજમાં તેઓના વહાણનો કાફલો વેપારની પાશાખાની રાખતો તથા મકકે હજ કરવા જનારા હાજીઓની સાથે રહેતો. પાછળથી સને ૧૬૬૦ માં સુરતની આમદાનીમાંથી વરસે ૩ લાખ રૂપીઆ લેવાની સરતે તેઓ ઔરંગજેબના દરિયાઇ નાખુદા થયા.

અઢારમી સદીમાં મુગલાઇ રાજની પડની દિશા થયાથી જંજીરાના સીદીઓ સઘળી પ્રજાનાં વહાણો લુંટવા લાગ્યા. ઈંગ્રેજ સાથે મિત્રાચારી રાખીને તેઓ તેમના વહાણો લુંટતા નહીં. અઢારમી સદીની સરૂઆતનાં વરસોમાં તેઓને મરઠા સાથે વારંવાર લડાઇ થતી, પણ અગરજો પેશ્વાએ તેમના હાથમાંથી મુલક લઇ લીધો તોપણ જંજીરાનો કીલ્લો તેનાથી જીતાયો નહીં.

સને ૧૭૬૨માં હકદાર વારસ અબદુલ રહીમને હાંકી કાઢીને સીદી યા

કુતે જંજીરા લીધું. અબદુલ રહીમ હારીને નાસભાગ કરતો છતાં, તેણે મ શાહ્ઓની મદદ માંગી, અને તે એવો ભયંકાર હરીફ થઇ પડયો કે સીદી યા કુતે તેને કબુલત આપી કે તેના મરણ પછી જંજીરા અબદુલ રહીમને મળે. આ ગોઠવણ મુજબ ૧૭૭૨થી તે ૧૭૮૨માં તે મરણ પામ્યો ત્યાં લગી અબદુલ રહીમે રાજ કરયું. અબદુલ રહીમ મરણ પામ્યાથી તેના છોકરા યાકુતખાન ઉરફે બાલુ મીઆને કાઢી મૂકીને સીદી જોહાર નામના જંજીરાના સરદારે જંજીરા લઇ લીધું. આવું થયાથી બાલુમીઆ પુને નાસી ગયો. નાના ફડનવીશ કોઇપણ પ્રકારે જંજીરાનો અજીત ગઢ લેવાને ટાંપી રહેલો હતો, તેણે યાકુતખાનનો પક્ષ પકડયો. ત્યારે એ તકરારનો નીવેડો લાવવા સીદી જોહારે ઇંગ્રેજને અરજ કરતાં જણાવ્યું કે જયાં લગી જંજીરાની ખડક ઊભી છે અને તેના એક એક માણસ મરે ત્યાં લગી લડવા તે તૈયાર છે. તેથી લડાઇ દૂર કરવાને કોશીશ કરી, યાકુતખાને જંજીરાપરનો હક પેશ્વાને આપી દેવો, અને તેને બદલે યાકુતખાન યાને બાલુમીઆને સુરતની પાસે વરસે ૨ ૦॥ લાખની આમદાની જેટલી જમીન આપવી એવી ઇંગ્રેજે ગોઠવણ કરી.

આ ગોઠવણ મુજબ અબદુલ કરીમ યાકુતખાનને ચોરાસી પરગણામાં ૧૭ ગામ આપ્યાં. એ સત્તરગામની પેદાશ ૦॥ લાખ નહીં જણાયાથી તેને પારચોલમાં બીજાં ૩ ગામ આપ્યાં. પણ પેશ્વાથી જંજીરા લઇ શકાયું નહીં, તેથી વધું કશું આપ્યું નહી.

સચીન સુરતની દક્ષિણે ૭ માઇલપર એક ગામ છે. એ ગામમાં એક નાનો કિલ્લો છે.

બાલુમીઆ સુરત આવ્યો અને થોડી મુદત રહીને સચીનના નાના કિલ્લામાં રહેવા ગયો. થોડી મુદતમાં ગુજરાતના બીજા શાહ આલમને ભારે નજરાણું દીધાથી તેને નવાબનો ખેતાબ મળ્યો. બાલુમીઆ ૧૮૦૨માં મરણ પામ્યા પછી ઇભરાઇમ યાકુતખાન નવાબ થયો. એ નવાબોનાં નામ નીચે મુજબ છે.

## સચીનના નવાબો.

| નામ. | મરણનો સન. |
|---|---|
| ૧ અબ્દુલ કરીમ યાકુતખાન (બાલુમીઆ) | ૧૮૦૨ |
| ૨ ઇબ્રાહીમ યાકુતખાન | ૧૮૫૩ |
| ૩ અબ્દુલ કરીમ યાકુતખાન | ૧૮૬૮ |
| ૪ ઇબ્રાહીમ મહમદ યાકુતખાન | ૧૮૭૩. |
| ૫ અબ્દુલ કાદર યાકુતખાન | |

## ચઢતી પડતીનાં કારણો.

ઈંગ્રેજે સને ૧૭૫૯માં લડાઇ કરીને પોતાનાં બળથી કિલ્લા લઇ સીદી ઓને હાંકી કાઢયા ત્યારથી તે સને ૧૮૦૦માં સુરતનો તમામ અખત્યાર પોતાના હાથમાં લીધો ત્યાર લગીનાં ૪૦ વરસમાં સુરતની હાલત ગુચવણ ભરેલી થઇ પડી.

પહેલાં ૨૦ વરસમાં શહેર આબાદ હતું; વસ્તી વધતી ગઇ, અને વેપાર ફેલાતો ગયો. એ આબાદીનાં મુખ્ય કારણો એ હતાં કે, બંદોબસ્ત સારો ચાલ્યો, અને ચીનખાતે રૂનો બહોળો ખપ જાગ્યો. એ રોજગાર સને ૧૭૭૦માં પહેલવહેલો શરૂ થયો. એ વરસમાં ચીનમાં દાણાનો દુકાળ પડેથી શેનશાહે રૂ પકવવાની મના કરી. તેથી ત્યાં રૂ બીલકુલ પાકયો નહીં. આવું હોવાથી સુરતનો રૂનો વેપાર બહુ જાગ્યો. સને ૧૭૭૭માં તે એટલો વધી પડયો કે, દર વરસ ૫૦૦ થી ૧૦૦૦ ટન લગીનાં ત્રીસ ત્રીસ વહાણો જવા લાગ્યાં. આવી રીતે થયાથી ભાવ ઘણો વધી ગયો, તેથી સુરતના વેપારીઓ પાછળથી રૂમાં ભેગ તથા દગો ફટકો કરવા લાગ્યા. તેટલાં સુરત તથા મુંબઇના હરીફ

તરીકે બંગાળા જાગ્યું, અને તેથી વહાણ જતાં ઓછાં થયાં. એટલામાંતો ચીનમાં પાછી રૂ પકવવાની રજા મળી, તેથી સુરતી રૂનો ખપ બંધ પડી ગયો.

પાછલાં ૨૦ વરસમાં એક તરફથી એ નવો રોજગાર ભાંગી પડયો. અને બીજી તરફથી બીજી આફતો પડીઃ- નવાબના કુટુંબના માણસો નવાબી લેવાને એક બીજા સાથે લડાઇ ટંટામાં અને મારામારીમાં પડયા. તેથી શહેરમાં બંદોબસ્ત રહયો નહીં, ઇરાન તથા આરબસ્તાનમાં અંધેર રાજ થઇ પડયું, યુરોપમાં વારંવાર લડાઇ જાગી, સને ૧૭૮૨માં ભારે તોફાન થયું તેથી પાયામાલી થઇ; સને ૧૭૯૦માં ભારે દુકાળ પડયો સને ૧૭૯૫માં હિંદુ મુસલમાનોમાં ધરમની લડાઇઓ થઇ. સને ૧૭૯૯માં તમાકુપર કર કરયાથી હરતાલ પડી તથા હુલ્લડ થયું. આવાં આવાં કારણોથી, અને ઇરાન, આરબસ્તાન તથા યુરોપનો વેપાર નબળો પડયાથી પાછલાં ૨૦ વરસમાં સુરતની પડતી દિશા આવી.

## પ્રકરણ અગિયારમું.

# કિલ્લો લીધા પછી શહેર લેતાં લગીનાં ૪૦ વરસમાં સુરતની હાલત.

### શહેરમાં ઇંગ્રેજોનું ચલણ.

જો કે કિલ્લો લીધા પછી રાજ નવાબનું હતું, અને તે વખતે મોઆઅચ્ચન નવાબ હતો, તોપણ તે નામનોજ નવાબ હતો. તે ગાદીએ બેઠો ત્યાં

લગી નવાબની નીમનુકની બહાલી દિલ્હીના પાદશાહથી આવતી. પણ મીઆ અચ્ચન વખતે બહાલી આવી નહીં. વળી તેના દીકરો નવાબ થયો ત્યારેતો બહાલી આવવાની રાહ જોવામાં આવી નહીં, પણ સને ૧૭૯૦માં નીઝામુદીનની નવાબી વખતે બહાલી મંગાવી, પણ તે બે વરસ લગી આવી નહીં, તેથી ગવર્નર જનરલે તેને નવાબ બનાવ્યો. નીઝામુદીનના મરણ વખતે તેને બાળક પુત્ર હતો, પણ તે પોતાના બાપ પછી એક મહીને મરણ પામ્યો. તે વખતે ગાદીના દાવાદારો એકથી વધુ હતા પણ મરનાર નવાબના ભાઈ નાસીરૂદીનખાનને બ્રિટિશ સરકારે પેનશન બાંધી આપ્યું, અને આબરૂ માટે 'નવાબ' એ દરજ્જો કાયમ રાખવા નામની ગાદી આપી.

કિલ્લો લીધા પછી એ મુજબ પૂર ચલણ ઈંગ્રેજનું હતું. નવાબનો અખત્યાર નામનોજ હતો. એક વલંદો મુસાફર તે માટે લખે છે કે 'ઈંગ્રેજ' સઘળા કાયદા બાંધે છે; તેઓની મરજી વગર દેશી કે યુરોપીયનથી કશું થતું નથી. એ બાબતમાં શહેરનો હાકેમ ઉતરતામાં ઉતરતા રહેવાશીથી પણ ઉલટી રીતે ચાલી શકતો નથી. તેણે તેઓને તાબે રહેવુંજ જોઇએ, એમ તે સમજતો. એ વખતથી રાજ એકલું નવાબનું નહોતું. પણ નવાબી તથા ઈંગ્રેજી એવું બેવડું રાજ હતું. જો વલંદા, ફીરંગી કે ફ્રેંચ કાંઇ ફેરફાર કરવા કહેતા, તો ઈંગ્રેજ જવાબ દેતો કે, નવાબ જાણે. પણ નવાબે કેવો જવાબ દેવો તે તેને કહેવાડવામાં આવતું, તેમ તે જવાબ દેતો. તે સઘળાઓ એ "ફારસ" સમજતા. નીબર કહે છે કે ખરખરા હાકેમતો ઈંગ્રેજજ હતા. એકવાર નવાબે ઈંગ્રેજને કહ્યું કે વલંદાઓના વડાને મારે મળવું છે, પણ ઈંગ્રેજે તે મુલાકાત લેવાની નાપાડી; તેમજ તે રહયો. બીજીવાર ફ્રેંચનો કેટલોક માલ નવાબની રજાથી ઉતારેલો, પણ ઈંગ્રેજની રજા લીધેલી નહીં, તે હાલ હાલ ઈંગ્રેજે પાછો વહાણમાં ભરાવ્યો હતો. સને ૧૭૬૭માં શહેરમાં ઘોંઘાટ થયાથી નવાબનો એકલે હાથે ઇનસાફ કરવાનો અખત્યાર રદ કરી, તેની સાથે ઈંગ્રેજ તરફના બે અમલદારો રાખ્યા. તે ત્રણે મલીને વહીવટ કરવા લાગ્યા

## નવાબનું લશ્કર.

સને ૧૭૫૯માં નવાબ પાસે ફક્ત ૩૦૦૦ માણસનું લશ્કર હતું. તેમાંથી પણ ધીમે ધીમે ઘટાડીને ફક્ત ૭૫૦ માણસનું કરી નાખ્યું હતું. અને સને ૧૮૦૦માં સઘળું કાઢી નાખ્યું.

## પોલીસ.

પોલીસખાતું શહેરમાં રહેતું હતું. એ ખાતું ફક્ત શહેર તથા પરાંઓના બંદોબસ્ત માટે જવાબદાર હતું. શહેર બહાર પરગણાઓની પોલીસનો અખત્યાર છેક સને ૧૭૩૫થી તેગબખ્તખાને મરાઠાઓને આપેલો હતો. મરાઠાઓ જમીનનું મહેસુલ વસુલ કરતા, તેમાંથી ચોકસ ભાગ નવાબને મજરે આપતા. નવાબ તેટલાથીજ સંતોષ પામતા હતા. દીવાની ફોજદારી સઘળી મરાઠાઓના હાથમાં હતી. તેઓ મહાલો ઇજારે આપતા. એ ઇજારદારો પ્રજાપર કેર વરસાવતા. તેઓ જુલમગારને નામે ઓળખાતા. તે માટે સને ૧૭૩૫ની આગમચ પરગણાઓના બંદોબસ્ત માટે ફોજદારો હતા, તે કાઢી નાખ્યા હતા. તેથી ગામડાંઓમાં રાજ તદન અંધેર હતું. સુરતથી નીકળી ભરૂચ કે નવસારી જવું હોય તો સાથે વળાવા લેવા પડતા, અને તે છતાં જો લૂંટાતા બચે તેઓને નસીબવાન સમજવામાં આવતા હતા. લૂંટારાઓ કોતરોમાં કે ઝાડપર થોડે થોડે છેટે ભરાઇ બેસ્તા. કોઇ ફકીર કે ભીખારી બનતા, તેઓ રસ્તાપર બેસી મુસાફરો કેટલા છે, એકલ ડોકળ છે કે પાંચ પચીશ છે, તેની ખબર કોતરમાં ભરાયલાઓને પહોંચાડતા. જ્યારે તેઓ જોતા કે એક બે છે, ત્યારે તેઓ જાણે ભીખ માંગવાને કાલાવાલાના બોલો બોલતા હોય તેમ બોલતા, અને વચ્ચે “ એકલડોકલકા અલ્લા બેલી, ” એવું બોલી

છુપાઇ બેઠેલાઓને ચેતાવતા હતા. જો મુસાફરો ઘણા હોય અને લૂંટી શકા ય નહીં એમ હોયતો બોલતા કે "સાત પાંચકા ભલા." લૂંટારાઓની આ નીશાનીઓ લોકોને જાણીતી થઇ ગયલી હતી. તે સિવાય તેઓ સેંકડો તદબીરોથી પોતાનો ધંધો ચલાવતા. ગામડામાં એવી હાલહવાલી હતી કે, છેક સને ૧૭૮૮ના વરસ લગીનો એવી લુંટો નોધાયલી છે. હોવી નામના મુસાફરને સુરતથી ભરૂચ જવું હતું, તેથી તેણે પોતાની સાથે ૧૯ પોકેસ્વા ર રાખ્યા હતા. તે સહીત એ બહાદુર યુરોપીયન લુંટાયો ત્યારે સાધારણ મુ સાફર કેમ બચે? કીમચોકી આગળ લુંટારાઓ કેર વરસાવે છે, એવું સ ઘળે જાણીતું છતાં કોઇ તરફથી તેનો બંદોબસ્ત કરી શકાયો નહીં.

પણ પાદશાહી વખતથી તળ સુરત શહેરમાં પોલીસનો બંદોબસ્ત સારો હતો. એ ખાતાનો વડો "કોટવાલ" હતો. એ અમલદારની નીમનુક દિલ્હીના પાદશાહની તરફથી થતી હતી, તેથી જેમ જેમ પાદશાહી રાજ નબળું પડતું ગયું, તેમ કોટવાલનો કાબુ ઘટતો ગયો. જયારે નવાબ પાદશાહથી સ્વતંત્ર થયા ત્યારે તેઓએ કોટવાલને તાબામાં રાખવા, તેને માથે સને ૧૭૩૫માં એક કમીસ્નર નીમ્યો. એ કમીસ્નરને અમીનને નામે ઓલખતા હતા. પણ જયારે પાદશાહનો અમલ તદન ઉઠી ગયો, ત્યારે કોટવાલ કાઢી નાખ્યો. પણ જયારે સીદીએ સને ૧૭૫૧માં કિલ્લો લીધો ત્યારે શહેરમાં પોતાનો અખત્યા ર રાખવાને તેણે એક નાયબ નવાબ બનાવ્યો. જયારે ઈંગ્રેજે કિલ્લો લી ધો ત્યારે એ અમલદાર ચાલુ રાખ્યો, પણ સને ૧૭૭૭ માં તે કાઢી ના ખ્યો, અને તેના પગારનો વધારો નવાબને મળતો થયો. એથી પોલીસનો બંદોબસ્ત છેક નબલો પડી ગયો. પરાંઓને માટે જે ફોજદાર હતો, તે ફોજદા ર કાયમ રાખ્યો. એ ફોજદારનો ચબુત્રો યાને થાણું ગોપીતળાવના દરવાજા ને માથે, જયાં આજે સાંઇના ટકીઓ છે, ત્યાં હતો. એ ફોજદાર સઘળાં પરાં ઓનો અને ચોરાસી પરગણાનો બંદોબસ્ત રાખતો. આવું હોવાથી અને શ હેરમાં ઘણા થોડા સિપાઇઓ હોવાથી સને ૧૭૯૫માં હિંદુ તથા મુસલમા

ના વચ્ચે ધર્મને લગતું હુલ્લડ થયું, તે હુલ્લડ ઘણી મુદત ચાલ્યું; તે હુલ્લડ સ રખું બેસાડી શકાયું નહીં.

અમીનના હાથનીચે ઘણા થોડા સિપાઇઓ હતા. પોલીસખાતાના નોકરોને પગાર મળતો નહોતો. તેઓ લગન, નાત્રાં, જનોઇ, તથા જમનવારપર વેરા લેતા. તે ઉપરાંત ગાડી ઘોડા, અને ઘાસ કડબ વગેરે પર કર લેતા, તે માંથી જે ઉપજે તે ઉપજમાંથી, તેઓને વહેંચી આપવામાં આવતું.

કંપનિ સરકારે સુરત લીધું ત્યારે તેણે ચબુત્રાની કોટવાલી કાઢી નાખી, ૧૦૦ સિપાઇઓની નીમનુક કરી. એ સિપાઇઓને મેજીસ્ટ્રેટના તાબામાં મુક્યા, અને તેઓનો દર મહીને રૂ૦ ૫ નો પગાર કરયો.

## ઈનસાફ.

પોલીસના કામ જેવુંજ ઇનસાફનું પણ હતું. તે ઢંગધડા વગરનું અને ગોટાળા ભરેલું હતું. કોઇ ચોકસ ન્યાયાધિસ નહોતો. જૂદે જૂદે હાથ, વગર ધોરણે ન્યાયનું કામ હતું.

મરાઠાઓ તથા સઘળા યુરોપીયન કોઠીવાળાઓ પોતાના તાબાના માણસોનો ઇનસાફ કરવાનો અખત્યાર વાપરતા. પીઢાંવાળાઓ ઉતરતી વરણના લોકોને માગતાં લહેણામાટે પકડાવી મંગાવતા, તેઓને બાંધી મારતા અને કેદ કરતા. નવાબ સાહેબના હાથ નીચે બેવડા ન્યાયધીશ હતા, તેમની ઊપર વળી અપીલની કોરટ હતી, એક દરબારી અદાલત હતી તેનો વડો, નવાબનો ભાઇ હતો. બીજી નવાબ સાહેબની પોતાની અદાલત હતી. તેને 'કચાઇ હજુરી અદાલત' કહેતા. એ કોરટોના તાબામાં બીજી દીવાની તથા ફોજદારી કોરટો હતી. શહેરની પોલીસ કોરટ હતી, તે ચબુત્રા, કોટવાલી, તથા અમીનીને નામે ઓલખાતી. તે પાછળથી દીવાની ઇનસાફ પણ કરતી. એક ફોજદારી કચેરી હતી, તે ગોપીતળાવ આગળ હતી. તેને ચોરાસીનું થાણું

એ નામે પણ ઓળખતા હતા. એ થાણાનો વડો પણ નવાબનો ભાઇ હતો. મહેસુલખાતામાં કરાઇ સરકાર બક્ષી એ નામે અમલદાર હતો, તેના જુલમથી લોકો ઠર ઠર ધુજતા હતા. એ ઉપરાંત મહેસુલ ખાતાનો વડો એક બીજો હતો, તેનું નામ ઝફીરદખાન હતું.

ઇનસાફ ઘણો મોઘો હતો. કોરટોનું પહેલું કામતો દાવા આવે તે ઉપર નાણું લઇ નાણું ભેગું કરવાનું હતું. ફોજદારી કામમાં ઘણીખરી દંડની જ વાત હતી. વરસે રૂ ૪૦૦૦૦ દંડના ઉપજતા હતા. દીવાની કામમાં જેટલી રકમનો દાવો હોય તેથી અડધી રકમનો ખરચ હતો.

સને ૧૮૦૦માં સુરત કંપનિના હાથમાં ગયું ત્યારે એક અમલદાર નીમાયો. તેનો દરજ્જો જડજ અને મેજીસ્ટ્રેટનો હતો. સુરત, રાંદેર તથા આસપાસના પરગણામાં જડજ તરીકે તે દીવાની કામ કરતો તથા મેજીસ્ટ્રેટ દાખલ ફોજદારી કામ કરતો હતો.

મુસલમાન લોકોના ધર્મ સંબંધી તથા સંસારી મુકરદમાઓ ચુકવવાનું કામ એક જડજના હાથમાં હતું, તે કાજી કહેવાતો. તેજ અમલદાર લગનની નોધ રાખતો, તથા દસ્તાવેજો રેજીસ્ટર કરતો હતો.

એ ઉપરાંત એક બીજો નયાયાધિશ હતો. તે ઈંગ્રેજી કંપનિ હતી. વણકરો, " કારીગરો, મજુરો વગેરેનો ઇનસાફ કરવાનો અખત્યાર કંપનિનો હતો. તેઓની ફરીઆદ કંપનિ આગળજ થતી. પણ બીજા લોકો જેઓ નવાબના ઇનસાફથી અસંતોષી થયા હોય તેઓ ઈંગ્રેજના વડા આગળ જતા. તેઓ ઈંગ્રેજની પનાહ માંગતા. ઈંગ્રેજ તેઓને નવાબના અમલદારો પાસે મોકલતો. તેઓ જો દાદ આપે તો ઠીક, નહીં તો આખરનો હુકમ ઈંગ્રેજનો ચાલતો. સને ૧૭૯૬માં એવું બન્યુ કે, લોકોને ઈંગ્રેજ અમલદારપાસે દાદ માંગવા જતા અટકાવ્યા. જેઓ જાય તેઓને પકડવા માંડ્યા. તેથી ઈંગ્રેજે એક દાંડી પીટાવી કે ઈંગ્રેજ સરકાર કોઇ પણ વખતે કોઇપણ દુઃખીની ફરીઆદ સાંભળવા તૈયાર છે, અને જેઓ ફરી

આદ કરવા ઇચ્છતા હોય તેઓને માટે ચીફના બંગલાની બહાર એક ઘંટ રાખ્યો છે. તે ઘંટ તેઓએ વગાડવો. તે સાંભળતાજ દુખીની ફરીઆદ સાંભળવામાં આવશે.

મુસલમાન કોમનો ઇનસાફ કરવાનું કામ જેમ કાજીનું હતું. તેમ હિંદુ તથા પારસી કોમમાં જે ટંટો ઉઠે તેનો ઇનસાફ કરવાનું કામ એ દરેક કોમના વડાના હાથમાં હતું. હિંદુ કોમના ટંટાના ફૈસલા નગરસેઠ લખમીદાસ કરતા. અને પારસી કોમના ટંટાના ફૈસલા મોદી કરતા હતા.

## ખેતી અને ખેડુત.

અઢારમી સદીના ખેડુતો વિશે હૅટેવોરિનસ લખે છેકે તેઓ ઉદ્યોગી ખેડુત હતા. ખેડયા વગરની જમીન ક્વચિતજ નજરે પડતી હતી. તંબાકુ તથા ઘઉં ઘણો સારો થતો હતો. એ ઘઉં બટેવીઆ જતો હતો. પારસન્સ લખે છેકે, તંબાકુ ઘણી સંભાળથી સૂકવવામાં આવતો; તે સફાઇદાર અને ખુશ્બોદાર હતો. એ તંબાકુ મોખા ખાતે જતો હતો.

સુરતની આસપાસની ખેતી ઘણી ઉત્તમ હતી. ખેતરોને વાડ કરતા, અને વાડેવાડ આંબા આમલીના શોભાયમાન ઝાડો આવી રહેલાં હતાં. તેમાં ભાત, ઘઉં, બાજરી અને બીજો દાણો થતો હતો. કપાસ, સણ, તંબાકુ, આળ નામના જૂદી જૂદી જાતના રંગવાના કામમાં આવતા છોડ્વા પુષકળ થતા હતા. તલ, દીવેલી વગેરે કકડે કકડે જણાતું હતું.

વાડી અને બાગ બગીચા શોભાને માટે કરવામાં આવેલાં હતાં, તેમાં કોબીચ, કાલીફ્લાવર, વટાણા. ફ્રેંચબીન, આરટીચોક, એસપેરેગસ વગેરે ભાતભાતની વેલાતી તરકારીઓ ઉપરાંત, પટેટા, ગાજર, મુળા, સાલીદ વગેરે ગાડેગાડાં થતું હતું. તે જેવું તેવું નહોતું. પૂર સંભાળથી અને કીસબથી સારી રીતે એ છોડવા ઉછેરવામાં આવતા હતા. શાક ભાત ભાતનાં થતાં હતાં.

## "ચોરયાસી બંદરનો વાવટો."

આખા હિંદુસ્તાનમાં સુરત મોટું બંદર હતું. પરદેશ જવાનો માલ સઘળો એ શહેરની મારફતે જતો, તેથી હિંદુસ્તાનના દરેક ભાગનો માલ હિંમાં આવતો. તેથી આખા દેશનાં સઘળાં શહેરો સાથે વહીવટ હતો. સુરતને તરીને રસ્તે ૮૪ બંદરો સાથે વહેવાર હતો એવી લોકવાણી છે. એશિયા, યુરોપ, આફ્રિકા અને મહાસાગરમાં આવેલા બેટો માંહેલાં ૮૪ બંદરેથી વેપારને માટે વેપારીઓ આવતા હતા. તાપી નદી જુદા જુદા દેશોનાં જુદી જુદી ધાપછપના વહાણોથી ભરપૂર રહેતી તેથી "ચોરાસી બંદર" એ એક નામ હતું. પણ બંદરો જો ગણીએ તો ઓછાં વધતાં થાય. સુરતને કયાં કયાં બંદરો સાથે વહીવટ હતો, તે બંદરોનાં નામ નીચે આપ્યાં છેઃ—

| | | | |
|---|---|---|---|
| નવસારી. | ગંદેવી. | બીલીમોરા. | વલસાડ. |
| દમણ. | માહીમ. | વસાઇ. | મુંબઇ. |
| રત્નાગીરી. | ગોવા. | માંગલોર. | કેલીકટ. |
| કોચીન. | અલપાઇ. | માહી. | તાલીચરી. |
| કોલંબો. | ટીનવલી | તંજોર. | પોંદીશરી. |
| મદરાસ. | મછલીપટમ. | બાલાસુર. | કલકતા. |
| રંગુન. | બંતામ. | બટેવીઆ. | અચીન. |
| મોલ્લયુક્કાસ. | બંદા. | જેપાન. | ચીન. |
| સુંહાલી. | ભગવા. | ભરૂચ. | ખંભાત. |
| ઘોઘા. | ભાવનગર. | દીવ. | માંગલોર. |
| વીરાવલ. | પોરબંદર. | દ્વારકાં. | માંડવી. |
| કરાંચી. | મસ્કત. | ગોમબરૂન. | હોરમઝ. |
| ઇરાન. | સોકોત્રા. | જદ્દા. | મક્કા. |

| | | | |
|---|---|---|---|
| મદીના. | મોખ્ખા. | સ્કંદરૂન | અલેપ્પો. |
| બસ્રા. | ફરેમેનીઆ. | અબુધા. | મોરીસ. |
| મોહીલા. | માચોતા. | જોઆના. | મોઝાંબીક. |
| મેદગેસ્કર. | સોમાલી. | એબિસીનીઆ. | જંગબાર. |
| વેનિસ. | ઇસ્ટંબોલ. | આરમીનીઆ. | નેટલ. |
| કેપ. | ઇંગ્લાંદ. | ફ્રાંસ | સ્પેન. |
| પોરટુગલ. | હોલંદ. | જર્મનિ | દેનમાર્ક. |
| સ્વિદન. | ઓસ્ત્રિયા. | રોમ. | ગ્રીસ. |
| લેગહોર્ન. | જયોરજીઆ. | ગિનિ. | મિસર. |

## વેપાર.

સુરતી કપડમાં કીનખાબ અનુપમ હતો. તે શોભાયમાન અને ટકાઉ હતો. તેની ભાત રેશ્મી રહેતી, તે ઉપર સોનેરી તથા રૂપેરી કસબની કીનારીઓ વણવામાં આવતી હતી. એમાં જૂદીજૂદી જાતનું સુતરાઉ કપડ બનતું હતું, તે ઘણું ખરૂં જાડું હતું. ઝીણી મલમલ નવસારી અને ભરૂચમાં બનતી; તેવી કોઇ ઠેકાણે નહોતી. હરેક નવો નવો કીસબ સુરતમાં જોવામાં આવતો. એટલા કીસબી કારીગરો એમાં રહેતા તથા પોશાતા હતા કે છેક આરબસ્તાનથી ગેંડાના ચામડાં આવતાં, તેને સાફ કરીને કાચબાની પીઠ જેવાં કઠણ લીસાં તથા સફાઇદાર બનાવતા. તેપર રૂપાના ભારે ભારે ખીલા મારી તેની ઢાલ બનાવતા. એ ખીલા માથેથી ૧ ઈંચ વ્યાસ જેટલા મોટા રહેતા. એ ઢાલ પાછી આરબસ્તાન જતી. ત્યાં દરેકના ૩૦ થી ૫૦ રૂપીઆ ઉપજતા. એ ઢાલનો ખપ તમામ આરબસ્તાનમાં હતો. દરેક શકિતવાન આરબ પાસે એ જાતની એક પણ ઢાલ તો રહેતીજ.

ઇરાની અખાત તથા અરબસ્તાન તરફ ફરતાં વહાણોની કમાઇ સને

૧૭૮૬ લગી ઈંગ્રેજના હાથમાં હતી. તેઓ વેપારીઓ પાસેથી ભાડે રાખી, દરેક ટન દીઠ નફો ખાતા. સન ૧૭૯૯માં એ પ્રમાણે એક હથુ વેપાર ઈંગ્રેજે બંધ કીધો. ત્યારથી એ લતાઓપર નવાબનું ૧, ઈંગ્રેજનાં ૬ અને વેપારીઓના ૧૦ વહાણ ફરવા લાગ્યાં.

સમુદ્ર એટલે તરીને રસ્તેનો વેપાર સને ૧૭૮૯માં ઘણો ઓછો થઈ ગયો હતો. મુખ્ય વેપાર યુરોપના આયાત માલનો હતો. તેમાં ઈંગ્રેજ, વલંદા તથા પોરટયુગીઝનો વેપાર બહોલો હતો. ત્રાંબુ, રેશમ, લાખ. ચાહ, ખાંડ, સીલોરૂકામ, અને તેજાનાં એ માલ બંગાલા, ચીન તથા વલંદાના સંસ્થાનો ખાતેથી આવતો હતો. હાથીદાંત આફ્રિકા ખંડથી પોરટયુગીઝ લોકો લાવતા હતા. નગદી, કાફી, ખારેક, વગેરે આરબસ્તાન તથા ઇરાનથી આણતા હતા. નિકાસ માલમાં ઉંચી જાતનું રેશ્મી તથા સુતરાઉ કપ્પડ અને ગળી આરબસ્તાન તથા ઇરાન દેશ લઈ જતા; રૂ, ગળી અને કાપડ આફ્રિકા લઇ જતા; મદ્રાસખાતે રૂ જતો; ચીનખાતે રૂ, કરિઆણું કાપડ અને કાશ્મીરી શાલ જથાબંધ મોકલતા, અને મોરીશ્યસ તથા યુરોપ ખાતે થોડોઘણો રૂ જતો હતો.

યુરોપથી થતી આયાતમાં પરવાળાં, કસ્તુરી, કાચના મણકા. ત્રાંબું, લોઢું, ત્રાંબાંનાં પત્રાં, સોય, આરસી, અને ભાત ભાતનાં નાનાં મોટાં શોભાયમાન રમકડાં હતાં. એમાનો ઘણોખરો માલ વેનિસ થઇને આવતો હતો. વેનિસથી સ્કેનદેરૂન, અલેપ્પો અને બસ્રામાં આવતો. બસ્રાથી સુરત આવતો હતો.

નગદીમાં સોના રૂપાની પાટ અને સિક્કા આવતા હતા. સિક્કાઓમાં વેનિસના સિકેન્ઝ આવતા, તે દરેક રૂપીઆ ૪l નો હતો. જરમનિના દાલર રૂ ૪)=નો, ટરકી ખાતેથી રૂ ૩ ના સોનાના સિક્કા, અને ઇરાનથી રૂપાના આવતા હતા.

નિકાસમાં મુખ્ય વેપાર કાપડનો હતો. એ કાપડ સુતરાઉ હતું. તે તરેહ તરેહનું, જાડું, ઝીણું, છાપેલું, રંગેલું, અને ભાત ભાતનું રંગબેરંગી વણાટનું હતું.

કાશ્મીરની શાલ બારીકમાં બારીક ઊનની કીમતી અને અમીર ઊમ
રાવોના બરની બનતી તે સુરત આવતી હતી. હિયાંના વેપારીઓ તે દેસાવર
ચઢાવતા હતા.

રેશ્મી કાપડ કેટલુંક તદન રેશમનું અને કેટલુંક રેશમ અને સુતરનુ
બનતું હતું. પહેલે નબરે દોટી હતી. તે ઈરાન, અાગ્બસ્તાન, એ
બિસીનિયા તથા આફ્રિકાના આખા પૂર્વ કાંઠાપર જતી. આસમાની રંગનું સ
ણનું કાપડ ઈંગ્રેજ તથા વલંદાઓ ખરીદીને ગિનિખાતે મોકલતા.
ખંબાતના આસમાની તથા સફેદ રંગના ચેકરેલ નામના કાપડના
આરબસ્તાન તથા તુરકસ્તાનમાં ઝૅભા બનતા, તે તમામ કાપડ તે દેશોં ખાતે
જતું. તે ફક્ત રેશમનુ નહીં, પણ તેમાં કસબ વણવામાં આવતો. ભરૂચનુ ધો
ળું કાપડ જેને દોટી તથા બાસ્તાને નામે ઓળખતા તે કાંદાની પા
ત્રી જેવું બારીક થતું, તે ઇરાન તથા તુરકેસ્તાનમાં અમીર ઉમરાવો ઉનાળાના
પોશાકમાટે વાપરતા. પાઘડીના કામ માટે એક જાતની બારીક મલમલ થતી,
તેને બંધે છેડે કસબી છેડા રાખતા.

અમદાવાદની છીટ તથા છાપેલું જેવું કાપડ ચકચકિત અને ટ
કાઊ બનતું, તેવું કોરોમોન્દલ કાંઠા સિવાય આખી દુનીઆમાં બનતું ન
હોતું. તે ઇરાન ટરકિ અને યુરોપખાતે જતું. એ છીટના જાવા, સુમાત્રા તથા
મલાક્કાના બેટોના દ્રવ્યવાન લોકો ફેંટા બાંધતા. બરહાનપુરની ગાજ આસ
માની રંગની થતી, તે ઇરાન તથા તુરકસ્તાનમાં ગરીબ ગરબાંઓ અને લાલ
રંગની તવંગર લોકો વાપરતા. તુરકસ્તાનનો સુલતાન યાહુદી લોકોને સફેદ વ
સ્ત્ર પહેરવા દેતો નથી. તેથી યાહુદી લોકો એ ગાજની પાઘડીઓ પહેરતા.

સુરતી ગજી, છતારી, અજીઆ, વગેરે માલ એવી સફાઇથી હાથનો વણેલો
બનાવવામાં આવતો કે. તેની સફાઇ ચળકાટ અને ઘટ કુમાસથી યુરોપના તા
લેવાન લોકો, તે ગમે એવું મોઘું છતાં, તે ઉપર મોહી પડતા. તેનો રંગ પાકો
ને પાકો અને બહુજ ભપકાદાર રહેતો હતો. ગમે એટલા ધો પડે તો લગારૂં

ફાટે પણ રંગ ખસતો, કે લગારે ફીકફો પડતો નહોતો. તેમાં જાત જાતના રંગબેરંગી કસબી ફૂલો પાડવામાં આવતાં હતાં. એ ફૂલવાળું કપ્પડ ટરકિના સુલતાનના અને ઇરાનના શાહના દરબારમાં વપરાતું હતું. કાશ્મીરની શાલના જેવી શાલ સુરતમાં પણ બનતી હતી; પણ ઉન મોઘું પડયાને લીધે તેનો ભાવ પોષાતો નહોતો. સુરત ખાતેથી જૂદા જૂદા રંગની બોજામાં ઘણીજ હલકી પણ ઉંફાળી અને સુંઆળી શાલસાથે તેવીજ ઉનની પાઘડીઓ ઇરાન તથા તુરકસ્તાન જતી. ઉંચી પાઘડી એક હજાર ક્રાઉન એટલે અડી અંડી હજાર રૂપીઆની થતી.

એ પ્રમાણે દરેક શહેર અને પ્રાંતખાતેનો માલ સુરતને બંદરેથી દેશાવર જતો. નીંબર નામનો મુસાફર સને ૧૭૬૩ માં લખે છે કે, સુરત આખા હિંદુસ્તાનની સૌથી કીમતી પેદાશોની વખાર હતું. એવી રીતે સન ૧૭૭૭ લગી ચાલ્યું, અને પછી તુટવા માંડયું હતું. કસ્ટમના જકાતની ઉપજ ઊપરથી એ ઘણું સાફ જણાઇ આવે છે. સને ૧૭૫૯ માં જકાતના રૂ ૨૫૬૫૦૦ ઉપજયા હતા, ત્યારે સન ૧૭૯૮માં ઘટીને છેક રૂ ૩૯૦૦૦૫૨ આવી ગયા હતા.

સને ૧૮૦૦ના સાલમાં સુરત ઈંગ્રેજના હાથમાં આવ્યું ત્યારે આયાત તથા નિકાસ મળી રૂ ૩૫૬૫૮૪૧ના વેપાર રહયો હતો. તેની વીગત:—

| | | |
|---|---|---|
| જે જણસોપર કસ્ટમનો વેરો લેવાતો તે | | રૂ ૮૬૯૩૭૭. |
| ,, | સરટિફિકેટ ટેક્ષ ,, | ૧૫૦૦૪૭૯. |
| ,, | કસ્ટમ તથા મુકાત ,, | ૩૮૩૮૬૩. |
| ,, | સરટિફિકેટ ટેક્ષ તથા મુકાત ,, | ૮૧૨૧૨૨. |

*—જે જણસોપર એકલી મુકાત લેવાતી, તે જણસોના હીસાબ ગણયો નથી, તેથી તે ઉપજ જૂદી છે.

તે વરસમાં વેપારની મુખ્ય જણસો આયાત તથા નિકાસમાં ૩૮ જાત

ની હતી. તે નીચે મુજબઃ—

## વેપારની જણસ.

| | |
|---|---|
| રૂપીઆ ૧ લાખથી ઊપરની કીંમત. | રૂ૦ |
| હાથીદાંત | ૩૨૨૨૮૦. |
| સુતર | ૨૧૬૧૩૦. |
| ખાંડ | ૧૮૨૦૮૮. |
| ત્રાંબુ | ૧૭૦૧૮૦. |
| દાલર | ૧૬૪૨૦૦. |
| ચાદર | ૧૨૮૫૬૦. |
| કીરમજ | ૧૧૦૫૧૦. |
| રૂપીઆ ૫૦ હજારથી ૧ લાખ સુધીની. | |
| શાલ | ૯૫૨૬૦. |
| ખાફ્તા નામનું ઝીણું કાપડ | ૯૩૩૧૦. |
| રેશમ | ૯૩૨૫૦. |
| ખાંડ | ૯૧૫૫૦. |
| ઘાતી | ૮૨૭૮૦. |
| સોપારી | ૮૧૦૮૦. |
| કટનિસ. | ૭૨૧૦૦. |
| પાલનપુરી (કાપડ) | ૬૨૫૪૦. |
| અલેચા | ૬૦૮૬૦. |
| રૂપીઆ ૨૫ હજારથી ૫૦ હજાર સુધીની. | |
| દુપટ્ટા | ૪૮૩૭૦. |
| જીંજેલી (તેલ) | ૪૭૦૮૦. |

| | |
|---|---|
| લોઢું | ૪૬૨૫૦. |
| તજ, તમાલપત્ર | ૪૪૩૦૦. |
| આરેક | ૪૧૨૦૦. |
| સિંદુર | ૩૯૫૦૦. |
| લવેંગ | ૩૨૨૮૦. |
| પાન | ૨૮૨૬૦. |

રૂપીઆ ૧૫ હજારથી ૨૫ હજાર સુધીની.

| | |
|---|---|
| કાપડ | ૨૪૬૫૦. |
| સુરંગી | ૨૪૫૦૦. |
| લુંગી | ૨૨૬૫૦. |
| છીટ | ૨૨૪૫૦. |
| મરી | ૨૧૫૬૦. |
| શાકેર | ૨૦૩૬૦. |
| કાચઆનાં ચામડાં | ૨૦૩૧૦. |
| પાઘડી | ૧૮૬૫૦. |
| દીવેલ | ૧૮૫૬૦. |
| ઘી | ૧૮૦૭૦. |
| પટોળી (રેશ્મી કપડું) | ૧૫૯૬૦. |
| સાલ્લા. | ૧૫૭૬૦. |
| ખજુર | ૧૫૬૭૦. |
| મસ્તુલ | ૧૫૫૧૦. |

ઉપજ.

સને ૧૭૫૯માં સરકારી આમદાની ઘટી ગઇ હતી. એ વખતે ૩ ભાગ

પડતા. નવાબને ભાગે રૂ ૬૭૦૧૩૦, મરાઠાને ભાગે રૂ ૧૨૭૫૦૮, અને ઈંગ્રેજને ભાગે રૂ ૯૦૦૦૦ આવ્યા હતા. શહેરની ઉપજ આટલી મોટી હતી, તે છતાં નવાબ પાસે સીલક રહેતી નહોતી. મરાઠાઓ બબડતા હતા, અને વગ આવે ત્યારે પોતાનો ભાગ વધરાવતા હતા.

સને ૧૮૦૦માં શહેર લીધું, તે વરસમાં ઉપજ રૂ ૮૦૯૩૫૦ની અને ખરચ રૂ ૯૪૫૬૯૦નો હતો.

ઈંગ્રેજને કિલ્લાનો તથા દરીઆઈ લશ્કરનો ખરચ, આવક કરતાં વધારે હુતો. ઈંગ્રેજે સને ૧૭૫૯માં કિલ્લો લીધો ત્યારથી તે સને ૧૭૯૬ લગીનાં ૩૭ વરસમાં તેને ઉપજ ઉપરાંત રૂ ૬૯૯૮૨૫૦નો ખરચ વધારે થયો હતો.

## જમીનનું મહેસુલ.

જમીનનું ગણોત પરભારયું નવાબ સાહેબને મળતું નહોતું. મરાઠા અથવા ગાયકવાડ તે વસુલ કરતા, અને હિસાબ મુજબ નવાબને ફાલો મળતો. જાગીરદાર લોકોને ગણોતીઆ દુખી કરતા. બક્ષી સરખાના ગણોતીઆ તેને ગાંઠતા નહોતા. મરાઠા રાજી હોય તો તે મળતું. નહીં તો રખડી જતું. ઉમરા ગામમાં બક્ષીની જાગીર હતી. તેના ગણોતીઆ હથીઆરબંધ માણસોની ટુકડી જતી ત્યારેજ ગણોત આપતા.

## મુકાત.

બીજી ઉપજ મુકાતની હતી. એ મુકાત નવાબ તેગબખતખાને સને ૧૭૩૫મા નવી દાખલ કરી હતી શહેરમાં ખુસ્કી મારગે જે વેપારની જાણસો આવે તે ઉપર મોરચે મોરચે જે જે વેરો લેવામાં આવતો તેને મુકાત કહેતા હતા. એ મુકાત ગુજરાતથી આવેલા બે સખસોએ પહેલાં રાખી. તે સખસો

તે મંગલજી અને વસન ભાટીઓ હતા. મુકાતમાંથી સને ૧૭૭૮ના હીસાબ મુજબ રૂ ૪૨૬૨૩૦ ઉપજતા હતા. મુકાતદારોના જુલમનો કાંઠો નહોતો. તેમ લુચ્ચા વેપારીઓ મુકાત બચાવવાને હજારો રીતે દગો ફટકો કરતા હતા. જકાત એકજ તરેહનું નહોતું. કેટલીક જણસપર એકજ વેરો હતો, અને કેટલીકપર બે તથા કેટલીકપર ત્રણ હતા. મુકાત, જકાત અને સરટિફિકેટ ટેક્ષ, એવા ૩ વેરા હતા.

મુકાત જે મોરચે લેવાતું તે દરેક જાતના અનાજ, ફળ ફળોલ, ઘી, માખણ, ખાંડ, તંબાકુ, વગેરેપર હતું.

ખુસ્કી જકાત અનાજપર સેંકડે ૫ ટકા લગી લેવામાં આવતું તે જેવું અનાજ તેમ ટકા ૨ થી ૫ લગી લેવાતું. ઘીપર ૧૦.૫૫ ટકા, ખાંડપર ૧૧.૭૫ ટકા, અને તંબાકુપર ૩૦.૧૦ ટકા લેવામાં આવતુ હતું.

ખુસ્કી જકાત ઊપજાવવાને જે ઇજારા આપતા, તે મુકાત કહેવાતી, અને ઇજારદારને મુકાતદાર કહેતા.

## જકાત.

ત્રીજો વેરો કસ્ટમનો હતો. તે જકાત ગણાતું. ખુસ્કી જકાત જૂદું અને કસ્ટમનું જકાત જૂદું આપવું પડતું.

કસ્ટમનું જકાત ૧૦૧ જણસોપર લેવામાં આવતું. તેમાં મુખ્ય, રંગ, ફળફળાદી, અને બનાવટની વસ્તુઓ હતી. એના ઉપર એક સરખું ૨॥ ટકા જકાત હતું, તે ઉપર કહેલી ખુસ્કી જકાત ઉપરાંત નવું આપવું પડતું. કેટલીક વસ્તુઓપર કસ્ટમનું જકાત ભારે હતું. હીંગપર ૮.૩૩, હુરડાંપર ૮.૮૨, ગોળપર ૧૦.૬૭, ઘીપર ૧૧.૮૭, અને લાખપર ૩૦.૯૮ ટકા હતું.

## સરટિફિકેટ ટેક્ષ.

ચોથો વેરો સરટિફિકેટ ટેક્ષ હતો. કેટલીક જણસપર ઉપલા બે વેરા આપ્યા ઊપરાંત આ ત્રીજો પણ આપવો પડતો.

એ વર્ગમાં ૧૧૫ જણસપર જકાત હતું. એ જકાત સરટિફિકેટ અથવા માફી જકાત કહેવાતું. ઈંગ્રેજના પરવાનાથી લાવેલા માલપર ૧॥ થી ૩ ટકા (પણ દાડેમ તથા લુબાનપર ૫ ટકા, હીંગપર ૯ ટકા, અને લાખપર ૪૬.૬૩ ટકા). એ સઘળો-લાટીનો માલ કહેવાતો.

નવાબની માફીમાં આવતો, તેપર ૦॥ ટકો લેવાતો. એ-કુરજાનો માલ કહેવાતો હતો.

## "ચોમડી" મુજબ કર.

ચાલુ કુરજાનો વેરો વેપારીઓપાસેથી નાતજાતનો તફાવટ રાખીને લેવામાં આવતો હતો. નવાબ સાહેબ મુસલમાનો પાસેથી સેંકડે ૨॥ ટકા આરમીનીયન પાસેથી સેંકડે ૩॥ ટકા અને હિંદુઓ પાસેથી સેંકડે ૫ ટકા લેતા હતા. એક ખાશ વેરો હતો, તે તેગબખ્તખાંએ ૧૭૪૬માં નાખ્યો હતો, અને એકોટરો કહેતા. કેમકે લડાઇના ખરચ માટે થોડાં વરસ સેંકડે ૧ ટકો કર નાખ્યો હતો. એ એકોટરો ઈંગ્રેજે સન ૧૭૫૯ની લડાઇના ખરચ વસુલ કરવા ફરીથી નાખ્યો હતો. મુસલમાન તથા હિંદુ તરફના પહેલા વેરાની ઉપજ આખી નવાબને મળતી. આરમીનીયન તેમજ હિંદુ અને મુસલમાનો ઊપરના બીજા વેરાની ઉપજ ઈંગ્રેજને મળતી. તેમાટે જૂદા જૂદા વેપારી વર્ગના લોકો જે એકંદર આપતા તે આ પ્રમાણે હતું. મુસલમાન-૪॥ ટકા અને હિંદુઓ-૭ ટકા.

## નાતજાતનો તફાવટ રાખ્યા વગર કર લેવાડવાની ઈંગ્રેજની કોશેશ.

ઉપર જોતાં માલમ પડે છે કે હિંદુઓપર બોજો ભારે હતો. તે બોજો ઓછો કરવાને અને સોને સરખા ગણવાને ઈંગ્રેજ બહુ કોશીશ કરતો. સને ૧૭૬૩માં મીઠ હોદજીસની મહેનતથી હિંદુઓપરથી ૧ ટકો ઘટાડી. ૬ કરયા, તે પ્રમાણે સને ૧૭૯૨ લગી ચાલ્યું.

## ઇંગ્રેજ પોતે કર કેમ લેતા ?.

ઈંગ્રેજો પોતાના તાબાના વેપારીઓપર નાતજાતનો તફાવટ રાખ્યા વના ૪ ટકા લેતા હતા. આ ઉપરાંત ૧ ટકો એકેટરા કરનો, અને એક બીજો 'કનવોય ડયુટિનો' મલી બે. જુમલે ૬ ટકા લેતાં હતા. સને ૧૭૯૪માં ઈંગ્લાંડથી હુકમ આવ્યથી તે ઘટાડીને રા ટકા કરયા. તે મુજબ નવાબ પાસે પણ કરાવ્યું. પણ સને ૧૭૯૯માં માલમ પડ્યું કે આવક ઘટી ગયાથી ખરચ પૂરો થતો નથી, તેથી પાછો વધારયો.

## પરદેશી કોઠીવાળાઓ.

ફ્રેંચ, વલંદા તથા ફીરંગી, ફેરમાનનાં લખાણ મુજબ, રા ટકા જકાત આપતા હતા. તેજ કાયમ હતું.

## પરદેશી કોઠીવાળાઓની હાલત.

અઢારમી સદી પૂરી થયાં પહેલાં વલંદાઓનો વેપાર સુરતમાં ઘણોખરો

પડી બાંધ્યો હતો. સન ૧૭૯૯માં તેઓની કોઠી ઈંગ્રેજે લઈ લીધી હતી. પણ ૧૮૧૫માં જો કે તે પાછી આપી, તોપણ વેપાર કશો તેમના હાથમાં રહ્યો નહીં. તેઓની કોઠી ૧૮૨૫માં તદન ખાલી હતી, અને વલંદાઓના વડો તે ખાલી કરી ઈંગ્રેજને આપી દેવાનો હુકમ હોલંડથી આવવાની રાહ જોતો બેઠો હતો.

ફ્રેંચ લોકોની કોઠી પણ સન ૧૭૯૯માં ઈંગ્રેજે જપત કરી હતી. પણ એ કોઠીપણ ૧૮૧૫માં લડાઈ બંધ પડેથી પાછી આપી. એ કોઠીના ગવર્નર મરણ પામ્યો તથા બીજા અમલદારો એક પછી એક મરણ પામ્યાથી બાકીનાઓ મોરીશ્યસ જતા રહ્યા. ફ્રેંચ લોકોની માત્ર એક નિશાન સુરતમાં છે, અને તો અઠવાના મોરચા બહાર બેલેર અથવા ફ્રેંચ ગાર્ડનને નામે ઓળખાય છે.

પણ એ સદી પૂરી થતાં લગી પોરટયુગીઝ લોકોની કોઠી હતી, પણ તે પણ ઘણી આબાદ હાલતમાં નહોતી.

## નવાબી રાજયના છેલ્લા દિવસો.

સને ૧૭૯૯માં જાનેવારી મહીનામાં નવાબ મીર નીઝામુદીનખાન મરી ગયા, અને તેઓની પાછળ એક મહીને તેઓના બાળક શાહજાદો મરણ પામ્યો. તે વખતે મરનાર નવાબના ભાઈ મીર નાસરૂદીનખાન અને નવાબના કુટુંબનો બીજો દાવાદાર સુરતની નવાબીમાટે હરીફાઈ કરવા લાગ્યા. તેઓમાના એકને ઈંગ્રેજે ગાદી આપી નહીં.

આ વખતે હિંદુસ્તાન દેશમાં બ્રિટિશ રાજ બળવાન થયું હતું. ચોતરફ ઈંગ્રેજનો વાવટો ઉડતો હતો. પ્લાસીના યુદ્ધથી બંગાલા ઈંગ્રેજના તાબામાં આવ્યું હતું. એ યુદ્ધમાં ઈંગ્રેજના ફકત ૩૦૦૦ માણસો હતાં અને બંગાલાના નવાબ સીરાજુદ્દવલા પાસે ૫૦૦૦૦ હતાં, તે છતાં એક દિવસમાં તે હાર્યો હતો. એ અનુભવ પછી તાજો અનુભવ સને ૧૭૯૯માં ઈંગ્રેજને માઈસોર ખાતે મળ્યો હતો. ટીપુ સુલતાનને હરાવી, તેનું રાજ લીધું હતું. ફ્રેંચ કે વલંદા

ઓ તરફની ઈંગ્રેજને ફરી બીક રેહી ન હોતી. બીક માત્ર પેશ્વા તથા મરાઠા ઓની હતી. તેઓને પણ નબળા કરયા હતા.

આ વખતે હિંદુસ્તાનનો ગવર્નર જનરલ લોર્ડ મોર્નિંગટન નામનો બહાદૂર પહેલવાન હતો. મુંબઇમાં ગવર્નર તરીકે, મિ૦ ડંકન અને સુરતમાં ચીફ તરીકે મિ૦ સીટન નામના બહોલા અનુભવવાળા કામદારો હતો. મામલો આવો હતો એવામાં નવાબે સને ૧૭૯૯ના દિસંબર માસમાં તંબાકુપર કર નાખ્યાથી મહમદન લોકોએ હુલ્લડ કરયું.

## સને ૧૭૯૯નું તંબાકુ બાબત હુલ્લડ.

પ્રજાને પણ વિનાશકાળે વિપ્રીત બુદ્ધિ સુઝી. નવાબની આમદાની સને ૧૭૯૯માં છેક ઘટી હતી, તે કરજદાર થઇ ગયો હતો. નોકરોના પગાર છ છ મહીનાના ચઢી ગયા હતા, તેથી તંબાકુ અને અનાજની મુકાત આપી. આથી લોકો ઉશ્કેરાઇ ગયા. ઈંગ્રેજના વડા અમલદાર મી૦ સીટન તા૦ ૭મી જાનેવારી ૧૮૦૦ને દિવસે, મુંબાઇના ગવર્નર જોનાથન ડંકનપર નીચે મુજબ કાગળમાં એ હુલ્લડ વિશે લખે છે.

"ચારસે' પાનસે મુસલમાનીઓ તા૦ ૨૭મી દિસંબરે ચીફની વાડીમાં આવી, અને તંબાકુ, દાણા વગેરેની અપાયલી મુકાત વીરૂધ ફરીઆદ કરી સઘળીઓ તેને છુટે મહોડે ગાળો દેવા લાગી. તેણે તેમને જવાબ દીધો કે એ મારૂં કામ નથી. એતો નવાબસાહેબનું છે, માટે તેમને કહો. બક્ષીસાહેબ તે વખતે અસ્વારીમાં પાલખીમાં બેસી નીકળેલા હતા, તેઓની પાલખીપર એ વીખરેલી ઓરતો ગાળબેલ દેતી ટુટી પડી. અને કહ્યું કે જો તમે દાદ નહીં સાંભળશો તો મુંબઇના ગવર્નર આગળ ફરીયાદ જશું. એવી રીતે કિલ્લાની સામે તેની પાલખી ૨ કલાક અટકાવી તેને રોકી રાખ્યો. બક્ષીએ તે વાત નવાબને કહી અને પુછયું કે આ બળવાનું કેમ કરવુ ? નવાબે તેઓ

ને રૂ ૨૦ મોકલયા. તેઓએ તે લીધા નહીં; અને બક્ષીની અસ્વારી પાછી આવે તેની રાહ જોતી ઉભી. બક્ષીસાહેબ છાનામાના દરીઆમહેલમાં જતા રહ્યા. બીજે દહાડે બક્ષી આલીવ દરવાજે ગયા, પણ તે ઓરતોને લીધે ફ્રોતકની ભાગળેથી શહેરમાં દાખલ થયા. તે ઓરતોને ખબર પડીકે તે તો બીજે રસ્તે નાઠો તેથી દોડતી જઇને અદરૂસ આગળ અસ્વારીને પકડી પાડી ને તે ઉપર હુમલો કરયો. ઘણીએક ગાળભેલ દઇને બુમબરાડા પાડીને તેઓએ બધીએ તેનાપર ઈંટ પથરા અને ધુલનો મારો ચલાવ્યો. તેથી સુરતમાં એક મહોટો બનાવ બનશે એવું રૂપ થઇ પડયું. પણ પરમેશ્વરની મહેર બાની અને દુવાથી તે વાદલ ઊતરી ગયું.

પારસીઓ એકઠા થઇને મોદીને ઘેર ગયા અને કહ્યું કે ઇનસાફ મળવો જોઇએ, નહીં તો અમને ગમશે તેમ કરીશું. મોદીએ ૪ દિવસમાં એ વિશે બંદોબસ્ત કરી જવાબ આપ્વાનું કબુલ કીધું. આથી તેઓ રાજી થયા અને ઘર ગયા.

તા૦ ક૦ સુરતમાં મોદી પારસી કોમના વડા છે."

આપરથી જણાય છે કે, પ્રજાએ પોતાના રાજ કરતાના હાથ મજબુત કરવાને બદલે નબળા કરયા હતા. તેઓજ તેની સામે થયાં, અને તેઓએજ અપમાનો આપ્યાં. આ સઘળું ઈંગ્રેજે નિરાંતે જોયા કરયું. ધારયું કે હવે સુરત લેવાનો લાગ સારો છે. એ હુલડ થયા પછી ૪ મહીને સુરત ઈંગ્રેજના હાથમાં ગયું.

## પ્રકરણ બારમું.

### નવાબપાસેથી સુરત લેવાને હિંદુસ્તાનના ગવરનર જન રલ તથા મુંબઈના ગવરનર વચ્ચે પત્ર વહેવાર.

નામદાર અર્લ ઓફ મોરનીંગટન તરફથી,
નામદાર જોનાથન ડંકન ઉપર.

તા૦ ૫મી ફેબરવારી ૧૭૯૯.

તમોએ વાપરેલી સમજથી હું તદન સંતોષ પામ્યો છઊં. હું અરજ કરૂં છું કે, એ બાબતના જે ભાગનો ફડચો કરી નાખવાની જરૂર હોય તેનો ફ ડચો, મને પુછ્યા વગર તમારે કરવો.

### મુંબઈના ગવર્નરે ગવર્નર જનરલપર લેખેલો પત્ર.

મુંબઇ તા૦ ૧૬મી અપરેલ ૧૭૯૯.

સુરતના કારભારમાં સુધારા દાખલ કરવા માટે આવતાં ઘણાં વરસ ક રતાં હમણાના વખત ઘણો અનુકુળ છે, તેથી તમો નામદારનાં મત તથા મંજુરયતનો લાભ લીધા વગર ચોખું કરવાની અમારી મરજી નથી. તેટ લાં હાલના જાયનશીનને સમજાવીને જે માગણી કરી છે તે કબુલ કરાવવા ને ડહાપણથી જેટલું બનશે, એટલું કરશું.

## મુંબઇના ગવર્નર મીં૦ જોનાથન દંકન ઉપર સુરતના ચીફ મીં૦ સીટને લખેલો પત્ર.

તા૦ ૧લી અપરેલ સને ૧૭૯૯.

મીર નાસરૂદીને કીરપારામની અથવા તેની આગલ પાછલ રહેતા કોઇ પણ સખસની જાણવગર તમને મોકલેલો પત્ર ખરો છે. તે બદલાઇ ગ-લો માણસ દેખાય છે. તે પ્રથમ નમનતાઇવાળો અને સઘળા દેખાવમાં તાબેદાર હતો, અને પોતાના ફરજબાપર હક કરતાં તે આપણી મહેરબાનીથી મળયો છે એવું જણાવતો દેખાતો.

રૂકો મલ્યા પછી મેં તેની ખાત્રી કરી આપી છે કે, મારાં મત પ્રમાણે તમે (ગવર્નર) ગુસ્સે થશો, અને મેં એટલે સુધી યાદ દેવાડી છે કે, સરકારની મરજી પ્રમાણે નહી ચાલ્યાથી ભરૂચના નવાબના છોકરાઓની હાલત કેવી થઇ છે તે તે છોકરાઓ સુરતમાં છે, તે દેખે છે.

## મરહુમ નવાબના ભાઈ મીર નાસરૂદીનખાન તરફનો રૂકકો.

વગર તારીખનો. પહોંચ તા૦ ૧૮ મારચ ૧૭૯૯.

મારા બપાવા, બાપ તથા ભાઇના મલી જે આસરે ૪૦૦ નોકરો છે, તે સઘળાં કંપનીની આબાદીમાટે રાત દહાડો દુવા માગે છે. આપણે સઘળા ગોયા એક વહાણમાં બેઠા છીએ તેનો વડો નામદાર ઈંગ્લાંદનો રાજા છે, નામદાર કંપનિ અમારા પીતા, મુરબ્બી તથા નહી બદલાય એવા મીત્ર છે. ખાતાનો આગલો ગેરબંદોબસ્ત સુધારવાને મેં ઠરાવ કીધો છે, અને ગેરવાજબી ઉપજ કાઢી નાખનાર છું.

## મીર નાસરૂદીનખાને મી૦ જોનાથન ડંકન પર લખેલો પત્ર.

તા૦ ૨૯મી મારચ ૧૭૯૯.

કુરજાના વેપારીઓ એક મેજર તૈયાર કરતા હતા. તેઓ વગર કારણનુ ધમખાણ કરે છે. તેઓમાં એક પણ માણસ સારી આબરૂનો નથી. જે ચંદાલો હમેશાં સરકારનાં કામમાં હરકત નાંખે છે, તે ચંદાલોનું એ કામ છે. તેઓ સરકાર સામે તીરસકાર ભરેલી ભાષા પણ વાપરે છે. તેઓ મારી આગળ ફરીઆદ લાવ્યા, તેમને મેં એવું કહીને હાંકી કાઢયા કે કાનવોયના ખરચ માટે ૨ ટકા નાખ્યા છે તે સઉથી મધ્યમ માપો છે.

દાલરની બાબતમાં એમ છે કે તેમને ૧૦૦ દાલરના ૨૦૮ રૂપીઆ આગલા દર મુજબ મળતા. મારા મરહુમ ભાઇએ કેટલાક હક તથા વેરા કાઢી નાખ્યા અને ૧૦૦ દાલરના ૨૧૬ એટલે સેંકડે ૪નો નફો આપ્યો. એ સઘળી મહેરબાની છતાં, જયાં લગી મરાઠાઓની ટંકશાળ શહેર બહાર ચાલતી ત્યાં લગી શહેરમાંહેલી ટંકશાલમાં એકપણ દાલર તેઓએ મોકલ્યો નહીં.

## મી૦ ડેનીયલ સીટને મી૦ જોનાથન ડંકનપર લખેલો પત્ર.

તા૦ ૧લી અપરેલ સને ૧૭૯૯.

તમે મને લખ્યું હતું કે સરકાર જો મીર નાસરૂદીનને ગાદી આપે તો તમે તેના ભાઇને જે કરાર મોકલ્યા હતા, તે કરાર તેને કબુલ છે કે નહીં તે વિશે મારે તેને કસી જોવો, તે ઉપરથી મારી તથા મીર નાસરૂદીનની વચ્ચે શી બીના બને છે, તે મેં તમને વખતે વખત લખી મોકલી છે.

મેં તે કરાર તથા અદાલત કાઢવાની વાત પેહલી મુલાકાતમાં કાઢી. કરાર

વિશે તે મરજી જતાવે છે પણ નાચારીની વાત વચ્ચે આણે છે, અને કહે છે કે મારા અમલદારો સાથે મસલત કરીશ. અદાલત વિશે કહે છે કે તેથી મહેનત પડશે. તેણે મને કરગરીને કહ્યું કે, મારો હાથ પકડો અને ખરી દોસ્તીની ખાત્રી આપો, કેમકે તેણે કહ્યું કે મારાપર તેનો ભરોસો છે. મેં તેને કબુલત આપી અને કહ્યું કે કરારમા એક કલમ છે તે મુજબ સરકાર તમને તમામ મદદ આપશે. તેણે કહ્યું કે સુરતની ઇજત તથા રૈયતનાં ભલાંમાટે તે ખુશીથી મારીસાથે મળીને કામ કરશે.

મેં તેને દબાણથી કહ્યું કે જેતે ચોખો જવાબ લખીને આપો, કેમકે મેં કહ્યું કે, જો અગત હશે તો ગવર્નર હીઆં આવશે. થોડા દહાડાપર તેણે મને એક રૂકો મોકલ્યો, તેમાં ફકત એટલું કબુલ કરે છે કે નામદાર કંપનિને તે વરસે બે લાખ રૂ૦ મફત આપવા તઇયાર છે આ જવાબથી મેં તેને બેલાવીને આશ્ચર્યપણું તથા નાઉમેદી બતાવી, અને તેને ઠેકાણે લાવવાને ઉંચો નીચો કરયો, પણ તેનો ભાઇ જે બહાના તથા કારણ બતાવતો તેજ તેણી બતાવે છે.

### મી૦ સીટનપર મીર નાસરૂદીને મોકલેલો રૂકો.

મારાથી કરાર કબુલ થાય નહી, અને જુના નોકરોને તથા સીપાઇઓને કાઢી મુકાય નહી. પણ હું કંપનિને હમેશા સુધી એમને એમ દર વરસ બે લાખ રૂ૦ની બક્ષીસ આપીશ.

## મુંબઇના ગવર્નર મી૦ જોનાથન ડંકને મીર નાસરૂદીનપર લખેલો પત્ર.

મુંબઇ તા૦ ૧૬મી અપરેલ સને ૧૭૯૯.

હાલની જરૂરીયતમાં અસલ કરારમાં કબુલ્યા મુજબ નવાબની નેમનુક કરવાની પણ જરૂર છે, તેથી તે ગોઠવણ તથા તમને નવાબી આપવી. એ બંધે કામ એકકી વખતે થાય તો સારૂં એવું લાગે છે. તેથી જેવું મને માલમ પડશે કે એ જગાએ કોને બેસાડવો, તેજ વખતે તે નેમનુક તમને લખી જણાવવામાં આવશે. કંપનિ સરકાર સાથના કરાર મુજબ એ નેમનુક કરવાનુ કામ સરકારનુ છે.

## નામદાર ગવર્નર જનરલ તરફથી મુંબઈના ગવર્નરપર પત્ર. ( છુપું ખાતું )

તમારો ગઇ તા૦ ૧૬મી અપરેલ ૧૭૯૯નો દિસપેચ પહોંતો છે.

તમારો તા૦ ૬ ઠી નવેંબર ૧૭૯૮નો પત્ર સુરતના મા૦ નવાબના મરણની થોડી મુદ્દત અગાઉ પહોંતો હતો. એ મરણને લીધે, તમારા દિસપાચમાં લખેલો બધો ઘાટ બદલાઇ ગયો.

એ બાબત વીશે મલેકહુમસાહેબ તમને હુકમો આપે છે કે,

સને ૧૭૫૮માં નવાબ મયેનીદીનખાન સાથે જે કરાર થયા છે, તે કરારનો અમલ તેમનાં મરણથી બંધ પડયો છે.

તે તેમનો એકલાનો કરાર હતો. તે તેના વારેસોને લાગુ પડતો નહોતો. સને ૧૭૬૩માં મયેનીદીનના મરણ વખતે, તથા સને ૧૭૯૦માં નવાબ કુટબુ

દીનના મરણ વખતે ચાલેલી તકરારથી સાબેત થાય છે કે તે કરારનો અમલ મયેનીદીનના મરણથી બંધ પડયો છે.

મુગલાઇ અમલ નાબુદ થયાથી, હવે તે બાબત શું કરવું, તે વિશે કંપનિની મરજીમાં આવશે તેમ કરશે.

નવાબની જગ્યાએ કોને બેસાડવો તે હકની સાથે સુરતનાં કામમાં વાજબી, ડહાપણ ભરેલો અને પુખ્ત બંદોબસ્ત કરવાની ફરજ પણ જોડાયલી છે. સુરતના લોકોના જાનમાલની સલામતી માટે કંપનિ સિવાય બીજો કોઇ જવાબદાર છે નહીં.

તે માટે માજી નવાબ તથા તેના બાપ મીર કુટબુદીને એવું ધારેલું સમજવું જોઇએ કે, સને ૧૭૫૯ના કરારની રૂએ નહી પણ સરકારની મહેરબાનીને લીધે તેમને નવાબી મલી હતી.

શહેરના માંહેલા કારોબાર તરફ જોતાં, મહેસુલ વસુલ કરવામાં દગા ફટકા, જુલમાત અને અંધેર ચાલે છે તે તરફ જોતા, ઇનસાફના કામમાં લાચ રૂસવત ચાલે છે તે તરફ જોતાં, પોલીસની યોગયતા, મુખ્યત્વે કરીને ૧૭૯૫ માં બતાવેલી અયોગ્યતા તરફ જોતાં, પુષ્કળ સાબેતીઓ મળે છે કે, નવાબ સાહેબો શહેરના માંહેલા તેમજ બહારના બચાવના બંદોબસ્તના કામમાં અયોગ્ય હતા.

આ અગતની નેમો ફકત ત્યારેજ જલવાય, કે જયારે કંપનિ સરકાર સુરતનો તમામ વહીવટ પોતાના હાથમાં લે.

આ પત્રમાં, કરારની સરતો બીડેલી છે. તે મીર નાસરૂદીનને આપવી. નવાબની ગાદી કેવી સરતે તેમને મળશે, તે વિશે ચોકસ સરતો તેમાં લખેલી છે.

જો મીર નાસરૂદીન એ સરતો કબુલ કરે તો, તમારે તેને નવાબી આપવી. જો ના કહેતો, નવાબી આપવી નહીં, અને જાણે તેણે સરત કબુલ કરી હોય ત્યારે જેમ સુરતનો તમામ રાજકારભાર લેત તેમ તમામ રાજ

રભાર લેવો.

મીર અમીરૂદીન બક્ષી વિશે ઘટતી ગોઠવણ કરવી જોઇશે. તેમજ મીર ઝુલફકર યાબ ખાન તથા માજી નવાબના તેવાજ કોઇ બીજા અમલદાર માટે ગોઠવણ કરવી જોઇશે. આ ગોઠવણ નાણાની યા જમીન આપવાની ગમે તેમ કરજો. સરકારી કારોબાર લેવાની વાત જાહેર કરયા અવલ, તેઓને માટે કરેલી એ ગોઠવણો જાહેર કરજો.

લશ્કરની ફોજ વધારજો. યુરોપીયન તોપખાનાની એક તથા યુરોપીય પાયદલની બે ટુકડી તથા દેશી પાયદલની એક આખી ફોજ વધારજો.

બીજી દેશી રીજમીટ વધારવાને અમે તમને સત્તા આપીએ છીએ.

લશ્કરી અમલદારો, ચીફ સિવિલ સરવંટના તાબામાં ગણાય.

રાજ લેતાંજ નવેસરથી મુલકીખાતાની નેમનુંક કરજો.

પોલીસ સુપરિનટેંડેંટ, તથા રેવિન્યુ કલેકટર, એ જૂદા જૂદા અમલદારો હોવા જોઇએ.

મોતની સીજા મુંબઇ સરકારની બહાલી મેલવ્યા પછી કરવી, તેમજ ભારે રકમની બાબતની દીવાની અપીલ પણ મુંબઇ સરકારને થાય, એવી ગોઠવણ કરવી.

મુલકી વડો અમલદાર, કિલ્લાનો લેફટેનનટ ગવર્નર ગણાય.

એ બાબતમાં ધારા બાંધવા ઘટે તે બાંધવા.

નવાબના પડીને ખાનારા સીપાઇઓને વીખેરી નાખવા, કે ખરચમાં ઊગારો થશે.

કસ્ટમના દરમાં માફી આપવી.

બંગાલાના માલપર સેંકડે રા ટકાનું જકાત લેવું, પણ પાછો નીકાશ થાય તેના પર માફી આપવી.

મરાઠાનો કુરજામાં ભાગ છે, તેથી તે જકાતની રકમ જૂદી રાખવી.

લડતપર જે કર લેવામાં આવે છે તે ભારે છે, તે કાઢી નાખી, ફરીયાદોપ

૨ ફી રાખવી.

મરાઠા તથા ગાયકવાડ ગોવીંદરાવને સરાસરી કાઢીને તેમનો ફાળો આપવામાં આવશે. તેઓએ રાખેલા ચોથીઆઓને હિસાબ જોવાની છુટ છે.
તા૦ ૧૦મી મારચ ૧૮૦૨.

(સહી) ગવર્નર જનરલ.

## સુરતના કોલકરાર.

### કંપનિ સરકાર તથા તેમના જાયનશીનો તથા સુરતના નવાબ તથા તેમના વારસ તથા જાયનશીનો વચ્ચે થયલા કરારની સરતો.

સુરત શહેરના રક્ષણમાટે નામદાર ઇસ્ટ ઈંડિયા કંપનિને ભારે ખર્ચ કરવો પડે છે, લોકોના જાનમાલની સલામતી માટે જોઇતો બંદોબસ્ત નથી, અને હિંદુસ્તાનના બ્રિટિશ રાજના ગવર્નર જનરલ રાઇટ ઓનરેબલ અર્લ ઓફ મોરનિંગટન તથા નવાબ સાહેબ નાસરૂદીન અરસપરસ એવા ઇચ્છાતુર છે કે, શહેરના માંહેલા ભાગમાં લોકોના જાનમાલની સલામતીના તથા બાહેરના બચાવના બંદોબસ્તો વધારે પુખ્ત રીતે કરવાની અગત છે, તેથી નીચેના કરારની સરતો કંપનિ સરકાર તરફથી મુંબઇના ગવર્નર મી૦ જોનાથન દંકને સદરહુ ગવર્નર જનરલની વતી પુર અખત્યારથી એક તરફ, તથા બીજી તરફ સુરતના નવાબ સાહેબ મીર નાસરૂદીનખાન તથા તેમના વારેસો તથા જાયનશીનો વચ્ચે થઇ છે.

પહેલી—નામદાર ઇસ્ટ ઈંડિયા કંપનિ અને નવાબ સાહેબ મીર નાસરૂદીનખાન વગેરે વચ્ચે જે મિત્રાચારી છે, તે મજબુત થઇ છે, તથા મંજુર રાખી છે, અને એક બીજાના દોસ્તને દોસ્ત તથા દુશ્મનને દુશ્મન ગણશે.

બીજી—નવાબ નાસરૂદીન કબુલ કરે છે કે, સુરત શહેર તથા તેના તા

આના આસપાસના મુલકોમાં મહેસુલ વસુલ કરવાનું કામ, દીવાની, ફોજ દારી તથા સઘળો મુલકી તથા લશ્કરી વહીવટ તમામ હમેશ લગી એટલી નામદાર ઇસ્ટ ઇંદિયા કંપનિને આપવામાં આવશે.

ત્રીજી—એવા કરાર થયા છે કે, નવાબ સાહેબના વડીલોને માન તથા મરતબો મળતો તે મુજબ તેમની સાથે સઘળે પ્રસંગે વર્તવામાં આવશે.

ચોથી—નામદાર ઇસ્ટ ઇંદિયા કંપનિ સુરતના મહેસુલમાંથી નવાબ નાસરૂદીનખાન તથા તેના વારેસોને દર વરસ એક લાખ રૂપીઆ દર ત્રણ મહીને સરખે હીસ્સે આપશે, એ સાલિયાણું સદરહુ મહેસુલમાંથી સહુથી પહેલું ઉપાડવામાં આવશે. કંપનિ સરકાર વળી ઉપલી રકમ ઉપરાંત નવાબ સાહેબને તથા તેમના વારસોને ઉપજમાંથી ખરચ બાદ જતે જે વધે તેનો એક પંચમાઉંશ આપે. એ ખરચમાં નવાબને આપવામાં આવે તે લાખ ૩૦, મરાઠાને ચોથ અપાય છે તે, તથા મહેસુલ વસુલ કરવાનો તમામ ખરચ ગણવામાં આવશે.

પાંચમી—સુરતના મહેસુલ બાબત નવાબને પુરં સંતોષ મળે માટે તેઓ કોઇપણ વખતે હિસાબ તપાસવાને અથવા તપાસનાર વકીલ રાખવાને મુખત્યાર છે.

છઠી—ફોજદારી તથા દીવાની ન્યાયને માટે જે કોરટો સ્થાપવામાં આવશે તે નામદાર ઇસ્ટ ઇંદિયા કંપનિની સત્તામાં રહેશે. તેમાં મુબઇમાં ગવર્નર સાહેબ કાઉનસિલ સાથે મલીને જે અમલદારો નીમશે તે અમલદારોની તે કોરટો બનશે, અને તે. દેશના કાયદા તથા રેવાજને અનુસરીને બનાવેલા કાયદાથી ચલાવવામાં આવશે. એ ધારા સરકાર હર વખતે પ્રગટ કરતી રહેશે.

સાતમી—ઇનસાફની અદાલતમાં જે ફરીઆદ એવી આવશે કે જેમાં બંધે પક્ષ નવાબના સગાં અથવા નોકરો હોય, તેઓને નવાબ સાહેબ પાસે અથવા તેઓ જેને ઇનસાફ કરવા નીમે તેની પાસે જવા કહેવામાં આવશે. જે ફરીઆદમાં બીજો પક્ષ ત્રાહેત સખસ હશે તે ફરીઆદ વડા સિવિ

લ સરવંટને કરવામાં આવશે, તે તપાસ કરી નવાબ પાસે મોકલશે. બંધી પાર ટીની મરજી હશે તો લવાદને સોંપવામાં આવશે, તેઓ જે સિક્ષા અથવા ઠ શાવ કરશે તે નવાબે તરત અમલમાં મૂકાવવો.

## મુંબઇના ગવર્નરે સુરતના કરાર બાબત ગવર્નર જનરલને લખેલો પત્ર.

તમારો તા૦ ૧૦મી માર્ચનો દિસપેચ પહોંતો.

અમારા મમુખ સુરત ગયા તયાં તેઓએ તા૦ ૧૩મી મેએ જે કરાર કરયા તેને લગતો રપોટ કરેલો તેની નકલ આ સાથે મોકલી છે. અસલ ન કલ ઇલાકાની ત્રીજોરીમાં છે.

મુંબઇ તા૦ ૧ આગસ્ટ ૧૮૦૦.

દંકન.
જે. રીવેટ.
દબ્લ્યુ. પેજ.

## નામદાર જોનાડન દંકને સુરત લીધા બાબત કરેલી નોધ.

હું અપરેલ માસની આખરીએ સુરત ગયો, અને ત્યાં તા૦ ૨૭ મેએ પહોંતો. મારી સાથે નામદાર ગવર્નર જનરલે મોકલેલો પત્ર લેઇ ગયો હતો, તેમાં નાસરૂદીનને જે અધીકારી ગાદીએ બેસાડી શકે તે અધીકારી ગાદી આપે તે પહેલાં તેણે મુત્સદીનો ખેતાબ ધારણ કરયો તે માટે ઠપકો લખે લો હતો.

એ મુત્સદીનો ખેતાબ હાઇદરાબાદના નીઝામે મોકલેલો હતો.

બારામાં પહોંચતાંજ મે વહાણ પાછું મુંબઇ મોકલી દીધું, અને હું

રોહનીપર ગયો. કિલ્લામાં ખપ લાગે એટલા માણસો પણ તેમાં સાથે લીધા.

મેં નવાબ સાહેબને તે કાગળ તા૦ ૬ઠી મેએ આપ્યો. બીજે દહાડે બક્ષી મીર નાયરનીદીન સાથે વાતચીત થઇ, તેણે મારી મરજી પ્રમાણે કરવાની ખુશી દેખાડી ને કહ્યું કે, મારા સગા મીર નાસરૂદીનખાન નવાબને પણ હું એમ સલાહ આપીશ.

એજરીતે નાસરૂદીનના બાપદાદાથી ચાલતા આવેલા કીરપારામ નામના મુખ્ય નોકરને સમજાવવાની કોશશ કરયા પછી તા૦ ૯મીએ નવાબ તથા બક્ષીને જાતે બધી સમજ પાડી અને ફારસીમાં લખેલું કરારનામુ આપ્યું. નવાબે એનો જવાબ તા૦ ૧૨મીએ આપવાનું કહ્યું. બારમી પહેલાં કીરપારામ આવીને કહી ગયો કે નવાબ સાહેબ હા કહે છે. પણ મારી નાઉમેદી વચ્ચે તા૦ ૧૨મીએ તેઓ હાજર થઇને નાં કહેવા લાગ્યા. કારણ એવું બતાવ્યું કે સુરત શહેર એ આખા હિંદુસ્તાનના લોકોને મક્કે જવાનો રસ્તો હોવાથી, એ શહેર મક્કાનો દરવાજો ગણાય છે, તે જો તમને આપી દેવામાં આવે તો મહમદન કોમની નવાબપર મોટી ઇતરાજી થાય. બક્ષીએ પણ કહ્યું કે નવાબ સાહેબ ઊમરે પુગ્યા છે, તેથી શું કરવું તેનો વિચાર કરવાને તેઓ મુખત્યાર છે. મે ઊલટપાલટ સમજાવ્યા. તેમને કહ્યું કે તમને રોકડ મળશે, નહીં તો તમે માંગશો તો જાગીર મળશે, તોપણ સઘળું પથ્થર પર પાણી. જતાં જતાં નવાબે કહ્યું કે શહેરનું તમારી નજરમાં આવે તેમ કરો. એમ કહી રજા લઇને ગયા. મેં કહ્યું કે શહેર કાલે લઇ લેવામાં આવશે, અને બામદાદમાં સીપાઇઓની પાસેથી તેમનો અધીકાર છોડાવી દેવામાં આવશે. મેં વધુ એ કહ્યું કે તમે જ્યારે માનતા નથી, તો જે ગોઠવણો કરી છે, તે ગોઠવણો હવે ભાગી પડેલી સમજની, અને કાંઇપણ મલશે, એવો ભરોશો રાખવો નહીં.

તેઓ ગયા પછી કીરપારામ મારી આગળ આવ્યો અને અજબ થઇને કહેવા લાગ્યો કે આ શું થયું ! તેઓએ સહી કરવાના દસ્તાવેજ પટીક ગજ

वामां लीधा हता, तेथी हुं तो धारतो हतो के आजे सही साख थइ जशे. ए नुं कारण शुं छे, ते समजातुं नथी. माटे एनी बातमी मेलवीने हुं त मने सघळो रपोट पहोंचाडीश.

पण तेना ए बोलवानो में भरोशो राख्यो नहीं. में लागलुं कमांडिंग ओफिसर करनल जोन्सने कहेवाडयुं के, आवती काले सवारमां शहेरनो कारभार हाथमां लेवो छे. नवाबे सीपाइओने नामे वाधो लीधो हतो, ते दुर करवाने में कीरपारामने वातचीतमां इसारो करयो हतो के आसरे १००० सीपाइओना ३० थी ४० मासना पगारमां अडधा पगार चढी गयला छे. ते कंपनि पोते हालतो चुकवी आपशे.

कीरपाराम पाछले पोहोरे केहेता आव्यो के, नवाबने सारी पठे समजाव्या अने हुं तेमने ठेकाणे लाव्यो छुं. तेओ सही करवा राजी छे.

ता० १३मीए सहवारमां नवाब साहेब आव्या, अने तेमनी सील तथा बक्षीनी सील करीने करार रजु करयो. में कीरपाराम पासे साख करावी, अने कंपनिनी वती में सही करी, कीरपाराम पासे पण करावी, तेज रीते बंधेपर सेकरेटरी मी० जेम्स ओगसटस ग्रांटनी सही करावी, एक में राखी, अने असल नवाबने आपी

पाछळथी मि० दी सुझाए मने खात्री करी आपी के, घेर गया पछी बक्षीए नवाब साहेबने समजावी कबुल करवाने सलाह आपी हती.

नासरुदीन रजा लइने गया, अने कह्युं के कीरपाराम केटलीक बाबत खोलासो करवाना छे. कीरपारामे नवाबनी सील तथा सही वगरनुं एक लखाण काढी वांच्युं, ते नीचे मुजबः—

## मीर नासरुद्दीनखान साहेब नवाबनी अरज.

पहेली.—नवाब तथा बक्षीनी वाडीएथी फळ फलादी तथा दाणो मा

ણી શહેરમાં આવે, તે દરવાજે અટકાવવાનો કોઇને હક નથી. એવો હુકમ કરવો.

બીજી.—મારા તથા મારા ભાઇ તથા બાપદાદાના માંગનારાની ફરી આદ કંપનિએ સાંભળવી નહીં.

ત્રીજી.—સુથાર. લુહાર, દરજી વગેરે વસવાયાંઓની પાસે જેમ મજૂરી લેવામાં આવતી. તેમ નવાબ સાહેબ જારી રાખે એવી છુટ મુકવી.

ચોઠી.—મારા નોકર ચાકરોનો દાણોપાણી મોરચાપર અટકાવે નહીં.

પાંચમી.—વકફે નગરીના ઓહ્દાની પેદાશ વરશે રૂ ૧૨૦૦ની છે, તે સનદ સાથે મને મલેલી છે. તે મને મલ્યા કરવી જોઇએ.

છઠી—પરગણાંની. મુકાત વગેરેની જે સોલક ચઢેલી બાકી છે, તે તા૦ ૧૪મી મે ૧૮૦૦ લગી મને વસુલ આપવી.

એ અરજના કાંગળપર મારી નજર કરીને મેં કહ્યું કે, એમાંથી જે ઘટતું હશે. તે પ્રમાણે કરવામાં આવશે. પણ ત્રીજી માંગણી તો દેખીતી બે હુંદી છે. કંપનિ મજુરી ખરચીને, મજુરી કરાવે છે, તેમ લોકોને પોતપોતાની મરજી માફક મહેનતાણુ મળવું જોઇએ. તેપરથી કીરપારામે કહ્યું કે કંપનિ પણ ઓછી મજુરીથી કામ કરાવે છે. તે વાત પછવાડેથી ખરી ઠરી; માટે તે કામમાં મેં હુકમ આપયો છે કે, એમ કરવું નહીં.

કીરપારામે પછી પોતાના વરસાસણની વાત છેડી. તેણે કહ્યું કે મને કાંઇ જાગીર મળે તો સારૂં.

આ મુજબ કોલકરાર અમલમાં આવ્યાની સાથેજ તા૦ ૧૪મી મે સને ૧૮૦૦ને દિવસે મીર નાસરૂદીનને મસનદ (ગાદી) પર બેસાડ્યા. તા૦ ૧૫મીએ મારા એદી કાં૦ મિ૦ વિલસન, કીરપારામ તથા નવાબ સાહેબના સીપાઇઓના બે વડા અમલદારોએ સાથે જઇને દરવાજે દરવાજેથી સીપાઇઓની પાસેથી કામ મૂકાવીને મુંબાઇથી આવેલા સરકારી સીપાઇઓને લાગલા મૂકી દીધા, તથા તેજ દહાડે લશ્કરી પહેરા દરેક દરવાજે

રાખ્યા.

આ સઘળું લગારે ફેસાદ યા ઉશ્કેરણી વગર પસાર થયું. એમ છ તાં નવાબ તથા બક્ષી બેચેન બન્યા છે. એવી અફવાઓ ઉડી હતી.

સીપાઇલોકો નોકરી માંગતા આવ્યા હતા, પણ તેમના પગાર ચઢી ગ યલા હોવાથી તેમને રાખ્યા નહીં. ફક્ત તેઓના વડો ગુલઝારખાન જે ઘણો યોગ્ય છે, તેને રાખ્યો છે. તે ઉમરે તથા આબરૂઇજતમાં એવો છે કે અગત વખતે ૧૦૦૦ માણસો ઉભાં કરી શકે.

ચઢીગયલા પગારની રકમ રૂ ૧૪૫૭૯૪-૦-૮૭ છે, તે આપવામાટે ન વાબ સાહેબે દારૂ તથા તંબાકુના ઇજારાની રકમ થોડું કપર ભારે કરી મુકી હ તી. તેમાંથી ખરચાતાં વધેલી રકમ રૂ ૨૫૭૯૬—૫—૫૦ ની આપી છે; તેથી હવે બાકી કરજ રૂ ૧૧૯૯૭૭નું રહ્યું, તે કંપનિએ તરત રોકડી આપ્યું. રોકડ આપ્યું તેથી સેકડે ૬ ટકા લેખે કાપી લીધા છે.

નવાબ સાહેબે દસ્તાવેજ લખીઆપીને રૂ ૬૭૬૭૦ ઘરખટલાના ખર ચનું દેવું પટાવવા વગર વ્યાજે લીધા છે. એ રકમ પહેલા ૧૨ મહીનામાં વર સાસણમાંથી પાછી કાપી આપવાની કબુલત છે.

મેં તેને સમજાવીને દારૂખાનાનો સામાન દારૂખાનામાં મંગાવી લીધો છે, તથા વીખેરી નાખેલા સીપાઇઓનાં હથીઆર આપણા હવાલામા કિલ્લામાં મંગાવી લીધાં છે. એવુ જોઇને બક્ષી સાહેબે પણ પોતાને ત્યાં જે જે બંદુકો તથા ૩—૪ હલકી તોપો હતી, તે મોકલાવી દીધી છે.

કોટ ઉપર બટેરીઓમાં જે તોપો છે, તે કોલકરારની રૂએ આપણા હ વાલામાં આવેલી ધારવામાં આવે છે. તે કાટખાધેલી છે. માટે તે ભંગારમાં જશે, તે સિવાય બીજા કશા કામની નથી.

હવે બક્ષી મીર નીઝામુદીનનો બંદોબસ્ત કરવાની જરૂર હતી. તેને મુ કાતની તથા ઇજારાઓની આવકમાંથી મળતું હતું. તે કહે છે કે તેને વરસો ૭॥ લાખ રૂપીઆ મળતા હતા, પણ તેના કહેવાથીજ જણાય છે કે તેનો ખ

ર્ચ તેથી વધારે હતો.

એ આયપત ઉપરાંત નવાબે બક્ષીને આપેલી કેટલીક જાગીરોની તેને ઉપજ છે. એના વરસે રૂ ૧૬૮૧૦ ઉપજે છે. નવાબ સાહેબ કહે છે કે એ જાગીર બક્ષીની છે. તે માટે બક્ષીને તેના વારસ તથા કુટુંબને દર વરસ રૂપીઆ ૩૦૦૦૦ મળશે. બક્ષીનાં મરણ બાદ રૂ ૨૪૦૦૦ દર વરસ મળ્યા જશે.

નવાબ તથા તેમનો છોકરો મને મળવા આવ્યા હતા, તેઓ બક્ષીની સાથે થયલી ગોઠવણથી રાજી થયલા જણાયા છે.

કાંઇપણ ધોરણે કામતો લેવું, તેથી સને ૧૮૦૦ને માટે રેગ્યુલેશન ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ મુજબ કામ ચલાવવાનું ઠરાવી, જદજ તથા કલેક્ટર દાખલ મિ૦ રૈમસેને નીમ્યો છે.

## સુરત શહેર લીધા બાબત નામદાર ગવર્નર જોનાઠન ડંકને કરેલી ખાનગી નોંધ.

બારેથી ફ્રીગેમારી પાછી મોકલી. કિલ્લામાં અગત પડે તો કામ લાગે માટે ૬૦-૭૦ યુરોપીયન સેલરોને લેતો આવ્યો.

નવાબ સાહેબે મારી મુલાકાત લીધી. વાતચીત ખાનગી ચાલી. લોર્ડ મોરનિંગટન તરફનો પત્ર આપ્યો. તેણે કહ્યું કે હું જનાબમાં દરરોજ હાજર થવા તૈયાર છું, અને એક વખત તેને એટલો દીલ ભરાઇ આવેલો જણાયો કે, આખમાંથી ટીપાં પડયાં.

આગા મહમદ મુંબઇથી હવા ફેરમાટે મારી સાથે સુરત આવેલો તેનો વિશ્વાસ કરવો, એવો ઠરાવ કીધો.

તેથી છુપું કામ તેને સોંપ્યું. તે ચપળાક છે, અને સુરતમાં કોઇ સાથે કશો સંબંધ.નથી. તે બક્ષીને કહેવા જાય છે કે, કાલે હીંઆં આવવું.

બક્ષી સાહેબે આજે મુલાકાત લીધી (તારીખ લખેલી નથી). મેં કહ્યું

કે સુરતની રાજનીતિ માટે નવી ગોઠવણ કરવા હું આવેલો છું, વાસ્તે નવાબ જે તમારો સગો થાય છે, તથા તમે જઈફ ને તે નાનો છે, તે ઉંમરના તફાવટને લીધે હું તમારી સારી ખાહેશ તથા મદદ મેલવવાનો ભરોશો રાખું છું અને આશા રાખું છું કે, તમારા ભત્રીજાને સમજાવીને એ ગોઠવણ કબુલ કરાવશો. એ કામના કરતા કારવતા ગવર્નર જનરલ છે. હું તો માત્ર તેમનો આડતીઓ છું. બક્ષીએ નિષકપટપણે કહ્યું કે, એ રૈયતનાં ભલાં તથા ફાયદા માટે છે. નાસરૂદીન મારો દીકરો જેવો છે, ને હું ખચીત તેને સલાહ આપીશ. ગઈ કાલે નાસરૂદીનને કાગલ આપેલો તેની તેને ખબર નહોતી. મેં કહ્યું કે તમારે સુક્રરવારે નવાબની સાથે આવવું, તે વખતે ડોલકશરનો ખરડો આપવામાં આવશે. બક્ષીએ કહ્યું કે તમારે નવાબને કહેવું કે બક્ષીને સાથે લેતા આવજો. મેં કહ્યું કે હું કહીશ. મેં બક્ષીને કહ્યું કે તમારૂં ભલુ કરવાની, તથા તમારે માટે તથા તમારા કુટુંબનાં પોષણ માટે, ગોઠવણ કરી છે, તેમજ તમારા છોકરા માટે મારાથી બનશે એટલી ભલામણ હેદરાબાદ ખાતે કરીશ. પણ તમારે સુરત બાબદ કરેલી યોજના પાર પાડવાના કામમાં દીલોજાનીથી મદદ કરવી. તેણે તેમ કરવાની મરજી બતાવી.

અપસુકનની વાત છે કે, ભીલરાજાએ જમાલાબાદ લીધું, તથા માઇસોરમાં કરનલ ટોલફીએ થાપ ખાધી છે, એવું આજે સાંભલ્યું છે રખે એ વાતની શહેરમાં દેશીઓને ખબર પડે.

મિ૦ દી. સુઝાએ મુલાકાત લીધી. મેં તેને કહ્યું કે બક્ષી તથા તેના કુટુંબમાટે પુરતો બંદોબસ્ત થશે. ભરોસોતો છે કે મિ૦ દી. સુઝા બક્ષીને સમજાવવામાં ફતેહ પામશે.

મિ૦ દી. સુઝાને કહ્યું છે કે, નવાબને મળવામાં ફાયદો જણાતો હોય તો તેને મળવું. તેણે કહ્યું કે, નવાબને મારી સાથે પીછાન નથી. મને બક્ષી સાથે લાંબી મુદતની પીછાન છે.

આજે કીરપારામને તેડાવી મંગાવ્યો. તેને મેં કહ્યું કે નવાબ સાથે

બક્ષી હીઆં આવવાના છે; તમારે નવાબને સમજાવવા. જો તેમ કરશો તો સરકારમાં તમને માન મળશે. કીરપારામે કહ્યું કે તમે તો નવાબને તે સઘળી વાત છુપી રાખવા કહી છે, તેથી બક્ષીને પણ કશી ખબર આપી નથી, જો કે બક્ષી તો નવાબના મુરબ્બી છે. મેં કહ્યું કે, તે જાણે, પણ તે સિવાય બીજો કોઇ જાણે નહીં, તેમ કરજો.

આગા મહમદે કહ્યું કે, આજે કોઇ આવ્યો હતો અને તે બોલતો હતો કે જો બક્ષીને નવાબનાં કામનો બંદોબસ્ત તથા દેખરેખ સોંપી હોય તો, કારભાર સારો ચાલે. એ કહેણ બક્ષીની પોતાની તરફનું છે કે નહીં, તે અચોક્કસ છે.

આજે નવાબ તથા બક્ષી આવ્યા. અમે જુદા ઓરડામાં ગયા. એકે જણને ફારસીનું સારૂં જ્ઞાન નથી, તેથી મેં હિંદુસ્તાનીમાં લોર્ડ મોરનિંગટનનો કાગળ તેઓની આગળ વાંચ્યો, અને કહ્યું કે નવાબ બક્ષી તથા કીરપારામ સિવાય બીજા કોઇને એની ખબર પડવી જોઇએ નહીં. તેઓએ તેમ કબુલ કરયું, અને સોમવારે બપોરે આવીને જવાબ આપવા કહ્યું. એ દરમ્યાન બક્ષીએ વારંવાર પોતાની પસંદગી દેખાડી. નવાબે નથી હા કહી કે નથી ના કહી; તે ઝાઝું બોલ્યાજ નહીં. તેઓ ત્યાંથી ગયા.

કલાકેક પછી કીરપારામ ફારસીમાં લખેલો ખરડો જે તેને એક કે બે બોલ સિવાય વધારે ઉકલ્યો નથી, તે લઇને આવ્યા. મે તેને આખો ખરડો વાંચી સંભલાવ્યો. તે સમજ્યા પછી તે બોલ્યો કે શામાટે આવી મોટી ઉઠલ પાઠલ કરોછો, તથા આટલાં આટલાં વરસનો વહીવટ ફેરવો છો? એ વખતે જો કોઇ માણસ સેવા બજાવશે તો તેને પોતાને કેટલો લાભ છે, તે સઘળુ મેં કીરપારામને સમજાવ્યું.

કીરપારામે કહ્યું કે સરકારની મરજી પ્રમાણે મારે તો કરવું. જો રાજમાં ફેરફાર થશે. તો મારો પણ ફેરફાર તેની સાથેજ થશે. તેણે કહ્યું કે હું તો માત્ર ફરમાબરદાર છું. મેં કહ્યું કે બક્ષીપણ એ વાત પસંદ કરે છે. એ

પછી તે ગયો.

કીરપારામને તેડાવી મંગાવ્યો. તેને પુછયું કે ત્યાં કેમ છે? તેણે કહ્યું કે મેં નવાબ તથા બક્ષીને સમજાવ્યા છે, પણ કેટલીક વીનંતી કરવાની છે. મેં કહ્યું કે તે વીનંતી વિશે કોલકરાર થયા પછી હું વધારે સખત રીતે સરકારમાં ભલામણ કરી શકું. મેં તેને કહ્યું કે સીપાઇઓના પગાર ચઢી ગયા છે, તે વહેંચવામાં હું તમને લવાદ ઠેરવીશ. જયારે તેની આગળ કહ્યુ કે નવાબને વરસે ૧ લાખનું પેનશન મળશે, ત્યારે તે દેખઇતી રીતે હરખાઇ ને બોલ્યો કે "વળી બીજા રૂ ૬૦૦૦૦ પેલા પંચમાઉંસમાથી ! ઓહો ! "

ફરીથી બક્ષીને મળવા મિ૦ દી. સુઝાને મેં મોકલ્યો.

તે કહેતો આવ્યો કે, બક્ષી કહે છે કે, નવાબે કબુલ કરવું ઘટે છે.

આજે કીરપારામ કહેતો હતો કે, "સઘળું આજે પુરૂં થશે.

ચોથીઓ આનંદરાઓ તથા ગાયકવાડવાળો જયરામ મને મળી ગયા, તેઓ બે સાધારણ સાલ આપી ગયા.

પેશ્વાના દેસાઇ નવરોજીને ત્યાંથી મેવો તથા ફુલ આવ્યાં.

ઇદરૂસને ત્યાંથી વરશીનાં નાન આવ્યાં, તે લીધાં અને એ માણસનો મુસલમાનોપર કાબુ છે, તેથી તેને હાથમાં રાખવાની જરૂર હોવાથી, મે આગા મહમદન સાથે રૂ ૨૦૦ ઇદરૂસની મસજીદમાં આપવાના મોકલ્યા. તેથી તે મને જાતે મળવા આવ્યો. મળવા જવાની મહેરબાની તે થોડાપરજ કરે છે.

નવાબ તથા બક્ષી આજે ૧૧ વાગે આવ્યા અને કરારપર સહી કરવાને બદલે વીનંતી કરવા લાગ્યા કે એ વાતની માફ કરો. એતો મહમદન લોકોનું શહેર છે. એ શહેર મક્કાનો દરવાજો (બાબુલ મક્કા) છે, તેથી જો આપી દેવામાં આવે તો મહમદન લોકોમાં મારી બેઆબરૂ થાય, અને મારે તો ઝેર પીવાનો વખત આવે, એવી નામોશી લાગે. પછી (લાગી આવેથી) નવાબ બોલ્યો કે, "પછી તો આપ માલેક છો, શહેર આપની તાબેદારી ઉપ

થનાર છે, અને હું આપનો તાબેદાર છું, કેમકે આપ મને બેશક પાળી લેશો." મેં કહ્યુ કે તમે તમારો સ્વારથ સમજતા નથી, એ દલગીરીની વાત છે, અને મેં જે એલાજો બતાવ્યા છે, તે કબુલ કરતા નથી, તો પછી મેં પાળણ પોષણની કબુલત આપી છે, તે ઊપર ભરોસો રાખવો નહીં. મે બક્ષીને કહ્યું કે તમે શુ ધારો છો. જો સલાહસંપથી થશે તો કાંઇક જાગીર પણ મળશે. પણ આથી ધારેલી અસર થઇ નહીં. બક્ષીએ કોણજાણેકે હીઆંથી કાલે ગયા પછી તું પોતાનું મન ફેરવી નાખ્યાથી કે કોઇ બીજાં કારણથી એટલુંજ કહીને તે અટકી પડયો કે નવાબ સાહેબ હવે પુખ્ત ઉમરે પુગ્યા છે, માટે પોતાના લાભનો વિચાર કરવાને એઓ માલેક છે. તેથી મેં નવાબને કહ્યું કે કાલથી નવાબી બંધ થશે, અને કંપનિ સરકારના સીપાઇઓ કાલે ૯ વાગે શહેર લેશે (પહેલાં મેં ૭ વાગે કહ્યું હતું, પણ બક્ષીના માંગી લેવાથી ૨ કલક વધારે આપ્યા હતા તેણે કહ્યું કે મુદ્દત થયાના તેઓ દરવાજે પડેલા છે; તેઓને સરસામાન ઉઠાવવાનો વખત જોઇએ).

નવાબ તથા બક્ષી ગયા કે, કીરપારામને મેં મારૂં આશ્ચર્યપણું બતાવ્યું, કે તમે તો મને જુદોજ વિચાર બેસાડયો હતો. કીરપારામ આશ્ચર્ય પામ્યો ને નિરાશ થઇ બોલ્યો કે એ એની ખરાબ રીતજ છે કે, હશી ખુશીથી કામ કરવું નહી. મેં કીરપારામને કહ્યું કે જઇને કહેજો. તેણે કહ્યું કે હું જઇશ, અને સાંજે આવીને તમને જવાબ કહીશ.

હવે વખત ખોવાનો વખત નહોતો. મેં લાગલો કમાંડિંગ ઓફિસર કરનલ જોન્સને બોલાવી મગાવ્યો, અને કાલે જે જે કામો બજાવવાનાં હતાં, તે વીગતવારે કહી દીધાં. ફરીથી બપોરે કીરપારામને તેડાવ્યો, તો તે કહેતો આવ્યો કે, નવાબ કહે છે કે નવાબને ગાદીપર બેસાડયા પછી ૨-૩ દહાડે થશે. મિ૦ ડી. સુઝા આવતાંજ મને જણાયું કે નવાબ તો મિ૦ સીટનના નોકર વિશ્વનાથને પૂછી પૂછીને, તે જેમ કહે તેમ ચાલતો. વિશ્વનાથે એ વાત મિ૦ સીટનથી છુપાવી હતી, એવું મને મિ૦ સીટન સાથની વાતચીતથી જણા

શું પણ મિ૦ દી. સુઝા વિશ્વનાથના મિત્ર હોવાથી, વિશ્વનાથે તેની આગલ વાત કીધી હતી કે, વાંધામાં વાંધો એજ છે કે, "વારસ" શબ્દ પછી "યાવત ચંદ્ર" એ બેલ લખ્યા નથી, અને એક પચમાંડિશાને ઠેકાણે ચોખ્ખા રૂ ૬૦૦૦૦ એમ લખ્યું નથી. પણ મેં મિ૦ દી. સુઝાને સમજ પાડી કે કોઇપણ માણસ સાથે તેને અને તેના વારસોને મળે એવા કરાર થાય, ત્યારે તેનો અર્થ એજ થાય છેકે હમેશ યાને "યાવત ચંદ્ર" મળશે, અથવા તેના વારસોના વેળા હશે ત્યાં સુધી મલશે, એવો થાય છે. મિ૦ દી. સુઝા એવું પણ કહેવા લાગ્યોકે, નવાબ સાહેબની મરજી એવીછેકે, જેમ તેને મસનદ મળે, તેમ તેના બેટાઓને પણ મલતી જાતી રહેવી જોઇએ. પણ કીરપારામના કહેવાપર ભરોસો રખાતો હોય તો હવે તે વિશે લંબાવવાની જરૂર નહોતી, તેથી તે બાબત મેં જવાબ આપ્યો નહીં.

મેં બક્ષીને કહ્યું કે તેમને તથા તમારાં કુટુંબને સારી રીતે ભરણ પોષણનું મળશે, એમ કરીને તેને બતાવ્યું કે તેની ચાલ નવાબની ચાલથી હું જૂદી ધારતો હતો.

નવાબે કરાર કરવાનું નકી કર્યાની ખબર મિ૦ દી. સુઝાએ ગવર્નરને આપી તે નીચે મુજબઃ—

## ( ખાનગી. )

નામદાર સાહેબ,

સઘળાં પત્રોપર સહી થઇ છે, તેથી હું તમને મુબારકબાદી આપું છું. તે પત્રો સાખ થવામાટે બક્ષીને ત્યાં મોકલાવ્યાં છે, તે લઇને નવાબ સાહેબ તમા

રી જનાનામાં કાલે સવારે ૯ વાગે હાજર થશો.
તા૦ ૧૨ મે ૧૮૦૦.

(સહી) લીમ. મુન્ઝા.

ત્યારપછી કીરપારામ આવી પહોંતો અને તેણે પણ કહ્યું કે, એ મમા કરારપર સહીઓ થઇ છે.

નવાબ સાહેબ આજે આવ્યા અને કાંઇપણ તૈયારીવના કરારનામુ મને હવાલે કરયું.

તેપર સહી તથા સીલ થયા પછી અરસપરસ મુબારકબાદીઓ ચાલી. નાસરૂદીન તથા હું બંધે પાછા એકલા બેઠા, ત્યારે તેણે મારા ગુટણપર પોતાનું માથું નમાવીને આ પ્રમાણે કહયું, "આપને ભરોશે જેમ કહ્યું તેમ મેં કરયું છે, મારી આબરૂ આપને હાથ છે. આપ મારા નીઘેબાન અને મુરબ્બી થશો". મેં કહ્યું કે મારી સલાહ મુજબ ચાલશોતો વરસ છ મહીનામાં તેનું સરૂં પરિણામ જાશો. તેણે કહ્યું કે હું ગવર્નર જનરલ સાહેબને એ વિશે લખું. મેં કહ્યું કે તમારે તેમને લખવાની જરૂર નથી. જે થયું તેને વળગી રહેવું, ને સંતાષી દેખાવું. આટલાંથી તેમને દીલાસા તથા સંતાષ મળ્યો હોય એવા, દેખાયા. પછી કહ્યું કે કીરપારામ આપને કાંઇ અરજ કરનાર છે, એવું કહેતાંજકે દીવાનખાનામાં ગયા, ને પછી આવતી કાલે ગાદીપર બેસવાની તઇઆરી કરવા સારૂ, રજાલઇ ગયા, ચાલ્યા ગયા.

કીરપારામે અરજ પત્ર વાંચ્યો, તેની નકલ ઉપર આપી છે.

મેં તે કાગળ લીધો, અને કહ્યું કે સઘળું યોગ્ય હશે તેમ થશે, પણ ત્રી

જ માંગણી તદ્દન કબુલ નહીં કરાય એવી છે. તેણે કહ્યું કે નવાબનો પગાર બ શગાર છે, પણ ત્રણ ત્રણ મહીનાની સરતને બદલે મહીને મહીને આપશો તો વધારે સારૂં. મેં કહ્યું કે પહેલા ત્રણ મહીના અગાઉ ભેગી લેવી પડશે. મે તેને કહ્યું કે તમારી ચલચલણ તરફ હું માનની નજરે જોઉં છું, તમારા છોકરાની નોકરીની સરકારમાં કઇ ગોઠવણ થશે. પોતાની નોકરી કરતાં તેને છોકરાની નોકરીની વાત પસદ પડી, અને અમારી વાતનો છેડો આવ્યો.

સીપાઇઓના ચઢેલા પગાર ચુકવવાની ગોઠવણ કીરપારામને હું સોપીશ, કે કેમ તે જાણવાને તે સાંજે પાછો આવનાર છે.

કીરપારામ આવ્યો. મેં તેને કહ્યું કે આગા મહમદને સીપાઇઓના ચઢેલા પગાર ચુકવવાનું કામ સોપ્યું છે. નાસરૂદીને જમે થયલા રૂપીઆ, જે સીપાઇઓને આપવા જોઇતા હતા, તેમાંથી પોતાના માંગનારાને આપ્યાનું કહાવ્યું મેં કહ્યુ કે જો ખરેખર એમ કરવું જ હોય તો તે માટે હું જી: કરતો નથી.

મેં કીરપારામને પુછ્યું કે નાસરૂદીન રાજી છે કે નહીં. તેણે કહ્યું કે અહીં રાજી છે, કેમકે તે તમને (ગવર્નરને) મુરબ્બી સમજે છે.

મેં કીરપારામને પુછ્યું કે બક્ષીને માટે કેટલી રકમ ધારો છો? તેણે કહ્યું કે માન માન મહીને રૂ ૨૦૦૦ મેં કહ્યું કે ૧૫૦૦ ન ચાલે? તો કહે ચાલશે, ને બીજી મદદ નવાબ સાહેબ કરશે તો. તોપણ હું ચોખા ચાંપી જોઇને આવીને કહી જઇશ.

ચઢેલા પગાર ચઢાવવાનું કામ પોતાના હાથમાં લેવાની કીરપારામની પૂર ખાહેશ જણાઇ. તે ૭૦ કરતાં વધારે વરસની ઊમરનો વૃદ્ધ માણસ છે.

## નવાબ સાહેબને મસનદપર બેસાડવાની ક્રિયા.

આજે નવાબને ગાદીએ બેસાડવામાં આવ્યા. સઘળી ક્રિયા રીતસર થઇ, પણ ગાદીએ બેઠા કે તરત નવાબની તોપ પડી તે તોપ પછી કિલ્લામા ફા

ડવામાં આવતી, તેને બદલે આ વખત નવાબની મરજીથી પ્રથમ કિલ્લામાં તોપ ફોડવામાં આવી, તેને નવાબની તોપે સલામતી આપી. શેદનીજે ગઇ કાલેજ કિલ્લા પાસે લાવી રાખી હતી, તેમાંથી પણ તોપ છોડવામાં આવી હતી.

નવાબ સાહેબને ગાદી (મસનદ)પર બેસાડતી વેળાએ મેં આ પ્રમાણે કહ્યું હતું "સુરતની નવાબીની મસનદ પર તમને હવે નામદાર ઇસ્ટ ઇંડિયા કંપનિની તરફથી બેસાડ્યા છે. દુવા માગું છું કે તમે તે ઉપર ખુશ રહો". તેના કેટલાક નોકર તથા લોકોએ તેને મુબારકબાદી આપી. અને મિઠાઈ. સુ ઝાની સુચનાથી મેં કહ્યું કે, બક્ષી સાહેબ કુટુંબમાં સૈથી વૃદ્ધ તથા અનુભવી છે, તેથી હું ભલામણ કરૂં છું કે, તેમની સલાહ પુછીને કામ કરવુ. એમ કરવાની તેણે કબુલત આપી

## ગવર્નર સાહેબને ભેટ.

નવાબે મને કેટલાક કાપડથી ભરેલા ખુમચાની ભેટ આપી, મેં તે લઇને ત્યાંને ત્યાં તેના બેટાને આપ્યા. હું ત્યાંથી ઘર ગયા પછી મને માલમ પડ્યું કે મને એક ઘોડો ભેટ આપવા મોકલ્યો છે. હવે તે ત્યાંથી પાછો વાળવો એ મને ઠીક લાગ્યું નહીં, તેથી તે ઘોડાવાળાને રૂ ૨૦૦ આપ્યા અને ઘોડો રાખ્યો છે, તે નવાબનો બેટો પહેલી મુલાકાતે આવશે ત્યારે તેને ભેટ દાખલ આપીશ.

નીચેનો ઢંઢેરો કાલે બહાર પાડવાનો છે.

## સુરત શહેર ઇંગ્રેજ સરકારે લીધા બાબતનો ગવર્નર ડંકને કાઢેલો ઢંઢેરો.

નામદાર ઇસ્ટ ઇંડિયા કંપનિ તથા સુરતના નવાબ મીર નાસરૂદીનખાન

સાહેબ વચ્ચે તા૦ ૧૩મી મે ૧૮૦૦ને દિવસે કોલકરાર થયા છે, કે સુરત શહેર તથા તેને લગતા મુલકો, જગ્યાઓ અને બીજા તાબેના મુલકનો વહીવટ તેમાં ઉપજતું મહેસુલ, તથા દીવાની અને ફોજદારી ઇનસાફનું કામ, અને ઘણું કરીને મજકુર શહેર તથા તેના તાબાના મુલકોનું તમામ રાજ, નામદાર ઇસ્ટ ઇંડિયા કંપનિને આપ્યું, અને યાવતચંદ્રદીવાકરો આપ્યું છે.

તે માટે આથી સુરત શહેરના તથા તેને તાબેના મુલકોના સરવે રહેવાશીઓને ખબર આપવામાં આવે છે કે, આજે તા૦ ૧૫મી મે સને ૧૮૦૦ થી નામદાર ઇસ્ટ ઇંડિયા કંપનિનું એક હાથે રાજ શરૂ થયું છે. હમણા જે સખસો મુલકી નોકરીપર છે, તે સઘળાઓને બીજો હુકમ થતાં લગી નોકરીપર જારી રહેવાનુ છે, અને તેઓને ભવિષમાં કાયમ રખિવા કે નહીં, તેનો આધાર અલબત, સરકારની ખુશી ઉપર તથા તેઓ જે રીતે ઉદ્યોગી તથા વિશ્વાસ રાખવા લાયક જણાશે, અને ઇંગ્રેજ સરકારની નીમકહલાલીથી નોકરી બજાવશે તે ઉપર રહેશે.

એડવરડ ગેલી એસકવાયરને પરગણાની મુગલાઇ તથા મુકાતનો કલેકટર તથા અલેકઝાનદર રામસે એસ્કવાયરને શહેરનો જડજ તથા કલેકટર નીમવામાં આવ્યા છે. તેમાટે તે ખાતાઓમાં જે દેશીઓ છે, તેઓએ પોતપોતાના કામપર એ ઉપરી અમલદારોના તાબામાં કામ કરતા રહેવુ, અને બીજી નીમનુકો તથા ધારાઓ થવાના હશે તે થોડા દિવસમાં જાહેર કરવામાં આવશે. કંપનિ સરકારની સઘળી નવી પ્રજાને હાલતો એટલુંજ, જણાવવું બસ થશે કે, સુરતનો પૂરેપૂરો અને તમામ રાજવહીટ પોતાના હાથમાં લેવાની બ્રિટેશ સરકારની મતલબ અને નેમ એ છે કે સઘળા રહેવાશીઓના જાનમાલની સલામતીમાં વધારો કરવાને અદલ, ડહાપણ ભરેલું તથા યોગય રાજ ચલાવવું. જે પરમેશ્વરની કૃપાથી થોડી મુદતમાં જણાતું જસે.

તા૦ ૧૫મી મે ૧૮૦૦.

## સુરતમાં ઈંગ્રેજી રાજ્ય.

સુરત ઈંગ્રેજના હાથમાં કેમ આવ્યું તે ઊપર આવી ગયલી બીનાથી ખુલ્લું દેખાય છે. નવાબી રાજ્યમાં પ્રજાએ હુલ્લડ તોફાનો કરયાં, દુકાળ પડયા, અને નવાબથી પુખ્ત બંદોબસ્ત થયો નહીં; વેપારીઓ નવાબની સામે થયા, કારભારીઓ બેદીલ થયા. આવું હોવાથી ઈંગ્રેજી કંપનિએ ઉપર મુજબ કોલકરાર કરીને નવાબ મીર નાસ્રૂદીનખાનને પેનશન આપી સુરતનો કારભાર સન ૧૮૦૦ના મે માસની ૧૪મી તારીખે પોતાના હાથમાં લીધો.

## એ વખતની પરદેશની બીના.

સતરમી સદીમાં સુરતની જ્યારે આ પુસ્તકમાં બતાવેલી હાલત હતી, ત્યારે પરદેશમાં સંસારી, રાજદ્વારી શા શા બનાવો બન્યા, તે મુકાબલો આ ગાળો આપી ગયા પછી અઢારમી સદીની પરદેશની બીનાં હિયાં આપી છે.

એ સદીમાં ઈંગ્લાંદમાં નીચે મુજબ રાજ કર્તા થઇ ગયાઃ—

| નામ. | ગાદીએ બેઠાનો સન. |
|---|---|
| રાણી એન. | ૧૭૦૨. |
| જ્યોર્જ પહેલો. | ૧૭૧૪. |
| ,, બીજો. | ૧૭૨૭. |
| ,, ત્રીજો. | ૧૭૬૦—૧૮૨૦ |

પહેલા જ્યોર્જે પોતાની રાણી જે તેની પીત્રાઈ બેન હતી, તેણીને ૪૦ વરસ સુધી હેનોવરના કિલ્લામાં બંદીખાને પૂરી રાખી. અને તેણીસાથે ઘાતકી

પણું એટલે સુધી ચલાવ્યું કે, તાણીને પોતાનાં ખરચાંઓને જોવાની પણ મના હતી. તેના રાજ્યમાં "સાઉથ સી બબલ" નામનો શેરનો સટો જાગ્યો. લોકો ઘરેણાં ગાંઠાં વેચી તથા સરકારી લોનો કાઢી નાખી, એ શેરનાં ચીઠડાં ખરીદવા પડયાં. તવંગરોની સાથે ગરીબ, નાચારો, વિધવાઓ, મજુરો વટીક ઓત લાકડાંનો બચાવેલો પૈસો એમાં નાખવા લાગ્યાં. સેંકડે ૫૦ ટકા વ્યાજની એમાં લાલચ હતી. એ કંપનિના શેરો લેનારા એટલા વધી પડયા કે, તે દેખાદેખીથી બીજી પરપોતા કંપનિઓ ઉભી થઇ. એક સીસાનું રૂપું બનાવનારી, બીજી ખારૂં પાણી મીઠું બનાવનારી અને ત્રીજી સ્પેનથી ગધેડાં મંગાવનારી કંપનિ થઇ. થોડા દિવસમાં એ ઠગાઇ ઉઘાડી પડી. જેઓ શેર વેચી નફો ખાઇ નાઠા તે બચ્યા. પણ જેઓ પાસીફીક મહાસાગરના ટાપુનું સોનું મેળવવાની લાલચે શેર રાખી રહ્યા તે પાયમાલ થયા. કંપનિના શેરના ભાવ ગગડી ગયા. બધા વેચવા નીકળ્યા, લેનાર કોઇ જડયો નહીં, અને તેથી હજારો કુટુંબો પાયમાલ તથા નાદાર થયાં.

અમેરીકામાં યુનાઇટેડ સ્ટેટસ નામનો દેશ છે તે ઈંગ્રેજ સરકારનો હતો એ દેશના લોકો ઇ૦ સ૦ ૧૭૭૬માં ઈંગ્રેજના રાજ્યમાંથી નીકળી ગયા. અને તેઓએ પોતાનું પ્રજાસત્તા રાજ સ્થાપ્યું. એ રાજમાં પહેલો પ્રમુખ વોશિંગટન નામનો થયો, તેના નામ ઉપરથી સને ૧૭૯૩માં વોશિંગટન શહેર વસ્યું.

ફ્રાંસમાં સને ૧૭૮૯માં મોટી રાજદ્વારી ઉથલ પાથલ થઇ. સરકારના જુલમથી પ્રજા કંટાળી ગઇ અને તેથી બળવો થયો તેમાં રાજા તથા રાણીને મારી નાખ્યાં

હિંદુસ્તાન દેશમાં દિલ્હીનો પાદશાહ ઔરંગજેબ સને ૧૭૦૭માં મરણ પામ્યો ત્યારથી મોગલાઇ રાજ્ય નબળું થતું ચાલ્યું અને કેટલાક પ્રાંતોમાં તેના સુબાઓ સ્વતંત્ર થઇ પડયા. બંગાલા પ્રાંતના નવાબને હરાવી તે પ્રાંત બ્રિટિશ સરકારે સને ૧૭૫૭માં લીધો. દિલ્હીનો પાદશાહ બ્રિટિશ સરકારને તાબે થયો અને દિલ્હી ઈંગ્રેજના હાથમાં ગયું. માઇસોરના સુલતાન ટીપુને સને ૧૭૯૯માં હરાવી ઈંગ્રેજે તેનું રાજ્ય લઇ લીધું.

# પ્રકરણ તેરમુ

## નવાબપાસેથી કંપનિ સરકારે સુરત લીધું તે વખતે હાલત.

### વસ્તી.

આટલા આટલા દુકાળ, લડાઇ તથા વા વઝોડાંનાં તોફાનથી થયલી ખરાબી છતાં વસ્તી બહોળી રહી હતી સને ૧૭૯૭માં વસ્તીની ગણત્રી કાઢવામાં આવી હતી. તે વખતે સઘળી વર્ણના લોકો મલીને વસ્તી ૮૦૦૦૦૦ને આમારેની જણાઇ હતી.

### ચલણી નાણું.

સુરતમાં સૌથી જુના ચાંગાશાહી રૂપીઆના સિક્કા હતા. ત્યાર પછી અકબરશાહી, અને જૂદા જૂદા મુગલપાદશાહોના સિક્કા દાખલ થયા. એક વખતપર સઘળું ચલણ દામનું હતું, અને તે હાલના એક રૂપીઆના ૪૦ થતા હતા. અઢારમી સદીમાં રૂપીઆ સુરતી તથા ભરૂચી એ મુખ્ય હતા. તે સિવાય બીજાપણું જૂદી જૂદી જાતના હતા. સુરતી રૂપીઓ સક્કાઇ ચાંદીનો હતો. તે સક્કાઇ કહેવાતો. બીજા સુરતી તથા ભરૂચીને નામે રૂપીઆ ચાલતા, તેમાં, સક્કાઇ, લીસો, બાળેલો, ટાણેલો, નાંકેલ, અંતરીઓ, સીસેલ, ત્રાંબાનો વગરેહતા.

એ રૂપીઆ કેટલી કિંમતના હતા, તે નીચે બતાવ્યું છે.

| સિક્કાનું નામ. | કિંમત આના. |
|---|---|
| નાહેલ. | ૧૫ . |
| તાણેલો. | ૧૪।. |
| અનતારચો. | ૧૪।. |
| બાલેલો. | ૧૪।. |
| સીસલ. | ૭ . |
| ત્રાંબાનો. | ૨ . |

એ ઉપરાંત સોલાકી. એહીદાર વગેરે ખામી ભરયા રૂપીઆ ચાલતા. સુરતી સિવાય કોઇ પણ રૂપીઆની કિંમત પૂરા ૧૬ આના ઊપજતી નહીં.

રૂપીઆથી ઉતરતા અર્ધા, પાવલી તથા બે આની રૂપાનાં થતાં. તેનો ણ ઊપર મુજબ વટાવ જાણો.

પૈસા ત્રાબાના હતા. એક આનો પણ ત્રાંબાનો થતો. પૈસાથી ઉતરતી બદામ અને કોડી ચાલતી. પૈસાની ૧૦૦ બદામ અને એક બદામની બે કોડી ચાલતી. ગરીબ લોકો આજે પઇ પૈસો ખરચે છે, તેને ઠેકાણે તે વખતે કો ડી તથા બદામ વટાવી કામમાં લેતા. એક પાઇ તથા ૪ બદામનો સવાઓ ૧૨ બદામની નાસડી અને ૭ બદામની દમડી કહેવાતી.

## મજૂરી.

એ સદીમાં મજૂર કારીગરોના રોજ ઘણા હલકા હતા. ઘણું કરીને જેમ મજૂરી હલકી, તેમ સોંઘવારી, અને જેમ મજૂરી ભારે તેમ મોઘવારી હોય છે. એ નિયમથી આગળ જોવામાં આવશે કે, જેમ ખેતીના અને બીજા મ જૂરની મજૂરીનો દર વધતો ગયો, તેમ મોઘવારી થતી ચાલી. ઈંગ્રેજે સુરત

લીધું તે પહેલાં મજૂર અને સુથારને નીચે મુજબ રોજ મળતો હતો.

| | |
|---|---|
| સુથાર. | આના ૪. |
| કડિયો. | ,, ૪. |
| મજૂર. | ,, ૩. |
| ખેતીનો મજૂર. | ,, ૨. |
| દરજી. | ,, ૪. |
| મોચી. | ,, ૨. |

## સોંઘવારી.

અઢારમી સદીમાં હરેક ચીજ સોંઘી હતી. માત્ર કાપડ તે વખતે હમણા નાં કરતાં મોઘું વેચાતું હતું. હરેક વસ્તુ શા ભાવે વેચાતી હતી, તેના આંકડા નીચે આપ્યા છે. અને તે સગવડની ખાતર મણને હીસાબે આપ્યા છે, તેથી કદાચ કોઇ ચીજના ભાવમાં વધારો ઓછું વત્તું કરતાં ફેર પડશે, તોપણ તે ચીજના ભાવમાં ઘણો ફેર સમજવો નહીં. એ મણ ૩૭ પોળીઆં ભાર ના એક સેર લેખેના ૪૦ શેર લેખેજ ગણ્યો છે. તેમજ તે વખત ઘસાયલા કપાયલા અને વહાવના રૂપીઆ પણ ચાલતા, તેથી સમજવાનું એટલું કે, એ ભાવે હરેક ચીજ મળતી, અને રૂપીઆ પૂરા ૧૬ આનાના નહોતા તે છ તાં તે માલ ધણીઓ લેતા.

| | |
|---|---|
| ભાત બંગાલીયું. | હારાના ૩ ૪. |
| ,, સાળિયું. | ,, ૩ ૨. |
| ,, કડા | ,, ૩ ૨. |
| ઘઉં | મણના ૩ ૦ા. |
| જુવાર. બાજરી. | ,, ૦ા=ા. |
| દાળ તુવરની. | ,, ૩ ૦ા. |

| | |
|---|---|
| કપાસ. | „ રૂ ૧॥. |
| નીમક. | „ ૦)-. |
| ઘી. | „ રૂ ૪. |
| દુધ. | „ રૂ ૦।=. |
| તેલ. | „ રૂ ૨. |
| દીવેલ. | „ રૂ ૧॥. |
| મરી. | „ રૂ ૪. |
| મરચાં | „ રૂ ૦।-. |
| ગોળ. | „ રૂ ૧।. |
| ખાંડ | „ રૂ ૨. |
| કેરી. | ૦)=. |
| દુધી, કોળું વગેરે | ૦)=. |
| કાપડ જીતું. | ગજનો, રૂ ૦॥. |
| „ જાડું. | ગજના. રૂ ૦)=. |
| ઇમારતી લાકડાં. | ગજના. રૂ ૩. |
| બાળવાના લાકડાં. | મણનો. ૦)-. |
| મટન. | „ રૂ ૧. |
| મવહાનો દારૂ. | „ રૂ ૨. |
| તાડી. | „ ૦)=. |
| મરઘાં. | રૂપીઆના ૩૨. |
| એડાં. | „ ૧૯૨. |

## પાંજરાપોળ.

હિંદુ લોકો દયાળુ હતા. તેઓએ તે વખતે નાના પાયાપર એક ધરમ

ખાતું ઉભું કરયુ હતું, તેમાંથી પશુ પક્ષીઓની સંભાળ રાખવામાં આવી. રખડતાં લુલાં લંગડાં ઢોરને માટે ચારો તથા પાણી પૂરૂં પાડવાની ગોઠવણો કરી હતી. પક્ષીઓને માટે જૂદે જૂદે ઠેકાણે પાંજરાં બનાવ્યાં હતાં, તેમાં દરરોજ દાણો તથા પાણી મૂકતા. વાઘરીઓએ પકડેલાં પક્ષીઓ પૈસો ખરચી છોડાવી દેતા; કસાઇને હાથથી બચાવવાને ગાય ઢોરો ખરીદી લેતા. ચોક્કસ તેહવારના દિવસોપર માછી લોકોને માછલાં મારતા અટકાવવા, પૈસા આપી બેઠાં ખવાડતા; કસાઇઓને જાનવરનો વધ કરતા અટકાવતા; કીડી મંકોડાના દરો શોધી કાઢી ત્યાં લોટ, ખાંડ વગેરે નાખતા. માંકડ, ચાંચડ, જૂવા, ડીલાં, વગેરે જીવજંતુઓ ઘેરઘેર ફરી, માંગી લઇ એક જગાએ એકઠાં કરતા અને તેમને પાળતા હતા.

એ માંકડ ચાંચડ તથા જૂવા પ્રાણિનાં લોહી વના મરી જાય છે, તેથી તેમને જીવતા રાખવાને પ્રાણિનું લોહી પણ પાતા. ચોક્કસ પવિત્ર દિવસે તેઓ એક માણસને મોહ માંગ્યું દામ આપીને ચાંચડ, માંકડ તથા જૂવાને લોહી પાવા રાખતા. જે ઓરડામાં એ જીવડાં ભરયાં હોય, તે ઓરડામાં એક બીછાનાપર તે માણુસને સૂવાડતા, તમામ ચાંચડ, માકડ તેને બાઝી જતા; પણ રખેને તે હાલે, અથવા દોર મરડે તો તે બાપડાં જીવડાં કચડાઇ જાય, તેટલામાટે તે માણસને સૂવાડતી વેળાએ ખાટલાસાથે મજબુત બાંધતાહતા. એ માણસને આખી રાત તે ખાટલાપર રહેવા દઇ ચાંચડ, માંકડ તથા જૂવાને તેનું લોહી પાતા હતા. તેને છોડવાને ઓરડામાં પેસનાર તથા બહાર નીકળનાર એક નાકેથી બેઠો બેઠો, બે હાથે તેના ઢગ ખસેડતો ધીમે પગે આગળ ચાલતો હોવો જોઇએ; કેમકે નહીં તો ઉલટા તેનાજ પગતળે હજારો જીવડાં કચડાઇ જાય.

## અંધેર રાજ.

તે વખતે સુરત જીલ્લામાં રાજ કેવું ચાલતું હતું, તે વિશે 'રાસમાળા'માં નીચે મુજબ જોવામાં આવે છેઃ—

"ગાયકવાડ અને પેશ્વાની વારાફરતી ચઢતી પડતી ગુજરાતમાં થતી, તેમતેમ તેઓ ગુજરાતને પોતાના વારામાં ચુસતા ગુજરાત એક અને તેને ચુસનાર જમજેવા બે એટલે ગુજરાતની દુર્દશામાં શી બાકી? સન ૧૮૧૮ સુધી ગુજરાત વાસીથી નિર્મલ વસ્ત્ર પહેરાતા નહિ તો નિર્મલ મનની તો આશાજ શી કોઇને ઉજળો દીઠો તો ચાડીયા તૈયાર હતા. તેઓ ચાડી ખાય અને તે પ્રમાણે મૂર્ખ રાજાના મૂર્ખ સરદારો તેને લૂંટે ધન નામ ધરનારા સર્વ પદાર્થોને પૃથિવીમાં દટાઇ રહેવું પડતું. જયાં ત્યાં બળાત્કાર અન્યાય અનીતિ, વ્યભિચાર, આદી દુર્ગુણનો પરીવાર માહાલી રહેલો. અરે! ઇતિહાસમાં વાંચતાં અને કોઇ ઘરડા માણસનાથી સાંભળતાં આજપણ કમકમી આવે છે; એવી અવસ્થામાં ગુજરાત પચી રહ્યું હતું. એવા અંધકારમાં સન ૧૮૦૦ની સાલથી કહિં કહિં કિરણ પડવા માડયાં."

## ગરાસીઆ.

અંગરેજ સરકારના હાથમાં સુરત આવ્યું તે પહેલાં ગરાસીઆ નામના રજપુત ખેડુતો ગામડાંઓ સળગાવતા, લુટ ચલાવતા અને ખુનો કરતા. એમાના કેટલાકને છેલ્લે સુરતખાતે ફાંસી દેવામાં આવી, ત્યારથી ગરાસીઆ નરમ પડયા છે.

એ ગરાસીઆ હથીઆરબંધ માણસો રાખતા, અને આગલા રાજાના વખતથી તેમને જેમ મળતું, તેમ મેળવવાને કોશેશ કરતા. તેઓ એક ગામપર

સીબંદસાથે તીરકામઠાંવાળા માણસો મોકલતા. તેઓ ગામના દેશાઇપાસે જઇ ગરાસ માંગતા. દેશાઇઓ ઉઘરાવીને આપતા. કોઇવાર જોઇએ તેથી વધારે ઉઘરાવી, વધારાનું નાણું દેશાઇ તથા ગરાશીઆના માણસો વહેંચી લેતા. આવી રીતે જુલમથી ખેડુતોપાસેથી લેતા, તેથી વારંવાર લડાઇ થતી, અને ખુનો થતાં. ગામડીઆ આપવાની ના પાડતા. તેથી ગરાશીઆ ઘાસના કુંદાં સળગાવી મુકતા, અથવા એકાદ ગામડીઆને મારી નાખતા. તે છતાં જો ન આપતા તો, આખું ગામ સળગાવી દેતા, અને છોકરાંઓને બંદીવાન કરી પકડી જતા. એ તોફાન દુર કરવાને સને ૧૮૧૨માં સરકારે એવી ગોઠવણ કરી કે દરેક ગરાશીઆએ પોતાના ગરાશનો આંકડો કલેકટર પાસેથી લખાવી લઇ જઇને ગામના દેશાઇને દેખાડવો. બીજે વરસે એક આગેવાન ગરાશીઆનીસાથે મળીને એવી ગોઠવણ કરી કે કલેકટર ગરાશના આંકડા એકઠા કરે, અને તે ગરાશીઆઓના આડતીઆને આપે. સને ૧૮૧૬થી એ તોફાન તંદન બંધ પડી ગયું.

ગરાસીઆઓ નજીવે બાને પોતાનું ગરાસ લાગુ પાડી દેતા, તેના ઘણા દાખલા મોઢેથી સાંભળીએ છીએ, પણ દફતરે નોંધાયલા પણ કેટલાક જોવામાં આવે છે. મિ૦ મોરીસન લખે છે કે, યુવા ગામમાં એક કુવાપર બાયડીઓ પાણી ભરતી હતી, તયાં એક ગરાસીઓ જઇ ચઢયો. તેણે થોડોકવાર કુવામાં જોયા કરયું, તેથી એક બાયડીએ પુછ્યું કે ઠાકોર શું જુઓછો? ઠાકોરે જવાબ દીધો કે તેનો બાપ તે કુવામાં પડેલો છે. તેની સાથે તે વાતો કરે છે. આપરથી એક તીખલી સ્ત્રી બોલી કે " તમારા બાપા લુગડાં માંગે છે કેમકે કુવાની ટાઢ ખમાતી નથી." ઠાકોરે પોતાના દીલપરથી વસ્ત્ર કાઢી કુવામાં નાખ્યાં અને ચાલતો થયો. આ ગરાશીયો થોડા દીવશ પછી તે ગામ પાછો આવ્યો, અને કેટલાંક ઘર સળગાવી દઇને બોલ્યો કે, તેના બાપને લુગડાં જોઇએ છે, તે લુગડાં માટે નાણું આપો. તે વખતેથી યુવા ગામમાં દર વરસ રૂ ૩૦નું ગરાસ દાખલ થયું. બીજી કહાની એવી નોંધાઇ છે કે

ડુંગરી ગામમાં એક ડકરાણીને પ્રસવ થયો, અને છોકરો આવ્યો. તેણીનું કોઇ સગું વહાલું નહીં, તેથી ગામના પટેલે ગોળ અને સુંઠ તેણીને માટે મોકલાવ્યું. જયારે તે છોકરો મોટો થયો ત્યારે તેણે દર વરસ સુઠા ણાની રકમનો દાવો કરયો અને લડાઇ ટંટો થયા છતાં, અંતે દર વરસ રૂ ૧ાનું ગરાસ તે ગામને માથે ચોંટયું.

## લુંટારા.

બ્રિટિશ સરકારે સુરત લીધું ત્યારે સુરતમાં તથા આસપાસ ગામોમાં લુંટારાના ટોળેટોળાં ઉતરી પડતાં. મારામારીઓ થતી; ખુનો થતાં, ઝેર દેતા અને છાકટપણું અતીશે વધી પડયું હતું. સને ૧૮૧૫માં સરકીટના સીનીયર જડજે એવું મત નોંધયું છે કે, "નાતજાતના પટેલોનો અધીકાર નબળો પડી ગયાથી તથા ઉતરતા લોકો ચઢતીને માન આપવાને બંધાયલા છે, એવું સમજતા, તે સમજવુ બંધ પડયાથી, એ અનીતિનો વધારો થયો છે. તે લખે છે કે, એજ કારણથી અસંખ્ય દુરાચરણો. નીચ દુરગુણો અને વધતું જતું છાકટપણું ઉભરી નીકળ્યું છે." બે જાતના ગુનાહ વધી પડયા હતા. લુંટ અને ચાંચીઆ ચોરી. જયારે લોકો સામે થતા ત્યારે તેમનાં ઘર બાર લુંટતા અને છોકરાંઓને પકડી જતા. ચાંચીઆઓ સાથે ડુમસ ભીમપોર વગેરેના ખારવા મલી જતા, વેપારીનો માલ ચોરી જતા અને વહાણના વહાણ ડુબાવી દેતા. ડુમસથી વલસાડ લગી આખા કીનારાપરના લોકોના ઘરમાં રૂ તથા બીજી ચોરીની ચીજોથી વેપારીઓની વખાર હોય તેમ વખાર ભરેલી રહેતી.

## કેફી વસ્તુઓનાં વેચાણ.

અફીણ, ભાંગ ગાંજો, દારૂ તાડી વગેરે કેફી વસ્તુપર તે વખતે કશો જાપતો નહોતો. અફીણપર કાંઇક કર હતો, તે સિવાય કશી વસ્તુપર કર નહોતો. આબકારી એ બોલપણ તે વખતે કોઇના જાણવામાં નહોતો. નવાબને ત્યાં એ ખાતુંજ નહોતું. દારૂ તથા તાડી એ ચીજપર કશું જકાત નહોતું. જકાત તો નહીં તો નહીં પણ કશી બંધી કે જાપતો નહોતો. લોકો જેમ અનાજ પાણી, શાક ભાજી પોતાની મરજી પ્રમાણે ઘેર લાવે અને પોતાની મરજી પ્રમાણે તેનો ઉપયોગ કરે, તે મીસાલે લોકો મવડાં ઘેરઘેર રાખતા, અને ઘેરઘેર ચાઊક.લે તેમ સહુ પોતપોતાની મરજી માફક જેવો પસંદ હોય તેવો નરમ યા આકળો દારૂ ગાળીને ઘરમાં રાખી જુનો કરતા તથા તે ભરી રાખી, તેમાંથી પોતાની મરજી માફક આપતા, લેતા, અથવા વેચતા. એ વખતે દારૂની ભઠ્ઠી ઘણું કરીને ઘેરઘેર હતી, અને ઘણેખરે ઘેર દારૂ વેચવામાં આવતો. એવી સગવડની સાથે કાંઇક અગવડો પણ હતી. ૨૬ ગયલાં, કોહેલાં મવડાંની, તેનાં પાણીની વગેરેની, કેટલી ગલીચી હશે, ઘેરઘેર દારૂનું વેચાણ હોવાથી કેવી રીતની નીતિ જળવાઇ હશે, એનો વિચાર વાંચનારે કરી લેવો.

એજ પ્રમાણે તાડી પણ સુરત શહેર વસ્યું ત્યારથી વગર આંકોશે વેચાતી. તે ઉપર કશો આંકોશ કે કશું જકાત નહોતું. હરેક માણસ પોતાને મનભાવતી તાડી મરજીમાફક પીતો. જેની જમીનપર ઝાડ તે ધણી ઝાડનો માલીક ગણાતો અને તે ઝાડની તાડી તથા વાલપર ગુજરાન કરતો.

## પારસી (વાહાડીઆ) વહાણ બાંધનારા.

અઢારમી સદીમાં વહાણ બાંધવાનો હુન્નર ફક્ત પારસીઓના હાથમાં

હતો. તેઓ મોટાં મોટાં વહાણ સુરતમાં બાંધતા. તે વખતના ઈંગ્રેજ મુસાફરના લખાણથી જણાય છે કે, જોકે એ વહાણ લગાર મોઘાં પડતાં તોપણ એવાં મજબુત તથા ટકાઉ હતાં કે તે સોસો વરસ લગી જવાબ દેતાં હતાં. ચીનની સફરને માટે સહુથી મોટાં વહાણ બાંધતા. તે ૫૦૦ થી ૧૦૦૦ ટનના હતાં. અરબસ્તાન, ઈરાન વગેરેની સફરમાટે નાનાં બાંધતા. તેઓ શુદ્ધ વેલાતી જેવાં બનાવતા. સટેવોરીનસે એક વહાણ ૧૩૫ ફીટ લાંબું બાંધેલું જોયું, તે શુદ્ધી એક ફ્રીગેટ જેવું હતું, અને ઈંગ્લાંડમાં બનાવે એવું હતું. તોપ ગોઠવવાની જગા ઘણી કુસાદે હતી, અને કેબીનમાં દરેક ભાગ ઉપર ભાત ભાતનાં ફુળ ફુળ અને પાતરાંની નકશી કોતરેલી હતી. તે લખે છે કે, આ વહાણો બાંધનારા પારસીઓ હતા, અને તેના માલેક સુરતના વતની હતા.

## પ્રકરણ ચોદમું.

### અમલદારોની નીમણુક.

ઉપર કહ્યું કે સને ૧૮૦૦ના સાલમાં નવાબ સાહેબને પેનશન બાંધી આપી ઈંગ્રેજે સુરત શહેર અને બંદર પોતાના હાથમાં લીધાં. કામદારોમાં એક કલેકટર, એક જડજ, તેજ મેજીસટરેટ અને કિલાનો લેફટેનંટ ગવરનર એટલા નીમ્યા. સને ૧૮૦૩માં લેફટેનન્ટ એ નામ બદલી એજંટ એ નામ રાખ્યું.

## નવાબ તથા તેઓના વારેસો.

નવાબને વરસે એક લાખ અને બીજા શેહેરની મેહેસુલમાંથી મશાહાની આથ તથા ખરચ બાદ જતે વધે તેમાંથી પાંચમે ભાગે રૂપીઆ આપવા ઠરાવ્યા હતા. નવાબ મીર નાસરૂદીનખાન પાસે ૧૫૦૦ એકર જમીન, ૨૦૦ બંદુક, ૨૦૦ હથીઆરવાળાં માણસો અને બીજા ૩૦૦ નોકરો હતા.

સને ૧૮૧૮માં નવાબ સાહેબને રૂપીઆ ૧ લાખ ઉપરાંત ઉપજમાંથી પડતા વધારામાંથી ફાલો આપવાને બદલે બીજા રૂ ૫૦૦૦૦ વરસે ઉમેરી રૂપીઆ ૧૫૦૦૦૦ આપવાના ઠરાવ્યા.

નાસરૂદીન તા૦ ૨૩મી સપટેમબર સને ૧૮૨૧ ને દીને મરણ પામ્યાથી તેને ઠેકાણે તેના દીકરા મીર અફ્જુલુદીનને ગાદી મળી.

અફ્જુલુદીન તા૦ ૮મી આગસ્ટ સને ૧૮૪૨ને દીને વગર દીકરાએ મરણ પામયાથી નવાબનો ખેતાબ બંધ પડયો. છેલ્લા બે નવાબોએ હાકમી જતી રહયાથી ખરચ ઘટાડી નાખ્યો હતો, અને બધી વાતે સાદાઇ પકડી હતી. તેઓ બંધે હેદરાબાદના મીર લોકોના જેવી પાઘડી બાંધતા હતા, તે કચ્છ લોકો પાગડી પહેરેછે તેવી લાગતી હતી.

છેલ્લા નવાબને પેટે છોકરો નહોતો, પણ બખતીઆરૂનીશા બેગમ નામની એક પૂરી છોકરી હતી. આગલા નવાબને વરસે ૧॥ લાખ રૂપીઆનું પેનશાન મલતું તે બંધ કરી, કંપનિ સરકારે એવો ઠરાવ કરયો કે, નવાબની છોકરી બેગમ બખતીઆરૂનીશાને રૂ ૪૦૦૦, તેણીના ધણી મીર જાફરઅલીખાનને રૂ ૧૦૦૦, અને તેમની બે દીકરી નામે, જીઆઉલનીશા લાડની બેગમ તથા રહીમુનીશા બેગમને દરેકને રૂ ૫૦૦, દર મહીને પેનશાન આપવું. બખતીઆરૂનીશાં બેગમ સને ૧૮૪૫માં મરણ પામ્યાં.

પણ નવાબના જમાઇ મીર જાફરઅલીખાન હતા, તેમને વરસે રૂપીઆ

૫૨૮૦૦નું પેનશન મળવા લાગ્યું.

એજ વરસથી કાફલો અને કામદાર મુંબઇ બોલાવી લેવામાં આવ્યા અને મુગલ પાદશાહના દિલ્હીના વાવટો જે કિલ્લા ઉપર પૂર દમામથી બાહાર આપતો હતો, તે ઊતારી નાખવામાં આવ્યો. તે દિવસેથીમ ત્ર બ્રિટિશ વાવટો ઉડતો હતો પણ એ વાવટો પણ જ્યારથી કિલ્લામાથી લશ્કર કાઢી નાખ્યું ત્યારથી ચઢાવવામાં આવતો નથી.

મીર જાફરઅલી, અને તેમની બંધે છોકરીવાળું પેનશન સને ૧૮૫૭ માં વધારીને પાછું રૂ ૧ લાખનું કરી આપ્યું.

મીર જાફરઅલીખાન તા૦ ૨૧મી ઓગસ્ટ સને ૧૮૬૩ને દીને મરણ પામયા. તે વખતથી તેમની બંધે દીકરીને વરસે ૧ લખ રૂપીઆ મળતા તે સને ૧૮૮૬ લગી જારી રહયા. એ વરસમાં રહીમુનીશા બેગમ નાની ( બેગમ, ખાન બહાદુર મીર ગુલામબાબાખાનનાં ધણીઆણી ) મરણ પામ્યાથી મોટી બેગમ ઉમ્આઊલનીશા લાડલી ( બેલાવાળા નવાબ મીર આલમખાનની ધણીઆણી ) ને પોતાનો ફાલો મળવો જારી રહયો, અને મીર ગુલામબાબાખાનની ધણીઆણીનું પેનશન અટકયું છેવટે એવો ઠરાવ થયો કે વડી બેગમની હેયાતી લગી ગણીને દરવરસ રૂ ૫૦૦૦૦, મીર ગુલામબાબખાનનાં છોકરાંઓને રૂ ૧૦૦૦૦, તથા મીર જુલફીકારઅલીખાનને રૂપીઆ ૩૦૦૦ આપવા, અને દર વરસ રૂપીઆ ૩૭૦૦૦ બાકી રહે, તે સરકારમાં અનામત રાખતા જવું. જયારે વડી બેગમની હૈયાતી ન હશે, ત્યારે એ અનામત રહેલા રૂપીઆના વ્યાજમાંથી બંધે બેગમોના વારેસોને પેનશન મળ્યા કરશે.

વડી બેગમ ઉમ્આઉલનીશા લાડલી બેગમને સને ૧૮૮૯માં કેટલુંએક કરજ જણાયાથી એજંટ મિ૦ વિનચેસ્ટરે એવો હૂકમ કાઢયો કે, જે સખસો એ બેગમને હવેથી વ્યાજે નાણાં આપશે, તેઓનો દાવો પેનશનની રકમપર રહેશે નહીં.

સને ૧૮૦૪માં પાછો દુકાળ પડયો. એ દુકાળને સાઠા દુકાળને નામે ઓળખે છે. સને ૧૭૯૧માં સુડતાળો કાળ સખત પડયો હતો, તેવો સખત એ નહોતો. તોપણ એ કાળથી લોકો ઘણાં દુખી થયાં હતાં.

## આબકારી.

સને ૧૭૯૭ના અરસામાં જયારે શહેરમાં ૮ લાખ માણસની વસ્તી હતી, ત્યારે દારૂ પીનારા ઉતરતા લોકો છેક કંગાળ હાલતમાં હતા. દારૂ વેચનાર લેસનવાળાઓનો એ લોકપર પૂર અખત્યાર હતો. કાયદો તેમના ઘરમાંજ હતો. તેઓ જેને ગમે તેને ફટકાવી કાઢતા. કોઇનાપર માંગતાં લેણામાટે ફરીઆદ કરવાની જરૂરજ નહોતી, કેમકે જેઓપર લેણું હોય તેને પકડાવી મંગાવી, બાંધતા અને નાણું આપે ત્યારે છોડતા. શહેરમાં ઈંગ્રજનો અમલ થયા પછી પાંચ વરસે એટલે સને ૧૮૦૫માં દારૂપર સરકારનો કર થયો.

## સુરતી દારૂ.

સરકારે ઠરાવ્યું કે, ગલીચી થાય છે, અનીતિ વધે છે, માટે દારૂ ગાળવાનું એકજ મકાન આખા શહેરમાં રાખવું. ત્યાંથી જેને જોઇએ તે દારૂ ગાળી લાવે, અને જેણે વેચવાનો ધંધો કરવો હોય તેણે લેસન લઇને દારૂ વેચવો. આથી શહેરમાં ખળભળાત થઇ રહયો. લોકો ઉશકેરાઇ ગયા કે સેંકડો વરસનો વહીવટ સરકાર ફેરવી નાખે છે; પણ તેથી સરકારે વિચાર બદલયો નહીં. પારસી લોકોએ અરજી કરી કે દારૂપર ગયાલન દીઠ જકાત નાખવું ઠરાવ્યું છે, તે ઠરાવ બદલવો. પણ તે અરજી સરકારે નામંજુર કરી. પણ પોતાને ઘેર લગનશાદી હોય તો ઘેરમાં દારૂ ગાળી લેવાનો ૪ પારસીઓને પરવાનો મળ્યો. મોદીજી, શેઠવાળા, વખારીઆ, અને એંટી. આ વખતે ગયાલને જકાત

૮ આના દ.ખલ કરયું.

## મવડાંના દારૂપર જકાત.

| | | |
|---|---|---|
| સને | ૧૮૦૫માં (પહેલવહેલા) | ૦- ૮-૦ |
| ,, | ૧૮૩૦માં | ૦-૧૦-૦ |
| ,, | ૧૮૪૦માં | ૦- ૯-૦ |
| ,, | ૧૮૬૦માં | ૧- ૦-૦ |
| ,, | ૧૮૭૦માં | ૨- ૦-૦ |

એ રીત સને ૧૮૮૩ લગી ચાલી. એ વરસ લગી જે લોકોને અવલથી ભઠી ગાળવાનો હક આપેલો તેઓ સદર ફંડમાં દારૂ ગાળતા અને સરકારને ગયાલનદીઠ ફી ભરીને પીઠાંવાળાને વેચતા. એ ભઠીવાળા પારસીઓ સાથે સરકારનો દારોગો મળી ગયો, અને તેણે દાનચોરીનો વેપાર ખુલ્લો મુકયો. ભઠીવાળાઓ ૨૫ અંદર પ્રૂફ દારૂનો ઠરાવ, તે દારૂને બદલે ૧૩ અંદર પ્રૂફ લગીનો સખત દારૂ કાઢી લઇ જવા લાગ્યો. એટલુંજ નહીં પણ દહાડામાં લીધેલી એક વારની પાસમાં જેટલીવાર બને એટલીવાર તેને તે પાસથી દારૂ પસાર કરવા લાગ્યા. આ દાનચોરી લાંબી મુદત ચાલી નહીં. ભઠીવાળામાંથી એક ફૂટયો. તેણે સરકરમાં ખબર આપી, તેથી એ ભોપાળું ૧૮૮૩માં પકડાયાથી, થોડા વેપારીને પાપે શાહેર અને પરગણાંની સઘળી પ્રજાપર દુઃખ પડયું. આબકારી કમિશનર મિ૦ મિચરડે આખા જીલ્લાનો દારૂનો એકહથુ ઇજારો કરયો, અને તે મિ૦ દાદાભાઇ હોરમજી દુબાશ નામના પારસીએ દર વરસ રૂ ૪૭૫૦૦૦ આપવાની સરતે રાખ્યો. તે વખતે વળી દારૂનું માપ સરકારે ઓછું કરયું, અને તેથી હાલ દારૂ ૧૩ રૂપીએ મણ વેચાય છે.

સુરતી દારૂ તે ખરો દારૂ હતો. તેની ઓમુલકોમાં વખાણ હતી. તે સારી આવડ તથા ઘણી મહેનતથી બેવડો કરી બનાવવામાં આવતો. ફકત મવડાંનો

જ નહી, પણ શુદ્ધ ગુલાબ, ફાલસાં, એલચી, દરાખ વગેરેના ભાતભાતના બનતા. તે દારૂ જુના કરી ઠરે ત્યારે વાપરવામા આવતો. તેથી તે તંદુરસ્તી વધારનાર થઇ પડતો. નવા ચોખા, નવા દળું જેમ અવગુણ કરે છે, તેમ નવો કાચો દારૂ અવગુણકારક સમજી લોકો દારૂને જુનો થયાવના વાપરતા નહોતા.

## તાડી તથા નીરો.

છેક સને ૧૮૫૦ લગી તાડી એટલી સસ્તી હતી કે એક રૂપીઆની સુરતી ૮ મણ મળતી. ગરીબ ગરબા તાડી પી વાલખાઇ પોતાનો નીરવાહ કરતા. એ વરસથી સરકારે તાડી ઉપર પણ જુદી જુદી જાતનાં જકાત નાખ્યાં.

તાડીપર કર કરચો, તે અગાઉ શેહેરમાં આવતી તાડીપર એક મણે ચાર આના લેવામાં આવતા, અને શહેરમાં લેસનદાર તાડીવાળા વેચતા. તે લેસન દર વરસ હરાજ થતાં નહોતાં. તેમજ શહેર બહાર તાડીપર કશુ જકાત નહોતું. માત્ર તાડી વેચનાર લેસનની ફી આપતો. સને ૧૮૭૨માં શહેરના દરેક ખજુરાં દીઠ રૂ ૨ કર કરચો. તે ઉપર વધારો કરીને "બેઠક" એવે નામે બીજા ૧૪ આના દર ખજુરે વધારયા. બીજા હાથપર તાડી વેચનારના લેસનો હરાજ કરવા માંડયા. તેથી દર વરસ તે ઉપજમાં પણ વધારો થતો ગયો, આવું થયાથી ખજુરાના માલેકને (ખજુરાં એક વરસને આંતરે છેદવામા આવે છે) ખજુરી દીઠ રૂ ૧— ૧॥ લગી મળતો, તારે સરકારને રૂ ૨-૧૪ આના મળતા. તેમાં પણ સન ૧૮૮૯માં વધારો કરી, દર ખજુરીએ રૂ ૩-૧૪-૦ લેવાના ઠરાવ્યા, અને રૂપીએ મણ તાડી વેચવાનો હુકમ કરચો. આથી થયુ છે, એમ કે, ઝાડના માલેકને ઝાડનું જેટલું ઉપજે તેથી ત્રણગણું સરકારને મળે છે, અને જે પ્રજા ૨૫ વરસ પહેલાં રૂપીઆની ૮ મણને હીસાબે તાડી પીવામાં લેતી, તેને રૂપીએ મણ મળે છે. એના વધારે ખોટું એ થયુ છે કે, હરેક ચીજ જેમ મોંઘી તેમ તેમા દગો થાય છે, તેમ તાડીમા પણ પાણીનો ભે

ગ થાય છે.

નીરો, એ ખજુરીનો મીઠો. વગર ફેકનો રસ છે. એ રસ સેરડીના રસ જેવો છે. તેમાં કેફ હોતી નથી. છતાં તે ઉપર પણ તાડીના જેટલો કર છે, અને તે માટે પણ લેસન અપાય છે. તેથી એ ચીજ વેચાતી બંધ પડી ગયાથી પ્રજા કકલે છે.

## ઇમામ મહેદી–બોધાનનો બળવો.

સને ૧૮૧૦માં બોધાન ગામમાં અબદુલ રેહેમાન નામનો મુસલમાન, ઇમામ મહેદીનું નામ ધારણ કરી દુનીઆના રાજનો દાવો કરવા નીકલ્યો. તેથી સંખ્યાબંધ સુની મુસલમાન તથા મેહાનો તેનાં લશકરમાં ભેગા થયા. એ મુસલમાનોમાં મૂખ્યત્વે કરી ખેતી કરનારા સુની વહોરા હતા. ઇમામ મેહેદીએ માંડવીના રાજાપર ચઢાઇ કરી. એ વખતે માંડવીમાં એક રાજા રાજ કરતો હતો. તેની પાસે એક નાનો કિલ્લો હતો. ફીતુરીઓએ એ કિલ્લો લીધો, અને રાજાને તથા તેના દેવાનને કેદ કરયા. રાજા તો કેદમાંથી નીકળી નાઠો પણ દીવાનને પકડી મારી નાખ્યો. ઇમામ મહેદીએ બોધાનને રાજગાદી બનાવ્યું. ત્યાંથી તે સુરતપર ચઢી આવી. એ શાહેર લેવાની અને સઘળા હિંદુઓને મુસલમાન કરવાની ધમકી આપવા લાગ્યો. લોકોમાં મોટી ચીંતા પેદા થઇ માંડવી સુરતથી ૧૫ માઇલ ઉપર છે. તા૦ ૧૦મી જાનેવારી ૧૮૧૦ને દિવસે સુરત ખાતે ઇંગ્રેજના વડા મી૦ ક્રોને તેણે એક કાગળ લખ્યો કે, મને એક દમ રૂ ૩૦૦ મોકલી આપવા. બીજો એક કાગળ લખ્યો, તેમાં લખ્યું કે ક્રો સાહેબે એકદમ મુસલમાન દીન કબુલ કરવી. આ દરમ્યાન સુરતથી મુસલમાનોની એક ટોળી લશ્કરમા સામેલ થવા બોધાન ગઇ.

જે મુસલમાનો સુરતમાં રહયા, તેઓએ સુરતના હિંદુઓ ઊપર દીન દીન, એવો પોકાર કરી હુમલો કરયો, અને શાહેરમાં કાંઇ ઉથલપાથલની વકી

જણાઇ. તે ઉપરથી મિ૦ કોએ તા૦ ૧૮મીએ અબદુલરહેમાનને પકડવા ચાર પાયદલ કુંપની અને બે ઘોડેસ્વાર પલટણ મોકલી. ઘોડેસ્વાર પલટણ પહેલી પોંહોંચી અને તા૦ ૧૯મીએ બામદાદમાં પાયદલ આવ્યું નહીં, તે પહેલાં, ઘોડેસ્વાર લશ્કરને અબદુલ રહેમાનના લશ્કર સાથે સખત લડાઇ થઇ તેમાં ઈંગ્રેજના ૩ માણસો, તેમાં ૧ કોરપોરલ અને ૧ સિપાહ મારયા ગયા. કેટલાક ઘોડાઓ મારયા ગયા. અને સામાવાળાના ૨૦૦ માણસો મારયાં ગયાં. એ લડાઇમાં ઈંગ્રેજ સરકારે મરનાર ખાન બહાદૂર અરદેશરના બાપ ધંજીશાહ બેરામશાહને મોકલ્યા હતા, તે પણ મારયા ગયા. તેટલામાં પાયદલ આવતાંજ અબ્દુલ રહેમાન અને તેનાં ઘણાએક માણસો મારયાં ગયાં. તરત હુલ્લડ નાબુદ થયું. માંડવીનો રાજા, ઈંગ્રેજ આવેલો સાંભળી બંદીખાંનામાંથી છટકી ગયો હતો તેણે ઈંગ્રેજને અરજ કરી કે, તેની ગાદી તેને પાછી આપવી. તેથી તા૦ ૨૨મી જાનેવારીએ કિલ્લો લઇને રાજાને રાજગાદીપર બેસાડયો. એ રાજાના વંશના એક રાજાએ માંડવી પેશ્વાને આપી દેવાની ગોઠવણ ૧૮૧૭માં કરી, તેથી તેનીપર એક લશ્કરે ચઢાઇ કરી. તે તાબે થયો, અને સમાધાન થયું, પણ ૧૮૩૮માં હકદાર રાજા ન હોવાથી માંડવી ખાલસા કરયું.

બાદ સુરત જીલ્લાની સમાધાનીમાં આજ સુધી ખલલ પડી નથી. પણ ખુદ સુરત શેહેરમાં ઉતરતા લોકોએ એકથી વધારેવાર હડતાલ પાડી છે, અને હુલ્લડો કરયાં છે.

સને ૧૮૧૨—૧૩માં પાછી મોઘવારી ચાલી. એ વખતે ગુજરાતમાં ભારે દુકાળ પડેયો હતો, તેનું બયાન સત્તાવાર આગળ જોવામાં આવશે.

સને ૧૮૨૨માં રૂસ્તમપુરામાં મોટી આગ લાગી. એ આગથી આખું પરૂં બળી ગયું. એ આગ પછી લાગલી ભારે રેલ આવી, એ રેલ ઇઠોતેરની રેલને નામે ઓલખાય છે. એ રેલમાં જાનમાલની મોટી ખરાબી થઇ.

સને ૧૮૩૭માં નામદાર મહારાણી વિકટોરિયા ઈંગ્લાંડની ગાદીપર બેઠાં

સને ૧૮૩૭માં સુરતમાં મોટી આગ લાગી અને ભારે રેલ આવી.

## મીઠાંપર પહેલ વહેલો કર.

સને ૧૮૩૭ની પહેલાં નીમકપર કશો કર નહોતો. તે વખતે સુરતના લોકો માટે ફરતા મીઠબંદર હતાં. છીઆવ બુડીઆ, તલંગપોર, ભાઠા, હાંસોટ વગેરેમાં મીઠાના અગર હતાં. જે લોકોને જોઇએ તે લોકો અને વેંપારીઓ એ અગરમાં જતા, અને એક રૂપીઓ આપી, એક ગાડું જેમ ભરાય તથા જેમ બલદથી ખેંચાય તેમ ભરતા. બે બલદની આગળ બીજા બે બળદ જોડતા, અને એ પ્રમાણે ૪ મોટા બળદો ખેંચે એટલું મીઠું એક રૂપીઆમાં આપતા. મીઠું તે વખતે છાણ તથા મટોડાંને ઠેકાણે પડતું. રખે ઘરમાં ભોંયને લુણો લાગે તેથી લોકો મીઠાના માટલાં અથવા કોઠીઓ પોતાના વાડામાં વાડની આગળ રખડતાં નાખી મૂકતા.

સને ૧૮૩૭ના દિસંબરની પંદરમી તારીખે ખુશ્કી જકાત મોરચે મોરચે લેવાતું તે બંધ કરી, બ્રિટિશ સરકારે નીમક ઉપર દર બંગાલી મણે રૂ૦૦ા નું જકાત બેસાડ્યું.

## મીઠાનું હુલ્લડ.

સને ૧૭૪૪માં નીમકપર ૮ આના ઉપરથી વધારી ૧૨ આના જકાત કીધાથી તા૦ ૨૯મી આગસ્ટે દેવાલે દેવાલ જાહેરનામા મરાયાંકે, સરવેએ હડતાલ પાડવી. આ ઉપરથી દરેક નાતજાતના પટેલ, શેઠીઆને સરકારે તેડું મોકલ્યું કે તમારી દાદ સાંભલવામાં આવશે, માટે અદાલતમાં આવવું. એ તેડાને કોઇએ પત કરયું નહીં. પાછલે પોહોરે લોકોએ છેડાઇ કોરટ ઉપર હુમલો કરયો. બારી બારણાં તોડી પાડયાં અને ઈંટ પથરા ઉછળવા લાગ્યા. લશ્કર આવ્યું. તોફાન અટકયું પણ હુલડખોરો ઘેરેઘેર ગયા નહીં. જયારે ઢંઢેરો

ફેરવ્યો કે એક કલાક પછી જે લોકો દીઠામાં આવશે તેની ઉપર લશ્કરી કાયદો ચાલશે, કે તરત લોકો પોતપોતાને ઘેરે ઘેર થઇ ગયા. એટલાથી અટક્યું ન હીં; ઊશ્કેરણી ચાલુ રહી; તેથી મુંબઇથી તોપખાનું અને લશકર મંગાવવું પડયું. પણ તે આવ્યું કે લોકો ઠરી ગયા અને બીજે મહીને મીઠાંનો કાયદો પસાર થયો, ત્યારે સઘળું સમાધાન આવ્યું.

એ હુલ્લડ વખતે પારસીઓએ કેવો મારગ લીધો હતો, તે વિશે કલેકટર મિ૰ આરબથનાટ મિ૰ રૂસ્તમજી ખુરસેદજી મોદીપર લખે છે કે:—

"મીઠાંપર જકાત વધારવાનો કાયદો પસાર થયાથી લોકોએ બજારની દુકાનો બંધ કરી અને કેટલાક નીચ લોકે ફેસાદ કરીને સુલેહનો ભંગ કરયો તથા સરકારના હુકમનો અનાદર કરયો એ સઘળું તમને માલમ છે. પણ મને કહેવાને સંતોષ ઊપજે છે કે, મારી સાથે દીલોજાનીથી મહેનત કરીને તમે મને મદદ કરી. છેલ્લાં કામમાં પારસીઓ તેઓ સાથે બીલકુલ ભલ્યા નહીં. મોટે રસ્તે તમારા પારસી જણાયા પણ નહીં. મને ખબર મલી છે કે, તે તમારી તારીફ લાયક મહેનતને લીધે છે, અને તે માટે ખુશીથી હું તમારો ઉપકાર માનું છું તથા મને ભરોશો છે કે ભવિષ્યમાં એજ રીતે તમે પારસીઓમા તેમના વડા દાખલ વગ વાપરશો"

સુરત તા૦ ૫મી સપટેંબર ૧૮૪૪.

આર કે. આરબથનાટ.

સને ૧૮૪૮ના અપરેલમાં સરકારે વેપારીઓનાં તોલવાનાં કાટલાં છપાવેલાં રાખવાનો હુકમ કીધાથી કેટલાક દહાડા સુધી હરતાલ પડી, અને શહેરમાં એવી ચીઠીઓ ચોઢાઇ કે "જે માણસ દુકાન ખોલશે તેને માહજન નાતબહાર મુકશે. રૂ ૫૦૦૦૦હજાર સુધી ખરચી વીલાત લગી લઢીશું". એવી મ

તલબ જાહેરનામાંઓમાં હતી. તોપણ, હુલ્લડ તોફાન થયું નહીં. અને કાયદા સર ચાલીને લોકોએ અરજી કરવાથી તોલમાપનો કાયદો અટક્યો.

## વલંદા, ફ્રેંચ તથા ફીરંગીઓની બંધ થયલી કોઠીઓ.

વલંદાઓ પણ વેપારમાં પડી ભાંગ્યાથી સને ૧૮૨૫માં સુરત છોડી ચાલ્યા ગયા.

ફ્રેંચ વેપારીઓનો વેપાર આ શહેરમાં ઝાઝો ચાલ્યોજ નહોતો. તોપણ તેઓ રાજ લોભથી પડી રહયા. આખરે કશું ફાવ્યું નહીં ત્યારે તેઓ જતા રહયા, અને તેઓની કોઠીવાળું મકાન સને ૧૮૨૫માં ઈંગ્રેજે ભાડે રાખ્યું.

પોરટયુગીઝ વેપારીઓ હવે છેક નબળા થઇ ગયા. તેઓનો વેપાર બંધ પડી ગયો તેથી તેએ.એ સુરતમાં પોતાની કોઠી હતી તે સને ૧૮૪૭માં બંધ કીધી. છેલ્લાં ૭ વરસમાં તેઓએ સરાસરી રૂ ૬૪૭નો વેપાર કરયો હતો.

## સને ૧૮૫૭નો બળવો.

આ દેશ ઈંગ્રેજ સરકારના હાથમાં ગયા પછી સહુથી મોટો બનાવ ૧૮૫૭નો બળવો છે. એ બળવાને સુરત સાથે કશી નીસ્બત નથી, તોપણ એ બનાવથી સુરતમાં કાંઇ અસર થઇ હતી કે નહીં, તેટલું જાણવાની અગત છે.

એ બળવો શા કારણથી થયો, કોણે કરયો અને તેનું પરિણામ શું આવ્યું તે ટુંકમાં સમજાવવાની અગત્ય છે.

તે વખતે પંજાબ તથા બંગાળાના લશ્કરમાં ઘણાખરા ઊંચ વર્ણના હિંદુઓ હતા. બ્રિટિશ સરકારે એકાદ બે દેશી રાજયોને ખાલસા કરયાં હતાં. પશ્ચિમ ભાણીના ધોરણે વરાળયંત્ર, તાર વગેરે સુધારા દાખલ થયા હતા. રૂશ દે

શા ઈંગ્લાંડનો સદાનો વેરી છે, તેને તથા ઈંગ્રેજને લડાઇ છે એવી વાત લશ્કરી સિપાઇઓ તથા પદભ્રષ્ટ થયલા પુષ્કળ રાજાઓ અથવા તેમના વારેસો અને વિધવા રાણીઓના જાણવામાં આવી હતી. ઈંગ્રેજ તરફના મોટા પગાર તથા પેનશન મળવાથી તેમની પાસે દ્રવ્યનો સંચય થયો હતો. અને પશ્ચિમ તરફના સુધારાથી દેશની ખરાબી થશે, એવો કેટલાએકને વહેમ ગયો હતો, એવામાં લશ્કરી છાવણીઓમાં ગપ ચાલી કે, બંગાળી ફોજના સિપાઇઓનાં કારતુસોને ડુક્કરની ચરબી ચોપડેલી છે. ડુક્કરને હિંદુ તથા મુસલમાન એ બેઉ પ્રજા અપવિત્ર ગણે છે તેથી તેઓને ગુસ્સો ઊત્પન્ન થયો. અમલદારો પોતાના યુરોપી ઉપરી અમલદારોનું અપમાન કરવા લાગ્યા, ત્યાં લગી જે ખોટી ગપ ચાલેલી તેની સરકારને કશી ખબર મળી નહી.

એવામાં રવીવાર તા૦ ૧૦મી મે સને ૧૮૫૭ને દિવસે પાછળે પહોરે મીરતના સિપાઇઓએ બળવો કરયો. તેઓએ એક ઈંગ્રેજ અમલદારને કાપી નાખ્યો. તેઓ ત્યાંથી દિલ્હી ગયા, અને ત્યાં જઇને પદભ્રષ્ટ થયલા મુગલ પાદશાહ બહાદુરશાહને તથા બદમાશ લોકોને ઉશ્કેરવા લાગ્યા. મીરતમાં મોટામાં મોટી લશ્કરી છાવણી હોવાથી, તે ઠેકાણાનું બાકીનું લશ્કર બળવાખોરોને કચડી નાંખે એટલું હતું, તોપણ અમલદારોએ બળવાખોરો વિશે દિલ્હી તાર મુકયા સિવાય આખી રાત બીજા કશા ઉપાય લીધા નહીં. તેથી તા૦ ૧૧મી એ દિલ્હીમાં મુસલમાન લોકોએ બંડ કરયું. આ પ્રમાણે બળવાનું મુખ્ય સ્થળ દિલ્હી શહેર થઇ પડયું. એ બળવાની વાત સાંભળી બંગાળા તથા વાચ્ય પ્રાંતનાં લશ્કરોએ બળવો કરયો. તેમણે ખ્રિસ્તિઓને તથા તેમની સ્ત્રીઓ તથા બાળકોને મારી નાખ્યાં. બળવાની વાત ફેલાતી ગઇ. અફગાનીસ્તાનના ડુંગરોમાંથી સિપાઇઓ લુંટવા ઉતરી પડયા. પંજાબ પ્રાંતમાં હથિયારો લઇ લીધાથી બળવો થયો નહીં, અને મુંબઇ તથા મદ્રાસની દેશી પલટણો વફાદાર રહી. મધ્યહિંદના કેટલાએક રાજાઓનાં લશ્કર બળવાખોરો સાથે મળી ગયાં. હેદ્રાબાદનું મુસલમાની રાજય વફાદાર રહ્યું.

કાનપુર, લખનૌ તથા દિલ્હી એ ત્રણમાં બળવો વધી પડયો. કાનપુરની પાસે બિથુરમાં પેશ્વાનો વારેસ ધોંડુપંથ હતો. તે બળવામાં સામેલ થયો. તેને નાના સાહેબને નામે ઓળખતા હતા. તે બળવાખોરોનો સરદાર બન્યો, તેથી કાનપુરના ઈંગ્રેજ લોકો મોરચા બંધ કરી ૧૯ દહાડા છાવણીમાં ભરાઇ રહયા. એમાં સ્ત્રીઓ તથા બાળકો ઘણાં હતાં. નાનાએ તેઓને મિત્રાચારી બતાવી અલાહાબાદ લગી પહોંચાડવાનું વચન આપ્યું. તે ભરોસે ૪૫૦ માણસો ગંગા નદીમાં મછવાઓપર ચઢીને જાય છે, એવામાં નાનાએ કીનારેથી દગો કરીને તેઓપર ગોળીનો મારો ચલાવ્યો. એકજ મછવો તથા બીજા ૪ બહાદુર મરદો તરીને નાઠા તેથી બચ્યા. ત્રણ મહીને એટલે ૧૪મી સપટેંબરે સાત દહાડા લગી રાત દહાડો લડીને બ્રિટિશ લશ્કરે દિલ્હી પાછી જીતી લીધી બળવાખોર પાદશાહ બહાદુરશાહને કેદી કરી રંગુન મોકલ્યો (ત્યાં તે ૧૮૬૨મા મરણ પામ્યો). આ પછી એક પછી એક શહેર પાછું જીતી લીધું. અયોધ્યાની બેગમ, બરેલીના નવાબ, અને નાના સાહેબના નામ બલવાખોર તરીકે જાહેર થયાથી અયોધ્યામાં પ્રજાએ બળવો કર્યો. ૧૮૫૭થી ડિસંબર ૧૮૫૮ લગી મોટી બહાદુરીથી લડી બ્રિટિશ સરકારે બળવો બેસાડી દીધો. ઝાંસીની નિ:સંતાન રાણી અને તાતીઆ ટોપી બળવામાં મોખરે પડયાં હતાં. રાણી જુન ૧૮૫૮માં લડતાં રણમાં પડી. નાનો નાસી ગયો અને તાતીઆ ટોપીને છેલ્લે ૧૮૫૯ના અપરેલમાં પકડી મારી નાખ્યો.

## બળવા વખતે સુરતની હાલત તથા વફાદારી.

એ બળવાની વાત સાંભળી સુરતના લોકો મહીનાને મહીના લગી ધ્રુજ્યાં હતાં. લોકોએ પોતાનો જર જીવનગારો દાટી દીધો હતો. શાહુકારોએ ગીરવી રાખેલી જણસો ગરીબ ગરબાંઓને પાછી હવાલે કરવાની તૈયારી કરી હતી. કેમકે તેઓ સમજતા હતા કે જો વખત વધારે બારીક થઇ પડશે તો તેજ

ગીરવી મૂકનારા તેઓનાં ઘર લુટશે. કેટલાએક લોકો શહેર છોડી નાસંભાગ કરવા પડ્યા હતા, તેઓ સામા વગડામાં લુટાયા હતા. સરકારે તીજોરી કિલ્લામાં મોકલાવી હતી, યુરોપીઅન અમલદારોએ કિલ્લામાં રક્ષણની જગ્યા તૈયાર રાખી હતી. કિલ્લો, કોટ, તથા મોરચા સમરાવી મજબુત કીધા હતા. આલમપનાહ કોટના કેટલાક દરવાજા બંધ કરી લઇ તેને મજબુત ઢાંમલાં જડી લીધાં હતાં. મોટા દરવાજા માત્ર ઉઘાડા રાખ્યા હતા. લોકોએ પોતાનાં રક્ષણને માટે બનતા બેલાજો કીધા હતા. હિંદુ તથા પારસીઓને પોતાના જાનમાલ સાથે ધર્મની અને ધર્મનાં મકાનની ધાસ્તી લાગી હતી. પવિત્ર મકાનોની પાસબાની માટે હથિયારવાળા પરદેશી સિપાઇઓ રાખ્યા હતા. સરકારે તે વખતથી પ્રજાનાં હથિયાર લઇ લીધાં હતા, અને કિલ્લાપર તોપો ચઢાવી તે હુશિયાર રહી હતી.

સને ૧૮૫૭ના બળવા વખતે સુરતના લોકો ખરેખર વફાદાર રહ્યા હતા. આના કારણમાં કલેક્ટરે લખ્યું હતું કે શેખ સઇયદ હુશેન એડરૂસ જે સુરતમાં મુસલમાનોમાં મોટો વગ ધરાવે છે, તેમને લીધે હતું. આપરથી મુંબઇ સરકારે તેમને વરસે રૂ ૫૦૦નું પેનશન, અને પછવાડેથી સ્ટાર ઓટ ઈંડીયાનો ખેતાબ આપ્યો હતો. આ કુટુંબે આટલુંજ નહીં પણ સને ૧૭૫૯માં, અને સને ૧૮૦૦માં ઈંગ્રેજના રાજને મદદ કરી હતી. એમના વડવાને પણ એવુંજ પેનશન મળતું. એ ખાનદાન ૧૫૫૦માં અરબસ્તાનથી આ દેશમાં આવ્યું હતું. તેમની પાસે મોટા મોટા મોજેજા હતા, એવું માની મુસલમાનો તેમને માન આપતા હતા.

બળવો થયાને લીધે મહારાણીની સરકારે કુંપનિના હાથમાંથી હિંદુસ્તાનનું રાજ પાધરૂં પોતાની સત્તાતળે તા૦ ૧લી નવેંબર સને ૧૮૫૮ને દિવસે લીધું. એ દિવસે રાણીનું રાજ થયાથી આખા શહેરમાં આનંદ ફેલાયો હતો, લેનમાં લશ્કરી છાવણીમાં કવાયદ કરી, મહારાણીનો ઢંઢેરો વાંચી ૨૧ તોપો ફોડવામાં આવી હતી. પારસીઓએ પોતપોતાના મોહોલ્લામાં ખુશાળીનાં જસન કીધાં હતાં, અને સુરતના યુરોપીઅન અમલદારોને રૂસ્તમપુરામાં સર જમશે

છજીના ભાગમાં ખાણું આપવામાં આવ્યું હતું.

## ઇનકમ ટેક્ષ.

બળવાને લીધે સરકારને લશ્કરીખાતામાં ખરચ ઘણો થયો, તેથી સરકારે કર નાખ્યો. સને ૧૮૬૦માં ઇનકમ ટેક્ષ દાખલ કરયાથી વેપારીઓએ દુકાન બંધ કરી, અને ફારમો ભરી આપવા ના પાડી બરહાનપોરી ભાગળે ટોળું મળયું. માજી સટરેટ અને સુપરીનટેન્ડેન્ટ આવી પોંહોંચવાથી ટોળું વીખરાઇ ગયું.

## રેલવે તથા તાર.

સુરત તરફ રેલવેનું કામ સને ૧૮૫૭માં નવું સવું સરૂ થયું.

સુરતમાં વીજલીનાઁ તારથી સંદેશા મોકલવાની ગોઠવણ સને ૧૮૫૭માં અને સુરત તથા મુંબઇ વચ્ચે રેલવેનો વહેવાર ૧૮૬૪માં શરૂ થયો. રૂ વધુ પ કવાને લીધે અને રેલવેથી લોકોની શેઠીજાગી, ત્યારથી મોઘવારી શરૂ થતાં થતાં સને ૧૮૬૫માં કરડી મોઘવારી થઇ પડી, તેથી સરકારે પોતાના નોકરોને મોંઘવારીના પગાર ઊપરાંત ભઠું વધારે આપવાનો હુકમ કરયો.

## શેરનો સટો.

સને ૧૮૬૦માં અમેરિકામાં લડાઇ જાગ્યાથી ઈંગ્લાંદમાં અમેરિકાનો રૂ આવી શકયો નહીં, કેમકે લડાઇ ટંટાને લીધે ત્યાં રૂ પાકયોજ નહીં. તેથી હિંદુસ્તાનના રૂનો ભાવ વધી ગયો. જે રૂ સો રૂપીએ ખાંડી મળતો તેના રૂ૦ ૭૦૦—૮૦૦ ઊપજયા. આવા મોઘા ભાવને લીધે કરોડો રૂપીઆંની નહીં ધારેલી દોલત આ દેશમાં ઈંગ્લાંદથી ઘસડાઇ આવી. ખેડુતો, વેપારીઓ વગેરે એકાએક તવંગર બની ગયા. આવી રીતે એકદમ પૈસો વધી પડયાથી સુ

બાઇમાં એક નવી જાતની ઘેલાઇ ઉભી થઇ. ઈંગ્લાંડમાં જેવી રીતે આગાઉ પાયામાલી થઇ હતી તેવી પાયામાલી થઇ. દરીઆ પુરી જમીન બનાવવા, પારકા દેશો સાથે વેપાર કરવા, વગેરે, ગાંડાગાંડાં વિચારો ઊભા થયા. મોટી મોટી કંપનિઓ થઇ, શેરના સટા ચાલ્યા. વગર નફે, વગર વેપારે તે શેરના કાગળીયાંનાં ભાવ એકના દશ થઇ પડયા, તેથી તે વેચીને તેમાંથી નીકળી નાઠા તેઓ તાલેવાન થઇ ગયા. જેઓ એથી પણ વધારે નફો ખાવાની આશાએ તે ચીઠડાં રાખી રહયા તેઓ પાયામાલ થયા. એવી રીતે મીર લોકો ફકીર થયા અને ફકીર લોકો મીર થયા. એ ગાંડાઇમાં હજારો કુટુંબો નાદાર થયાં અને ભૂખે મરવા લાગ્યાં.

એ ગાંડાઇનો વા સુરતમાં પણ આવી પહોંચ્યો. તે ચેપ લગાડનારાઓમાં મિ૦ પ્રેમચંદ રાયચંદ, મિ૦ સોરાબજી લાહેવાળા વગેરેનાં નામ જાણીતાં થઇ પડયાં છે. તેઓએ સુરતના લોકોને પણ એ ગાંડાઇમાં ઉતારયા. તેમાં મોટાં મોટાં કુટુંબો, જેવાકે આતમારામ ભુખણ, ભાવનગરીવાળા, એંટીવાળા, ફ્રેમેસરીવાળા અને બીજા ઘણાં મોટી દોલતો ગુમાવી બેઠાં છે. છેલ્લે છેલ્લે ગુજરાત બેંક નામની કંપનિ કરી, તેના શેરો કાહડયા. તેના મેનેજર થવાને તે વખતના હજુર દેપ્યુટી કલેકટર મિ૦ મોતીરામ દલપતરામે પેનશન લઇ સરકારી ઓહદ્દો છોડી દીધો. શેરના ભાવ વધયા. વેચી નાઠા તે બચ્યા અને જેઓ વધારે લોભમાં રહ્યા તેઓના ઘરબાર વેચાઇ ગયાં. કેમકે ગુજરાત બેંક સુઇ ગઇ !

શેર સત્તાની ગાંડાઇમાં મોટી મોટી ઊઠલપાઠલો થઇ. ગરીબ લાચાર, મજુર, દળનારીઓ, રહેંટીઓ કાંટનારીઓ, પાણી ભરનારાં સરખા સરવે લોભાઇ ગયાં. જણસ ભાવ વેચી વેચીને શેર લીધા. તે સઘળાં પાયમાલ થયાં. એ ગાંડાઇ ન નીકળી હોતતો જે કેટલાએક ધર્મને નામે કામો થયાં છે, તે કામો થાત નહીં. મિ૦ પ્રેમચંદ રાયચંદે ગોપીપુરામા એક મોટી ધર્મશાળા બધાવી તથા ગોપીપુરા અને હરીપુરામાં મળી ૨ કન્યાશાળા કાઢી છે. તે ખાં

તાં તેમના પિતાને નામે રાયચંદ ધર્મશાળા તથા કન્યાશાળા કરી ઓળખાય છે.

## રૂની કમાઇ વખતે પારસી સખાવત.

એ વખતે મુંબાઇના ઘણાએક તવંગર પારસીઓ સુરત તરફ ઉપરા સાપરી ફરવા આવ્યા હતા. તેઓ રૂના વેપારમાં લાખો રૂ૦ કમાયા હતા. મરહુમ સેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ, મરહુમ સેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇ, નામદાર (હાલના સર) સેઠ દીનશાહજી માણેકજી પીટીટ, સેઠ ખરસેદજી ફરદુનજી સેઠ બેરામજી જીજીભાઇ વગેરેએ પોતાની મુસાફરીમાં ગરીબ ગુરબાંઓને ભારે સખાવતો કરી હતી. પાણીનાં પરબ, અર્વાડા, કુવા, તળાવ, ધર્મશાળા, નિશાળો, હુન્નરશાળા, દવાખાનાં, વગેરે એ સખી ગ્રહસ્થોનાં નામની યાદગારી બતાવતા સદા હૈયાત રહેશે. પૈસો આજ છે; કોણ જાણે કાલ કેવી છે. એ વિચારથી સેઠ રૂસ્તમજી તથા સોરાબજી જમશેદજીએ એક બે વરસમાં સખાવતમાં લાખો રૂપીઆ આપ્યા. તેઓએ નાતજાતનો તફાવટ રાખ્યા વના હિંદુ, મુસલમાન, કે પારસી, એ સઘળાંનાં દુઃખ ટાળવાને લાખો રૂ૦ની દોલત આપી દીધી. પારસીઓને "વહેંચાણ" ને નામે મૂઠે મૂઠે આપ્યા હતા. (નવસારીમાં) સગા વહાલાંને સોનાની જણસો, લુગડાં, ઘરબાર વટીક બધાવી આપયા હતાં. મૂકે મૂકે મળતું જોઇ, જેણે કે જેના બાપદાદાએ હાથ ઓરેલો નહીં, તેવા કેટલાએક હાથ ઓરતા થઇ ગયા. મોઘવારી થયાથી તેઓએ સુરતનાં ગરીબ લોકોમાં ચોખાની ગુણોને ગુણો ઘેર બેઠાં મોકલાવી આપી.

સેઠ ખરસેદજી ફરદુનજી પારેખે મોટી નામના કરી. મોબેદોની કમાઇ સુરતમાંજ નહી પણ દાતારો નવસારી, વલસાડ, ઉદવાડે જ્યાં જતા ત્યાં તેમનો પુંઠે ગયાથી સારી થઇ હતી.

સેઠ સોરાબજીએ સુરત તથા તેની આસપાસનાં ગામડાંના પારસી મર

દાની ન્યાત ખવાડી હતી, તેમાં પહેલીજવાર તેઓએ "ચુરમું" ખવાડયું હતું, અને ઓરતોની નાત કરી, તેમાં મીઠાઇનું ખાણું આપ્યું હતું. તેમણે તવડી ગામના દોખમાને ઇજવાની ક્રિયા કરવાને દિવસે આખી પારસી કોમને માટે ન્યાતનું ખાણું આપ્યું હતું, અને ત્યાં જવાને ખાહેશમંદ તમામ પારસીઓને માટે વળસાડથી વડોદરા લગીનું જવા આવવાનું રેલવેનું ભાડું, પોતે આપી સ્પેશીઅલ ટરેનો મૂકાવી હતી. તેથી અરધું સુરત ત્યાં ઉતરી પડયું હતું, અને તેમાના ઘણા ખરા ત્યાં રાતરે રહી ગયાથી, તેઓને માટે નવો ખર્ચ આપી, બીજે દહાડે તેઓને ઘેર પહોંચાડયાં હતાં. તવડીની સીમમાં આખી રાત પડી રહેલા સ્ત્રી પુરૂશો તથા બાળકોને "ગયાં તવડી અને આવ્યાં રવડી" એ કહેવેંત તાજી થઇ હતી.

તે વખતે બીજા ઉદાર પારસી ગ્રહસ્થોની સખાવત એ બે ભાઇઓ કરતાં ઓછી હોય પણ ઘણી વધારે ડહાપણ ભરેલી રીતે થઇ હતી.

ઘણાએ લોકો લાખો કમાતા હશે, થોડાએક કરોડોનાં મહોં પણ જોતા હશે, તોએ તેઓ કયારે મુઆ, તે પણ કોઇ જાણતું નથી; પણ જેઓ પોતાની હેયાતીમાં પોતાનું શું થશે તેની પણ દરકાર રાખતા નથી, તેઓએ માણસ જાતનું પોતાથી બને એટલું ભલું કરવા પોતાનું તનમન ઘસીને મહેનત કીધાથી, અથવા પોતાની દોલત ગરીબોને પોતાને હાથે ખેરાત કીધાથી તેમના નામ અને કામ સદા અમર રહે છે. તેમનો સુવાસ સર્વદા પમરતો રહે છે, અને આ ફાની દુનીઆંથી ગયા છતાં તેઓ ગોયા હેયાત છે.

## ગ્રહણ તથા ઊટીયું દુંટીયુ

સને ૧૮૬૮માં મોટું સૂર્ય ગ્રહણ થયું હતું. સને ૧૮૭૨માં એક મરજ ફેલાયો હતો તેવો આ શહેરમાં ઘણે વરસે આવેછે. એ મરજ અપરેલ મહીનાથી શરૂ થયો હતો અને તે ત્રણ મહીના લગી ચાલ્યો હતો. તે ૧ દીવસ

ના બચ્ચાંથી ૬૦ વરસની ઉમરના ડોસાંને લાગુ પડયો હતો. તેમાં બાકી કોઇ નહોતું. સાજું સમું માણસ ફરતું હરતું હોય, કામ કરતું હોય, કે સુતું હોય તેને એ વા લાગ્યો કે તેનું શરીર તરત લાલ રંગનું થઇ જાય, તેને ટાઢ વાગી આવે, તેના હાથ પગ ઢીલા થઇ જાય અને તે લોઠપોઠ થઇને પડે. એ મરજ ત્રણ દહાડે પોતાની મેળે સારો થાય. પણ જોગેન કોઇએ ભુલથી અ થવા જાણીજોઇને ઓસડ કીધું તો તેનો હાથ યા પગ રહી જાય અને તે લાંબા દહાડા દુઃખી થાય. એ મરજની ખુબી એ હતી કે જેમ તે એકેએક માણસને લાગુ પડયો હતો, તેમ તે મરજમાં એકે એક માણસ સાજું થયું હતું. કોઇના જાણને આળ આવી નહોતી. એ મરજને "ઊંટીયાં ટુટીયાં"ને નામે ઓળખતા હતા અને તેને માટે માનતા લેતા હતા પણ એ ઘણે વરસે આવતો એક જાતનો તાવ હતો જેને અંગ્રેજીમાં ડેંગ ( dengue fever ) કહે છે. તે સાઠ વરસ અગાઉ જેને લાગુ પડયો હતો તેને આ વખત લાગુ પડયો નહોતો. એવા તાવ અમેરિકામાં કેટલીક વાર ફેલાયલા નોંધાયલા છે.

## આનંદનો દિવસ.

ત્યાર પછીનો મોટો જાણવા લાયક બનાવ નામદાર મહારાણીએ કયસરે હિંદનો ખેતાબ લેવા વિશે છે. રાણી નામ બદલી કયસર નામ એ નામદાર સને ૧૮૭૭ માં ધારણ કરયું તેથી તા૦ ૧ લી જાનેવારી ૧૮૭૭ ને દિવસે આ શહેરમાં મોટો આનંદ ફેલાયો હતો. સઘળી નિશાળોનાં બાળકો સુંદર ચહેરા અને પોશાક વાળાં પોત પોતાની નિશાળમાંથી બામદાદમાં ટોળ, તાસા, તથા વાજાં અને વાવટાઓ સહીત સરઘસના આકારમાં કિલ્લાની સામે હાઇ સ્કુલના મકાનમાં હજારો એકઠાં મળ્યાં હતાં. તેમને મીઠાઇનું અકેકું પડીકું આપ્યું હતું. આખો દિવસ લોકોએ ઓચ્છવ તરીકે ગાળ્યો હતો અને રાત્રે લોકોએ ઘેરેઘેર રોશની કરી હતી.

## લાઇસિન્સ ટેક્ષને લીધે હરતાલ તથા હુલ્લડ.

પણ લોકોની આ ખુશાળી ઝાઝા દહાડા રહી નહીં. દેશમાં પડતા મોટા દૂકાળો અટકાવવાને સરકારે એક મોટું ફંડ ઉભું કરવા વેપારી અને દુકાનદાર લોકો ઉપર "લાઇસન્સ ટેક્ષ" નામનો કર નાખવાનો ઠરાવ કર્યો. ખેડુતોને એ કરમાંથી બાતલ રાખ્યા હતા અને જેઓ વરસે રૂ ૨૦૦થી વધારે પેદા કરે તેઓ ઉપર એ કર હતો. આગળા વખતમાં હરતાલો પાડવામાં ફાવેલા લોકોએ આ વખત પણ સામે થવાની કોશેશો કરવા માંડી. ફાયદાસર એ લોંજો કોરે મૂકી દુકાનદાર તથા વેપારીઓએ આડા એલાજો લીધા. તેઓએ ખોટી ખોટી ગપો ચલાવી. કોઇએ પણ ધંધો ચલાવવો નહીં એવી તેઓ બીજાઓને ધમકી આપવા લાગ્યા. પ્રથમ એક જાહેર સભા ભરી અને તેમાં લગાર નાદાની ભરેલાં ભાષાણો કીધાં. તેઓની અજ્ઞાનતાંનો ખ્યાલ એટલાજ પરથી આવશે કે તેઓ તે વખતના આકટિંગ કલેકટર મિ૦ ઓલિવંટ પાસે કબુલત લખાવી લેવાની માગણી કરવા લાગ્યા કે કર લેવાનો ઠરાવ રદ કરવો. જાણે કે કર નાખવો, યા રદ કરવો, એ કામ તેનું હોય! આ માંગણી દેખઇતી ગેરવાજબી હતી. કલેકટરે તે કબુલ કરી નહીં. તા૦ ૧લી અપરેલ ૧૮૭૮ને દિવસથી "મહાજન" ને નામે થોડાક લોકોએ હરતાલ પડાવી. સઘળી દુકાનો આખા ચાર દહાડા બંધ રહી. રોજ લાવી રોજ ખાનારાં ભૂખે મરવા લાગ્યાં તેથીં લુટ ચાલશે એવો બનાવ થઇ રહયો. તા૦ ૪થીએ શહેરના સઘળા પરવારતા લોકો ચોકના મેદાનમાં ભેગા થયા. કલેકટરે તેઓને સમજાવ્યા કે દુકાનો ખોલો અને પછી અરજી આપો, તે ઉપર સરકાર ધ્યાન આપશે. પણ તેની સારી અસર થઇ નહી. બીજે દિવસે હુલ્લડખોરો એક પગલું આગળ ચાલ્યા. તેઓમાંના સેંકડો જાફરઅલી મિલમાં અને સેંકડો રેલવે સ્ટેશનપર ધસી જઇ, એ બંધે કારખાનાના અમલદારોને ધમકી આપવા લાગ્યા

કે "તમને ૪ હત્યાના કસમ છે; ગઉ હત્યા, બ્રહ્મ હત્યા, સ્ત્રી હત્યા અને બાળ હત્યા, તમને લાગશે; તમે શું મહાજનમાં નથી ? માટે તમે પણ કારખાનાં બંધ કરો. ઇત્યાદિ"

તે ઉપરથી રેલવે સ્ટેશનના અમલદારોએ તેગને સમજાવીને પાછા ઉતારવાની કોશેશ કરી, પણ તેઓએ આગ ગાડી બંધ પડાવવાની જીદ છોડી નહીં, તેથી ત્યાં મારામારી થવાની તૈયારી થઇ; એટલામાં પોલીસના સીપાઇએ તલવાર બતાવી અને હુલ્લડખોરો પાછા વળી મીનારા આગળ એકઠા મળ્યા. ત્યાં પોલીસ સુપરિનટેનડેન્ટ, આસિસટંન્ટ કલેકટર મિ૦ યંગ હસ્બન્ડ તથા આકટિંગ પોલીસ ઇન્સ્પેક્ટર ખાન સાહેબ જાહાંગીરશાહ અરદેશર તાલેયારખાંએ તેમને નરમાસથી સમજાવી વીખેરાઇ જવાની કોશેશ કરી પણ ફોકટ ગઇ. હુલ્લડખોરોએ તેમના ઉપેર ઈંટ, નળિયાં તથા દંડુકાનો મારો ચલાવ્યો તેથી યુરોપિયન અમલદારોને પારેખ દિસ્પેનસરિમાં આશરો લેવો પડ્યો. એ હુલ્લડખોર લોકોનાં ટોળામાંથી બહાદુરીથી પસાર થઇ જઇને પોલીસ ઇન્સપેકટર પોલીસના દસ માણસોની ટુકડી લાવ્યો અને મારામારી વખતે જણાયલા મુખ્ય સખસોને પકડી તેમના હાથમાં હાથ કડી નાંખી તેમને કિલ્લા તરફ લઇ ચાલ્યા; તેથી હુલ્લડખોરોનાં ટોળાંમાંહેથી કેટલાએક નાસભાગ થઇ ગયા. તોપણ ઓછામાં ઓછા ૫૦૦૦ માણસોનું ટોળું ગાળ દેતું, અને પથરા ફેંકતું, કેદીઓની પાછળ પાછળ ચાલ્યું. થોડાએક સખસો તેમને ઉશ્કેરતા, અને રસ્તે આવેલા ઘરોમાં તમાસો જોવા ઉભેલ઼ઓને મહાજનની આણ અને પેલા ચાર હત્યાના કસમ આપી ધમકીથી તેમને પણ ટોળામાં સામેલ થવા કહેતા ચાલ્યા. એમ કરતાં કરતાં તેઓ ભાગાતળાવ લગી પહોંચ્યા. હુલ્લડખોર લોકો વધારે જોરપર આવતા ગયા અને જો તે વખતે પોલીસે સાહુચેતી વાપરી નહોત તો તે લોકો પોલીસના માણસોપર તુટી પડી કેદીઓને છોડવી જવાની કોશેશ કરત અને તેમાંથી ભયકંર પરિણામ નીપજત. પોતાને ધાસ્તીમાં આવેલા જોઇને પોલીસના માણસોમાના એકે પ્રથમ ખા

લી બાર કરયા. આથી ધારેલી અસર થઇ નહીં. એથી તો અજ્ઞાન લોકો ઓ ર વધારે જોરપર આવ્યા. તેઓએ ખાલી બારનો અર્થ એવો કરયો કે પ્રજા કદાચ પોલીસના માણસોને મારી નાંખે, તોએ પોલીસથી હુલ્લડખોરો સામે હથિયાર વપરાય નહીં.

આવી ખોટી સમજને લીધે તેઓ પથરા મારતા મારતા પોલીસના માણસો ઉપર તુટી પડવાની તૈયારીમાં હતા, એવામાં પોલીસે તે હુલ્લડ ખોરોને છેલ્લે એકવાર ફરીથી વીખેરાઇ જવા કહ્યું. અને જયારે જોયું કે ધીરજરાખતાં વધારે ખરાબ પરિણામ નીપજશે ત્યારે તેઓએ ગોળી મારી. તેની અસર એ થઇ કે ત્રણ હીંદુઓ માર્યા ગયા અને બે ત્રણ ઘાહેલ થયા. ટોળું લાગલું વીખેરાઇ ગયું. દુકાનદારો દુકાનો ખોલી ધંધે લાગી ગયા.

ત્યારપછી પોલીસે કેટલાએકને આગેવાની કરવાના શક ઉપરથી પકડયા તે વખતના સેશન જદજે મિ૦ મેકફરસને ધડો બેસાડવાને તેમાંના ઘણાને ભારે સીજા કરી. કેટલાએકને કાળે પાણીએ કાઢયા અને કેટલાએકને કેદખાનાની ભારે શિક્ષા કરી. ત્યાર બાદ હુલ્લડની ઉશ્કેરણી કરવાના શક ઉપરથી ૬ માણસોની તપાસ ચાલી. તેઓનો ઇનસાફ સ્પેશિયલ જદજ દોકટર પોલને કરયો. તેમાં તેઓ છુટી ગયા. પણ તે કામમાં જે જે સખસોએ જુબાની ખોટી આપી તેઓને ભારૂ શિક્ષા થઇ. ઇંગ્રેજ સરકારપર લડાઇનું વાદળ આવેલું છે, સુરતમાં લશ્કર થોડું છે, અને અમલદારો નરમ છે, એવું સમજી કેટલાએકે હરતાલની ઉશ્કેરણી કરી હતી. પણ હુલ્લડ કરવાને મસલત અથવા ઉશ્કેરણી થયલી નહોતી.

આ હુલ્લડ થયાને લીધે સરકારે પોલીસના માણસોનો વધારો કરયો અને તે ખરચના દર વરસ રૂ ૧૮૦૦૦નો દંડ સુરતના લોકોને માથે નાખ્યો. કર તો ચાલુ થયો અને ફોકટમાં થોડાઓને લીધે સુરત શહેરને ૫ વરસ સુધી દંડની કાળી ટીળી લેવી પડી.

## ખુદરતી ચમત્કાર.

સને ૧૮૮૨ના સાલના સપટેમબર મહીનામાં પહેલી રાતરે એક ભારે ગાજવીજનું તોફાન થયું. વીજલીના ચમકારા અને વરસાદના ગગડાટ એવાં જોસભેર થયાં કે કોઇ આફત આવી પડશે એવું જણાયું. તે સઘળું થોડા ક લાકમાં શાંત થઇ ગયું. પણ તેજ મહીનામાં ખગોળ વિદ્યાને લગતો એક નવો બનાવ નજરે પડયો. પૂર્વ દિશામાંથી એક ભયંકર અને જોતાંની સાથે હેબક પમાડે એવો એક તારો ઉગવા લાગ્યો. તે શરૂઆતમાં નાનો હતો પ ણ સને ૧૮૫૮માં બળવા વખતે જે એક પૂછડીઓ તારો જણાયો હતો તેના કરતાં ઘણો મોટો હતો એ તારાથી જેમ તે વખતે લોકો વહેમથી નઠારી આ ગાહીઓ કરતા હતા તેમ આ નવા તારાથી દેશને માથે કાંઇ મોટું આફત છે એવું લોકો ધારવા લાગ્યા. ફ્રિનલેનો ધુમકેતુ સપટેમબરથી ૧૮૮૩ના જાને વારી લગી જણાયો. અવલમાં તે નાનો હતો પણ દિસેંબર સુધીમાં કદમાં ઘ ણો મોટો દેખાવા લાગ્યો. તેવો મોટો તારો સુરતમાં કોઇ દિવસ જોવામાં આ વેલો નોધાયલો નથી. એ ધુમકેતુ ફ્રિનલે નામનો હતો. એ ગોયા એક મોટા મગરમચ્છ જેવો આકાશમાં ઉગેલો દેખાતો હતો. તે બંધે છેડેથી પાતળો હ તો અને વચમાંથી પુણમના ચંદ્રમાંના વ્યાસ જેટલો જાડો હતો. લંબાઇમાં તે ૩૦ ચંદ્રમાંના વ્યાસ જેટલો લાંબો હતો. તે ધીમે ધીમે નાનો ને ઝાંખો થતો ગયો અને આખરે ગુમ થઇ ગયો. એ ધુમકેતુ પૃથ્વિના કોઇને કોઇ ભા ગમાં આસરે પચાસ પચાસ વરસે નજરે પડતો કહેવાય છે. એ ધુમકેતુ આ જમાનાની ખરી નવાઇ હતી. અને સને ૧૮૬૮માં "ઓરોરા બોરિઓલિસ" નામનું એક ખુશકારક અને ચકચકિત તેજ નજરે પડયું હતું, તે ચમકારના કરતાં એ તારાનો ચમત્કાર ઘણો મોટો હતો.

એ વરસ ઉપર એટલે સને ૧૭૮૨માં સુરત ખાતે વા વઝોડાં અને વી

જળીના ચમકારાનું ભારે તોફાન થયું હતું. તે તોફાન થયાને એ ૧૮૮૨ના સાલમાં સો વરસથયાં હતાં. ૧૮૮૨માં દેખાયલા ધૂમકેતુ સરખા ૨૧ ધૂમકેતુ જણાયલાછે. સઘલા જુદી જુદી જાતના છે. સને ૧૭૪૪માં એક દેખાયો હતો. તેને ૬ પૂછડાંછે. સને ૧૮૫૮માં જે ધૂમકેતુ દેખાયો તે ૨૦૦૦ વરસપર દેખાયલો નોધાયો છે.

## વીજળીના દીવા.

સને ૧૮૮૩માં સુરત શાહેરમાં રાત્રે મોટી સડકો ઉપર વીજળીના દીવા કરવાનું કામ મ્યુનિસિપાલિટિએ સરૂ કરયું. એ દીવા કંપનિના માલેકો યુરોપિયન હતા. તેઓએ એ કંપનિનું કારખાનું સિવિલ ઓસપિટાલની પછવાડે કાઢયું હતું. એ દીવાનો ખરચ લોકોને નકામો લાગતો હતો અને તેથી એ દીવા બંધ પાડે તે પહેલાં એ વરસમાં જે ભારે રેલ આવી તેમાં એ કારખાનું ઘસડાઇ ગયાથી એ નાપસંદ ઝગડાનો પોતાની મેળે અંત આવ્યો.

## સ્થાનિક સ્વરાજ.

સુરતમાં મ્યુનિસિપાલિટિ સને ૧૮૫૨માં સ્થાપવામાં આવી. તેનો કારભાર સરકારની, તથા તે જે અનુભવી, ઠરેલ તથા જાણીતા ગ્રહસ્થોને નીમતી, તેઓની દેખરેખ નીચે સારો ચાલતો હતો.

સને ૧૮૮૩માં હિંદુસ્તાનના વાઇસરાય લાર્ડ રિપને આ દેશના લોકોનું કલ્યાણ કરવાને લગાર હદથી બહાર ઉલટ લઇ. સ્થાનિક સ્વરાજની યોજના ઘડી. તે યોજના મુજબ આ શાહેરમાં પણ તે હક આપ્યો. એ યોજનાની મતલબ એ છે કે શાહેરના મ્યુનિસિપલખાતાનો કારોબાર શાહેરના લોકોના ચુંટી કહાડેલા મેમ્બરોની મારફતે ચલાવવો. એ યોજના મુજબ મ્યુનિસિપલ કારોબાર સરૂ કરવા ચુટણી થઇ; પણ પ્રમુખ કલેકટરનેજ રાખવો એવી ત

વખતની મુંબઇની સાવધ સરકારે છુટ લીધી. તેથી પ્રજા સંતોષ પામી નહીં. પ્રજાએ માગણી કરી કે પ્રમુખ કલેકટરને બદલે દેશીને નીમવો. સરકારે નાચારીએ તે માગણી પણ કબુલ કરી. અને પ્રમુખ દાખલ સરકારે રાઓ બહાદુર જગજીવનદાસ ખુશાલદાસને નીમ્યા. તેમના પછી થોડી મુદતે પ્રમુખ દાખલ ખાન બહાદુર મીર ગુલામબાબાખાનને નીમવામાં આવ્યા. પણ તે વખતે પ્રજાએ તથા મ્યુનિસિપાલિટિના કેટલાએક મેમ્બરોએ પોતેજ ફરિયાદ ઉઠાવી કે દેશી પ્રમુખથી કામ સારૂં થતું નથી.

## ૧૮૮૩ની રેલ.

સને ૧૮૮૩માં ભારે રેલ આવી ગયાં સો વરસ ઉપર એટલે સને ૧૭૮૨માં જેમ સખત તોફાન થયું હતું અને જેને સુરતના લોકો દટંદર કહેતા હતા તેમ તાપી નદી જયાં આગળથી નીકળે છે તે જીલ્લાઓમાં "સાઇક્લોન" થયાથી એક દહાડામાં એકદમ ૨૩ ઇંચ વરસાદ થયો અને તેથી આ શાહેરમાં તા૦ ૨૭ જુલાઇએ ભારે રેલ આવી. એ "સાઇક્લોન"ની આગાહી બંગાલાવાલા વાયુચક્રશાસ્ત્રિએ જુન મહીનામાં કરી હતી પણ આ શાહેરના લોકોને તે વિશે આગળથી ખબર પડેલી નહોતી. એ રેલનું અને ૧૮૮૪ માં તેના કરતાં ઉતરતી રેલ આવી તેનું વીગતવાર વર્ણન આગળ જોવામાં આવશે.

## આઇસ ફેકટરિ.

આ શાહેરમાં આઇસનો ખપ ધીમે ધીમે વધતો ચાલ્યો. તે મુંબઇ તથા અમદાવાદથી જથાબંધ આવવા લાગ્યું. તેથી મિ૦ શાપુરજી બરજોરજી ફ્રેઝરે આઇસનું કારખાનું મ્યુનિસિપલ હોલની સામેના પોતાના બાપીકા મકાનમાં કાઢયું. પણ ૧૮૮૩ની ભારે રેલમાં એ સદ્ગૃહસ્થ શાહેરીના મોટા મ

ફ્રાનની સાથે તે ફૅકટરિ પણ રેલમાં ઘસડાઇ ગઇ.

## નવુ દોખમુ

સને ૧૮૮૩માં સુરતની નજદીક ભગરસાથના પારસીઓ માટે એક નાનુ દોખમું તથા સગડી બંધાયાં. તે દોખમાના ખરચ જોગા રૂપીઆ ઉઘરાણાથી થ ઇ ન શકયાથી તેમાં રૂ ૬૨૪૭-ાાા સેઠ સોરાબજી રૂસ્તમજી ફટાકીઆએ આપ્યા.

## પાતાળ કૂવા.

સને ૧૮૮૪માં સુરતના એક સહાશીક પણ અણકીરખી વહોરાએ મ્યુ નિસિપાલિટિમાં એવી માંગણી કરી કે, તે દર એક પાતાળ કૂવો રૂ ૫૦૦૦ ની કિંમતે ખોદી આપવા રાજી છે. એવા ૧૦ કૂવા લગી તે ખોદી આપે તો, તેને રૂ ૫૦૦૦૦ આપવા. મ્યુનિસિપાલિટિએ તે સરત કબુલ રાખી નહીં. તે દરમ્યાન તે વહોરાએ આસરે ૧૫૦ ફીટ નળી મુકી, પણ મ્યુનિસિપાલિટિએ દસ્તાવેજ કરીઆપવા ના પાડેથી તે કામ બંધ પડયું. એ કૂવો મ્યુનિસિપલ હોલના દરવાજા આગળ ખોદયો હતો.

## વટલેલ.

સને ૧૮૮૪માં ગુલાબદાસ નામને એક કુંવારો વાણિયો મહમદન ધર્મમાં વટલી ગયાથી તેની ન્યાતમાં ભારે ઘોંઘાટ થઇ રહયો. ગુલાબદાસે ગુલા મ મહમદ એવું નામ ધારણ કરયું. અને તે એક મુસલમાની સાથે પરણ્યો. આવો બનાવ સુરતમાં ઈંગ્રેજી રાજય થયા પછી કવચિતજ બને છે.

## તારાનો વરસાદ.

જેમ અમેરિકામાં કેટલીકવાર દહાડે અંધારૂં થયલું અને રાતે તારાઓનો વરસાદ વરસેલો વાંચીએ છિયે તેમ આ શહેરખાતે સને ૧૮૮૬ના નવેંબર મહીનામાં પહેલી રાતરે આકાશપરથી ગોયા તારાનો વરસાદ વરસતો હોય તેમ હજારો તારા આકાશમાંથી ખરવા લાગ્યા અને દરેક નવેંબર માસમાં તારા થોડા થોડા તો હમેશાં ખરે છે તેનો જેને અનુભવ નહીં તેવાઓને તો મે કોઇ ખુદરતી કોપ લાગ્યો. ત્રણ કલાકમાં તારા ખરતા બંધ પડયા અને હમેશાની માફક આકાશ જેવુંને તેવું પ્રકાશવા લાગ્યું.

## યંત્રકળાથી ચાલતો ઉદયોગ.

સુરતમાં સને ૧૮૮૬માં વેલાતી સાંચાથી રૂ કાંટવાનાં તથા કાપડ બનાવવાનાં ૩ કારખાનાં હતાં. એ કારખાનાંથી હજારો માણસોના ધંધા જાગ્યા છે, તેનું માન નવાબના કુળના ગ્રહસ્થોને ઘટે છે. એની પહેલ મીર જાફરઅલીખાને કરી હતી. તેઓએ સુરતમાં એક કંપનિ ઉભી કરવાની આગેવાની કરી. તેથી એ કંપનિ જાફરઅલી સ્પિનિંગ એંડ વીવિંગ કંપનિને નામે ઓળખાય છે. તે સ્પિનિંગ નવાબ સાહેબના મહેલ આગળ છે. એનો કારભાર સારો ચાલે છે. બીજી કંપનિ મીર ગુલામબાબાખાન, તે મરનાર મીર જાફરઅલીના નાના જમાઇ, અને સુરતના નામીચા કાઝી ખાનદાનવાળાએ, અને ત્રીજી તેજ નામદાર મીર જાફરઅલીના વડા જમાઇ મીર આલમખાન, તે બેલાના નવાબના બેટાએ ઉભી કરી છે. તેથી બીજી ગુલામબાબા મિલને અને ત્રીજી બેલા મિલને નામે ઓળખાતી હતી. ગુલામબાબા મિલ નીકળ્યા પછી થોડાં વરસમાં બળી ગયાથી, તેના ભાગીદારોને નવા સાંચા મંગાવી તેને સારી

હાલતમાં મુકવાની જોગવાઇ મળી છે. બેલા મિલ માંહોમાંહેની લડાઇથી હિંદુસ્તાનમાં ગઇ તેથી વેચાઇ ગઇ છે, તે મિ૦ બેગમહમદ નામના વેપારીએ હરાજીમાંથી વેચાતી લીધી છે અને તે બેગમહમદ મિલને નામે ચાલે છે.

કાપડ વણવાનાં ૩ કારખાનાં ઉપરાંત. એક ઉનનું કાપડ બનાવવાનું, એક રેશમી કાપડ વણવાનું, અને કેટલાએક દળવાના સાંચા નીકળ્યા છે. કપાસમાંથી રૂ જૂદો પાડવાના "જીન" નામનાં કારખાનાઓથી પણ મજુર લોકોની રોજી જાગી છે એ ઉપરાંત એક કાગળ બનાવવાનું અને એક લોઢું ગાળવાનું કારખાનું નીકળ્યું છે.

## સને ૧૮૮૯નો અગ્નિકોપ.

સને ૧૮૮૯માં ૫૨ વરસે પાછો આ શહેરમાં અગ્નિ કોપ થયો. એ કોપનું વર્ણન આગના મથાળાં નીચે આગળ આપવામાં આવશે. આ કોપ થયાથી સરકારે સ્થાનિક સ્વરાજના દેશી પ્રમુખનો હક છીનવી લીધો.

## મોઘવારી.

સને ૧૮૦૦મા સાલમાં દરેક અગતની વસ્તુનો શો ભાવ હતો, તે આગળ આપવામાં આવ્યું છે. તે પરથી માલમ પડ્યુ હશે કે, તે વખતે (કાપડ સિવાય) દરેક ચીજ સોંઘી હતી. આજના ભાવનો મુકાબલો તે વખતના ભાવ સાથે નીચે કરી બતાવ્યો છે, તેપરથી માલમ પડે છે કે, હમણાં સખત મોઘવારી છે.

| | સને ૧૮૦૦માં. | ૧૮૬૫માં. | ૧૮૮૯માં. |
|---|---|---|---|
| | હારાના. | | |
| ભાત બંગાલીયું. | ૩ ૪. | ૧૪ | ૧૪ |

| | સને ૧૮૦૦માં. | ૧૮૬૫માં. | ૧૮૮૯માં. |
|---|---|---|---|
| | હારાના. | | |
| ભાત સાળિયું. | રૂ ૨. | ૭ | ૭ |
| ભાત કડા. | રૂ ૨. | ૭ | ૭ |
| | મણના. | | |
| ઘઊં | રૂ ૦।. | ૧॥ | ૨ |
| જુવાર, બાજરી. | ૦)⚌. | ૧॥ | ૧। |
| દાળ તુવરની. | ૦।. | ૪ | ૨॥ |
| કાપાસ. (૨) | રૂ ૧॥. | ૨૦ | ૧૦ |
| નીમક. | ૦)-. | ૦॥⚌ | ૧।⚌ |
| ઘી. | રૂ ૪ | ૨૦ | ૧૬ |
| દુધ. | રૂ ૦।⚌. | ૧॥ | ૧। |
| તેલ. | રૂ ૨. | ૮ | ૭॥ |
| દીવેલ. | રૂ ૧॥।. | ૮ | ૭ |
| મરી. | રૂ ૪. | ૧૦ | ૨૦ |
| મરચાં. | રૂ ૦।-. | ૨॥ | ૪ |
| ગોળ. | રૂ ૧॥ | ૩ | ૩ |
| ખાંડ. | રૂ ૨ | ૮ | ૫॥ |
| કેરી. | ૦)⚌ | ૦॥ | ૦॥⚌ |
| દુધી, કોળું વગેરે | ૦)⚌ | ૦॥ | ૦॥⚌ |
| બાળવાના લાકડાં. | ૦)- | ૦)⚌॥ | ૦)⚌ |
| મટન. | રૂ ૧ | ૪ | ૫ |
| મવડાંના દારૂ. | રૂ ૨ | ૮ | ૧૩ |
| તાડી. | ૦)⚌ | ૦॥ | ૧ |

| | સને ૧૮૭૦માં. | ૧૮૬૫માં. | ૧૮૮૯માં. |
|---|---|---|---|
| | ગજના. | | |
| કાપડ ઊનનું. | રૂ ૦॥ | ૮। | ૦⁄≈ |
| કાપડ જાડું. | ૦)≈ | ૦)=॥ | ૦)⁀ |
| ઈમારતી લાકડાં. | રૂ ૩ | ૧૦ | ૧૩ |
| | રૂપીઆનાં. | | |
| મરઘાં. | ૩૨ | ૮ | ૫ |
| ઘોડા. | ૧૯૨ | ૪૮ | ૪૮ |
| | તોલાનાં. | | |
| સોનું ચીપા. | રૂ ૧૫ | ૧૭ | ૨૪॥≈ |

## પ્રકરણ પંદરમુ

### સુરતના કોટ.

સુરતમાં અંદરના કોટની અંદર જે વસ્તી છે, તે શહેર ગણાય છે. એ કોટની બહાર જે લત્તા છે, તે પરાં કહેવાય છે. એ પરાની આસપાસ બીજો મોટો ફરતો કોટ છે. અંદરનો કોટ શહેરની પાસબાનીનો હોવાથી "શહેર પનાહ" ના નામથી ઓળખાતો આવ્યો છે. બહારનો કોટ શહેર અને પરાં એ બ

માંની જાળવણીને માટે હોવાથી તેનું નામ "આલમપનાહ" રાખ્યું છે. શહેરમાં ૪૪૦ એકર તથા પરાંમાં ૧૮૧૮ એકર જમીન છે.

## શહેરપનાહ કોટ.

અંદરના યાને નાના કોટને શહેરપનાહ કહે છે. જ્યારે સુરતમાં પરાંઓ નહોતાં ત્યારનો ( નવાબ ગ્યાસુદીનખાનના વખતમાં ) એ બાંધવામાં આવેલો હતો. સને ૧૬૬૪માં શિવાજીએ પહેલીવાર સુરત લુટયું, તેથી બીજે એ કોટ પાકો બાંધવા માંડયો હતો. એ બાંધતાં ઘણાં વરસ લાગ્યાં હતાં. ફ્રાયરે એ કોટ બાંધતાં જાતે જોયો હતો તે લખે છે કે એ કોટ ઊંચો અને સારી પકવેલી ઈંટોનો બાંધવામાં આવે છે. સને ૧૬૭૨માં તો તે હજી બંધાતો હતો. એ કોટ ઉંચાઇમાં કોઇ ઠેકાણે ૨૮ ફીટ અને કોઇ ઠેકાણે ૨૦ ફીટનો હતો. અને પહોલાઇમાં કોઇ ઠેકાણે ૮ ફીટનો તો કોઇ ઠેકાણે ૧૨ ફીટનો હતો.

એ કોટમાં ફરતી ૧૨ ભાગળો હતી. અંદર કોટના બારણાને ભાગળને નામે ઓળખતા હતા. વરીઆવી, સૈયદપુરી, બરહાનપુરી, નવસારી, મજુરા, મક્કાઇ, બાદશાહી, ડક્કાની, રાજાઓવારાની, કુરજાની, મીરબેરીની, અને મુલ્લાં ખડકીની યાને લાટીની. એ ભાગળો ઉત્તરથી, પુર્વે દક્ષીણે અને પશ્ચિમે એમ ગોળ કુંડાળામાં આવેલી છે. વરીઆવી ભાગળ ઉત્તરે આવેલી છે, અને છેલ્લી ૪ નદી કીનારે પાસે પાસે આવેલી છે.

એ કોટની બહાર ફરતી ખાહી ખોદેલી હતી. વરસાદનું પાણી શહેરમાંથી એ ખાહીએ જતું અને તમાંથી નદીમાં જતું હતું. તેથી શહેરમાં વરસાદનું પાણી ભરાઇ રહે એવું નહોતું.

દરેક ભાગળની ઉપર બેઠક અને આસપાસ બંધે બાજુએ મોટા બુરજોમાં ફરતી બારીઓ રાખેલી હતી, તેમાં તોપ ગોઠવવાની ગોઠવણ હતી.

એ બુરજો ઈંગ્રેજ સરકારે સુરત લીધું ત્યાં લગી અડધા પડધા હતા ત્યારબા દ તે ધીમે ધીમે નાશ પામ્યા છે, તેમજ વરીઆવી, સૈયદપુરી, બરાહનપુરી, નવસારી, મજુરા, મક્કાઇ, બાદશાહી, અને ડક્કાની ભાગોળો ખોદી નાખી છે. તેજ મુજબ એ શહેરપનાહ કોટપણ ખોદીને તેના પથરા તથા ઈંટ મોટા કોટને સ મારવાના તથા રસ્તો પુરવાના કાંમમાં વાપરી નાખેથી, તેની નિશાણી સૈયદપુરા ત થા નવસારી ભાગળથી મક્કાઇ ભાગળ સિવાયે કોઇ બીજે ઠેકાણે જવલેજ જણાય છે. રેલના પાણી અટકાવવાને માટે ફાટકની તથા વરીઆવી ભાગળો પુરી લેવામાં આવનાર છે. એજ પ્રમાણે ખાડી પણ ધીમેધીમે પુરી નાખવામાં આવે છે.

## શાહેરપનાહની અંદર આવેલા ભાગો.

એ કોટની અંદરના ભાગને શહેર કહે છે. શહેરના ભાગ યાને ચકલા આ પ્રમાણે છે. ચોકબઝાર (૪ એકર જમીન), મુલ્લાંનો ચકલો (૬૭ એ કર), માછલીપીઠ (૩૦ એકર), રાણીતલાવ (૨૮ એકર), કણપીઠ (૧૧ એકર), કેલાપીઠ (૨૩ એકર), રહીઆ સોની (૧૧ એકર), ભાગાતલાવ (૩૭ એકર), ગોપીપુરા (૩૦ એકર), વાડીફલીઆ (૨૨ એકર), ખપાટી આનો ચકલો (૨૫ એકર), સંઘાડીઆવાડ (૫૨ એકર), બડખાંનો ચકલો (૩૮ એકર) અને આસુરબેગનો ચકલો (૪૧ એકર).

ચોકબઝાર, અસલમાં એક ચોક હોવાથી, એ નામ પડેલું છે. મુલ્લાંનો ચકલો એ નામ ભતારના મુલ્લાંના નામ ઉપરથી પડેલું છે. મુલ્લાં મોટો વેપારી હતો, અને એને તયાં ઘણા વહાણો હતાં. એ ચકલામાં મીરજા સામીની મ સજીદ ખુદાવંદખાન નામના નવાબે બંધાવી હતી.

મુસાફરખાનું, જે હમણાં મ્યુનિસિપલ હોલને નામે ઓલખાય છે, તે સને ૧૬૪૪માં હકીકાકખાને મુસાફર લોકો માટે બંધાવ્યું હતું.

એ ચકલામાં એક કેપુચીન દેવલ હતુ. તેના વડો એમખરોઝ નામનો હતો.

આરમીનિયન ચર્ચ મુલ્લાં ખડકીના મુહલ્લામાં છે, તે એક પારસીનું મકાન છે, તે દેવલ હજી વગર ફેરફારે રહેવા દીધુ છે. આરમીનિયન ચર્ચ ૧૭૭૭માં બંધાઇ તૈયાર થયું હતુ. તે વખત પછી આરમીનિયનોની વસ્તી બહોલી હતી, પણ સને ૧૮૧૧માં માત્ર ૫૦ કુટુંબો હતાં, અને ૧૮૭૨ની ગણત્રીમાં માત્ર ૩ માણસો સુરતમાં હતા.

મુસાફરખાના યાને (હાલના) મ્યુનિસિપલ હોલની નજદીક ખુલ્લી જમીનપર અસલ કેપુચીન ફ્રાયર નામના ફ્રેંચ સાધુઓના મઠને લગતા લાકડાના એક "ક્રૂસ" છે. એ સાધુઓ શિવાજીએ સુરત લૂંટયું, તે વખતે સુરતમાં હતા. તેઓએ શિવાજી પાસે માંગી લીધાથી તેઓને તેણે લુટયા નહોતા. એ સાધુઓ લોકોમાં ઘણું માન પામેલા હતા. તેઓ લોકોના કજીઆ ટંટા ચુકાવતા, અને પોતાની પવિત્રાઇથી દુખઃદર્દો મટાડતા. એ ચર્ચની પછવાડે ફીરંગીઓની કોઠી હતી, તે માત્ર થોડા ઓરડા સિવાય ભાંગી ટુટી ગઇ છે. ફીરગીની કોઠીની પછવાડે ફ્રેંચ લોકોની કોઠી છે. અને તેજ લતાપર આરમીનિયન લોકોનું દેવલ આવેલુ છે.

એ મુહલ્લામાં છેક સને ૧૮૧૭લગી આરમીનિયન, આરબ, ઇરાની તથા યાહુદી વેપારીઓનાં મકાનો હતા.

ગોપીપરાનો પારસીવાડ છેક ૧૮૧૭માં વસેલો જણાય છે. એ મુહલ્લાના વહોરાઓ પહેલાં આવેલા તેથી ગોપીપરાના મુહલ્લામાં તેઓનાં ઘર છે. જે વહોરાઓ પાછળથી આવેલા તેઓને શાહેરમાં જગા મલી નહીં. ગોપીપરાના કેટલાક વહોરાઓએ મકાન ચાર ચાર માળ ઉંચાં બાંધ્યાં હતાં. પણ તે માળ ઉતારી પાડવાનો તે વખતના નવાબે હુકમ કરયો. તે હુકમ કરવાનું કારણ એ હતુ કે શાહેરના હાકેમના મહેલ કરતાં પ્રજા વધારે ઊચાં મકાન બાંધે, એ તેઓ અપમાન ભરેલુ સમજતા હતા. તે છતાં, તે મકાનો નીચાં કરાવવા

ને જે કારણ કહેવામાં આવ્યું તે એ હતું કે, નવાબસાહેબના મહેલની અંદરનું કોઇની નજરે પડવુ જોઇએ નહીં. આ કારણથી મોટો ટંટો ઉઠયો, અને આખરે વહોરાઓને નવાબ સાહેબના મહેલ તરફની બારીઓ ચણાવી લેવી પડી.

## આલમપનાહ કોટ.

આલમપનાહ કોટ હજી સલામત છે. તે કોટ, બહારનો કોટ છે, અને તે પરાની આસપાસ ફરતો આવેલો છે. એ ઘેરાવામાં ૫ા માઇલ છે.

એ કોટ પાછળથી બાંધવામાં આવ્યો હતો. શહેરની આસપાસ કોટ બાંધ્યા પછી કોટબહાર વાડી બાગોમાં વસ્તી વધતી જતી હતી, પણ મરાઠા અને ગરાસીઆઓએ સને ૧૭૦૭ સુધી લુંટ ચલાવવી જારી રાખેથી એ પરાના લોકોનાં ઘરબાર તેઓ બાળી મુકતા તથા લુંટી જતા. આ બીકથી પરાના લોકોએ પોતાના જાનમાલના બચાવમાટે શહેરપનાહ કોટથી ળા માઇલ દુર માટીના કોટ સુમારે સને ૧૭૦૭માં બનાવ્યા અને તે ઉપર તોપો ગોઠવી. એ કોટ સળંગ નહોતો, પણ કકડે કકડે ટેકડીઓ બનાવેલી હતી. એવી રીતે પ્રજા પોતે પોતાના રક્ષણમાટે ફીકરમંદ હતી. એ ટેકડીઓ જોડીને આખો કોટ બનાવવાની આખરે સને ૧૭૧૭માં અગત જણાઇ. એ પ્રમાણે ઘણાં વરસ લગી તેઓ કોટ બહાર રહયા. સને ૧૭૧૭માં સુરતમા હાઇદરકુલીખાન નામના નવાબ હતા. તેઓએ ગોપીતળાવના પથ્થર ખોદાવી એ કોટ પાકો બંધાવવો સરૂ કીધો. પ્રથમ બાંધકામ અઠવાના મોરચા આગળ જ્યાં હાલ અદાલત છે, ત્યાંથી સરૂ કીધું. ત્યાં કોટ ઉપરથી ઉતરવાની સીડીઓ કઢંગી રીતે બહાર રસ્તામાં પડતી બનાવેલી હજીપણ જોવામાં આવે છે. બે વરસમાં દિલ્હી દરવાજા લગી કોટ બંધાઇ પુરો થયો. સને ૧૭૧૯માં તહાવરખાન નામના નવાબે તે કામ ચાલુ રાખ્યું. પણ તે દિલ્હી દરવાજાથી સાંધેલું જા

રી રાખવાને બદલે ઉત્તરે રફી બુરજથી સરૂ કીધું, અને આખો કોટ તૈયાર કરી, તેનું નામ આલમપનાહ રાખ્યું. પણ મક્કઇ ભાગળથી કીનારાનો કોટ બરાબર સલામત કરેલો નહોતો તેથી સને ૧૭૬૨માં જ્યારે વલંદાઓ પોતાની કોઠી શહેરની નાની વલંદાવાડમાથી ખસેડી નદી કીનારે "જાહાંગીર ઓવારા" નામની હાલની જગાએ લઇ ગયા, ત્યારે તેઓએ તે તરફ પથ્થરનો કોટ બાંધી બંદોબસ્ત કરયો. જ્યાં આગળ હાલ વલંદાવાડ છે, ત્યાં સને ૧૭૬૨ લગી "જાહાંગીર ઓવારા" નામે ઉજ્જડ જમીન હતી. પણ વલંદાની કોઠી થયા પછી વસ્તી વધી, તેને નાનપરાને નામે ઓળખવામાં આવે છે.

એ કોટ બંધાયાથી તવંગરો તથા વેપારી લોકોને મોટું સુખ થયું હતું.

એ કોટની લંબાઇ ૫ા માઇલ છે. એમાં બાર દરવાજા છે. એ કોટના દરવાજાને ભાગળ નહીં પણ દરવાજા યા મોરચાને નામે ઓળખતા હતા. વાવ્યમાં ફાટક, ઉતરે વરીઆવી તથા કતારગામ; ઇશાનમાં લાલ તથા દિલ્હી દરવાજો, પછી સહરા, સલાબત, માન, નવસારી, જાફરઅલી, મજુરા અને આઠવા, એ નામના બાર દરવાજા અથવા મોરચા છે.

દરેક દરવાજાની ઉપર બેઠક છે તે ઉપર આગળા વખતમાં છાપડાં હતાં. અને નવસારી, દિલ્હી, વગેરે દરવાજાની આસપાસ મોટા ઉંચા બુરજો બાંધી તેમાં તોપ ગોઠવવાની ગોઠવણ કરેલી તે હજી જોવામાં આવે છે.

એ દરવાજાના સંબંધમાં સઘળી મલીને ૪૮ ખહેરી અને બુરજો હતા, અને તે દરેકપર તોપ ગોઠવેલી તથા તે માટે માણસો તૈયાર રહેતાં હતાં.

કોટ ઘણો પહોળોછે અને સામાસામી માણસો જઇ શકેછે. તેની ઉપર પાછી ઉંચી ભીત છે. તેથી ઊંચાઇમાં સુમારે ૨૦ ફીટ છે. પહોલાઇમાં ૮ ફીટ છે. આખા કોટની ઉપલી ભીંતમાં બંદુકો જાય એવાં બાકાં ઢોલાવ પડતાં, સીધાં તથા આડા તેડાં રાખેલાં છે, તે એટલામાટે કે 'ગનીમો' બહાર ઉભા હોય તેને આસાનીથી ગોળી અથવા તીર મારી શકાય.

એ કોટની બહાર પણ ઊંડી ખાડીઓ છે. કોટમાં બારીઓ મૂકી તે વાટે શહેરનું પાણી કેટલેક ઠેકાણે એ ખાડીમાં ઉતારવામાં આવે છે; ત્યાંથી થઇ તે નદીમાં અથવા ઉદનાની ખાડીમાં જાય છે.

આગલાં વરસોમાં એ કોટથી ભારે રેલોનો અટકાવ થતો હતો. સને ૧૮૨૨ની રેલમાં રફીબુરજ તરફનો કોટ ઘસડાઇ ગયો હતો. લાલ દરવાજા તરફથી ૧૮૩૭માં પાણી પેઠું હતું. તે સહરાના મોરચાથી જાફરલી મોરચા લગી અસલ હાલતમાં છે. આગળ જતાં હવા આવવાને બ્રિટિશ સરકારે કોટનો પડદો તોડી પડાવ્યો છે. એવી રીતે જાફરલીથી અદાલત લગી ફક્ત ચાર પાંચ ફીટ ઉંચી દેવાલ જેવી ઉભી છે.

પણ સને ૧૮૮૩ની મોટી રેલ પછી મ્યુનિસિપાલિટિએ અદાલતથી કતારગામના દરવાજા લગી તે તરફથી આવતી રેલ અટકાવવાને પથ્થરનો પાકો પુસ્તો બંધાવવા માંડયો છે, તેથી તાપી કીનારાનો તથા રફી બુરજ, વરીઆવી અને કતારગામ દરવાજા લગીનો કોટ હવે એક પુસ્તાના આકારનો કરવા માંડેલો છે.

એ કોટે કોટ થોડાં વરસ થયાં અઠવાના દરવાજાથી તે વરીઆવી દરવાજા લગી પાકી સડક બંધાઈ છે, અને તે સડક કોઇ ઠેકાણે કોટના થડમાં આ દરથી, અને કોઇ ઠેકાણે કોટની બહારની ફરતી ખાડીને માથે બાંધી લીધી છે.

## પરાં.

શહેરના કોટની બહાર જે લ્લા છે, તે પરાંનાં નામથી ઓળખાય છે. એમાં ૧૫ પરાં છે. ઘાસ્તીપુરા [ ૧૮૧૮ એકર ], રામપુરા [ ૪૬ એ૦ ], રઘનાથપુરા [ ૨૦ એ૦ ] મેઘરપુરા [ ૫૭ એ૦ ], હેદરપુરા [ ૪૦ એ૦ ], બેગમપુરા [ ૨૦૭ એ૦ ] સૈયદપુરા [ ૫૬ એ૦ ], હરીપુરા [ ૪૭ એ૦ ], નવાપુરા [ ૫૯ એ૦ ], ઇન્દરપુરા [ ૨૫ એ૦ ], સલાબતપુરા [ ૧૭૫ એ૦ ], રૂસ્તમપુરા [ ૨૯

એ૦ ], સગરામપુરા [ ૨૦૦ એ૦ ], નાનપુરા [ ૨૦૦ એ૦. ].

એ પરાંના નામ વિશે કહે છે, કે રામપુરા એક અનાવળા અથવા ભાઠેલાની મહેનતથી વસેલું છે, રઘનાથપુરાનું નામ પણ અનાવલા બ્રાહ્મણ પરથી પડેલું છે, તેમજ મેઘરપુરાનું છે. હૈદરપુરા ૧૭૧૭માં હૈદરકુલીખાન નવાબે વસાવ્યું છે. બેગમપુરાનો જુહલો ૧૮મી સદીની સરૂઆતનો વસેલો છે, તે ઔરંગઝેબ પાદશાહની બેનની યાદગારીમા બેગમપરાના નામથ ઓળખાય છે. તે વખતે એ બેગમ સુરતમાં રહેતી હતી. એ જુહલામાં નવાબનો મહેલ છે. સૈયદપુરા, એ નામ શેખ સૈયદ ઇદરૂસના કોઇ વડવાની યાદગારીમાં પડેલું છે. હરીપુરા એ અનાવળા બ્રાહ્મણના નામપરથી છે. ઇન્દરપુરાનો વસાવનાર પણ અનાવળો કહેવામાં આવે છે. સલાબતપુરા સુરતના નવાબ સલાબતખાને સને ૧૬૮૭માં વસાવ્યું હતું, તેથી તેના નામથી ઓળખાય છે. એ ઠેકાણે મહમુદી બાગ હતો તે તારાજ થઇ ગયો છે. રૂસ્તમપુરામાં નવસારીથી આવેલા પારસીઓ સને ૧૭૧૦ના સાલથી વસે છે. તેઓમાં કેટલાક વેપારી સને ૧૮૧૭ લગી ઘણા સુખી હતા, પણ સને ૧૮૨૨ માં પશ્ચિમ દિશાએ આવેલા કલઇગરવાડમાંથી આગ લાગ્યાથી આખું પરૂં બળી ગયું. તે આગમાં વેપારીનાં ઘરબાર અને સરવે મીલકત બળી ગયાં, તેથી તે તથા ઘણાખરા વણકરો સુરતમાં ધંધો ન રહ્યાથી સુરત છોડી મુંબઇ ગયા. એ ઠેકાણે પરૂં વસ્યા પહેલાં રૂસ્તમ માણેક નામના ઈંગ્રેજના દલાલની વાડી હતી તે વાડીમાં ઘર બંધાયાથી એ પરાનું નામ રૂસ્તમપરૂં પડયું છે. સને ૧૭૨૩માં સુરતમાં રૂસ્તમઅલિખાન નામનો બહાદુર અને શ્યાણો નવાબ થઇ ગયો, તેના વખતની લગોલગ એ પરૂં વસ્યું, તેથી રૂસ્તમખાન નવાબને નામે રૂસ્તમપરૂં એ નામ પડ્યું હોય, એમ પણ કોઇ ધારી શકે, પણ ત્યાર પછી ૫૦ વરસે રૂસ્તમપુરામાં એક મોહલ્લો "રાવણવાડ" આગળ નવો બંધાયો. તે મોહલ્લાનું નામ "ફરામપરૂં" રાખ્યું છે. આ બંધે નામને સાથે લઇને જયારે ધારવામાં આવે છે ત્યારે

માલમ પડે છે કે રૂસ્તમપરૂં રૂસ્તમ માણેક સેઠના નામથી અને ફરામપરૂં ફરામજી કરીને રૂસ્તમ માણેકના બેટાના નામથી પડેલું છે. સગરામપરાનું નામ સગરામ વશી નામના દેશાઇના નામપરથી પડેલું છે. નાનપુરા સને ૧૭૬૨માં વસેલું છે.

## મહમદન લોકોનાં પ્રાચિન ધર્મના મકાનો.

એ શાહેરમાં જુદી જુદી કોમોનાં અસલનાં ઘણાએક ધર્મનાં મકાનો છે. સઉથી જુનો ખાજેદીવાન સાહેબનો મીનારો અને દરઘાહ છે, તે સને ૧૫૩૦માં ખાજે દીવાન સાહેબ'નામના બોખારા પાસેનાં જનોક ગામના રહેનાર એક "ગુરૂએ બંધાવ્યો હતો. તે ૧૧૬ વરસની ઉમરે હક થયા પછી એ દરઘાહ આગળ દર વરસ મેલો ભરાય છે. ગોપીતળાવપાસે નવ સૈયદની દરઘાહ છે તેમાં ૯ કબરો ૯ લડવૈઆઓની છે, તે કબરો ખાજેદીવાન સાહેબે દટાયલી ચમત્કારથી" શોધી કાઢેલી કહેવામાં આવે છે. હીઆં પણ દર વરસ મેલો ભરાય છે. સૈયદપુરામાં સૈયદ ઇદરૂસની કબર તથા મીનારો છે. એ મીનારો હાલના શેખ સૈયદ ઇદરૂસના મુળ પુરૂષની યાદગારીમાં મીરજાં સૈયદ બેગે સને ૧૬૩૯માં બંધાવ્યો હતો. એ સૈયદ ઇદરૂસ આ શાહેરમાં સને ૧૫૬૪માં આવ્યા અને સને ૧૬૨૨માં મરણ પામ્યા હતા. હીઆં પણ દર વરસ મેળો ભરાય છે. મીરઝાં સાંમીની મસજીદ તથા કબર મીરજાં સામીના જીલ્લામાં છે. એ પથ્થરની કબર સને ૧૫૪૦માં સુરતનો કિલ્લો બાંધનાર ખુદાવંદખાન નામના નવાબે બંધાવી હતી. અંદરની મસજીદ શાહપોરના શ્રાવકોનાં દહેરાંને લુંટી લઈજઇ તે સરસામાનથી બાંધેલી છે.

## હિંદુ લોકોનાં ધર્મનાં ઠેકાણાં.

હીદુઓનાં ધર્મસ્થાનો પણ ઘણાં છે. વલભચારય મહારાજના ૩ મંદીરો છે–ગોસ્વામી મહારાજનું, ગોવીંદજી મહારાજનું અને લાલજી મહારાજનું. ગોસ્વામી અથવા બાળક્રીશ્નાજી મહારાજનું મંદીર સને ૧૬૮૫માં બંધાયલું તે મોટી આગમાં ૧૮૩૭માં બળી ગયું હતું. ગોવીંદજીવાળું તથા લાલજીવાળું પણ તે સાલમાં બળી ગયું હતું. છેલ્લું સને ૧૭૭૦માં બંધાયલું હતું. તે ઉપરાંત ગોપીપરાંમાં રામજીનું, રહીયાસોનીના ચકલામા બાલાજીનું, સને ૧૮૦૩માં બધાયલું છે. હનુમાનના ડહેરાં ૨ છે. એક સગંરામપુરામાં રોકડીઆ હનુમાનનું અને એક મુલ્લાં ખડકીપર. ખપાતીએ ચકલે ૨ ડહેરાં છે. એક અંબાજીનું; બીજું કાળકા માતાનું. રામપરામાં સ્વામીનારાયણના પંથનું બાંધેલું એક મોટું મદીર છે. તે એ પંથના ભગતોએ કાઠીઆવાડથી આવી વગર મજુરીએ બાંધી આપેલું છે.

શ્રાવકોનાં ૪૨ ડહેરાંમધે મહાવીર સ્વામીનું તથા આદેશર ભગવાનનું એ બંધે ગોપીપરામાં આવેલાં મખ્યાત છે. તે ૧૫૦ થી ૨૦૦ વરસનાં બંધાયલાં છે. શાહપોરના ચીંતામણ પારશનાથના ડહેરાનું લક્કડ કામ લુંટી જઇ મુસલમાનોએ મીરજાસામીમાં મસજીદ બાંધી, તે ડહેરાંની જમીનપર ફરીથી નવું ડહેરૂં બાંધેલું છે.

ખેતરપાળ તથા મરીમાતા નામના પુજાના ઠેકાણાં ખતરી, ગોલા, ઢેડ વગેરે ઉતરતી વરણોનાં છે.

કતારગામમાં કુંતેશ્વર તથા ઉદનામાં ભીડભંજણ મહાદેવનું ડહેરૂં છે. તે ઉપરાંત સુરતના લોકો સિધ્ધનાથ, મોરા સુહાળી, ઉભ્રા, ઉનાઇ, વગેરે જાત્રા સારૂ જાય છે.

## આતસબહેરામ.

ચાંગાશાહવાળા નવસારીના આતસબહેરામને લુંટારાઓથી બીને સને ૧૭૩૩માં રતોવાઇ સુરત લાવ્યા હતા, અને તે ૩ વરસ લગી મોદી નાનાભાઇ ભીમજીની હવેલીમાં એક ઓરડામાં આશરતે કરયા હતા. તે સને ૧૭૩૬માં પાછા નવસારી લઇ ગયા. તેથી જયાં લગી સુરતમા આતસબહેરામ નહોતા ત્યાં લગી કેટલાએક પારસીઓ એ કેબલાને પગે પડવા નવસારી જતા.

• ચાંગાશાહવાળા એ આતસબહેરામને થોડી મુદતે ચાંગશાહના ખેશીઓની મદતથી નવસારીથી ઉદવાડે લઇ ગયા. તેથી સુરતમાં આતસબહેરામ થયા પછી પણ કેટલાક લોકો દર વરસ ઉદવાડે વડા આતસબહેરામને પગે પડવા જાય છે.

સુરતમાં આતસબહેરામ બે છે. એક રસ્મી પારસીઓનું અને એક કદમી પારસીઓનું. પ્રથમ રસ્મી પારસીઓએ આતસબહેરામ બાંધવાનું ઠરાવ્યું એટલામાં કદમીઓના તે વખતના આગેવાન સેઠ પેસતનજી કાલાભાઇ વકીલે કદમીઓ માટે એક બાધવા શરૂ કરી દીધું. તે ઊપરથી રસ્મી પારસીઓએ તે સામે વાંધો લીધો. છેવટે તે કામ ઇનસાફની કોરટમાં ગયું, અને એવો ફૈસલો થયો કે પ્રથમ રસ્મી પારસીઓ આતસબહેરામ ઇજવાની ક્રિયા કરે અને પછી થોડી મુદ્દતે કદમીઓ કરે આ મુજબ રસ્મી પારસીઓના આતસબહેરામ સેઠ દાદાભાઇ નશરવાનજી મોદીએ સને ૧૮૨૩ ના અરદીબેહસ્ત મહીનામાં બંધાવી ઇજાવ્યા, અને કદમીઓના બે મહીના પછી ઇજાવ્યા.

## આદરાન તથા દાદગાં.

આદરાન તથા દાદગાં ૧૨ છે. પારસીઓની વસ્તી નહી, એવે ઠેકાણે

એક દરેમહેર ગોટીના આદરીઆનને નામે ઓળખાય છે તે લક્કડકોટ આગળ ખુણામાં છે. ગોપીપરામાં સેઠ જાંગીરજી નશરવાનજી વાડીઆને નામે, સૈયદ પુરામાં સેઠ દાદાભાઇ પેસતનજી વાડીઆને નામે અક્કી દરેમહેર ચાલે છે. નાનપુરાખાતે ૪ છે. તેમાં એક વહાડીઆની, એક બીસનીની, એક માકીદલાલની અને એક ઉનવાળાની દરેમહેરને નામે ઓળખાય છે. રૂસ્તમપુરામાં બે આદરાન તથા ૨ બે દાદગાં છે. મોટા ફળીઆમાં એ લોકો નવસારીથી આવ્યા, ત્યારે સને ૧૭૧૫નું બંધાયલું એક આદરાન તથા એક દાદગાં છે. ફરામપુરામાં એક દાદગાં છે. અને મલેસર ફળીઆમાં સર જમશેદજી જીજીભાઇએ, પંચાતની જમીનપર સને ૧૮૫૫માં એક બુલંદ આદરીઆન બંધાવી આપ્યું છે.

## ધર્મશાળા.

એકંદર ધર્મશાળા ૭ છે. રેલવે સ્ટેશનપર સેઠ ખરસેદજી કરદુનજી પારેખે એક સાર્વજનિક ધર્મશાળા બધાવી છે. સર જમશેદજીની ધર્મશાળા રૂસ્તમપુરામાં આગલી પંચાતની વાડીમાં બાંધી છે, તેને એલાહીબાગ નામ આપ્યું છે. એ સિવાય નાનપુરામાં સેઠ કાવસજી રૂસ્તમજી તમનાની અને એક સેઠ મેરવાનજી ફરેઝરની બધાવેલી છે. એક ગોપીપરામાં સેઠ જાંગીરજી નશારવાનજી વાડીઆની, સીધીવાડમાં સેઠ મંચેરજી ખરસેદજીની અને બીજી એક રૂસ્તમપુરામા સેઠ એદલજી દાદાભાઇ સુખીઆની બંધાવેલી છે.

## પારસીઓનાં ધર્મનાં મકાનો.

પોતાનાં મરણ પામેલાંઓને પારસીલોકો દોખમામાં નાખે છે. એ દોખમાં શહેર બહાર હોય છે. પંદરમી સદીમાં સુરતમાં પારસીઓની વસ્તી

થવા લાગી

તે વખતે ભરૂચમાં (સને ૧૩૦૯માં બંધાયલું) અંકલેસરમાં અને નવસારીમાં મલી ૩ દોખમાં હતાં. ખંબાયતમાં પણ પારસીની વસ્તી ભારે હતી, ત્યાં પણ એક હતું. હવે સને ૧૫૨૫ને સુમારે બે ઇરાની વેપારીઓ નામે કાઉસ તથા અફસાદ વેપાર કરવાને દીવમધે આવેલા હતા. નવસારી તે વખતે દાવાર ચાંગાશાહના બેટા માણેકશાહ ચાંગાશાહના હાથમાં હતું. સઘળો રજવાડી, મુલકી તથા સંસારી અધીકાર તેના હાથમાં હતો. તે પોતાના જાતભાઇઓનાં તથા પોતાના ધર્મના ભલાં માટેજ પોતાને જન્મેલો સમજતો હતો. ટુંકામાં, પારસીઓની તવારીખ લખનાર સેઠ ડોસાભાઇ ફરામજી કરાકાના બોલોમાં બોલીએતો "તે નકલ કરવા લાયક પીતાનો નેકનામ બેટો હતો, અને તેણે પોતાના પીતાની માફક પોતાના દેશીભાઇઓનાં ભલાંને ખાતર ઝેહેમતો ખેંચી"

એ પારસીએ પોતાના ધર્મના ફાયદા માટે ઉપલા બંધે વેપારીઓને શ્રી નવસારી તેડાવ્યા. તે ઇરાનીઓની (હુદેશાનામામાં જણાવ્યા મુજબ) સલાહથી, તે વખતે ઈટનું દોખમુ હતું, તે વાપરવુ બંધ કરી દાવર માણેકશાહે પોતાને ખરચે સને ૧૫૩૧માં એક પથ્થરનું દોખમું બંધાવ્યું.

સુરતના પારસીઓ સોલમી સદીમાં ઉપર કહેલું દોખમું અથવા અંકલેસરનું વાપરતા હતા. ત્યારબાદ સેઠ નાનાભાઇ પુંજીઆજીએ પ્રથમ એક દોખમું પોતાને ખરચે બંધાવ્યું. તે જમીનદોસ્ત થઇ ગયલું છે. એ દોખમું પારસીઓ વાપરતા હતા. ત્યારપછી અઢારમી સદીની સરૂઆતમાં પારસીઓની મોટી સંખ્યા નવસારીથી આવી. તેઓ રૂસ્તમપરૂ વશાવી ત્યાં રહયા, પણ પોતાનાં રોઆનને કેટલીક મુદત લગી નવસારી પોતાનાં ન્યાગાને બંધાવેલાં (સને ૧૫૩૧) દોખમામાં નાખવા લઇ જતા. તેઓએ ભરથાણામાં જમીન લઇ, સને ૧૭૨૫માં એક અને સને ૧૭૪૨માં મલી બે દોખમાં બાંધયાં. તે બંધે હજીછે. અઢારમી સદીમાં પારસીઓની વસ્તી ઘણી હતી. તે

આનાં વીસ હજાર કુટુંબો હતાં. કાંકરાખાડી આગળ સેઠ નાનાભાઇ ભીમજીની આગેવાનીથી સને ૧૭૩૪માં દોખમું બધાયું. થોડે વરસે એટલે સને ૧૭૭૧માં સેઠ મંચેરજી ખરસેદજીનાં ઉપરીપણાં હેઠે અંજુમનનું એક દોખમુ તેજ ઠેકાણે બંધાયું. સને ૧૮૨૭માં રૂસ્તમપુરાના પારસીઓ માટે ભરથાણા ગામમાં ત્રીજું દોખમું બધાયું, જે હજી લગી વપરાય છે. બીજે વરસે કાકડા ખાડી આગળ એક નવું દોખમું બધાયું. છેલ્લું ઉદના આગળ ભગરસાથના લોકોમાટે સને ૧૮૮૩માં બંધાયું છે. એક દોખમું ઉભ્રા, ખજોત, વેસુ વગેરેના પારસીઓમાટે બધાયલું ભરથાણા ગામ પાસે છે.

## વહોરા લોકોનાં ધર્મનાં મકાનો.

વહોરાઓની મોટી વસ્તી ઝાંપાના જીલ્લામાં છે ( ઝાંપો એ નામ શાથી પડ્યું તે પાછલા ભાગમાં આવી ગયું.) નવાબી રાજમા પ્રથમ વહોરાઓ આવ્યા તે શહેરના ભાગમાં રહ્યા હતા. પછવાડેથી મોટી વસ્તી ઝાંપા પર થઇ છે. તે વહોરા લોકો સાહસીક છે, અને દુનિયાના દરેક ભાગમાં વેપારને માટે ફરી વળ્યા છે. તેઓના ધર્મગુરૂને મુલ્લાંને નામે ઓળખવામાં આવે છે. વહોરાઓ પોતાના એ ધર્મગુરૂને માન આપે છે. મુલ્લાંજીને સરકાર, અને તેમના બેટાઓને ભાઇસાહેબ કહે છે. તેમના હાથ નીચે કાબેલ મિયાં સાહેબો રહે છે, તેઓનું પોષણ પણ સરકારમાંથી થાય છે.

ઝાંપાપર મુલ્લાંના મહેલની પાસે મોટી અને શોભાયમાંન મસજીદ છે. તેની સામે બે મોટા ગુંબજોમાં મોટી કબરો છે, અને તેનીજ નજદીક એક હોજ છે. ત્યાં મુલ્લાંના બેસીઓની કબરો છે. 'વધારે નેક મરદોની અને મિયાંઓની કબરો બીજા ગુંબજની અંદર છે. એ ગુંબજ ગોળ આકારના બાંધેલા છે. તેની ઉપર ૭ સોનેરી કળસછે, તે ૩૦ ફીટ ઉંચા છે. એ બેમાં પાછળથી બધાયલું ઈંગ્રેજ લોકનાં કબરસ્તાનમાં મખ્યાત ઓક્ષનદનને માટે રોકેલી

જગાથી વધારે જગા રોકે છે. બીજું ગુંબજ નાનું છે, પણ તેમાં નામાંકિત પુરૂષોને દાટેલાછે. નાનામાં ૨૪ કબરો અને મોટામાં ૧૪ છે. મુલ્લાંજીની કબરો આરસપહાનની અને બીજાઓની સીમેંટની છે. દરેક કબરપર સુંદર કીમતી રેશ્મી ગલેફ છે, અને મુલ્લાંજીની કબરોના રેશ્મી ગલેફપર સફેદ મલમલ આરસ્તે કરેલી છે. તે મોટાં મોટાં ઝુમ્મરો, હાંડી, વોલસેટ વગેરેથી સણગારેલાં છે, અને સંદલની ખુશ્બોથી તર રહે છે. દરેક મરનારનાં ઉરસને દહાડે તે કબર ઉપર રોશ્ની કરવામાં આવે છે. એ આરામગાહની જગાએ ૫ મુલ્લાંને જૂમીદા કરેલા છે, તેઓનાં નામ તથા મરણનો સને નીચે આપ્યા છેઃ—

| મુલ્લાંનું નામ. | મરણનો સન. |
|---|---|
| મુલ્લાં નીઝામુદદીન. | ૧૭૯૮. |
| ,, સૈફુદદીન. | ૧૮૧૬. |
| ,, એઝ્ઝુદદીન. | ૧૮૨૦. |
| ,, ઝૈનુદદીન. | ૧૮૩૬. |
| ,, બદરૂદદીન. | ૧૮૪૦. |

સને ૧૮૩૭ની નાશકારક આગમાં આખું ઝાંપું બળી ગયું, તેમાં વહેરાઓની હવેલી તથા મસજીદો પણ, તે માહેલા કેટલાંએક સ્ત્રી તથા છોકરાંઓ સહીત, બળી ગઇ હતી.

છેલ્લા મુલ્લાંજી નીઝામુદીન ઘણી ઝઇફ ઊમરે હક થયા પછી મરનારના ભાઇ અબદુલહુસેન હીસામુદીનને ગાદી મળી છે. મુલ્લાંની ગાદીને આસરે ૭ લાખ રૂપીઆનું દેવું છે.

## યુરોપીયન લોકોનાં ધર્મનાં ઠેકાણાં.

નદી કીનારે રાજા ઓવારા આગળ કિલ્લા તથા કુરજાની વચ્ચે ઈંગ્રેજ લોકોનું દેવલ આવેલું છે. તેના પાયો સને ૧૮૨૦માં સુરતના વડા મિ૦ એલફિનસ્ટને નાખ્યો હતો. તેપર રૂ ૫૮૦૦૦ના ખરચ થયો છે. એમા ૧૦૦ માણસો બેસે એટલી જગા છે. એ ૧૮૨૫માં વપરાતું થયું હતું.

ઈંગ્રેજ લોકોની કોઠીની દક્ષિણ દિશાએ આઈરિશ લોકોએ સ્થાપેલા મિશન ખાતાવાળાઓનું દેવળ છે, તે આસરે ૧૮૩૫માં બંધાયું છે. એ ખાતાને લગતું છાપાખાનું તથા છોકરા અને છોકરીઓને માટે ઇંગ્રેજી નિશાળો કાઢેલી છે, તે બંધે ખાતાં એજ ચેપ્લની પાસે છે.

પોરટયુગીઝ લોકોનું યાને રોમન કેઠલીક ચેપ્લ સને ૧૮૦૨માં બાંધવામાં આવ્યું હતું. એ દેવલની સામે એક કબરસ્તાન છે, તેમાં આગલા વખતની ૨૦ કબરો છે. એ લોકોનું એક દેવલ સને ૧૬૨૪માં કતારગામના દરવાજા આગળ તેઓનાં કબરસ્તાનની નજદીક હતું, તેના ખરચ માટે સને ૧૭૨૯માં દિલ્હીના પાદશાહે દર વરસ રૂ ૧૨૬ આપ્યા હતા. બીજું એક આગળા વખતનું છે, તે સને ૧૭૫૯માં બાંધ્યું હતું, તેના ખર્ચ બ્રિટિશ કંપનિ આપતી હતી.

## યુરોપીયન લોકોની કબરો.

ઈંગ્રેજ લોકોનું કબરસ્તાન કતારગામના મોરચા બહાર જતાં જમણા હાથપર ઇદગા (બંધાઈ સને ૧૬૮૭)ની પાસે છે. એમાં સને ૧૬૫૯માં ક્રિસ્ટોફર ઓક્સનદન નામના કંપનિના અમલદાર મરણ પામ્યો તેની ભપકદાર મીનારા સાથની કબર છે. એજ ઠેકાણે તે મરનારનો ભાઈ સર જયોર્જ

ઓક્ષનદન સને ૧૬૬૯માં મરણ પામ્યો તેની લાસપર બે મજળાના મિનારા તથા ભપકાદાર ગુંબજોવાલી એક કબર છે. તેની પાસે જીરોલ્દ એનજીયર ૧૬૭૭ માં મરણ પામ્યો તેની કબર છે. તેની નજદીક સુરતનો વડો બર્નાદ વાઇક સને ૧૭૩૬માં મરણ પામ્યો તેની, અને એનરલી સને ૧૭૦૦ માં મરણ પામેલો તેની કબરો છે. બીજી ૩ છે. તે સને ૧૬૪૯માં ફ્રાંસિસ બ્રેટન નામનો પ્રમુખ મરણ પામ્યો તેની, બીજી હેન્રીકસ ગેરી ( ૧૬૫૮ ) અને ત્રીજી બરઠોલોમ્યુ હેરિસ નામનો પ્રમુખ ૧૬૮૬માં મરણ પામ્યો તેની છે. એ સઘળી ઈંગ્રેજ અમલદારોની છે.

બીજી કેટલીએક વલંદાઓની છે. બેરન વેન રીદની કબર ઉપલીઓ કરતાં વધારે ભપકાદાર છે. ઉપર નીચે રવેસ છે. તે રવેસો સુંદર ઠામલ.ઓ પર કાઢેલા છે. એની બાંધણી નકશીકામથી ભરપુર છે. તે બાંધતાં કેટલો ખરચ થયો હશે, તેનો આટલાથી વિચાર આવશે કે તેને પછવાડેથી સમારતાં રૂ ૬૦૦૦ નો ખરચ થયલો લખેલો છે.

મરનાર કોચીનથી આવતાં મુંબાઇની નજદીક મરણ પામ્યો. તેને સુરત લાવી ભૂમિદાહ્ કરયો હતો. સુરતને વલંદા લોકો તે વખતે Surratta લખતા હતા.

એ સઘળી કબરોની ગંભીરતા તથા શોભા સુહ્રાલીની એક કબર આગળ કાંઇ નથી. એક વલંદો મુસાફર જબરો દારૂ પીનાર હતો. તે મરણ પામેલો તેની કબરને મથાલે પથરનું એક મોટું "કપ" કોતરી કાઢેલું હતું, અને બે બાજુએ બે નાનાં નાનાં "કપ" કોતરેલાં હતા. તેની નજદીક ખાંડના પડાના આકાર હતા. વલંદાઓ જયારે એ ઠેકાણે ખાવાપીવા જતા, ત્યારે દારૂમાં મીઠાસ ભેળીને પીતા, અને તે પીનારામાં ઉપલો માણસ સરદાર હતો. તેથી તેની એવી કબર હતી. હમણાં તે જોવામાં આવતી નથી. પણ સને ૧૮૪૭ અગાઉ તે હતી.

## પ્રકરણ સોલમું.

### ધરતીકંપ.

ધરતીકંપ ૧૮૧૯માં આખા ગુજરાતમાં થયો હતો. એ ધરતીકંપનો આંચકો ગુજરાતમાં ભારે લાગ્યો હતો. તે સુરતમાં હલકો હતો, તોપણ ૩ મિનિટ લગી ધરતીકંપ થયો, તેટલાં શહેરમાં ઘણા મકાનો હ્લચી અને નબી ગયાં. કેટલાંક પડી ગયાં. બીજો ધરતીકંપ ૧૮૬૪માં અને ત્રીજો સને ૧૮૭૧ માં થયો હતો, તોપણ તેથી કશું નુકશાન થયું નહોતુ.

### સુરતમાં આવેલી મોટી રેલો.

આ કમનશીબ શેહેરને આગથી, રેલથી અને મુંબઇનું બંદર થવાથી ધોકો પુગો છે. એ રેલ થોડે થોડે વરસે, અને વખતે તો વરસમાં બે વાર આવી છે.

સુરત તાપી નદીના કીનારાપર આવેલું હોવાથી. એ નદી જે ઠેકાણેથી નીકળે છે, તે ઠેકાણે જ્યારે વરસાદ વધારે થાય છે, ત્યારે તે પાણી સુરત તરફ આવે છે. સુરત શહેરની સપાટી નદીથી ઘણી ઉંચી ન હોવાથી રેલ શહેરમાં પેસી જાય છે. તે કાંઇ આજકાલની નથી. શહેર વસ્યું ત્યારે સરૂઆતમાં પણ ભારે રેલો આવી છે. કેટલીએક વેળા લોકોને ઘરનાં છાપડાં અને ઝાડો પર બેસવું પડ્યુ છે.

પણ વધારે ભરોશાલાયક નોધો બ્રિટિશ સરકારનાં દફતરોમાં છેલ્લાં ૧૫૦—૧૭૫ વરસમાં આવેલી રેલોની છે. તે સત્તાવાર હોવાથી નીચે

આપીએ છીએ. ભારે રેલો નીચે બતાવેલાં વરસોમાં આવી હતી. તે સગવડને માટે સને તથા સંવતવાર નીચે દેખાડયું છે.

સને પ્રમાણે.

સને ૧૭૨૭, ૧૭૭૬, ૧૭૮૨, ૧૮૧૦, ૧૮૨૨, ૧૮૩૫, ૧૮૩૭, ૧૮૪૩, ૧૮૪૯, ૧૮૭૨, ૧૮૭૩, ૧૮૭૬. ૧૮૮૨, ૧૮૮૩, ૧૮૮૪.

હિંદુના સંવત પ્રમાણે.

સંવત ૧૭૮૩, ૧૮૩૨, ૧૮૩૮, ૧૮૬૬, ૧૮૭૮, ૧૮૯૧, ૧૮૯૩, ૧૮૯૯, ૧૯૦૫, ૧૯૨૮, ૧૯૨૯, ૧૯૩૨, ૧૯૩૮, ૧૯૩૯, ૧૯૪૦.

સંવત ૧૭૮૩ની રેલમાં દરબાર આગળ એટલાં પાણી હતાં કે, ત્યાં હોડ ફરી હતી. સર્વથી મોટી રેલ એ હતી.

સંવત ૧૮૩૨માં ફકત ૧૫ મીનીટમાં ૧૦ ફીટ ઉંચાઇએ પાણી ચઢી ગયું હતું, અને શહેરના કોટના કંગરા બરાબર પાણી થયું હતું. બંદરમાંના સઘળાં વાહાણો ઘસડાયાં હતાં, વલંદાલોકોની એક મનવાર ખરાબે ચડી ભાંગી ગઇ હતી, અને ગંજાવર નામનું હાજીઓનું વહાણ કકડે કકડા થઇ ગયું હતું.

સંવત ૧૭૩૮ની રેલ મોટા તોફાનની વચ્ચે આવી. તેણે બંદરમાના સઘળાં વહાણોનો ભાંગી ભુકો કરી, લાકડાના કકડા માઇલના માઇલ ઘસડી નાખ્યા હતા. એ વખતે ઉમરામાં પાણી એટલું ચઢયું હતું કે એ બેટપર બે હજાર માણસો મરાઠાના દોરથી નાસી આવેલા તે બાપડા બધા ડુબી મરણ પામ્યા હતા. એ રેલે શહેરમાં એવી ભારે ખરાબી કીધી હતી કે, મુંબઇ સરકારના સુરતના આડતીઆએ મુંબઇ પુલ આગળ થયલાં બાંધકામ જેવું એકાદ કરવાની મુંબઇની સરકારને તેજ વખતે અરજ કરી હતી.

સંવત ૧૮૬૬ની રેલ માટે લખે છે કે, " તે ૧૮૩૮ના જેવીજ ભયંકર

હતી"

હવે આપણામાંના કઇક માણસોને યાદ છે, તે રેલ ૧૮૭૮માં આવી હતી. રફીઉરજથી ફાટકના દરવાજા લગીનો આખો કોટ એ રેલમાં તણાઇ ગયો હતો. એ રેલ વખતે કીલ્લામાં, ચર્ચમાં, અને લગભગ આખા શહેરમાં ઉંડું પાણી હતું. દિલ્લીગેટ અને સહરાના દરવાજા વચેનો કોટ એજ રેલમાં ઘસડાઇ ગયો હતો. એ રેલોમાં જે જાન માલની ખરાબી થઇ તે ભારે હતી.

સંવત ૧૮૯૧ની રેલ વખતે વરસાદ અને પવનનું ભારે તોફાન હોવાથી ઝાડના ઝાડ ઉખડી ગયાં, અને લોકોના ઘરના છાપરાં ઉડી દુર પડયાં હતાં. એ રેલથી ભરૂચ અને નવસારીની વચ્ચે, પાણીથી ગોયા દરીઓ બની ગયો હતો. રેલ ઉતરી ત્યારે લાકડાં અને જાનવરનાં મુડદાંથી ડુમસનો કીનારો એક બીહામણો દેખાવ આપતો હતો. શેહેરમાંતો આખું શેહેર ડુબેલું હતું અને દરીઓજ બની રહ્યો હતો. ફકત સુરતમાંજ ૫૦૦ ઘર આખાં પડીને ઘસડાઇ ગયાં હતાં, અને ૨૫ માણસો ડુબી મરણ પામ્યાં હતાં.

સુરતમાં કેટલાએક ટેકડા છે, અને તે ટેકડાવાળા ભાગને ટેકડાના નામથીજ ઓળખે છે, ત્યાં રેલ નહોવાથી દરેક વખતે લોકોએ તે ઠેકાણે, છાપરાપર, ઝાડપર, વગેરે આસરો લીધો હતો.

સંવત ૧૮૯૩માં મોટી રેલ આવી. એ રેલ ઘણી ખરી બધીની માફક આગસ્ટમાં આવી હતી. તા૦ ૨૧મી આગસ્ટે આવી તે ત્રણે દહાડા રહીને ઉતરી પણ બીજી ભયંકર રેલ આઠ દહાડા રહીને એટલે સંવત ૧૮૯૩માં આગસ્ટની ૨૯ મી તારીખે આવી. લોકો બાપડા પેહેલી રેલની મેહેનત અને નાચારીમાંથી હજીતો પરવારેલા નોહતા. સ્વપ્નામાં ખબર નહોતી કે વળી પાછી રેલ આવશે. તા૦ ૨૯મીથી ચઢવામાંડી તે છેક સપટેમબરની તા૦ ૧ લીની સાંજ સુધી એટલે ૪ દહાડા લગી ચઢી. એ રેલ ખાનદેશ તરફના ભારે વરસાદથી આવી

હતી. ખાનદેશથી આવતાં રસ્તામાં જે જે ગામ આવ્યાં તે સઘળાં તણાઇ ગયાં. તેમાં જાન માલની નુકશાનીનો હીસાબ રહયોજ નહીં. તાપી, કીમ અને નર્મદા એ ત્રણે નદી જોડાઇ ગઇ અને વચમાંનાં સઘળાંગામ રેલથી ડુબી ગયાં. ૪૦ માઇલ દરિયો થયો. આખે શેહેરે રેલ ફરી વળી. કવચીત કોઇજ જગાએ ૧૫ ફીટથી ઓછું પાણી હતું. ઘરતો નહી પણ મોહોલા કે પરાં કયાંછે તે નજરે પડતાં નહોતાં. જેનાથી જયાં નસાયું ત્યાં નાઠા. છાપરાં અને ઝાડ એ માનવીઓના રહેઠાણ હતાં. કિલ્લા આગળ ૬૨ા ફીટ પાણી હતું. એ વખત ફુલપાડા તરફથી શેહેર તરફ પાણી આવ્યું હતું. ઘણે ઠેકાણે કોટ ભાંગી ગયો હતો. વરીઆવી.અને કતારગામના મોરચા વચ્ચે ૨૨૨ ફીટ કોટ ભાંગ્યો, દિલ્હી અને લાલ દરવાજા વચ્ચે ૨૦ ફીટ અને આઠવા અને મજુરા વચ્ચે ૧૫૩ ફીટ કોટ ભાંગ્યો. આ કોટને ઠેકાણે લાકડાના સોટા ઊભા કરયા હતા. ફુરજા આગળ ૧૦૦ ફીટનું ગાબડું પડયું. ચર્ચ તરફ પાદરીઓનું મકાન અને સ્કૂલ ઘસડાઇ ગયાં. વલંદાવાડનો પુસ્તો ઘસડાઇ ગયો. લોકોના ખાનગી ઘરો અને મીલકતનું બેશુમાર નુકશાન થયું. ૩૭૨ ઘર તણાઇ ગયા, ૧૦૧૨ પડી ગયાં, અને ૨૫૩૯ ભાંગ્યાં તુટયાં. કુલ્લે નુકશાન રૂ૦ ૨૭૪૫૫૦નું અટકળવામાં આવ્યું હતું. આ સિવાય સુરત ખાતેજ ૨૪૨ ઢોર અને ૧૮ માણસના જાનની ખુહારી થઇ. જ્યારે રેલ નરમ પડી ત્યારે ડુમસના કાંઠાપર ૧ાા માઇલ લગી ગાય, ભેંસ, હરણ, બલદ, અને સાંપનો એટલો ઉંચો ઢંગ થયો હતો કે કેટલેક ઠેકાણેથી ભરીજોતાં તેની ઉંચાઇ ૫ ફીટ જણાઇ હતી. આ રેલનું કારણ એવું માલમ પડયું કે, ૩ વરસ લગી નદી એવી પુરાતી ચાલી હતી કે, કોઇ કોઇ ઠેકાણે તેની પોહોળાઇ ફકત ૫ ફીટની થઇ ગઇ હતી.

આ ભારે ખરાબી થયા પછી સરકારે સંવત ૧૮૯૪—૯૬માં વરાછાની ખાહી ખોદાવી ભીમપોર આગળ ઉતારી, અને ભાંગેલા કોટને ઠેકાણે લાકડાંનો કોટ કરયો. તે કરતાં રૂ૦ ૨૫૦૦૦ ખર્ચ થયો હતો.

સંવત ૧૮૯૯ અને ૧૯૦૫ની રેલમાં જોકે પરાંઓમાં પાણી ફરી વળ્યું હતું; તોપણ ઝાઝું નુકશાન થયું નહોતું. તેથી સંવત ૧૮૯૪—૯૬માં વરાછાની ખાડી ખોદાવેલી, તેથી સંતોષ માન્યો હતો.

પણ હુશીઆર એનજીનીઅરનું મત એવું હતું કે, 'વરાછાની ખાડી ભરાઇ જાય. તોપણ તેથી શેહેર બચે નહીં. જો ફરીને સંવત ૧૮૭૮ અને ૧૮૯૩ જેવી રેલ આવશે તો શેહેરના લોક દુખી થશે.' ( તે ખરું પડયું, કેમકે સને ૧૮૮૩ની રેલ વખતે તે ખાડી કામની જણાઇ નથી ) તેથી સને ૧૮૬૯ માં આ શહેરની મ્યુનિસિપાલિટિના બાહોશ પ્રમુખ મિ૦ હોપે તાપીની રેલ શહેરમાં જતી અટકે માટે મુખાઇ પુલની નીચે ૪ બારી ઉઘાડ ઢાંક કરવાની બનાવી. કુલપાડા તરફથી આવતી અટકાવવાને ખરચ કરવાની એ કમિટિની તે વખતે શકિત હતી નહી. તોએ તે બારીથી બહુ બચાવ થયો.

## સને ૧૮૮૩ની મોટી રેલ.

તા૦ ૨૭ જુલાઇ ૧૮૮૩ને સોમવારે સાંજથી તાપીમાં પાણી ચઢવા માંડયું. શેહરમાં જવલેજ કોઇને ખબર પડી હતી. મંગળવારે સહવારે જયારે મુખઇ પુલ આગળથી વધીને ખાડીએ ખાડી રૂદરપરે, સગરામપરે, નવેપરે અને પશ્ચિમે લકડ કોટ અને વરીઆવી ભાગલે પાણી ચઢયું ત્યારે શહેરમાં ખબર પડી. પણ તહરાસ પડતાં વાર હતી. લોકોએ જયારે દીઠું કે પાણીતો ઝડપથી ચટે છે, ઉદનાની ખાડી ઊભરાઇને છેક શહેરના કોટ બહાર ખાડીઓ ભરાઇ ગઇ છે, અને બહાર તથા અંદરનું પાણી એક મલી ગયું છે, ત્યારે લોકે સંવત ૧૮૭૮ અને ૧૮૯૩ની રેલ યાદ કરી, પોતાનો માલમતા ઉચે નીચે કરવા માડયો. બપોર લગીમાંતો ઉપર લખેલાં પરાં ઉપરાંત રૂસ્તમપુરા અને શાહપુરમાં દાખલ થઇ. સાંજસુધીમાં સઘળાં પરાંઓના મોહોલાઓમાં દાખલ થઇ, અને રાતરે ૧૨ વાગા લગીમાં નીચાં ઘરોમાં દાખલ થઇ.

બાનપુરા, રૂદરપુરા, સગરામપુરા, સલાબતપુરા, નવાપરા, ગોપીપુરા, ઝાંપા, સકડકોટ, વરીઆવીભાગલ, સૈયદપુરા, રૂઘનાઠપુરા, એ પરાંઓમાં મોટો ભાગ ઘરમાં પાણી ગયાં. નોસારી ભાગલ, વરીઆવી ભાગલ, એ બજારમાં તો લગભગ બધાં ઘર છાપરાં લગી ડુબ્યા. હોપ પુલનું ૦ાા ભુગળું દેખાતું હતું. મુબઇ પુલ આખો ડુબ્યો હતો. કિલ્લાની અંદર, જાહેરબાગમાં, ચર્ચમાં, હાઇસ્કુલમાં, ઓસ્પીટાલમાં, અને મોટી સડક ઉપર ધોળા કુવા લગી પાણી હતાં.

ઉદનાની ખાડીના પુલની ઉપર ૧૦ ફીટ પાણી હતું. એ ખાડી અને સુરત વચ્ચે તમામ પાણી હતું. રાંદેર, અડાજણ, પાળ, ભાઠા, ભાટપોર, કતાર ગામ, સીગણપોર, ઉદના વગેરેમાં પાણી દાખલ થયું હતું.

આવું હોવાથી મંગલવારે ૧૦ વાગેથી તે બુધવારે સાંજ લગી તો તદન આવજા બંધ હતી. નદીમાં ૪૩ ફીટ પાણી વધારે હતું. પેલી તરફ સ્ટેશન ની સીડી સુધી, ગુલામબાબા મીલના કંપાઉંડમા, જાફરઅલી મીલના કંપાઉંડમાં, રૂસ્તમપુરામાં સર જમશેદજીની અગીઆરીના અને ધર્મશાળાના કંમપાઉંડમાં અને મહોલાઓમાં લોકોની અઢેકી સીડી ડુબી હતી. ગોપીતળાવમાં રેલનું પાણી લેવાને મુકેલી બારીમાંથી પાણી ન લેવાથી દરવાજાને રસ્તે આખું તળાવ.પાળ લગી ભરપુર થયું હતું. મટન મારકેટો અડધી અડધી ડુબી હતી. બધા મોરચાઓની સપાટી પાણીની અંદર હતી. નોસારી ભાગળ ઊપરથી પાણી ચઢી ભણસાલીનો ચકલો મુકી ત્રણે બાજુએ દુર ફેલાયું હતું. ગોપીપરાની પારસીવાડમાં અને ખપાટીએ ચકલે પાણી હતું.

ટુંકમાં નદીની જેમ નજદીકમાં અને જેમ નીચાણમાં ઘર તે પ્રમાણે પાણી હતું. દિલ્હી ગેટરોડ ઉપર પાણી ચઢયું નહોતું તેમજ મીનારાના થડ લગી હતું..પણ સડક પર એકપણ ઈંચ નહોતું. તેજ પ્રમાણે સઘળી પરાંની સડકો અને સડકની સપાટી પ્રમાણે બાંધેલાં ઘરોની અંદર પાણી નહોતું.

આવી રીતે પાણી ચઢવાથી પરાંઓ ગોયા ઘેરા વચ્ચે હતાં. શહેર સાથેથી

વહેવાર બંધ પડયો હતો. વરીઆવી ભાગલે, નોસારી બજાર, સગરામપુરા, ચોક વગેરે હોડી ફરી હતી. ઘણે ઠેકાણે હોડી ન મળવાથી અગવડ પડી હતી. તેથી તરાપા બાંધી લોકે કામ ચલાવ્યું હતું. સરકારે ૯ હોડી રાખી હતી.

આ રેલ તા૦ ૩ ૭ ને મંગળવારે રાતે ૧૨ વાગા સુધી ચઢી, પછી સ્થીર રહી; અને પછી ઉતરવા લાગી. ચઢવાનું જોર જેમ ઘણું ઉતાવળું તેમ ધીમું નહોતું.

કોઇપણ પરૂં એવું નહોતું કે, તે આખું રેલથી કોરૂં હોય. શહેરની અંદરપણ ક્વચીત કોઇ મહોલ્લા કોરા હતા. ટેકડાઓપર રેલ નહોતી.

એ રેલ એકાએક આવવાથી ઘણાએક ઘેરાઇ ગયા હતા. તેથી ઝાડપર બેઠા હતા. તેઓ બે દિવસે ઉતરયા હતા. જેઓના માળપર ચઢી હતી તેઓ છાપરાં પર અને ઝાડપર બેઠાં હતાં. એમાનાં ઘણાંક મદદ મલવાથી ઉચી જગાએ ગયાં હતાં. ગરીબ લોકો હાથમાં બચ્ચાં છોકરાંને, કે માથાપર એક ટોપલો જે તેમનું આખું ઘર હોય છે, તેમાં પોતાનો જીવનગારો લઇને આશરો શોધતાં હતાં, તેમને લોકે, ઇયા સત્તાવાલાઓએ આશરો આપ્યો હતો.

બચ્ચાંઓ ઘરમાં કે. જંગલમાં અવતરે છે, અલે ઘણું તો દોડતી ગાડીઓમાં કોઇના જન્મ થાય છે. પણ ઝાડ ઉપર કોઇ સ્ત્રીએ બાળકને જન્મ આપેલો સાંભળયો નહોતો. એ રેલ વખતે એક સ્ત્રી ઝાડપર ચઢી બેઠી હતી. તે ઝાડપર બીજા માણસો પણ હતાં. સ્ત્રીને પુરા દહાડા હોવાથી તેણીએ ઝાડપર એક બાળકને જન્મ આપ્યો હતો. તે જીવતું હતું. રેલમાં જેઓના જન્મ થયલા છે, તેવા ઘણાએક સુરતમાં છે. તેઓને 'રેલીઆ' ને નામે ઓળખે છે; પણ આ બાળક ખરેખર 'રેલીઉં' કહેવાતું હશે.

રેલને લીધે મંગલ, બુધ અને બ્રેસપત લગી નાચાર લોકોને, તેમજ સઘળાને અગતની ચીજો વગર હેરાન થવું પડયું હતું. માંદાંનાં ઓસડ,

અને મુએલાંનાં મુડદાં અટકી પડયાં હતાં. પારસી રૂઆનો અવલ મંજલ પહોંચ્યા હતાં. પણ કેટલાંક બાજાને મુશ્કેલી પડી હતી. કેટલાકે શહેરમાં, કેટલાકે કોટ આગળ બાહ્યાં હતાં, અને કેટલાંક તરાપા બાંધી ફુલપાડે લઇ જતાં રસ્તેજ દરીઆની ઘોરને સ્વાધીન થયાં હતાં.

આખા બે દિવસ ટપાલ પહોંચાડવામાં આવ્યો નહોતો, શત્રે કમિટિ તરફથી દીવા થયા નહોતા, ૩ દિવસ નિશાળો બંધ હતી તથા આગગાડીપર ઉતારૂ નહોતા. સેસન કોર્ટ બે દિવસ, મેજીસ્ટરેટની કોર્ટો ૪ દિવસ, તીજોરી ૫ દિવસ. મીલો ૪ દિવસ, અને કસ્ટમખાતુ ૫ દિવસ બંધ હતું.

• ડિસ્ટ્રિક્ટ જડજે સમયસુચકતા વાપરી પોતાનાં સઘળાં દફતર વખતસર માળપર ચઢાવ્યાં હતાં. કિલ્લામાં તીજોરી અને કાચી કેદના કેદીઓના બંદોબસ્ત મિ૦ વિટવરઠે કરી, કેદીઓને જેલમાં મોકલાવી દીધા હતા.

આ રેલમાં આ શહેરમાં કોઇના જાનની ખુહારી થઇ નથી.

માલની ખુહારી અતીશે થઇ. કેટલાક જાનવર ડુબ્યાં હતાં. સુમારે ૪૦૦ ઘર પડી ગયા હતાં. અને બીજાને થોડુંક નુકશાન થયું હતું. આસિસ્ટંટ જડજ સાહેબની કોર્ટ, મી૦ ફ્રેઝરનો બંગલો, ગોપીતળાવનુ બંગલા સિવાય બાંધકામ, અઠવાના મોરચા આગળ લાકડાંનો કોટ, એક વોહોરાની ગાડી અને ઘોડો, મુલ્લાનો એક બગલો, કિલ્લાનો ઉચકવાનો પુલ, ડક્કા આગળ બાધેલો છીનો પુસ્તો, કુરજાનો પુલ, રાંદેરનો આખો પાકો રસ્તો, મીરજાસ્રામીમાં ઘરની આખી ચાલી, મુબઇ પુલ પર ઘરોની હાર, પીઠાંવાલા પારસીઓનાં ભાડાં ખાવાના નોસારી ભાગળની મારકેટ પાસેનાં મકાન, એજ ઠેકાણે મારવાડીની દુકાન, સૈયદપરે નસ્રસલારોનાં ૩ ઘર, ગોપીતળાવની એક તરફની પાકી પાળ, વગેરે ભાંગી ગયાં, અને કોઇનો સદંતર તણાઇ ગયાં હતાં એકંદરે ભાંગેલાં ઘરનો હીસાબ નીચે મુજબ છે.

વાર્ડ પહેલામા ૬૩. વાર્ડ બીજામાં ૫૭. વાર્ડ ત્રીજામાં ૩૯. વાર્ડ ચોઠામાં ૨૫. થોડા ભાગેલાં અને થોડા આખાં એવાં, પેહેલા વાર્ડમા ૧૩, બીજા

વાર્ડમાં ૩૭, ત્રીજા વાર્ડમાં ૪૪, ચોથા વાર્ડમાં ૪૫. એમાં ફક્ત એટલા ભાં ગેલા એવા ઉમેરતાં, અને નહીં જણાયલા ગણતાં સમારે ૪૦૦ ઘરને નુકશા ન થયું હતું, અને એ નુકશાન એક લાખ રૂપીઆનું અટકળવામાં આવેછે.

કુવા બેસી ગયા, ઝાડો પડયાં, ખેતી તણાઇ ગઇ દુકાન અને ઘરોમાં થયલો બગાડ બેસુમાર હતો. અનાજ, ફેરી, કરીઆણું, બગડી. દો હી ગયાં. એ અનાજ પાઇનું ૩ શેર વેચાયું હતું. બજારોમાં કહોવાણથી ગંદકી મારતી હતી. અને જયાં જોઇએ ત્યાં રડારોળ અને હાય અફસોસ. વર સી રહયાં હતાં.

આવી રીતે નાચારો ઘરબાર છોડી રોવા કુટવા પડયાં હતાં, તેટલાં નાગા લોકો તસપા બાંધીને ઘયા તરીને લોકોના ઘરમાં ભરાઇ લૂંટવા ચોરવા ફરતા પકડાયા હતા

## મોટી આગો.

સુરતમાં મોટી આગ સને ૧૮૩૭ની પહેલાં લાગી હોય, એવું કોઇ નોંધ માં નથી પણ પોરટયુગીઝ તથા મરાઠાઓએ ઘણીક વેળાએ શહેર સળગાવી દીધું હતુ પોરટયુગીઝ લોકોએ શહેર જીતી લેવાને અને મરાઠાઓએ લૂંટ ચલાવવાને તેમ કરયું હતું. સને ૧૮૩૭ પહેલાં નોંધવાલાયક આગ રૂસ્તમપુ રાની છે.

## રૂસ્તમપુરાની આગ.

રૂસ્તમપુરાની પૂર્વે ખાડી, દક્ષિણે આલમપનાહ કોટ, પશ્ચિમે સગરામ પુરા અને ઉત્તરે ગોપીતળાવ છે. આપરથી જણાય છેકે, એ પરાંને માત્ર સગ રામપુરા તરફ વસેલા ઘેર સાથે સંબંધ છે. એ પરામાં પશ્ચિમ છેડે કલ્લઇગર

ષાઠ છે. એ કલઇગરવાડમાં પાછલે પહોરે ૪ વાગે આગ લાગી. પવન પૂર્વે દિશા તરફનો અને ઘણો સખત હોવાથી, તેમજ હોલવવાનાં સાંધણો નહીં હોવાથી, તે પારસીવાડમાં ફેલાઇ. અને થોડા કલાકમાં આખા પરાનાં આસરે ૧૦૦૦ ઘેર બાળીને ભસ્મ કરી નાખ્યાં. માત્ર ૫—૭ ઘેર બચ્યાં. પારસી લોકો રતોવાઇ શહેરના બીજા પરાંમાં ઓળખીતાઓને ઘેર જઇ રહયા. અને જેઓથી બની શકયું, તેઓએ ધીમે ધીમે પાછાં ઘર બાંધ્યાં. જેઓથી બન્યુ નહીં, તેઓ મુંબઇ, નવસારી, ભરૂચ વગેરે નીકળી ચાલ્યા. રૂસ્તમપરૂં પાછું બંધાતી વેળાએ નવાબસાહેબને ત્યાં બાંધ કામ ચાલતું હતુ, તેથી સુથાર, મજુર વગેરેને પકડી જતા હતા. આવું હોવાથી કેટલાએકોએ પોતાના ઘર રાત રાતના, મોટી મોટી મસાલો સલગાવી, તેનાં અજવાળાં આગળ બાંધ્યાં હતાં. રૂસ્તમપુરાનું વર્ણન કરતાં સરકારી દફતરમાં આ પ્રમાણે લખેલું છેઃ—

"૧૮૧૭માં એ લોકો સુખી હાલતમાં કહેવામાં આવે છે; પણ થોડાં વરસ પછી ૧૮૨૨માં એ પરૂં આખું આગથી બળી ગયું. એ પરામાં લગભગ સઘળા વણકરો વસે છે."

એ આગથી વેપારીઓ અને વણકરો તમામ નિર્ધન થઇ પડયા. એ પરામાં તે વખતે પાલનજી રૂસ્તમજી સેઠ તથા સોરાબજી રૂસ્તમજી સેઠ નામના બે ભાઇઓ રેશ્મી, કાપડના વેપારી હતા. તેઓનું સઘળું બળી ગયાથી, તેઓનો વેપાર બંધ પડયો, કેમકે દરેક વણકરને આગળ કહી ગયા પ્રમાણે તે વખતે અગાઉ નાણાં ધીરતા તે નાણું બારંબે પડયાથી, ધંધો અટકી પડયો.

## સને ૧૮૩૭ ( સંવત ૧૮૯૩ ) નો અગ્નિકોપ.

એ આગ સોમવાર તા૦ ૨૪મી અપરેલ સને ૧૮૩૭ને રોજે પાછલે પોહરે માછલીપીઠમાં દીનશાહ મંચેરશાહ રૂવાળાના ઘરમાં તાર ઉકાળતાં

લાગી હતી. એ ઘર ઘણું મોટું હતું, તે હોલવતાં ઢીલ થયાને લીધે માછલીપીઠનાં મોટાં મોટાં મકાનો સળગવાથી ચીણગારી અને આતસના ગોળા એવા જોર અને ઝડપથી ઉડયા કે થોડા કલાકમાં ૩ માઇલનો વીસ્તાર લઇ લીધો. આગના ભડકાં ૩૦ માઇલ દુરથી લોકોને દેખાયા હતાં. માછલીપીઠનો પાર સીવાડ તથા શહેરનો વચલો ભાગ તમામ બળી ગયો. એ આગમાં તે વખતના સત્તાવાળા છેક આક્રેક થયા. બીજે દહાડે બપોરે નૈરત્યનો એવો સખત પવન નીકળ્યો કે એકાએક ઝાંપુ લઇ લીધું. ઝાંપાના વહોરા લોકો બીજા ભાગ તરફ હોલવવા ગયલા હતા. તેથી હોરવાડમાં ફકત બઇરાં છોકરાં હતાં. બપોરને વખતે પુર જોસમાં સળગી અને પારસીવાડની માફક શોભાયમાન હોરવાડ પણ બળી ભસમ થઇ. એ આગ ૨ દહાડા લગી જારી રહી. નાચારીનો પાર નહોતો. ઘરબાર, માલમીલકતની ખરાબી ઉપરાંત જાનની ખુહારી મોટી થઇ સાત માણસો તત્કાલ ઘેરાઇને બળી મુઆં, બતરીશ માણસો માલ કાઢતાં બળી મુઆં અને દસ કુવા અને હોજમાંથી મુએલાં નીકળ્યાં. એ ઉપરાંત કેટલાએક ખંડીએરોમાં દબાઇ મરણ પામ્યાં. માલની હાણી બેશુમાર થઇ. એકંદર ૯૩૭૩ ઘર બળી ગયાં; તેમાં શહેરમાં ૬૨૫૦ અને પરામાં ૩૧૨૩. તેની વીગત નીચે પ્રમાણેઃ—

માછલીપીઠમાં ૨૫૯, રહીઆસોનીના ચકળામાં ૬૪૭ (સઘળાં), ફણપીઠ ૧૧૪૭, રાણીતળાવ ૩૬૩, વાડીફળીઆ ૯૯૮ (સઘળાં), સંઘાડીઆવાડમાં ૩૯૭, બપાટીઆના ચકલામાં ૮૭૬ (બધાં), ભાગાતળાવ ૫૮૧, ગોપીપરામાં ૯૯૨, પરાંઓમાં ૬૮, હરીપુરામાં ૫૨૪, સલાબતપુરા અને બેગમપુરામાં ૭૨૧.

નુકશાન રૂ૦ ૪૬૮૬૫૦૦નું ગણવામાં આવ્યું હતું. એ અડસટો બળી ગયલાં મકાનોની કિમતનો હતો. બીજું નુકશાન જુદું હતું. આ આગમાં સરકાર નાચારોને મદદ કરવા રૂ૦ પચાસ હજાર રોકડા મોકલ્યા હતા. તેમજ નવેમ્બર લગી શહેરમાં દાખલ થતા માલનું જકાત માફ કરયું, અને શહેરમાં

જે વેપારીઓ દાણો લાવે તેઓને બે મહીના લગી સેંકડે રૂ ૨ અને ત્રીજે મહીને રૂ ૧ ઇનામ આપ્યું હતુ.

## નાની નાની આગો.

એ આગથી ઉતરતી આગો ઘણીએક લાગી છે. માછીવાડ, લુહારપોળ, ચોકબજાર, નાનપુરાનું બજાર અકેકીવાર આખાંને આખાં બળ્યાં છે. નવસારી બજાર તથા બરાહનપુરી ભાગળનું બજાર એકથી વધારે વાર બળ્યાં છે. જેમાણાં છલ્લો અગ્નિકોપ બરાહનપુરી ભાગળે થયો, તે સાથે એ બજાર ત્રણ ચાર વાર બળ્યુ છે.

## સને ૧૮૮૯નો અગ્નિકોપ.

સને ૧૮૮૯માં અપરેલ મહીનામાં તાપ ઘણો સખત હતો તથા પવન રાત દહાડો જોરથી ફુંકતો હતો. તાપથી હરેક ચીજ તપી રહેતી હતી. એવામાં તા૦ ૬ઠી અપરલ ૧૮૮૯ને વાર સનેઉન દીવસે બપોર ૨ વાગે બરાહનપુરી ભાગળે કાટપીટીઆવાડમાં પારસી દીનસાહ ખરસેદજી નામના કાટપીટીઆની દુકાનમા સુથાર દામર ઉકાળવા બેઠો હતો. એ દામર સળગ્યાથી ભડકો થયો. પછી આગનું પુછવુ જ શુ? દુકાન કાટપીટીઆની-તેમાં આખી દુકાનમા જવાળાગ્રહી વસ્તુઓ રહે છે. તે સળગી ઊઠી. માળ ઉપર બળદને માટે ઘાસ ભરેલું હતું, તે સળગતાંજ આગનો ફેલાવો વધી ગયો. ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા. પવનના સપાટાને લીધે તે કાટપીટીઆઓની દુકાનોમાં ફેલાઇ આગના ભડકા તથા ચીણગારીઓ દુર લગી જવા લાગી. અને બળતાના તાપથી તપી રહેલી ચોતરફની દુકાનો સળગી. બજારનું પાસું, તેમાં કેરોસીન તેલ, તેજાબ, ગંધક, તેલ, દીવેલ. વગેરે હજારો મણ ભરેલું

તે સઘળું સળગી ઉઠયું, અને સાંજ પડતાં લગીમાં રૂવાળાનો ટેકડો, કંસારાવાડ, બુઢેલાવાડ, હરીપરાનો ભાગ વિગેરે આગથી લંકા સળગી હોય તેમ થઇ રહયાં. કેટલાએક લોકોએ બળતાં ઘરમાંથી મેદાનમાં નાંખેલો સામાન દવ લાગે તેમ બળી ગયો.

એ આગના ભડકાં ૨૦ માઇલ દુર લગી દેખાયાં હતાં.

મ્યુનિસિપલ ખાતાં પાસે આગ હોલવવાનાં હથિયારો સાબેત નહોતાં. બંબાઓ ગળતા, પીપ ભાંગેલાં, સુંઢ ફાટેલી અને આંકડીનું નામ નહીં. તેથી અમલદારો અકળાયા. આગ ફેલાતી ગઇ અને લોકો ગાભરા બની ગયા. ગભરાતમાં લોકોએ મ્યુનિસિપાલિટિના પીપવાળા વગેરેને મારફાડ કરવા માંડી કે, તેઓ બળદો છોડતાજ કે પીપ રસ્તે નાખી નહાસભાગ કરવા લાગ્યા. સારે નસીબે રાત પડતાં પવન નરંમ પડયો. સત્તાવાળાઓએ સાબાશી લાયક મહેનત કરી. પ્રજા તરફની તેમાં વિશેશે કરી વહોરા તથા પારસી લોકોની મદદ મળી અને આગ પાછલી રાતરે હોલવાઇ.

એ આગ વખતે લોકોના ગભરાટનો પાર નહોતો. સવારમાં જે સખસ લક્ષાધિપતિ હતો, તે રાત પડતે ભીખારી થઇ બેઠો. કોઇ કોઇનું નહીં. સહુ પોત પોતાનું તપાસવા લાગ્યા. સામાનને માટે એક ગાડું જોઇએ તો જડે નહીં, જડે તો વીસ વીસ ૩૦ લેતાં તે ૨.ભ થયો નહીં. એક પેટી કે એક ગાંસડી ઉચકનાર મજુરો બબે રૂપીઆ લેતાં જડે નહીં. જડે તો તેને શોધવો મુશ્કેલ. આ આગ વખતે બંબાઓમાટે પણ પાણી તૈયાર મળી શક્યું નહીં, વળી ઓજારોની ખામી, અને મહેનત કરનારાઓની ઘટને લીધે આગમાં વધારો થયો.

## "માતાનો કોપ."

એ આગની ફીકરમાં લોકો હતા. તેટલાં એક ન ધારેલી બદી ઉભી થ

ઘુ લોકોમાં ગપ ચાલી કે "માતાનો કોપ" છે, તેથી આખું શહેર બળી જશે, એવું ફેલાણી ઓરતોના દીલમાં આવેલી માતાઓએ કહ્યું છે.

## સલાબતપુરાની આગ.

એક તરફથી એવી બેવડી ધાસ્તી હતી, તેવામાં બીજેજ દહાડે સલાબતપુરામાં બપોરે ૧૧ વાગે આગ લાગી. આગળે દહાડેની મહેનત છતાં સતાવાલાઓ ત્યાં પહોંચી વળ્યા અને ૫૦ ઘર બળ્યા પછી તે આગ નરમ પડે તે પહેલાં સગરામપુરામાં આગ લાગી.

## સગરાંમપુરા તથા રૂસ્તમપુરાની આગ.

સગરામપુરામાં એક ભંડારીના ઘરમાં ૩ાા વાગે આગ લાગી. સખત તાપ, પવનનો કાઠો નહીં. તેવી રૂતુ, અને આખા ઘરમાં ઘાસ કડબ તથા ખુપડા, કરસાંઠી ભરેલી, તે સઘળું જોતજોતામાં સળગી ઉઠયું. આસપાસના મકાનોપણ તેવાંજ કામડાં ટટાના અને સળગી ઉઠે એવી વસ્તુઓવાળાં હતા. પવનને લીધે એનજીનમાંથી ઘોંઘાટની સાથે ધુમાડા તથા બળતું નીકળે તેમ નીકળવા લાગ્યું. ભંડારી લોકો પાણી છાંટવાને કે હોલવવાની કોશશ કરવાને બદલે પોતાનું તપાસવા પડયા. રૂસ્તમપુરાના પારસીઓ દોડી ગયા. પણ ના બંબો મળે કે ના પીપ. તે સઘળાં આગલી આગોમાં રોકાયલાં. તેઓએ મહેનત કરી. પણ એટલામાં તો રૂસ્તમપુરાનો પારસીવાડ લીધો. એ આગમાં પારસીઓનાં ૮ અને ભંડારી, ખત્રી તથા મુસલમાનોનાં ૪૭ ઘર બળ્યાં. એટલામાં પોલીસ તથા મ્યુનિસિપાલિટિની મદદ સારી મળી. આગલે દિવસે મોટી આગમાં મંગાવેલું વડોદરાનું બંબાખાતું પણ મદદ આવ્યું.

## લોકોનો ગભરાત.

એ આગની હેબકથી રૂસ્તમપુરાના લોકો પોત પોતાનો માલ મતા કાઢી, ઘર મૂકી, માછીવાડનાં, પંચની લોયનાં અને શહેર બહારના મેદાનમાં નાખ્યો. એ આગ રાતરે હોલવાઈ. એ વખતે એક ફેરાના અકેકાં ગાડાંના ૫—૧૫ રૂપીઆ લગી અને અકેક મજુરને એક ફેરાના ૧—૫ રૂપીઆ લગી આપવા પડયા.

આવી રીતનો મામલો હોવાથી શહેરના તમામ લોકો પોતાનો સામાન બાંધી કરી બારણા આગળ મૂકી ધાસ્તીમાંને ધાસ્તીમાં રહયા. કેટલાએકે સરસામાન આસપાસ ગામડે મોકલી દીધો. મહોલ્લે મહોલ્લે લોકોએ પીપો ગોઠવી પાણી ભરી રાખ્યું. કેટલાક લોકોએ પોતાના જીલ્લામાં બંબા મંગાવી રાખ્યા.

ઘરબાર વનાના થઈ પડેલા લોકો મેદાનમાં અને ખાડીઓમાં પડી રહ્યા, તેની સાથે "માતા"ની આપેલી ધાસ્તીથી ઘરબારવાલાઓ પણ કેટલાએક દહાડા લગી મેદાનમાં પડી રહયા તેથી જયાં જુઓ ત્યાં શોકાતુર તથા ભયાનક દેખાવ નજરે પડવા લાગ્યો. લોકો આખી રાત ઉંઘ્યા નહીં, અને રખેને એકાએક સળગી ઉઠે કે કોઈ સળગાવે તેની બીકથી સાવધ રહ્યા.

આ પ્રમાણે ચોતરફ આગ લાગ્યાથી "માતા"નો દોષ છે અવું માનનારામાં વધારો થતો ગયો, તેમ ધંધા વગરના બદમાશ લોકોને આગમાં થતી કમાણી એ એક સારો રોજગાર જણાયો. પછવાડેથી આખો મહીનો દર રોજ બેચાર ઠેકાણે આગો લાગી. તે જોકે તાબડતોડ હોલવવામાં આવી તોપણ તે માંહેલી કેટલીએક જાણી જોઈને લગાડવાનું પરિણામ હતું. કેટલાએકને એ કારણસર પોલીસે પકડયા, પણ તેમાના ઘણાખરા છુટી ગયા.

"માતા" ઓને પણ પકડવામાં આવી, અને ધમકી આપીને છોડી

દીધી પોલીસે એ રીતે પકડાપકડી કરી ન હોત તો, એવો મામલો લાંબા દહાડા ચાલત.

આ આગના ધાસ્તી ભરયા સમાચાર પહેલેજ દિવસે મુંબઈ ફરી વળ્યાથી મુંબઈ એકદમ સુરતની મદદે આવી. મુંબઈ શહેર સુરત શહેરના લોકોનું ઘણું કરીને બનેલું છે. મુંબઇમાં મોટો ભાગ સુરતના વતનીઓ છે, તેથી જ્યારેબી સુરતમાં કોઇ મોટી આફત વરસે છે, ત્યારે મુંબઇ ગોયા સુરતની દીકરી હોય તેમ તેની દયા તરત ઉશ્કેરાઇ આવે છે. મુંબઇવાળા એકદમ દુખીઓની મદદે આવ્યા. બીજે દહાડે બીજી આગો વિશે તાર ગયાથી ત્યાંનાં રહેવાશીઓ વધારે ચિંતાતુર થયા. તેઓમાંના જેઓનાં કુંટુબ કબીલા તથા સગાંવહાલાં સુરતમાં હતાં, તેઓ સઘળા રેલવેની ખાશ ગાડીઓ મૂકાવી સુરત આવ્યા.

## લોર્ડ રે.

મુંબઇના ગવર્નર નામદાર લોર્ડ રે આગના ધાસ્તી ભરેલા હેવાલો વાંચી સમયસુચકતા વાપરી ગુપચુપ સુરત આવી ઉભો. તેણે દરેક ઠેકાણે ફરી સઘળુ નજરે જોયું, અને લોકોની વાતો કાનેકાન સાભળી. સુરતનો કલેકટર તે વખતે વાંસદાના જંગલમાં શેકારે ગયલો હતો. તેને ૨ દહાડા લગી નહીં આવેલો સાંભળી લોકો અકળાયા; એટલામાં નામદાર ગવરનરને પોતાને આવેલો જોઇ દુખી લોકોનાં દીલ લગાર આશાવંત થયાં.

એ આગમા ઘરો તથા દુકાનો ૨૦૦૦ બળી છે, તેથી રૂ ૧૫ લાખનું નુકશાન મીલકતનું નોંધાયું છે. એમાં કોઇ માણસ બળીને કે પડીને મરણ પામ્યું નથી. મકાન તથા માલ મતા મળીને આસરે ૩૦ લાખ રૂપીઆનું નુકશાન થયલું ગણવામાં આવે છે. એક વહોરો ઘાહેલ થયાથી પછવાડેથી મરણ પામ્યો છે.

સને ૧૮૮૯ના સાલમાં લગભગ ૭૫ આગ લાગી તે સઘળીઓમાં મળી નુકશાન આસરે ૩૦ લાખનું થયું.*

સુરતમાં દર વરસ કેટલી આગ લાગે છે. તેના અડસટાનો વિચાર મનમાં આવે, એટલામાટે સને ૧૮૮૩-૮૪થી ૧૮૮૮-૮૯ સુધીમાં કેટલી આગ લાગી તથા તેમાં કેટલું નુકશાન થયું તે આંકડા મ્યુનિસિપાલિટિનાં દફતરમાંથી નીચે આપ્યા છે.

| સને | | કેટલી આગ | | નુકશાન રૂ૦ |
|---|---|---|---|---|
| ૧૮૮૩-૮૪ ... | ... | ૧૦ ... | ... | ૬૫૦૦૦ |
| ૧૮૮૪-૮૫ ... | ... | ૧૫ ... | ... | ૩૦૦૦ |
| ૧૮૮૫-૮૬ ... | ... | ૧૯ ... | ... | ૪૪૮૦૦૦ |
| ૧૮૮૬-૮૭ ... | ... | ૧૫ ... | ... | ૧૬૦૦૦ |
| ૧૮૮૭-૮૮ ... | ... | ૨૧ ... | ... | ૧૭૦૦૦ |
| ૧૮૮૮-૮૯ ... | ... | ૧૭ ... | ... | ૧૧૬૭૫૫ |

## "દટન"

આ શહેરમા ચોમાસુ બેસતાં કે ચોમાસામાં કેટલીએકવાર વા વાઝોડાનાં તોફાન થાય છે. સૂર્ય ઢંકાઇ જાય છે, વાદળ ચઢી આવેં છે, અને તેમાંથી વરસાદની મોટી મોટી ગર્જના સાથે પવન જોરમાં ફુંકે છે, તેથી કોઇવાર નબળાં મકાન, ઝાડ વગેરે તુટી પડે છે. જયારે એ તોફાન ઘણું ભારે હોય છે ત્યારે તેને "સ્ટોર્મ" કહે છે, એવું "સ્ટોર્મ" સને ૧૭૮૨માં થયું. શહેરમાં સઘળાં નબળાં તથા પુરાણાં મકાનો તુટી પડયાં. મુગલ લોકોની, આરબોની, આરમિનિયન લોકોની, પારસી લોકોની વગેરે તાલેવાન લોકોની મોટી મોટી હવેલીઓ પવનના ઝપાટાથી તુટી પડી. મહમદન લોકોની

કેટલીએક મસજીદો પણ જમીનદોસ્ત થઇ. તેની સાથે હિંદુ, મુસલમાન, પારસી વગેરેનાં નાનાં નાનાં હજારો ઘરો તુટી પડયાં. દરિયામાં વહાણો, મછ વાઓ વગેરે ડુબી ગયા. તેથી ઘણા જીવની ખુહારી થઇ. એ તોફાનને સુર તના લોકો "દટન" અથવા "દટંદર" ને નામે ઓળખે છે.

એ આફતવિશે નીચે મુજબ લખે છેઃ—

"લડાઇની હમેશની આફતોમાં સને ૧૮૭૨ના વાવાઝોડાંના તોફાનથી વધારો થયો. સુરત ખાતે તેથી થયલી ખાનાખરાબી ડરામણી હતી. મોગલ લોકોના પુરાણા મહેલો, હિંદુઓનાં નનાં નાનાં મકાનો અને ઉતરતા વર્ગના લોકોનાં મંટોડાનાં ઘરો, એ એક સરખી રીતે એક પછી એક તુટી પડયાં અ ને તે માહેલાં ઘણાંએક રહેવાશીઓ તેની નીચે કચડાઇને મરણ પામ્યાં. આખું શહેર એક ઉજજડ વેરાન દેખાવ થઇ પડયું."

આ તોફાન વખતે કેટલાંએક ગામો ઘસડાઇ ગયાં હતાં. બીલીમોરા ગામ આખું ઘસડાઇ ગયું હતું.

એવુંજ એક બીજું પણ એથી ઉતરતું દરિયાઇ તોફાન સને ૧૮૦૦ના સપટંબર માસમાં થયું. તેમાં કેટલાંએક મકાનો તુટી પડયાં હતાં.

## દુકાળ.

આગલા વખતમાં રેલવે, રસ્તા, તાર વગેરે ન હોવાથી દાણો એક ઠેકા ણેથી બીજે ઠેકાણે લઇ જવો મુશ્કેલ હતો. વરસમાં ૮ મહીના વહાણે માલ જતો આવતો. પણ ચોમાસામાં સઘળો વહેવાર બંધ પડી જતો. વળી જૂદા જૂદા રાજ કર્તાઓ પોતપોતાના મુલકોનો દાણો બીજા જીલ્લામાં જવા દેતા નહીં. તેથી ચોમાસામાં વરસાદ નહીં થતો અથવા બે મહીના મોડો થતો કે દાણાના વેપારીઓ વખારો બંધ કરી દેતા; તેથી લોકોને દાણો મળતો નહીં. એવી રીતે સુરતમાં ઘણીવાર થયું છે. સને ૧૭૩૨માં વરસાદ થયો

નહીં, તેથી ગુજરાતમાં દાણો પાકયો નથી. આ ઉપરથી દુકાળ પડયો, અને લોકો ભૂખે મરવા લાગ્યા.

## સુડતાળો કાળ.

સુરતમાં પડેલો મોટો દુકાળ "સુડતાળા કાળ"ને નામે ઓળખાય છે. તે સને ૧૭૯૦માં એટલે સંવત ૧૮૪૭માં પડયો હતો, તેથી તેને હમણાં સો વરસ થયાં છે. એ દુકાળ ડરામણો હતો. એ દુકાળ વિશે સત્તાવાર નોંધની ખોળ કરયા છતાં મને મળી નથી. પણ "સુરતની મુખતેસર હકીકત" માં કવિ નર્મદાશંકર એ વિશે નીચે પ્રમાણે લખે છેઃ—

"એ દુકાળ એવો તો ભારી હતો કે વરસાદ મુળગો વરસ્યો નહીં. ને અનાજ પાકયું નહીં—ઘણી મોંઘવારી ચાલી. એક રૂપીઆનું ૮ શેર અનાજ મળતું ને તે પણ સો પચાસ રૂપિયાનું સામટું જોઇયે તો ન મળે. જેની દુકાનમાં અનાજ હતું તે પણ વેચી શકતા નહીં, કેમકે ગરીબ લોકો ભુખે મરવાને લીધે લૂંટ ફાટ કરતા. બેચાર દહાડા વધારે પોંહોંચે એટલું અનાજ તો ક્યાંથીજ મળે? બંગાલી ચોખાની ગાસડીઓ પુરી પડતી નહીં કેમકે વાહણની ખેપ વરસમાં એક કે બે વાર થતી સાહુકારો ખજુર ને ધાણી ચણા વહેંચતા તે ખઈ, પાણી પી, ગરીબ ગરબાં સુઇ રહેતાં. કેટલાંક બાપડાં. ઢોરને ખાવાની કુસકી ખાઇ રહેતાં. કેટલાક ગરીબો મોહોલે મોહોલે ફરીને ઓસામણ માગી પીતા. કેટલાક આબરૂદાર લોકો ભુખે મરવાથી કુવો ટાંકું કરતા. છોકરાંઓને ભુખથી ટટળતાં જોઇને તેઓનાં માબાપો તેઓને અશ્વનીકુમાર લઇ જઇ સહુ તાપીમાં ઝંપલાવતાં. કેટલાક નિર્દય ઘાતકીઓ, પોતાનાં છોકરાંને મારી નાખી તેનું માસ ખાતા. સુના રૂપાની જનસો સસ્તે ભાવે લોકો વેચવા કહાડતા તોપણ તેના લેનાર મળતા નહોતા. તડકો અતીસે પડતો. મરકી પણ ખુબ ચાલતી—એટલા તો લોક મરતા કે સરાહના દરવાજા બહાર અને નવસારી

દરવાજા બ્હાર નવાબે બે મહોટા ખાડા ખોદાવ્યા હતા તેમાં મુડદાં નંખાતાં-ગરીબ ગરબાંનાં તથા કેટલાંક કોળી દુબળાનાં મુડદાંતો રસ્તે રઝળતાં. એ દુકાળ દહોડ વરસ રહયો."

સને ૧૮૦૪ માં દુકાળ પડયો તે દુખ દેવામાં સડતાળાથી ઓછો હતો.

## સાઠો કાળ.

એ દુકાળ પછી સુરતમાં "સાઠો" કાળ પડયો હતો. તે સને ૧૮૦૪માં પડયો હતો. સુરતમાં એથી સખત મોઘવારી થઇ હતી.

## અગણોતેરો કાળ.

પણ આ છેલ્લા દુકાળ કરતાં "અગણોતરો" કાળ જે સને ૧૮૧૨-૧૩ માં પડયો હતો તે વધારે સખત હતો. એમાં લોકો દુ:ખી થયાં હતાં. તો એ તે વખતે ઈંગ્રેજનું રાજ થયલું હોવાથી સુરતમાં ખરાબી ઓછી થઇ હતી. ગુજરાતમાં એ દુકાળે કેટલી ખરાબી કરી હતી, તે નીચેના ઉતારાપરથી જણાશેઃ—

"સને ૧૮૧૨માં સંવત ૧૮૬૯નું સાલ હતું, તેથી એ દુકાળને લોકો અગંણોતેરા કાળને નામે ઓળખે છે.

અગણોતેરો કાળ ઘણાએ સાંભળ્યો હશે. એ દુકાળ સને ૧૮૧૨માં પડયો હતો તેને હમણાં ૭૭ વરસ થયાં છે. લોકો એ વખતે કળયુગ આવેલો કહેતા અને ગુજરાતમાં પડયો માટે ગુજરાતના લોકોના પાપનું પરિણામ સમજતા. તીડ એ સુકવણાના પેગામ ગણાય છે. ૧૮૧૦માં બંગાલા તરફથી તીડ નીકલ્યા તે ૧૮૧૧માં મારવાડ લગી આવ્યા. તેઓએ ખેતર અને ઝાડ એવી રીતે ખાઇ નાખ્યાં કે જાણે બળેલાં ઘરના થાંભલાં ઊભા હોય એ

વાં ઝાડનાં થડ દેખાવા લાગ્યાં. મારવાડ પુરૂં કરીને એ તીડ ગુજરાતમાં દાખલ થયા. તે નર્મદા લગી આવ્યા અને ૧૮૧૨ના ચોમાસાં અગાઉ નાબુદ થઇ ગયા. મારવાડમાં વરસાદ પડયો નહીં તેથી મારવાડના બહુ લોકો ગુજરાત આવ્યા તેમનાં પગલાં આવતાંજ ૧૮૧૨માં ગુજરાતમાં વરસાદ પડયો નહી. તેથી ગુજરાતને ગુજરાતી અને મારવાડીનું બેનું પોષણ માથે પડયું. ભાવ વધતા ગયા. પૈસાદાર લોકો ઘરમાં દાણો ભરતા ગયા.

પણ મારવાડીઓ બહુજ સંતોષી કે ટુકડો મલે તેપરજ સંતોષ માન્યો. તેમની પાસે પૈસા મલે નહીં તેથી મજુરી જાગે એવાં બાંધકામ ઉભા કરયાં; પણ કોણ જાણે હરામખોરીથી કે પછી હમેશ સખાવતનો દાણો મલવાને ભરોશે કોઇ મજુરીએ લાગ્યા નહીં. હવે દાણો છેક મોઘો થયો. મારવાડમાં ભુખમરો પડયાથી લોકો હિયાં નાસી આવવા લાગ્યા અને દરેક મોટા જાહેર રસ્તાપર ઝાડ નીચે ટોલેટોલાં પડવા લાગ્યા.

રોગ અને મરકી વધી પડી. તે વખતે મારવાડીઓ પડતા ત્યાં મરતા અને કોહીને ગંધ ઉડતી તોપણ તેને કોઇ ઠેકાણે પાડતા નહીં આ ગંધથી મરકી વધતી. વડોદરામાં સરકારે મુડદાં ઠેકાણે પડાવયાં છતાં ઘણાં મોત થયાં તો બીજી ગાયકવાડીમાં જયા બધી ગાયકવાડી ત્યાં કેટલાં થયાં હશે!

અમદાવાદમાં આ કાળથી ૧૦૦૦૦૦ માણસ મરણ પામેલાંનો અડસટો નીકળ્યો હતો. વસ્તી અરધી થઇ ગઇ હતી. કેટલાંક ઘરે તાળાં દેવાયાં. કેટલાંક ખાલી થઇ ગયાં. નાસવાનો પણ એલાજ નહોતો. મરણ એટલાં ઉપરા સાપરી થયાં કે શહેરમાં બળતણ ખુટયું ત્યારે ઘરના દાંડા બાળી મુડદાં બાળ્યાં; તે પણ પુરતા મલ્યા નહીં. અરધાં બળેલાં મુડદાં સાબરમતીને કાંઠે રખડતાં તે બતાવતું કે પોતાનાં વહાલાને ઠેકાણે પાડવાની સરખી ટક ન મળી તો હાદશો કેવો મોટો હશે. એ શહેરમાં રોગે જે ખરાબી કરી તે એક ગજબ. રોગ વના એક ઘર ખાલી નહીં. કુટુંબને કુટુંબ ઘસડાઇ ગયાં. બાળીને આવે તે પહેલાં ડાઘુઓના કામ તૈયારજ. અંતે એટલાં મોત વધ્યાં કે

મરદોના આશરા લાગ્યા નહીં. બાળવા ગયલાનેજ બાળવાનો વખત આવ્યો. તેથી મરદોને ઠેકાણે ઓરતો ડાધુ તરીકે મુડદાઓ લઇ જતી અને અગ્નીદાહથી સંતોષ માની આવતી. જે ધર્મક્રિયા મરદ વના થાય નહી, તે ઓરત કરે; અને આખરે ઓરત પણ કરનાર ન મલે, એના જેવો ગજબ, હે ઇશ્વર! હવે પછી ન પડશો. (સુરત અખબાર.)

સને ૧૮૩૩માં પાછી મોઘવારી થઇ. લોકોએ ગવર્નર લોર્ડ કલેરપર અરજી મોકલી કે, સુરતમાંથી દાગાની નીકાશ કરવાની મના કરવી.

## પ્રકરણ સત્તરમું.

### જોવાલાયક ઠેકાણાં.

વખતની આગળ માનવીની કે હરેક ચીજની કશી તાકાદ નથી. વખત હરેક ચીજને ફના કરચો જાય છે. જેમ વખત જાય છે, તેમ તે નાશ પામેછે.

અઠવાનો કિલ્લો નાશ પામ્યો છે. મોટાં મોટા મહેલો પડી ભાગ્યા છે. તળાવોનાં નામ નિશાણ રહયાં નથી. રાણીતળાવ, ભાગાતળાવ, એ માત્ર નામ છે. એ તળાવો તારાજ થયાં છે. ગોપીતળાવનું માત્ર નામ છે. તે ઠેકાણું જણાય છે, પણ તે તળાવને બદલે બાગ થઇ પડયો છે. વાડી બાગો નાશ પામ્યાં છે. બીબીની વાડી, બેગમવાડી, કાજીની વાડી વગેરે બદલાઇ ગઇ છે. બીબીની વાડીની નિશાણી માત્ર વાંકી ઓરડીનું ઠુંઠું છે. અલ્લાબાગ, મહમુદીબાગ, વલંદાના, ફ્રેંચના તથા ઈંગ્રેજના બાગો હવે જોવા લાયક રહયા નથી.

મોટાં મોટાં ધર્મનાં મકાનો વખતના ઘસારાથી ઘસાઇ, જમીનદોસ્ત થયાં છે મસજીદોમાં કદીમ મસજીદો રહી નથી. પારસીઓનાં કાંકડાખાડી આગળનાં સૌથી જુના દોખમાના પાયાપણ ગુમ થવા લાગ્યા છે. અને તે દોખમાં હતાં કે નહીં, તે પણ જાણવું મુશ્કેલ થઇ પડયું છે. અસલી ટંકશાળો, અસલી તોપખાનાં, અસલી વાવો, અને કૂવાઓ જતા રહયા છે. તેને ઠેકાણે બસેં ત્રણ સેં વરસનાં અસલનાં ગાણતાં થયાં છે, તે હૈયાત અને જોવાલાયક છે.

જોવા લાયક ચીજોમાં સુરતનો કિલ્લો, ગોપીતળાવ તથા સુરતના બંધે કોટ છે, તેનું વર્ણન આવી ગયું. રૂસ્તમબાગ તથા પબ્લિક પાર્ક જોવા લાયકછે.

મિનારા (૪), હાઇસ્કુલ, સિવિલ ઓસ્પીટાલ, ઈંગ્રેજોની કોઠી, (મુસાફરખાનું) મ્યુનિસિપલ હોલ, હોપ બ્રિજ, જાફરઅલિ વગેરે મિલો, હુનરશાળા, કન્યાશાળા તથા પુસ્તકશાળો (એંડરૂસ લાઇબ્રેરિ) સદર કઠ, અલાહી બાગ, પાંજરાપોળ, ઈંગ્રેજોનું ચર્ચ, દદીમાર, દરિયામહેલો વગેરે જોવા લાયકછે.

## હવાનાં ઠેકાણાં.

સુરતના લોકો માટે હવા ખાવાનાં ઠેકાણામાં સૌથી સરસ ઠેકાણું અજીરો છે. ત્યાંના કુવાનું પાણી ઘણું હલકું છે, અને તેમાં પોલાદ કહેવાય છે. તેથી ઉતરતું ડુમ્મસ છે. તીથલ દુર પડે છે.

રાંદેર, કનારગામ, રેલવે સ્ટેશન, ઘોડદોડ, લાઇન, ગોપીતળાવ, સીગણપોર અને ઉદના એ ફરવા હરવા જવાનાં ઠેકાણાં છે.

## રાનેલ–રેનર–રાંદેર.

રાંદેર સુરતની પશ્ચિમે હાલ એક કસ્બો છે. તેમાં આસરે ૧૨ હજાર માણસની વસ્તી છે, તોપણ કદીમ વખતથી એમાં રહેનારા લોકો વેપારમાં

મચેલા રહયા છે, તેથી ત્યાનાં વહોરા તથા મુસલમાન લોકો મોટા મોટા વેપારી તથા દોલતવાન છે. તેઓ ઘણા સાહસીક છે. તેઓ દુનિયાના દરેક ભાગમાં પહોંચી વળ્યા છે, જયાં તેઓ વેપાર ધંધા તથા નોકરીમાં સુખી થઇ પોતાની ખરી મહેનતનો રલેળો પૈસો પોતાના વતનમાં આવી સારે મારગે વાપરે છે. તેઓ ઘણાખરા ચીન, સિયામ, બ્રહ્મદેશ, જાવા, સુમાત્રા, નેટલ, દરબાન, મોરીસ, મોઝાંબીક, ઝાનઝીબાર વગેરેમાં વેપાર ચલાવે છે. છેલ્લી મોટી આગ વખતે સુરતના પોતાના હમજાતીઓને માટે ગુજરાત તથા હિંદુસ્તાનના બીજા ભાગમાંથી (મુંબઇ સિવાય) લોકોએ મદદ તરીકે જયારે બસેં પાંચસે રૂપીઆ મોકલ્યા. ત્યારે મોરિસના મહમદન લોકોએ મુંબઇના પારસીઓની પેઠે સખી દીલથી એકદમ બાર હજાર રૂપીઆને સુમારની ભારે રકમ સુરતનાં દુઃખીઓમાટે મોકલી આપી છે. તે માન રાંદેરને છે. કેમકે રાંદેરના નબીરાઓ એ મુલકમાં વસે છે, અને તેઓની કાળજીથી એ રકમ મોરીસના સોદાગર લોકોએ મોકલી આપી છે. વળી તેઓમાં મોટો ભાગ રાંદેરના રહીશ છે, એ રાંદેરને માન છે.

પણ એથી વધારે માન રાંદેરને છે, તે એકે તે કાંઇ આજ કાજકાળનં શહેર નથી, તે કાંઇ રેંજી પેંજી આજકાલનું વસેલું નથી, તે નવસારીના કદીમ, અને ભરૂચના તેથી કદીમ શહેર કરતાં વધારે કદીમ શહર તરીકે નોધાયલું છે. એક દોલતમાં કે આબરૂમાં વધેલા માણસને જેમ માન છે, તેમ તે માણસનું કુળ—તે માણસનું ખાનદાન—જેમ કદીમ—જેમ પુરાણું—તેમ તેને વધતું માન છે. આજના સમાધાની અને આબાદીના વખતમાં વધવુ જેટલું મુશ્કેલ છે. તેથી વધારે મુશ્કેલ આગળા અંધા ધુંધીના વખતમાં વધવાનું હતું. તે વખતનાં જે માણસ, જે ખાનદાન ઇજત આબરૂમાં વધેલા તે વધારે માનને પાત્ર છે, તે મુજબ કદીમ વખતનું આબાદીએ પહોંચેલુ શહેર રાંદેર પણ તેવાંજ માનને લાયક છે.

રાંદેર સૌથી કદીમ શહેરોમાંનુ એક છે. અલ બીરૂની તેને રાનેરને'ના

મે લારદીસાની રાજધાની તરીકે ઓળખાવે છે. તે ભરૂચના જેટલું પુરાણું છે. કેટલાક તેને ભરૂચ કરતાં પણ વધારે પુરાણું શહેર કહે છે. પણ તે વિશે ઝાઝી નોંધ રહેલી નથી. જે નોંધ છે તે પરથી જણાય છે કે, સ્રમારે ૧૨૨૫માં આરબ વેપારી તથા ખલાસીઓની એક ટોળી રાંદેરમાં આવી. તે અગાઉ ત્યાં જૈન લોકોની વસ્તી ભારે હતી. એ જૈન લોકોપર આરબોએ હુમલો કરી તેઓને રાંદેરમાંથી હાંકી કાઢ્યા, અને તેઓનાં દેરાંની મસજીદો બનાવી. એ આરબો નયાયતાના નામથી ઓળખાતા. તેઓ ભારે વેપાર ચલાવતા અને દોલત તથા પરોણા ચાકરીને માટે તેઓ મશહુર હતા. બારબો સા નામનો મુસાફર રાંદેરને રાનેલ એ નામે ઓળખાવે છે, અને સને ૧૫૧૪માં રાંદેર કેવી હાલતમાં હતું, તે વિશે આ પ્રમાણે લખે છે:—

રાનેલ મૂર લોકોનું એક સારૂં શહેર છે, તે તાપી નદી ઊપર સુંદર ઘરો તથા શોભાયમાન ચકલાવાળું બાંધેલું છે. એ જગ્યા દોલતવાન તથા મનને પસંદ લાગે એવી છે, કેમકે એ શહેરના મૂર લોકો મલાક્કા, બંગાલા, ટેવા સરી ( ટીનાસરીમ ), પેગુ, મારતેબાન અને સ્રમાત્રા ખાતે સઘળી જાતનાં તેજાનાં, કરિયાણાં, રેશમ, કસ્તુરી. લુબાન, ચીનીકામ વગેરેનો ધોક્કારે વેપાર ચલાવે છે. તેઓ પાસે ઘણાં ગંજાવર અને સુંદર વહાણો છે, તથા જે ઓને ચીનાઈ વસ્તુઓ જોઈતી હોય, તેઓને તે ત્યાં મલે છે. આ ઠેકાણે ના મૂર લોકો ગોરા છે તથા તેઓ સારા પોશાક પહેરે છે અને ઘણા દ્રવ્યવાન છે. તેઓની સ્રીઓ ખુબસુરત છે, અને તેઓના ઘરમાં કાચના કબાટમાં ગોઠવેલાં ઘણી જાતના સુંદર ચીનાઈ વાસણો દીઠામાં આવે છે. બીજા મૂર લોકોની માફક તેઓ પોતાની સ્રીઓને જનાનખાનામાં ગોંધી રાખતા નથી, પણ તેણીઓ બીજા ભાગની સ્રીઓની માફક દહાડે કામે કાજે બહાર નીકળે છે.

સને ૧૫૩૦માં પોરટયુગીઝ સરદાર એનટોનિયો દિ સિલવેરા સુરત લુંટીને નદી ઓળંગીને રેનર ( રાદેર )જે ૬૦૦૦ ઘરોવાળો સારો બચાવ વાળો

કસ્બો છે, ત્યાં ગયો. ત્યાના નપાષતા લોકો જોકે 'વાણિયા લોકો કરતાં સારા હિમ્મત તથા હીકમતવાળા કહેવાયછે', તોપણ તેઓ (રાંદેરને આગ લગાડી કે) પહેલીજ આગમાં એટલી બધી મીલકત મુકીને નાશી ગયા કે, તે સઘળી લુંટ લઇ જવાને જો પોરટયુગીઝ લોકો શકિતમાન હોત તો તેઓ સઘળા તા લેવાન થઇ જાત.

સુરત જેમ અગત્યમાં વધતું ગયું, તેમ રાંદેર પડતું ગયું, અને ૧૫૯૦ માં તે સુરતના તાબાનું બંદર થઇ પડયું. સને ૧૬૧૦માં હજી તે સારાં સારાં મકાનોવાળું સુંદર શહેર હતું. લોકો ઈંગ્રેજ સાથે મિત્રાચારીથી ચાલતા હતા, અને ઈંગ્રેજો તેઓના બાગ બગીચામાં મોજમઝાહ કરવા જતા હતા. સને ૧૬૬૬માં એ શહેર પડી ભાગ્યું હતું, તોપણ ત્યાં વલંદાની કોઠી હતી. સને ૧૭૭૪માં તેને વિશે લખવામાં આવ્યું છે કે, તે એક સારાં મોટાં કદનું શહેર હતું, અને તેમાં ત્યારથી થોડો ઘણો વેપાર ચાલે છે.

રાંદેરના રહેવાશીઓમાંના ઘણા ખરા હમણાં પરદેશ વેપારને માટે જાય છે. હાલ તે આસરે ૧૨ હજાર માણસનો કસ્બો છે, તેમાં મ્યુનિસિપાલિટિ દાખલ થઇ છે. તેમાં એક દવાખાનું, તથા સરકારી ઈંગ્રેજી નિશાળ બે ચાર વાર નીકળી અને બંધ પડી છે. તેમાં એક મસજીદ ઘણી સુંદર અને નકશીદાર બાંધકામથી બાંધેલી છે, તે ઘણી જુની તથા મોટી છે. તેમાં દાખમું અગિઆરી તથા ધર્મશાળા છે. આગળા વખતમાં એ શહેરમાં પારસીઓની ભારે વસ્તી હતી, તે હમણાં ટુટી ગઇ છે.

## સુંહાલી.

આ ગામ સુરતથી ૧૨ માઇલપર દરિયા કીનારે આવેલું છે. ઈંગ્રેજો આવ્યા તે પહેલાં તે એક નજીવું ગામડું હતુ, પણ ઈંગ્રેજો ત્યા આવી રહયા પછી તે બંદર થઇ પડયું. ત્યાં ઈંગ્રેજ, પોરટયુગીઝ, વલંદા, ફ્રેંચ વગેરે મજાએ

પોતાનાં રહેઠાણ કરેથી, વેપારીઓની વસ્તી વધવા લાગી. તેઓ ત્યાં માંડવા નાખીને દુકાનો માંડતા, અને તે એક મોટું વેપારનું મથક થઇ પડયું. ત્યાં વહાણપરથી માલ ઉતારવા ચઢાવવાને સારૂ બંદર હતું. સુંહાલી સારી હવા વાળું ગામ છે.

## "બાખસનો અજીરો–વોક્ષિઝ ટૂમ"

દુમ્મસની પશ્ચિમે તાપીના મુખ આગળ ૩૦ ફીટ ઊંચો એક મિનારો છે. તે મહમદન ધપનો બાંધેલો છે. તે વહાણોને ચેતવણી આપવા રાત્રે દીવો મૂકવાને બેટપર બાંધવામાં આવ્યો હતો. તેને અગાઉ સ્વહાલીનો મિનારો યાને અજીરો કહેતા. હમણાં તેને બાખસનો અજીરો કહે છે. એ નામ મુંબઇ ના ડેપ્યુટિ ગવર્નર (૧૬૮૫) વોક્ષના નામપરથી પડેલું છે. કેમકે તે એ ઠેકાણે પોતાની સ્ત્રી સાથે મછવામાં ફરતો હતો, એવામાં મછવો ઉંધો વળ્યો અને બંધે ડુબી ગયાં. તેથી એનું નામ વોક્ષિઝ ટૂમ પડયું છે. હિયાં ગામ વસે છે. એક ધર્મશાળા છે, અને હવા સારી હોવાથી સુરતના લોકો હવામાટે જાય છે સુરતના રૂસ્તમ માણેક સેઠે એ ઠેકાણે એક કુવો બંધાવેલો છે.

## દીવા દાંડી.

સુરતની પશ્ચિમે ૧૩ માઇલપર અજીરા (વોક્ષિઝ ટૂમ) ગામમાં દીવા દાંડી છે. તે વહાણવટીઓને ખરો માર્ગ બતાવવાને જે દીવો રાત્રે રાખવામાં આવે છે, તે દીવો મૂકવામાટે ઉંચો ગોળ મિનારો બાંધેલો છે. તે મિનારામાં પથ્થરની સીડીઓ છે. તેની ટોચપર ફાણસમાં દીવો મૂકવામાં આવે છે. એ દાંડી ભરતીનાં પાણીથી ૯૧ ફીટ ઉંચી છે, તેથી વહાણવટીઓને ૧૫ માઇલ દુરથી તે દીવો દેખાય છે.

## ધી હોપ બ્રિજ.

સુરતની તાપી નદી ઊપર કલેકટર તથા મેજીસ્ટરેટ મિ૦ હોપની મહેનત થી પુલ બંધાયાંથી એ પુલને હોપ પુલ યાને હોપ બ્રિજને નામે ઓળખેછે.

તાપીનદીનો પટ સુરત શહેર આગળ ૧૭૦૦ ફીટનો છે. એ નદીમાંથી હોડીપર બેસી સામે પાર જતાં ખરચ તથા વખતનો ઘણો ભોગ આપવો પ ડતો હતો. કોઇવાર માણસો પણ ડુબી જતાં હતાં, અને ચોમાસાના દિવસોમાં જયારે રેલ ચઢી હોય ત્યારે સઘળો વહેવાર બંધ પડી જતો હતો. એ અડ ચણ મટાડવાને એ પુલ મિ૦ હોપના વખતમાં બાંધવામાં આવ્યો છે. એમાં ભુગળાના ૧૭ ગાળા છે. અને તે ઘણો કીસબથી બાંધેલો છે. એ ઉપર કુલ્લે ખરચ રૂ૦ ૭૦૪૫૧૦નો થયો છે. તે મધે સરકારે રૂ ૨૦૦૦૦૦, લોકલ ફંડે રૂ ૩૫૦૦૦૦, રૂ ૮૦૦૦૦ સુરત મ્યુનિસિપાલિટિએ, અને રૂ ૨૦૦૦૦ રાંદેર મ્યુનિસિપાલિટિએ આપ્યા છે.

એ પુલ વાપરનારા પાસેથી ટોલ લેવામાં આવે છે, તે ટોલની ઉપજ વરસે આસરે રૂ ૨૦૦૦૦—૨૫૦૦૦ થાય છે. મોટી રેલોમાં એ પુલ આશા નીથી ટકી રહયો છે.

## પાંજરાપોળ.

સુરતમાં હિંદુ, મુસલમાન તથા પારસી લોકોની સખાવતથી પાંજરાપોળ ચાલે છે એવી ૪ પાંજરાપોળ છે ગોપીપરામાં, સગરામપુરામાં, ઘોડદોડ ના રસ્તાપર અને ભેસ્તાનમાં. એમાં ઘરડાં તથા લુલાં લંગડાં જાનવરોને રાખી તેનું પોષણ કરવામાં આવે છે. એ પાંજરાપોળમાં સુમારે ૧૦૦૦ જાનવરો રહે છે. તેઓને પાળવા માટે જે આસરે રૂ ૨૦૦૦૦૦નું ફંડ છે, તેનું

દર વરસ રૂ ૧૦૦૦૦ વ્યાજ ઊપજે છે. એ પાંજરાપોળને માટે એક કમિટિ છે, તેના મમુખ પરી. વરજદાશ વીઠલદાશની પેઢીના મખ્યાત સેઠ દ્વારકાં દાશ લલુભાઇ છે.

શહેરમાં સેઠ સાહુકારોનાં પાળેલાં જાનવરો ઘરડાં અથવા લુલાં લંગડાં થાય, સેને એમાં મોકલવામાં આવે છે. તે મોકલતી વખતે ફી આપવામાં આવે છે. ઘોડા દીઠ રૂ ૩ અને બીજાં જાનવર દીઠ રૂ ૧. એ ઉપરાંત કસાઇ ઓને ઘેર જતી ગાય, ભેંસો, બકરાં, ઘેટાં વગેરે વેચાતાં લઇ તે રાખવામાં આવે છે.

## ક્લોક ટાવર.

સુરતની શોભામાં વધારો કરવાનાં મકાનોમાં ઝાંપા ખાતે એક મીનારો બાંધવાના અને તે ઉપર એક ઘડીઆલ મૂકવાનો ખરચ મરહુમ ખાન બહાદુર બરજોરજી મેરવાનજી ફ્રેઝરે આપ્યો છે. એ મીનારાથી શહેરની શોભામાં કાંઇક વધારો થયો છે, અને ઘડીઆલથી પ્રજાને કંઇક સગવડ છે. એ પર રૂ ૧૪૦૦૦નો ખરચ થયો છે. એ મીનારો ૯૦ ફીટ ઉંચો છે.

## પબ્લીક પાર્ક.

સિવિલ ઓસ્પીટાલ, હાઇસ્કુલ, પારેખ દિસ્પેનસરિ, હુન્નરશાળા, ધર્મશાળા, ક્લોક ટાવર એ સઘળાં સખાવતનાં કામો ઉદાર દીલના પારસી ગ્રહસ્થોએ કરયાં છે, તે મુજબ નદી કીનારે મ્યુનિસિપાલિટિએ જે જાહેર બાગ નવાવ્યો છે, તે બાગથી લોકોને આરાએશ લેવાનું એક સાધન વધ્યું છે. એ બાગ સુરતના માજી કલેકટર મિ૦ હોપની કોશીશથી થયો છે. તેમાં નદી કીનારે ફરવા હરવા આવનારા લોકોનાં સુખને માટે જે બેઠક બના

વી છે, તે પણ ખા૦ બા૦ અરજેશરજી મેરવાનજી ફ્રેઝરની સખાવતને આભા શી છે. પબ્લિક પાર્ક, જેને રાણીનો બાગ કહે છે, તે મ્યુનિસિપાલિટિએ બના વ્યા છે. તેમાં ભાત ભાતનાં ઉમદા ફળ ફૂળનાં ઝાડો સારા રોણકદાર ક્યારામાં આવી રહેલા છે. એમાં દરેક જાતનું ઝાડ છે, અને તે ઘણી સારી હાલતમાં છે.

## ઇંગ્રેજની કોઠી.

ઈંગ્રેજ વેપારીઓની ઇસ્ટ ઇંડિયા કંપનિના અમલદારોએ સુરતમાં સને ૧૬૧૨માં કોઠી સ્થાપી. એ અમલદારોનું રહેવાનું ઠેકાણું શહેરપનાહ કોટની બરાહનપુરી ભાગળવાળા લત્તામાં હતું, એ સઘળું ઉપર કહેવામા આવ્યું છે. તેઓની કોઠી યાને વેપારની વખાર મુલ્લાં ખડકી આગળ હાલ જે મકાનમાં ખાન બહાદુર દોકટર દોસાભાઇ પેસ્તનજી રહે છે, તે મકાનવાળા ભાગમાં ઉત્તર દિશાએ જે મકાન આવેલું છે, તેમાં હતી. એ મકાન ભાગુ તુટું થતાં હાલ એટલું રહ્યુ છે, પણ તે વખતે તે કીનારાથી હાલના મીરજા સામીના ચકલા લગી ફેલાયલું હતું. એ કોઠીવાળા મકાનમાં પ્રથમ સરકારી ઑસ્પિટાલ, અને પછી લ્યુનાટિક એસાઇલમ હતી. તે ભાંગી ટુટી તોપણ રહેવા લાયક હાલતમાં છે.

## મુસાફરખાનું-( મ્યુનિસિપલ હોલ )

હાલનો મ્યુનિસિપલ હોલ છે, તે આગળ મુસાફરખાનું હતું. એ મો ટી ઇમારત હકીકાકખાન નામના મહમદને સને ૧૬૪૪માં મુસાફરો માટે ધર્મશાળા દાખલ વાપરવા બંધાવી હતી. એ હકીકાકખાન તે વખતે કિલ્લાનો કપ્તાં દંટ હતો એ મુસાફરખાનું ઘણું મોટું છે, અને તેમાં બહોળી જગ્યા છે.

સને ૧૮૬૮ પહેલાં તે સરકારી મકાન થઇ પડયું હતું. તેમાં કાચી કેદના કેદીઓને રાખવામાં આવતા. પણ સને ૧૮૬૮માં મિ૦ હોપ જ્યારે મ્યુનિસિપાલિટિના પ્રમુખ હતા, ત્યારે તેણે એ મુસાફરખાનાને પબ્લિક હોલ બનાવવા ઇચ્છયું. પણ મુસાફરોને માટેની એક આશાએશની એ જગ્યા છીનવી લેવાના તેના હકસામે મહમદન કોમે વાંધો ઉઠાવ્યો. તેથી એ મુસાફરખાનાની બહારની કોટડીઓ મુસાફરોમાટે રાખવામાં આવશે, એવી સમજુત આપીને મિ૦ હોપે એ મકાનપર રૂ ૩૩૦૮૦ ખરચી નવેસરથી સમરાવી તેને મ્યુનિસિપલ હોલનું નામ આપ્યું છે.

## જાફરઅલ્લી સ્પિનિંગ એંદ વીવિંગ કંપનિ.

આ કંપનિ મીર જાફરઅલ્લીખાને કાઢી હતી, તેમાં સને ૧૮૬૬માં કાંટવાનું કામ સરૂ થયું. એમાં મૂળ થાપણ રૂ ૩૦૦૦૦૦ની હતી, તેના દર રૂ ૫૦૦ના ૬૦૦ શેર રાખ્યા હતા, તે થાપણ વધારવાને દર રૂ ૨૫૦ના બીજા ૧૪૮૩ શેર કરી એકંદર થાપણ રૂ ૬૭૦૭૫૦ની કરી છે. એમાં બે યંતરો હતાં. એક ૨૦ અને બીજું ૨૫ હોર્સ પાવરનું હતું. પણ પાછળથી નવાં યંત્ર મંગાવ્યાં છે. તેમાં કાંટવા તથા વણવાનું કામ ચાલે છે. એમાં ૧૫૦ સાળ અને ૧૬૪૪૬ સ્પિંડલો છે. એ કારખાનાથી સુમારે ૫૦૦ માણસોની મજૂરી જાગી છે. એમાં અનામત થાપણનો જમાવ સારો રાખેલો છે.

## ગુલામબાબા સ્પિનિંગ એંદ ઉવીવિંગ કંપનિ.

આ કંપનિની થાપણ રૂ ૫૦૦૦૦૦ની હતી. તેમાં દર રૂ ૫૦૦ના ૧૦૦૦ શેર રાખ્યા હતા. પણ તે સને ૧૮૮૬માં આગમાં બળી ગયાથી તેની થાપણ રૂ ૨૫૦૦૦૦ની વધારી છે. નવા શેર ૧૦૦૦ છે, તે દરેક રૂ ૨૫૦નો છે.

એકંદર થાપણ રૂ ૭૫૦૦૦૦ની કરી છે. આગમાટે વિમો ઉતરાવેલો હોવાથી આમારે રૂ ૩૦૦૦૦૦ પાછા વસુલ થયાથી એમાં નવાં યંતરો મંગાવ્યાં છે. પણ એમાં હજી સાળ ચાલતી નથી. એમાં ૧૫૩૧૨ સ્પિંડલો છે, અને ૫૩૨ માણસો રોજીએ લાગ્યાં છે.

## બેગમહમદ મિલ.

એ મિલનો માલેક મિ૦ બેગમહમદ હાજી અબદુલ રહેમાન છે. તેની પોતાની એ મિલ છે. એમાં રૂ ૩૮૬૦૦૦ની થાપણ રોકી છે, ૧૦૪૬૨ સ્પિંડલ છે, અને થોડાંએક માણસો કામે લાગતાં થયાં છે.

## મ્યુનિસિપાલિટિ.

સને ૧૮૪૬ લગી પોલીસનો અખત્યાર જદજના હાથમાં હતો. તેથી એ અમલદાર સુધરાઇ રખાવવાને બંદોબસ્ત રાખતો.

સને ૧૮૪૯માં મ્યુનિસિપાલિટિ કાઢવાને કલેકટરે એક સભા બોલાવી. તોપણ તે કામ તે વરસથી હાર પડયું નહીં.

મ્યુનિસિપલ ખાતું નામદાર સરકારે સને ૧૮૫૨માં ઉઘાડયું. એ ખાતાં ઉપર વધારે દેખરેખ મિ૦ રોજર્સ કલેકટરના વખતથી થઇ. તેણે શહેરમાં રસ્તા પહોળા કરવાની, વગેરે યોજનાઓ ઘડી. એ યોજના પાર પાડી જશ લેવાનું મિ૦ ટિ. સિ. હોપના નસીબમાં હતું. એ અમલદારના વખતમાં શહેર સુધરાઇનાં કામમાં જાગૃતી આવી તેણે કિલ્લાથી સ્ટેસન સુધીનો મોટો રસ્તો બંધાવતા ઘણી મહેનત કરી. એ રસ્તો ૧॥। માઇલ લાંબો તથા ૩૦ ફીટ પહોળો છે. બીજા પણ કેટલાએક રસ્તા પહોળા બાંધ્યા. શહેરમાં મટન તથા માછલી વેચવાની દુકાનોમાટે એક દરબાર આગળ, એક નવસારી ભાગોળે,

એક ઝાંપે અને એક સૈયદપરે મળી ૪ મારકેટો બાંધી. તરકારી વેચનારા માટે પણ મારકેટો બાંધવા ધારી, પણ તેના ગયા પછી તે કામ અટકી પડયું. જાનવરોનો વધ દરેક ઠેકાણેથી બંધ કરી સલાબતપુરાની ભાગળ આગળ એક કતલખાનું બંધાવ્યું, કે જાનવરોના વધ ત્યાં થાય. લોકોને હાજતે જવાની મુશ્કેલી હતી. તેથી લોકોએ ઘરમાંજ જાજરૂઓ કરયા હતા; કોઇ મોહોલ્લા બહાર, કોઇ ચકલાપર, તો કોઇ ખાડીપર હાજતે જતું. મરદની સામે સ્ત્રી અને સ્ત્રીની આગળ કોઇ છોકરો જેમ ગમે તેમ બેમલાજાહુના થઇને હાજતે બેસતા. શાહેરની ખાડી તમામ ગુલલાલા જેવી થઇ રહેતી! આબરૂદાર માણસો તે રસ્તે જતા કંટાળતા. કેટલાક ઘરના પાછળા વાડામાં ઝાડે ફરી, વાડામાં હલાલખોર માટે ગલી નહીં; તેથી સ્ત્રીઓ અને પુરૂશો તે નજીસી જાતે ઉપાડી આગલે બારણે લાવી તે હલાલખોરોને આપતા!

મિ૦ હોપે એ દુખ ટાળ્યુ. પણ તેને ઘણી ગાળો પડી, તોએ તેણે મુગે મોઢે ખમ્યું. જબરીથી લોકોના વાડામાં જાજરૂઓ બંધાવ્યા, વાડાની જગા છોડાવી નાળ મૂકાવી અને લોકોને સુખ કરી આપ્યું. હલાલખોરોને પગારદાર રાખી, લોકોપાસે કુટુંબદીઠ વરસે રૂ ૨નો વેરો લેતો કરયો.

મિ૦ હોપે પોતાની ચાલીકીથી શાહેરને સફાઇદાર બનાવ્યું. તે જાતે શાહેરમાં ફરતો અને કચરો પુંજો નાખનારને દંડાવતો, તેથી લોકો તથા ખાતાના તમામ નોકરો દેહસ્તથી કામ ચોખું રાખતા.

સુરત તથા રાંદેર વચ્ચે પુલ બાંધવાની યોજના પણ તેણે કરી, અને અંતે પુલ બંધાયો, તેથી લોકોને સુખ થયું. એ પુલ 'હોપબ્રિજ'ને નામે ઓળખાય છે. તણે રેલ અટકાવવાની એક યોજના કરી. મખઇ પુલમાં એવી યુકિત કરી કે રેલનું પાણી ત્યાં અટકે. પણ રેલ હોય તેવખતે જો શાહેરમાં ભારે વરસાદ હોય તો તે પાણી તેજ પુલની ઉપલી બારીઓમાંથી નીકળી જાય. એ રેલથી સુરતના દક્ષિણ તરફના ભાગમાં રહેનારાઓને અત્યંત સુખ થયું. આગ હોલવવાને માટે નવાં નવાં યંતરો મંગાવ્યાં. હુશીઆર ખલાસી

ઓ રાખ્યા. મ્યુનિસિપલ હોલ બંધાવ્યો. શહેરના કુવાઓની દેખરેખ વધારી; રસ્તાઓપર છંટાતાં પાણીના તથા મૂકાતા દીવાના કામમાં ઘણો ફેરફાર કરયો. ગટરો બંધાવી; ટુંકામાં મિ૦ હોપના કરતાં વધારે કાળજીથી કોઇ અમલદારે સુધરાઇખાતામાં પોતાની ફરજ બજાવી એવું નોંધાયલું જોવામાં આવ્યું નથી

દિલ્હી ગેટ રોદ બાંધતાં ૫ લાખ રૂપીઆનો, અને રેલ અટકાવવાનું બાંધકામ કરતાં રૂ ૭૭૫૭૦નો ખરચ થયો છે.

સને ૧૮૭૪—૭૫માં આવક રૂ ૨૦૪૩૫૦ની અને ખર્ચ રૂ ૨૩૧૭૧૦નો હતો.

સને ૧૮૮૭-૮૮ માં એ ખાતામાં ઉપજ રૂ ૨૬૨૦૪૭-૧૫-૧૦ અને ખર્ચ રૂ ૨૧૮૯૨૨-૧-૪ હતો.

સને ૧૮૮૯ની મોટી આગપછી બળી ગયલા ભાગોમાં રસ્તા પહોળા કરવાની ગોઠવણ થઇ છે. મ્યુનિસિપાલિટિએ એ કામ માટે રૂ ૨૦૦૦૦૦ પ્રજા પાસેથી સેંકડે રૂ ૫ાને હીસાબે વ્યાજે લીધા છે. અને બહરાનપુરી ભાગળ આગળના સઘળા રસ્તા પહોળા કરવાનો ઠરાવ કીધો છે. કોઇ રસ્તા ૫૦ ફીટ, કોઇ ૪૦ અને કોઇ ૩૦ ફીટ પહોળા થયા છે. તેથી શહેરના એ ભાગનું આગથી રક્ષણ થયાની સાથે શહેરની શોભા તથા સફાઇમાં વધારો થયો છે.

કામડાં ટટાંના મુકાનો બાંધવાની, રહેવાના મકાનથી ચોક્કસ છેટા લગી જવાળાગ્રહી પદારથો ભરવાની તથા એકથી વધારે ગાડી ઘાસ રહેવાના મકાનમાં રાખવાની મના થઇ છે.

## ન્યાય ખાતુ

ઈંગ્રેજી કંપનિએ સને ૧૮૦૦ના સાલમાં સુરત લીધું તે વખતે મિ૦ શામસે નામના અમલદારને દિવાની તથા ફોજદારી બંધે કામ સોંપ્યાં હતાં. તેથી તે જડજ તથા મેજીસ્ટરેટ કહેવાતો હતો. પોલીસખાતાનો વડો પણ તેજ

હતો. સને ૧૮૦૦માં તેની સત્તા સુરત તથા રાંદેરમાં હતી, પણ પાછળથી કંપનિને જેમ જેમ પરગણાં મળતાં ગયાં તેમ તેમ તેની સત્તા તે પરગણાંઓ ઉપર પણ હતી. સઘળી અપીલો પણ તેજ સાંભળતો. પાછળથી સને ૧૮૦૫માં અપીલની કોર્ટ ભરૂચમાં સ્થાપી. તેજ વરસમાં સુરતમાં ફોજદારી સેશન બંધ કરી, તે કામ ભરૂચના જડજને સોંપ્યું. એ અપીલ તથા ફોજદારી સેશનનું કામ ભરૂચથી સને ૧૮૧૦માં પાછું સુરત આણ્યું. એ વખતે સુરતની કોર્ટની સત્તા છાસ્ટી, સુરત, ભરૂચ અને ખેડા લગી ચાલતી. સને ૧૮૧૮માં મેજીસ્ટરેટની સત્તા કલેક્ટરને આપી અને તે ડિસ્ટ્રિકટ મેજીસ્ટરેટ ગણાવા લાગ્યો. પણ સુરતની પોલીસનું ઉપરીપણું સને ૧૮૪૬ લગી જડજના હાથમાં રહ્યું. એ વરસમાં પોલીસના વડાનું કામ ડિસ્ટ્રિકટ મેજીસ્ટરેટને સોંપ્યું. સને ૧૮૨૦માં દિવાની અપીલની કોર્ટ સુરતમાં બંધ કરી, અને વડી દિવાની કોર્ટ જેને સદર દિવાની અદાલત કહેતા તે મુંબઇથી સુરત લાવ્યા. ફોજદારી કોર્ટની અપીલો સુરતમાં રાખી; એ કોર્ટને સદર ફોજદારી અદાલત કહેતા. સને ૧૮૨૮માં સદર દિવાની તથા ફોજદારી અદાલત પાછી મુંબઇમાં સ્થાપી તેથી તે કામ સુરતમાંથી કાઢી નાખ્યું. પણ ગુજરાતને માટે અપીલ સાંભળવા સુરતમાં કોર્ટ રાખી, તે કોર્ટનો જડજ સરકિટ જડજ કહેવાતો. આ છેલ્લી અદાલત પાછી સને ૧૮૩૦માં કાઢી નાખી, અને મુંબઇથી સરકિટ જડજ ગુજરાતમાં ફરવા નીકળે એવું ઠરાવ્યું.

આ વખતથી મોટા ફોજદારી ગુનાહનું તથા દિવાની અપીલો સાંભળવાનું કામ જડજનું હતું. સઘળું મહેસુલ સબંધી તથા ફોજદારી કામ કલેક્ટર તથા ડિસ્ટ્રિકટ મેજીસ્ટરેટનું હતું.

રાજદ્વારીખાતામાં કામ કરવાને સરૂઆતમાં દેશીઓને નીમતા, તેઓને નેટિવ એજંટ કહેતા. એ ઓહ્દો પાછળથી કાઢી નાખી, તે કામ પ્રથમ જડજને સોંપ્યું, અને હાલ તે કામ જીલ્લા મેજીસ્ટરેટને સોંપેલું છે.

## જડજ.

આ અમલદારના બે દરજજા છે. જ્યારે તે ફોજદારી ઇનસાફ કરતો હોય ત્યારે તે સેશન જડજ ગણાય છે. સેસન જડજ તરીકે તે સઘળા મોટા ફોજદારી મુકરદમાનો ઇનસાફ કરે છે. જે તોહમતદારને બે વરસથી વધારે મુદ્દતની સિક્ષા કરવાની અગત્ય જણાય તેવાઓને મેજીસ્ટરેટો સેશન કોર્ટમાં તપાસમાટે નોધેછે. સેશન જડજ તેનો ઇનસાફ પોતે એકલો કરતો નથી. જે ગુનાહમાટે સાત વરસથી ઓછી સિક્ષા કરવાનું કાયદાએ ઠરાવ્યું હોય, તે ગુનાહની તપાસ સેશન જડજ બે અથવા ત્રણ આબરૂદાર ગ્રહસ્થોને સાથે રાખીને કરે છે. એ ગ્રહસ્થો "એસેસર" કહેવાય છે. જે ગુનાહને માટે સાત વરસથી વધારેની અથવા જન્મ દેશનિકાલની કે ફાંસીની સિક્ષા કાયદામાં ઠરાવેલી હોય તે ગુનાહની તપાસ સેશન જડજ પાંચ ગ્રહસ્થોને સાથે રાખીને કરે છે. એ ગ્રહસ્થો "જયુરર" કહેવાય છે. જુરીથી ઇનસાફ કરવાનો અખત્યાર માત્ર પાંચ વરસ થયાં મળ્યો છે. જુરીથી કોઇવાર ઇનસાફ ઉંધો વળે છે. સેશન જડજને નજરમાં આવે એટલે લગી કેદખાનાનો, તથા દંડનો અને ફાંસીની સીજા ફરમાવવા સૂધીનો અખત્યાર છે. પણ ફાંસીની સીજા મુંબઇ હાઇ કોર્ટની મંજુરયત વના થઇ શકતી નથી.

જે મેજીસ્ટ્રેટોને સેશન કમિટ કરવાનો અખત્યાર હોય છે. તેવા મેજીસ્ટરેટોએ કરેલા ફેસલા તથા હુકમોપર તે અપીલ સાંભળે છે, તથા કોઇ કામમાં અપીલ થઇ ન હોય, તે ફેસ્લો અથવા હુકમ ગેરવાજબી છે, એવું લાગે ત્યારે તે બાબત વાજબી ઇનસાફ આપવાને હાઇકોર્ટને લખવાની સત્તા ધરાવે છે.

ડિસ્ટ્રિકટ જડજ તરીકે તેનું કામ જીલ્લાઓમાંથી અને સુરતની કોર્ટમાંથી આવતા સઘળા દિવાની મુકરદમાની અપીલો સાંભળવાનું છે.

એ અમલદારને આસરે રૂ ૩૦૦૦નો પગાર મળે છે. તે ઈંગ્લાંદમાં પાસ થયલો હોવો જોઇએ. એ કવેનન્ટેદ સર્વંટ અથવા સિવિલિયન કહેવાય છે, અને ઘણું કરીને યુરોપીયન હોય છે. જે દેશીઓએ ઈંગ્લાંદમાં સિવિલ સર્વિસ પસાર કરી હોય તેવાઓને પણ એ ઓદ્દાપર નીમવામાં આવે છે. એ અમલદારની કોર્ટ અઠવાના મોરચા આગળ નદી કીનારે સીદીની વાડીમાં છે.

## સબોરદિનેટ જદજ.

દિસ્ત્રિક્ટ જદજના હાથનીચે સુરતમાં એક મોટો ન્યાયાધિશ રહે છે. એને અગાઊ પ્રિનસિપાલ સદર અમીનને નામે ઓળખતા. હમણાં તેને ફર્સ્ટ ક્લાસ સબ જદજને નામે ઓળખે છે. એ અમલદારને રૂ ૮૦૦ સુધીનો પગાર મળે છે. તે અસલ દિવાની મુકરદમા સાંભળે છે; તે કોઇપણ રકમના હોય. એ અમલદારની કોર્ટ અદાલતની પાસેજ છે.

સુરતમાં ફરસ્ટ કલાસ સબ જદજ ઊપરાંત એક બીજો ન્યાયાધિશ રહે છે, તે સેકંદ કલાસ સબ જદજ ગણાય છે. તે રૂ ૫૦૦૦ સુધીનાજ દાવા સાંભળી શકે છે. તેને રૂ ૪૦૦ સુધી પગાર મળે છે.

એવા સબ જદજો જીલ્લામાં રહે છે. તેઓના ફૈસલા ઉપર અપીલ દિસ્ત્રિક્ટ જદજને થાય છે.

એ બધે વર્ગના અમલદારોને પોતાની કોર્ટમાં જણાયલા ચોક્કસ ગુનાહની તપાસ કરવાનો પણ અખત્યાર છે.

## સ્મોલકાઝ કોર્ટ.

દિવાની મુકરદમાઓના ફૈસલા કરવાને એક ત્રીજી કોર્ટ સુરતમાં છે, તેનો

સ્મોલ કોઝ કોર્ટ કહે છે. એ ન્યાયાધિશને સ્મોલ કોઝ કોર્ટનો જડજ કહે છે. તેને રૂ ૧૦૦૦ સુધીનો પગાર મળેછે. એ અમલદાર રૂ ૫૦૦ સુધીના સુરત તથા રાંદેરમાં ઉત્પન્ન થતા દાવા સાંભળી શકે છે.

## કલેકટર.

મહેસુલ સંબંધી કામકાજ કરવાને સુરત ખાતે જે વડો અમલદાર છે તે કલેકટર કહેવાય છે. એ અમલદાર પણ સિવિલિયન હોય છે, અને તેને રૂ ૩૦૦૦ લગીનો પગાર મળેછે. એ અમલદારના હાથ નીચે ૨ આસિસ્ટંટ કલેકટર રહેછે. વળી એક ડિસ્ત્રિકટ ડેપ્યુટિ કલેકટર તથા કેટલાએક મામલતદારો રહે છે. એ અમલદારો મહેસુલ સંબંધી કામ કરેયા ઉપરાંત ફોજદારીઇનસાફ કરેછે.

## મેજીસટરેટ.

ડિસ્ત્રિકટ મેજીસટરેટ તથા ઉતરતા અમલદારો પહેલા વર્ગના અથવા ફુલપાવર મેજીસટરેટ ગણાય છે. તેમને બે વરસ સુધી કેદખાને મોકલવાનો, રૂ ૧૦૦૦ સુધી દંડ કરવાનો, બાંધી મારવાનો વગેરે અખત્યાર છે.

એ અમલદારના હાથ નીચે સુરતમાં એક સિટિ મેજીસટરેટ રહે છે, તે પહેલા વર્ગનો મેજીસટરેટ હોય છે, તેને રૂ ૮૦૦ સુધીનો પગાર મળે છે, અને તેને કેદ તથા દંડ કરવાનો અખત્યાર ડિસ્ત્રિકટ મેજીસટરેટ જેટલોજ રહે છે. એ અમલદાર ઉપરાંત સુરતમાં બે મેજીસટરેટ રહે છે, તેઓ ચોરાસી પરગણામાં બનતા ગુનાહનો ઇનસાફ કરે છે. એ બેમાં એક બીજા વર્ગનો અને એક ત્રીજા વર્ગનો હોય છે. બીજા વર્ગનાને છ માસ સુધી કેદખાનાની અને રૂ ૨૦૦ સુધી દંડ કરવાની અને ત્રીજા વર્ગવાળાને એક માસ સુધી કેદખાનાની તથા રૂ ૫૦ સુધી દંડ કરવાની સત્તા રહે છે.

પહેલા વર્ગના મેજીસ્ટરેટો જે મુકરદમા પોતાથી રૂકવી શકાય નહીં તેવા સેશન કોર્ટમાં મોકલે છે, તથા બીજા અને ત્રીજા વર્ગના મેજીસ્ટરેટો પોતાના અખ્ત્યાર ઊપરાંતના મુકરદમા દિસ્ત્રિક્ટ મેજીસ્ટરેટ આગળ મોકલી આપે છે.

એ સઘળા અમલદારોની કોર્ટ કિલ્લામાં રહે છે.

## પોલીસ.

સુરતની પોલીસનો વડો સુપરિનટેંડંટ ઑફ પોલીસ કહેવાય છે. આખા જીલ્લામાં તે ખુન, ધાડચોરી, વગેરે મોટા ગુનાહ કરનારને પકડી મેજીસ્ટરેટ આગળ ઉભા કરે છે. તેને રૂ ૮૦૦ સુધીનો પગાર મળે છે. તેના હાથ નીચે સુરતમાં એક અમલદાર રહે છે, તે સિટિ પોલીસ ઇન્સ્પેક્ટર કહેવાય છે. તેને રૂ ૨૫૦ સુધીનો પગાર મળે છે. પોલીસ ઇન્સ્પેક્ટર શહેરમાં બનતા સઘળા મોટા ગુનેહગારોને પકડી કાઢી તેઓને ૨૪ કલાકની અંદર મેજીસ્ટરેટ આગળ રજુ કરે છે. પોલીસ અમલદારોને કેદ કે દંડ કરવાનો અખ્ત્યાર નથી. એ કામ ઉપરાંત એ અમલદાર શહેર સુધારાના, આગના તથા રેલના અકસ્માત કામોમાં મ્યુનિસિપાલિટિ સાથે મળીને બંદોબસ્ત રાખે છે.

શહેરમાં ખુન જવલેજ થાય છે; ધાડચોરીનું નામ રહ્યું નથી; ઘરફોડવાની ચોરી ઘણી ઓછી થઇ છે. જે ચોરી થાય છે, તે ઘણીખરી જાણભેદુઓની હોય છે.

## આરોગ્યતાખાતું.

નામદાર કંપનિ સરકારે પ્રજાને મુફત દવાદારૂ આપવાનો ઠરાવ કરયો.

સને ૧૮૧૮માં સુરતમાં પહેલ વહેલો કોલેરા ફાટી નીકળ્યો તેમાં જેટલાને લાગુ પડયો, તેમાંથી ચોથો ભાગ દરદીઓ મરણ પામ્યા. સરકારે સને ૧૮૨૩ માં ઓસ્પિટાલ ઉઘાડી. એ ખાતું લાંબી મદત મુલાં ખડકી આગળ ઈંગ્રેજ ની કોઠીવાળા મકાનમાં કાઢયું. સને ૧૮૬૪માં મુંબાઇવાળા સર કાવસજી જાંગીરજી કે. સી. એસ. આઇએ રૂ ૭૧૯૦૦ આપી પોતાના નામની ઓસ્પિટાલ બંધાવી આપી. એ ખાતામાં લોકોને દવા મફત આપવામાં આવતી, પણ સને ૧૮૮૯થી જે માણસો વરસે રૂ ૫૦૦થી વધારે પેદા કરતા હોય તેવાઓને મફત આપવી બંધ કરી. એ ખાતાનો ખરચ સરકાર કરે છે.

સુરતમાં દર વરસ સરાસરી ૪૨ ઈંચ વરસાદ થાય છે, અને વધારેમાં વધારે તાપ ૧૦૫ દિગ્રી લગી પડે છે. એમાં આરોગ્યતા કેવી છે, તે સને ૧૮૮૮ના સાલના શુખશાંતી ખાતાના રપોટમાં આપેલા આંકડાથી જણાય છે.

સુરતમાં ૧૮૮૧ની ગણત્રી મુજબ એકંદર ૧૦૯૮૪૪ માણસની વસ્તી છે. સુરતમાં ૧૮૮૮માં હજાર માણસે ૩૧.૯૧ જન્મ તથા ૩૪.૧૩ મરણ થયાં છે. આ આંકડા મદયમ છે. કેમકે મુંબઇ ઇલાકાના સંગામનેર કસ્બામાં વધારેમાં વધારે જન્મ થયા છે. એ જન્મ હજાર માણસની વસ્તીએ ૫૬ થયા છે; તેમ ઓછામાં ઓછા જન્મ થાણામાં થયા છે. તે આંકડો ૧૦ પર આવ્યો છે. આપુરથી જોતાં જન્મનું પ્રમાણ મધ્યમ છે. એજ વરસમાં ઇગ્લાંદમાં હજારે ૩૦. ૬૦ જન્મ નોધાયા છે.

મરણની બાબતમાં પણ સુરત મધ્યમ છે. હજારે ૩૪.૧૭ મરણ નોધાયાં છે. પણ મુંબઇ ઇલાકામાં વધારેમાં વધારે મરણ વીરમગામમાં ૬૫ અને ઓછામાં ઓછાં મરણ ચોપડામાં ૧૨ નોધાયાં છે. આપરથી જોતાં સુરતની હવા મધ્યમ છે.

સને ૧૮૮૮ના સાલમાં સુરતખાતે એકંદર મરણ ૩૭૫૦ થયાં છે. તેમાં, કોલેરાથી ૪૮૬, તાવથી ૨૧૫૬, ઝાડાથી ૨૦૫, સીતલાથી ૦, ઇજાથી ૪૦ અને બીજાં કારણોથી ૮૬૩ મલી, જુમલે ૩,૭૫૦ મરણ થયાં છે.

સને ૧૮૬૪માં સુરતના આગળા પણ તે વખતના મુંબઇના રહીશ સેઠ ખરસેદજી ફરદુનજી પારેખે આ શાહેરમાં પોતાને ખરચે એક દવાખાનું ઉઘાડવાને ઝાંપા આગળ એક મકાન રૂ ૧૨૦૦૦ને ખરચે બંધાવી આપ્યું, તેમાં દોકટર તરીકે દોકટર દોશાભાઇ પેસ્તનજી જી. જી. એમ સી.ને નીમ્યા અને ત્યારથી એ ખાતું પારેખ દિસ્પેનસરીને નામે ધર્મખાતે ઓસડ આપે છે.

એ ખાતાનો ખરચ મ્યુનિસિપાલિટિ તરફથી ચાલેછે.

## કેળવણી.

બ્રિટિશ સરકારના હાથમાં સુરતનું રાજ ગયા પછી પણ ૨૬ વરસ લગી સુરતના લોકો પોતાનાં બચ્ચાંને કેળવણી ખાનગી નિશાળમાં અથવા ખાનગી શિક્ષક રાખીને અપાવતા. તે વખતે ગામઠી નિશાળો હતી. તેમાં આંક તથા નામું સીખવવામાં આવતું. ઈંગ્રેજી, ફારસી તથા સંસ્કૃતનું જ્ઞાન ખાનગી રીતે લેવામાં આવતું. તે લેતાં ભારે ખરચ થતો. જાણીતા ગ્રહસ્થોમાં શેઠ એદલજી ખરસેદજી મોદી, શેઠ નવરોજી ફરદુનજી, શેઠ જામાસજી બમનજી ભાવનગરી વગેરે રેવરંદ ઠોમસ આલમંદના હાથ નીચે ભણ્યા હતા. ખા૦ સા૦ ફીરોઝશાહ તથા ખા૦ બા૦ અરદેશર પોતાની કેળવણીને માટે તે વખતના જદજ મિ૦ ફ્રોને અને દોકટર માણેકજી ખશુખાંજી તે વખતના સિવિલ સરજન દોકટર વેસ્ટને આભારી હતા. ત્યાર પછી કેટલાએક મિ૦ બ્રેસ્ટલ સેલવેદોરના હાથ નીચે કેળવણી લીધી હતી. રહેતે રહેતે ઈંગ્રેજી ભાષાની એક ખાનગી નિશાળ મુસાફરખાનાની સામે મિ૦ દલપતરામ ભગુભાઇ માસ્ટરે ઉઘાડી. એ નિશાળમાં ઉપલામાના કેટલાએક ગ્રહસ્થો તથા બીજા કેટલાએક દાખલ થયા હતા. ખા૦ સા૦ બેજનજી પાલણજી કોટવાળ, રા૦ બા૦ જગજીવનદાસ ખુશાલદાસ, ખા૦ બા૦ કુંવરજી કાવસજી સખાવાળા શેઠ હોરમજી બેજનજી ખશુખાંજી વગેરે ઘણા ગ્રહસ્થોએ ખાનગી કેળવણી

લીધી હતી.

એ વખતે સરકારી ઈંગ્રેજી નિશાળ ન હોવાથી કેટલાએકને મુંબાઇમાં કેળવણી લેવી પડી હતી. જાણીતા સેઠ દાદાભાઇ નવરોજી ( રૂસ્તમપુરાના ), સેઠ દોસાભાઇ ફરામજી કરાકા ( નાનપુરાના ), સેઠ કેખુશરો હોરમજી આલપાઇવાળા વગેરેએ મુંબાઇમાં કેળવણી લીધી હતી.

સને ૧૮૨૬માં બે ગુજરાતી નિશાળો સરકારે કાઢી. એકમાં જાણીતા મરનાર મહેતાજી દુરગારામ મહેતાજી હતા. તે વખતે માત્ર ૧૦૦ છોકરા હતા.

## સરકારી ઈંગ્રેજી નિશાળ.

પહેલી ઈંગ્રેજી નિશાળ સને ૧૮૪૨માં નીકળી. તેના પહેલા હેડમાસ્ટર મિ૦ દાદોબા પાંડુરંગ હતા. ત્યાર પછી બીજે વરસે હેડમાસ્તર મિ૦ ગ્રીન થયા હતા. પહેલા વરસની આખરે તેમાં ૩૫ નિશાળીઆ હતા. તેમાં ૩૧ ફી આપનારા તથા ૪ માફી એ ૩૫માં ૧૨ પારસી, ૧૦ પરભુ, ૫ વાણિયા, ૪ ક્ષત્રી, ૩ બ્રાહ્મણ, ૨ કાયચ, અને ૧ શ્રાવક એટલા હતા. ફતેહમંદ છોકરાઓને સેલાં, પાઘડી, વગેરેનાં ઇનામો આપવામાં આવતાં.

કેળવણીનું કામ ધીક્કારે વધતું હતું, એટલામાં એક હરકત નડી—

સને ૧૮૪૮માં પારસી નશરવાનજી માણેકજીએ રેવરંદ મોંટગોમરીના હાથ નીચે કેળવણી લઇ પોતાનો બાપીકો ધર્મ તજી દીધો. તેથી પારસી તથા હિંદુ લોકોમાં ધાસ્તી પેઠી. પારસીઓની મરજીથી દાવર રૂસ્તમજી ખુરસેદજીએ સઘળા પારસીઓને પોતાનાં છોકરાઓને મિશન સ્કુલમાં જતા અટકાવવાનો હુકમ તા૦ ૧લી જુલાઇ ૧૮૪૮ને દિવસે કરચો, અને એવું કહેવડાવવામાં આવ્યું કે જે પારસી પોતાના છોકરાને પાદરીની નિશાળે મોકલશે તેને નાતબહાર કાઢવામાં આવશે. પણ બીજી તરફથી નસરવાનજીનું દીલ ખ્રિસ્ટી ધર્મપરથી પાછું ઉઠતું જણાયું. મોદી રૂસ્તમજી, સેઠ દાદાભાઇ

વખારીઆ, મિ૦ ગ્રીન, મોલવી અહમદઅલી, મિ૦ બેજનજી કોટવાલ તથા મહેતાજી દુરગારામની કોશેશથી નસરવાનજી વીસમે દહાડે પાછો પોતાના બાપીકા ધર્મમાં દાખલ થયો. રેવરંદ મોંટગોમરિએ જયારે સાંભળ્યું કે, નસરવાનજી પાછો પોતાના ધર્મમાં ગયો, ત્યારે એ વિદ્વાન પાદરીએ નસરવાનજીપર ચીઠી લખી છે, તેમાં તે સરૂઆતમાં આ શબ્દો લખે છેઃ-

"With the tears in my eyes..."

મિ૦ ગ્રીનને ૧૮૪૯માં મુંબાઇમાં પ્રોફેસરની જગ્યા મળેથી તેના પછી મિ૦ ગ્રેહામ, પછી મિ૦ ગુદ અને પછીમિ૦ નંદશંકર હેદમાસ્ટર થયા. એ વખત લગી હેદમાસ્તરનો પગાર રૂ ૨૫૦નો હતો. સને ૧૮૬૨માં મિ૦ રૂનન હેદમાસ્તર થયો. તેના વખતથી હેદ. માસ્તરનો પગાર રૂ ૪૦૦નો થયો.

મિ૦ રૂનનની કોશેશથી ગોપીપુરા, હરિપુરા તથા પારસી બ્રેંચ સ્કૂલો ઉઘડી. પારસી બ્રાંચનેમાટે ખાન બહાદુર બરજોરજી મેરવાનજી ફ્રેઝરે રૂ ૩૦૦૦ આપ્યા હતા. હાઇસ્કૂલનું મકાન ન હોવાથી મુંબાઇવાળા સેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇએ મકાનને માટે રૂ ૩૮૫૦૦ આપ્યા. તે મકાન બંધાય તેટલાં તે સખી ગ્રહસ્થે દર મહીને રૂ ૬૦નું ભાડું પણ પોતે આપ્યું. પાછળથી ત્રણે બ્રાંચ સ્કૂલો જોડી નાખી હાલની સરકારી મિદલ સ્કૂલ બનાવી છે.

હાઇસ્કૂલમાં છોકરાઓને ઇનામ આપવાને શેઠ ગુલાબદાસ પરશોતમદાસ આતમારામ ભુખણે રૂ ૫૦૦ ભેટ આપ્યા છે.

સને ૧૮૮૭-૮૮ના સરકારી હેવાલ પ્રમાણે સરકારી હાઇસ્કૂલમાં ૩૪૮ તથા બ્રેંચ સ્કૂલમાં ૩૦૩ છોકરાઓ ભણે છે.

## પહેલી પા સદીની સરકારી કેળવણી.

મોટા મોટા ઓદ્ધા ભોગવનાર નીચે લખેલાં જાણીતા ગ્રહસ્થોએ એજ

અંગ્રેજી નિશાળમાં ઉપલા વિદ્વાન હેદમાસ્તરોના હાથ નીચે કેળવણી લીધી હતી.

મિ૦ નવરોજી બેરામજી, રા૦ બા૦ મુકુંદરાય મણીરાય, રા૦ બા૦ આ
ણલાલ મથુરાંદાસ, નામદાર મિ૦ નાનાભાઈ હરીદાસ, મિ૦ ફીરોજશા નસ
રવાનજી નાણાવટી, મિ૦ મોતીરામ નરભેરામ, રા૦ સા૦ મોહનલાલ રણ
છોડદાસ, રા૦ બા૦ નંદશંકર તુલજાશંકર ( હેદ માસ્ટર ), રા૦ બા૦ પારવતી
શંકર મનીશંકર, ખા૦ બા૦ માણેકજી કાવસજી મોંટી, રા૦ બા૦ મહીપત
રામ રૂપરામ, રા૦ બા૦ ગોપાલજી સુરભાઈ, રા૦ બા૦ ઊમેદરામ રણછોડ
દાસ, રા૦ બા૦ ઉમેદરામ આણંદરામ, મિ૦ મોતીરામ ભગુભાઈ, ખા૦
બા૦ એદલજી મંછીભાઈ. મિ૦ ઉત્તમભાઈ, મિ૦ રતનશંકર મનીશંકર. મિ૦
લાડકોબા આતમારામ, મિ૦ નરહરરામ નરભેરામ મુનશી. દાકટર બરજોરજી-
બેરામજી, રા૦ સા૦ મોતીરામ રાજારામ, ખા૦ બા૦ શાપુરજી રતનજી શેઠના,
મિ૦ કેખુશરો એદલજી મોદી, મિ૦ સુખદેવરામ આદીતરામ, ખા૦ સા૦ ધં
જીભાઈ દોરાબજી, રા૦ સા૦ જેવચરામ સતવચરામ, મિ૦ ફકીરભાઈ તુલજારામ,
મિ૦ શાપુરજી જામાસજી ભાવનગરી, રા૦ સા૦ નવલરામ લક્ષમીરામ,
મિ૦ નગીનદાસ તુલસીદાસ, મિ૦ ઠાકોરદાસ આત્મારામ, રા૦ સા૦ ગુલા
બદાસ પરશોતમદાસ, રા૦ બા૦ મોતીરામ ગોકલદાસ, ખા૦ બા૦ દીનશાહ અ
રદેશર તાલેયારખાં, મિ૦ મનસુખલાલ મુગટલાલ, રા૦ સા૦ કાળાભાઈ
લલુભાઈ, મિ૦ ઘેલાભાઈ હરીદાસ, ખા૦ બા૦ જમશેદજી અરદેશર દલાલ,
રા૦ બા૦ ભીમભાઈ કીરપારામ, રા૦ બા૦ લલુભાઈ ગોરધનદાસ, રા૦ બા૦ વી
રપ્રસાદ તાપીપ્રસાદ, મિ૦ રતનરામ જયાનંદ, ખા૦ બા૦ બમનજી એદલજી
મોદી, ખા૦ બા૦ માણેકજી નસરવાનજી નાણાવટી, રા૦ સા૦ મનીધરપ્રસા
દ તાપીપ્રસાદ, રા૦ બા૦ સુમુખરામ નવનીધરામ. રા૦ સા૦ હરીસુખરામ
માણેકરામ, રા૦ સા૦ મધુવચરામ બલવચરામ. ખા૦ બા૦ બરજોરજી એ
દલજી મોદી, ખા૦ બા૦ હોરમજી આદરજી પટેલ, મિ૦ કાવસજી એદલજી
મોદી, ખા૦ સા૦ અરદેશર આદરજી પટેલ, રા૦ બા૦ કૃશાણમુખરામ આત્મા

રામ, દોકટર હોરમજી બેરામજી, રા૦ બા૦ ડાહ્યાભાઇ હરજીવનદાશ, ખા૦ સા૦ એદલજી દોરાબજી તલાટી, રા૦ સા૦ તાપીદાશ દયારામ, રા૦ સા૦ ડાહ્યાભાઇ મોતીરામ જાગીરદાર, ખા૦ સા૦ દાદાભાઇ નશરવાનજી નાણાવટી, રા૦ સા૦ રેવાશંકર ત્રીપુરાશંકર, રા૦ સા૦ છબીલારામ દોલતરામ, રા૦ સા૦ આત્મારાંકર ત્રીપુરાશંકર, મિ૦ હીરાલાલ નરોતમદાશ, રા૦ બા૦ ખંડુભાઇ ગુલાબભાઇ, રા૦ સા૦ કૃશણલાલ ગોવીંદદાશ, મિ૦ બરજોરજી નશરવાનજી વકીલ, રા૦ સા૦ ગણપતરામ ગવરીશંકર, મિ૦ ભાણુશંકર નારણશંકર, મિ૦ મોતીનારાયણ ગવરીનારાયણ, રા૦ સા૦ ઘેલાભાઇ ઠાકોરદાશ, ખા૦ બા૦ જાંગીરશાહ અરદેશર તાલેયારખાં, મિ૦ રણછોડદાશ પરભુદાશ વકીલ, મિ૦ માણેકલાલ નંદલાલ વકીલ, રા૦ સા૦ ગણપતરામ અનુપરામ, મિ૦ બાકજી નારાયણરાવ, મિ૦ જાંગીરજી પુજીઆજી દલાલ, મિ૦ દેવીપ્રસાદ આત્મારામ, મિ૦ ગોપાલજી ગુલાબભાઇ, મિ૦ દોરાબજી ટેમુલજી ગારફતીયા, મિ૦ પાલનજી બેજનજી કોટવાલ, મિ૦ રૂસ્તમજી પુંજીઆજી દલાલ, મિ૦ નાનાભાઇ આત્મારામ, મિ૦ રૂસ્તમજી ફકીરજી, મિ૦ એરચશાહ માણેકશા, મિ૦ કેશખા, મિ૦ કાહાનદાશ મંછારામ, મિ૦ રણછોડદાશ જીવણદાશ (કોળી), મિ૦ પારવતીશંકર દુરગાશંકર, મિ૦ ઉત્તમરામ ખુબચંદ, વગેરે.

સુરત મિશન સ્કૂલને ભૂલી જવી ન જોઇએ. તેમાંથી પણ કેટલાએક જાણીતા ગ્રહસ્થો કેળવણી લઇ નીકળ્યા છે. તેમાં મૂખ્ય મિ૦ બેરામજી મેરવાનજી મલબારી, મિ૦ મંચેરશાહ પાલણજી કેકોબાદ વગેરે છે.

## બીજી નિશાળો

એ સિવાય સુરતમાં આયરિશ મિશનખાતાં તરફથી એક હાઇસ્કુલ તથા બ્રાંચ સ્કૂલમાં ૫૭૩ છોકરાઓને ઈંગ્રેજી ભાષાની કેળવણી આપવામાં આવે છે.

પારસીઓને માટે સને ૧૮૫૦માં સર જમશેદજી જીજીભાઇએ એક ઈંગ્રેજી નિશાળ ઊંઘાડી છે. તે માટે જૂદું ફંદ હતું, પણ તે મુંબાઇખાતે વપરાઇ ગયાથી તે સુરત પારસી ચેરિટિ ફંડમાંથી ચાલે છે. એમાં મફત કેળવણી આપવામાં આવતી. હમણાં કેટલાએક પાસેથી ફી લેવામાં આવે છે. એમાં ૫ મા ઈંગ્રેજી ધોરણ લગી ભણાવવામાં આવે છે. એ નિશાળમાં ૧૫૨ છોકરાઓ ભણે છે.

મ્યુનિસિપાલિટિએ સને ૧૮૯૦ના સાલથી છોડીઓને માટે એક ઈંગ્રેજી નિશાળ કાઢી છે. તેમા ૧૧ છોડીઓ છે.

મિશન ખાતાંએ ઝનાના સ્કૂલ કાઢી છે, તેમાં ૨૦ છોડીઓ ભણે છે.

ગુજરાતી નિશાળોમાં ૧૬ મ્યુનિસિપાલીટીની, ૪ મિશનખાતાની અને ૨ સર જમશેદજીની નિશાળો છે. તેમાં ૩૦૦૦ છોકરાઓ ભણે છે.

છોડીઓમાટે ગુજરાતી નિશાળ ૨ મિ૦ પ્રેમચંદ રાયચંદની, ૮ મિશન ખાતાની અને ૩ સર જમશેદજીની છે. તેમાં ૬૦૦ છોડીઓ ભણે છે.

## વર્ત્તમાન પત્ર તથા છાપાખાનાં.

સુરતમાં વર્ત્તમાન પત્ર પાંચ નીકળે છે. ગુજરાત મિત્ર, સુરત અખબાર (ઉપલા બેને નામદાર સરકારે ગુજરાતનાં મુખ્ય પત્ર ગણ્યાં છે), દેશી મિત્ર, સૂર્ય પ્રકાશ તથા ગુજરાત દર્પણ.

સુરતમાં છાપાખાનાં ૧૫ છે તેનાં નામઃ—

મિશન, પ્રભાકર, વિક્ટોરિયા, ખોદાબક્ષ, સુરત અખબાર, નીત દરપણ, સુરત સિટિ સેંટરલ, સોદાગર, પોલીસ લાઇન્ઝ, અંબીકા, સરવે, મહેફીલે ઇસ્લામ, ન્યુ સોદાગર, ગુજરાત સ્ટાંદર્ડ, રાઈઝિંગ સ્ટાર.

પહેલવહેલું છાપખાનું સુરતની લિટરરિ સોસાયટીએ સને ૧૮૫૦માં કાઢ્યું. તેને લગતો સામાન મુંબાઈથી રૂ ૩૦૫નો આવ્યો હતો. એ શીલા

છાપથી છાપવાનું ખાતું હતું.

મિશન તથા વિક્ટોરિયા છાપખાના મોટાં છે. વિક્ટોરિયામાંથી ગુજરાત મિત્ર નામનું પત્ર નીકળે છે.

## બીજાં સરકારી ખાતાં.

લશ્કરીખાતું અઠવાની ભાગલ બહાર લાઇનમાં છે, તેમાં ૧૦૦ થી ૫૦૦ માણસો રહેછે. કેદીઓને રાખવામાટે જેલછે તે ચીફની* વાડી પાસે અઠવાના મોરચા આગળ છે. વલંદાવાડમાં પોસ્ટ ઑફિસ તથા ઇંજનેરની ઑફિસછે બીજી પોસ્ટ ઑફિસ કણપીઠમાં છે. બંધેમાં તપાલનાં કામ ઊપરાંત લોકોની હુંડીઓ પહોંચાડવામાં આવે છે તથા સેવિંગ બેંક છે. પોલિસ લાઇન તથા તાર ઑફીસ અલાયાની વાડીમાં છે તથા રેલવે સ્ટેશન દિલ્હી દરવાજા બહાર ઘોબીવડે આવેલું છે.

## પારેખ હુન્નરશાળા.

સુરતના લોકોને હુન્નરની કેળવણી આપવાને સેઠ ખરસેદજી ફરદુનજી પારેખે સરકારને રૂ ૪૬૫૦૦ આપી, એક હુન્નરશાળા કઢાવી છે. તેમાં આસરે ૫૦ છોકરાઓ સુથાર, લુહાર, ફિટર વગેરેનું કામ સીખે છે. એ રૂ૦ના વ્યાજ ઊપરાંત દર વરસ રૂ ૨૦૦૦ સરકાર ખરચે છે. એ શાળા મ્યુનિસિપાલિટિ તરફથી ચલાવવામાં આવે છે, તેથી તે ખાતું બાકીના ખરચ પોતાની તરફથી ઉમેરે છે.

## પુસ્તકશાળા.

પુસ્તકશાળા ૪ છે. જાણીતી અને મોટી પુસ્તકશાળા એંડરૂસ લાઇબરેરિ છે. તેમાં મોટા માણસોએ મોટી રકમની બખશેશો આપેલી છે. એ ખાતું સને ૧૮૫૨માં ઉઘાડવામાં આવ્યું હતું. એ ખાતાને મ્યુનિસિપાલિટિ વરસે

---

અરાઢમી સદીના ચાક્.

| | | | | |
|---|---|---|---|---|
| બરનારદવાઈફ. | લોઢર. | લેમટન. | જેમ્સ હોપ. | સેમ્બ. |
| સ્પેનસર., | વિલિયમ પ્રાઈસ. | જોન ગ્રિફિઠ. | ઠોમસ દે. | દનિયલ સીટન. |

રૂ ૩૦૦ની મદદ આપે છે. બીજી પુસ્તકશાળા રૂસ્તમપુરા લાઇબરેરી છે. એ ખાતાંને પણ પારસી ગ્રહસ્થો તરફની સારી બખશેશો મલેલી છે. એ લાઇબ્રેરિ સને ૧૮૬૭માં સ્થાપી છે. એને મ્યુનિસિપાલિટિ વરસે રૂ ૧૨૦ ની મદદ આપે છે. નાનપુરા લાઇબરેરી સને ૧૮૬૮માં સ્થાપી છે, તેમાં મ્યુનિસિપાલિટિ વરસે રૂ ૧૫૦ આપે છે. ચોથી પુસ્તકશાળા મહમદન લાઇબરેરિને નામે ઓળખાય છે. તે ઝાંપા આગળ તરતની ઉઘાડેલી છે. તેને પણ મ્યુનિસિપાલિટિ વરસે રૂ ૧૨૦ ની મદદ આપે છે. પહેલાં ત્રણે ખાતાં સાર્વજનીક ખાતાં તરીકે નામદાર સરકારમાં નોંધાયલાં છે, અને તે તેથી સરકાર તેમાંની કીમતી પુસ્તકો ભેટ આપે છે.

## કસરતશાળા.

હાઇસ્કૂલના હેડ માસ્ટરે મિ૦ રૂનાને હાઇસ્કૂલના સંબંધમાં એક કસરતશાળા સને ૧૮૬૩માં ઉઘાડી. એ કસરતશાળા સુરતમાં પહેલી હતી. એ કસરતશાળા માટે ખાસ મકાન બંધાયુ છે.

## તાલીમખાનાં.

સુરતમાં નવાબના વખતમાં શરીરની કસરતને મોટું ઉતેજન મળતું હતું. નવાબ દર વરસ ઓછામાં ઓછા એક બે વાર "અખાડા" ભરતા; તાલીમખાનાના ઉસ્તાદોને તથા શરીરે બળવાન શાગેરદોને સેલાં, પાઘડી, રોકડ વગેરે ઇનામો આપતા, તેથી દરેક તાલીમવાલા એક બીજાથી ચઢીઆતા થવાની કોશેશ કરતા. એવાં તાલીમખાનાં શહેરમાં ૧૦-૧૨ હતાં. તેમાં અંગબળ વધારવા ઉપરાંત "પટા"ની રમતો સીખવવામાં આવતી. તેથી તે વખતના લોકો હાલના કરતાં શરીરે વધારે બળવાન હતા. પણ હરીફો સાથે કુસ્તી રમવાના અખાડાઓમાં મારામારીઓ થતી, તેમાં લોહી લુહાન થતા, તેથી એ ઉપયોગી ખાતાંપર લોકોના અણગમો થઇ પડયાથી તે પડી ભાંગયાં.

# પ્રકરણ અરાઢમું.

## પાણી.

સુરતમાં પાણી, કૂવા, નદી તથા ટાંકાંનું વપરાપ છે. કૂવાનું પાણી મોળુ છે. શાહેર બાહાર ઘોડદોડ આગળ કેટલાએક કૂવા છે, તેનું, કતારગામની ભાગળ બાહારના કૂવાઓનું, જાળકૂઈ કરી મજુરામાં કૂવો છે તેનું અને ઉદનાના કૂવાનું પાણી મીઠું છે. નદીનું પાણી શાહેર તથા નાનપુરાના જે લોકોનાં ઘરમાં પાંણીનાં ટાંકાં નથી, તેવાઓ વાપરે છે. શાહેરમાં ૪૨૫૮ ટાંકાં, ૪૦૦૦ કૂવા અને ૫ વાવ છે. તેમાં મીઠાં પાણીના ૩૯ કૂવા છે. ગોપીતળાવમાં સઘળી જમીનપર બાગ બનાવ્યો છે. શાણીતળાવ એ માત્ર નામ છે. એ બે તળાવોની કશી નિશાણી જણાતી નથી. ઢેડતળાવડીની નિશાણી હજી નજરે દીઠામાં આવે છે. મોટા કુવાઓમાં આસરે ૮૦૦૦ ગ્યાલન પાણી રહે છે.

## મકાનો.

સુરતમાં જે ભાગને શાહેર કહે છે, તે અને પરાનાં મકાનોમાં થોડાંએક કદીમ છે. આગળા વખતનાં શાહેર માંહેલાં મકાનો પાસે પાસે તથા આડાં અવળાં બાંધેલાં અને કેટલાંએક હારબંધ બાંધેલાં છે. પરાંમાં સઘળા મોહોલ્લા હારબંધ પહોળા રસ્તા રાખીને બાંધેલા હતા. ઘરની પછવાડે મોટા મોટા વાડા, તેની પાછળ વરસાદના પાણી જવા માટે નાળ હતી. લગભગ દરેક મોહોલ્લો બાંધચાર હતો. કોઇને બે પાસે પોળ અને કોઇને એક પાસે પોળ

તથા બીજે નાકે. આડાં ઘર હતાં. તે પોળને કોટમાં જેવા ભારે દરવાજા છે, તેવા ભારે દરવાજા હતા. તે રાતરે બંધ કરવામાં આવતા, તથા ધાડ પડતી તે વખતે રક્ષણ કર્તા થઇ પડતા. ઘરમાં એક અથવા એકનીચે બીજું એવાં ભોંયરાં હતાં, તે એવીરીતે બનાવેલાં કે કોઇને ખબર પડે નહીં. પરી. આત્મારામ ભુખણદાશના મકાનોને ફરતો કોટ હતો, અને તે કોટમાં બે તરફ દરવાજા મુકેલા તથા વચમાં ઘર હતાં. એ કોટને લીધે એ ભાગને આજે પણ કોટવાળી શેહેરીને નામે ઓળખવામાં આવે છે. કેટલાએક મકાનોની દેવાલમાં ઉભાં, આડાં તેડાં કાણાં રાખેલાં હતાં કે જેથી લૂંટારાઓને ઘરમાંથી બંદુક અથવા તીર મારી શકાય. એવું મકાન શહેરમાં હાલમાં નથી, પણ શહેર બાહેર છઆવ, બુડીઆ, ઉમ્રા, વગેરે ગામોમાં હજી તેવાં મકાનો દીઠામાં આવે છે.

મોટાં મકાનો ઘણાંખરાં સને ૧૭૮૨નાં "દટન" વખતે પડી ગયાં. તે વખતે મુગલ, આરબ, અરમીનિયન, તુરકી તથા પારસી લોકોની મોટી મોટી હવેલીઓ હતી તેમાની ઘણીએક પડી, ગઇ. હાલનાં કેટલાંએક મોટાં મકાનો ત્યારપછીનાં અને કેટલાંક ત્યાર અગાઉનાં છે.

આગળા વખતમાં માત્ર મહમદન લોકોનાં મકાનો મોટાં અને કિમતી હતાં. થોડાએક પારસીઓના તેવાં હતાં. સને ૧૭૫૯થી શહેરમાં નવાં નવાં અને મોટાં મોટાં મકાનો બંધાવા માંડયા. તે સઘળાં જુની તરેહનાં નકશીદાર પણ ઘણાં મજબુત હતાં. ધીમે ધીમે મુંબાઇના જેવાં મકાનો થતા જાય છે. જોવાલાયક મકાનો ઝાંપાની વહોરવાડમાં, માછલીપીઠમાં, અને નદીને કીનારે આવેલાં છે. નવાબનો મહેલ, બક્ષીનો મહેલ વગેરે કેટલીક કદીમ ઇમારતો જોવા લાયક છે. સરૂઆતમાં ઘર બાંધવામાં કામડાં ટટાંનાં, ત્યાર પછી લક્કડ, ત્યાર પછી છો ઈંટ અને હવે ધીમે ધીમે પથ્થરનાં મકાનો બાંધવાનો શોક વધ્યો છે. હાલમાં ૨૦૧૧૮ મકાનો છે.

# મેળા.

સુરતમાં દરેક શાહેર કરતાં લોકો વધારે શહેલાણીછે તથા મેળા વધારે ભરાય છે. એ બતાવે છે કે આગળ એકવાર એ શાહેર આબાદ હાલતમાં હતું. લોકો વાર તહેવારે સારાં વસ્ત્ર પહેરી, ગાડી ઘોડે બેસી મેળા જોવા હજીબી નીકળે છે. આગલા વખતમાં તવંગર લોકોને ત્યાં સંખ્યાબંધ ઘોડા, ગાડી. પાલખીઓ વગેરે રહેતાં. તે ગાડી ઘોડા તથા પાલખીઓમાં તેઓ બેસી મેળા જોવા નીકળતા. તેઓના ઘોડા ગાડી વગેરે હારબંધ સાગે નીકળતાં તેને રસલાને નામે ઓળખતા. નવાબનો, બક્ષીનો, આત્મારામ ભુખણનો, ભણસાળીનો, નગરસેઠનો, મીઠારામ દેવાનનો, ભાવનગરીનો, વખારીઆનો. એ ટીનો, પારેખનો, મુલ્લાંનો વગેરે રસાળા સુંદર ઘોડા તથા બળદોનો સોનેરી રૂપેરી સાજનાં ઘરેણાં ઘાલી, સુંદર ગાડીઓમાં અથવા છુટા સવારીના ઘોડાઓ ઊપર લોકો મેલામાં નીકળતા. એ મેળા જોવાને લોકોની ભારે ભીડ થતી લોકો વાડીવંતરે ખાવા પીવા જતા. હરેક જાતની મીઠાઇ તથા ખાવાની વસ્તુઓની સેંકડો દુકાનો મંડાતી, અને દરેક મેળા વખતે ભારે ઉઠલપાઠલ ચાલતી. આજે પણ જોવાલાયક મેળા કેટલાએક ભરાય છે. કિલ્લા આગળ બળેવનો તથા બરાહનપુરી ભાગળે ગોકળઆઠેમનો મેળો જોવા લાયક છે. એ સિવાય દીવાસો, શ્રાવણ મહીનાના સોમવાર, દસેરા તથા દીવાળીના મેળા ભરાય છે. માગશર મહીનાના મેળા ટુટી ગયા છે. છડીનો મેળો જે હલલબાર તથા ઢેડ લોકોને ઘણો પ્યારો છે, તમાં પણ હજારો લોકો સામેલ થય છે. સંક્રાતીના તહેવારપર કનકવા ઉડાવવાની ભારે રમત ગમત ચલે છે. તે દિવસોપર ઘેરઘેર લોકો કનકવા ઉડાવે છે, અને તેમાં "માંજા" નામની ધારવાળી દોરી જોડી કનકવા લડાવે છે, યાને એક બીજાના કાપે છે. એ, શોક દીનપર દીન વધતો જાય છે, અને તે પાછળ દર વરસ આશરે ૩૦૦૦૦

રૂપીઆ ખરચાય છે.

દસેરા પછી દશ દહાડા વળી હિંદુ અબલાઓ મોહોલાઓમાં દીવા મુકી અથવા ઘરના માળપર એકઠી મળીને ગરબા ગાય છે. તેથી એ દિવસો ગરબાના કહેવાય છે. એ દિવસોપર ચંદ્ર પૂર પ્રકાશે છે, અને તેથી ચાંદરણામાં આખી રાત ગરબા સાંભળવાને નાના મોટા, શહેર તથા પરાંઓમાં ચાલતા અથવા ગાડી ઘોડે નીકળી પડે છે. શહેર કરતાં પરાંઓમાં ગરબા રસ્તાપર ગાવાનો ચાલ વિશેષ છે, અને તે ઠેકાણે ગરબા ગાવાને મળેલી ખુબસુરત, જુવાન, સુંદર પોશાક તથા કિમતી ઘરેણા પહેરી નીકળેલી સ્ત્રીઓનાં કુંડાળાંની આસપાસ ગરબા સાંભળવાના શોકીન મરદો હજારો એકઠા મળે છે.

નાણાવટમાં શ્રીનાથજીની સ્થાપના શેઠ વરજદાસ પરશોતમદાસે કરી છે. અને એક સારૂં મંદીર બંધાવ્યું છે, એ ઠેકાણે દર વરસ જાત્રા ભરાય છે.

વરસમાં બે વાર ઇદને દહાડે ઇદની સવારીનો અને મોહોરમને દહાડે તાબુતનો ભારે મેલો ભરાય છે. દર વરસ તાજીઆ ઘણા મોટા અને સુંદર ભારે કીમતના બનાવવામાં આવે છે, તે જોવાને સુરત તથા આસપાસના ગામોના લોકોનો ભારે જમાવ થાય છે.

## સુરતના લોકોની ઝાહોઝલાલી.

સુરતની જોકે પડતી દશા આવી છે, અને પડતી દશામાં આવેલા માણસ અથવા કુટુંબની આગલી ઝાહોઝલાલીની વાતો જેમ કેટલાકને પસંદ પડે નહીં, તેમ પડતી હાલતમાં આવેલાં શહેરની આગલી ઝાહોઝલાલીની વાતો નાપસંદ કરનારા કદાચ નીકળે, તોપણ વાસ્તવીક રીતે જોતાં, હીયાં તે તદન કોરે મુકવી વાજબી નથી. મહમદન, પારસી, હિંદુ વગેરે કોમોમાં ઘણએક કુટુંબો સુખી હાલત ભોગવી ગયા છે. તેમાં મોટા મોટા વેપારીઓ, સોદાગરો, લક્ષાપતી થઇ ગયા છે, ને દરેક કુટુંબનું જુદું જુદું નામ

કરવું, એ મુશ્કેલ કામ છે. તોપણ કયાં કયાં કુટુંબો ચાલુ ઓગણીશમી સદીમાં પોતાના વેપાર ધંધાને, સરકારી દરજજાને કે સંસારી અખત્યારને લીધે જાણીતાં તથા સારી હાલતમાં હતાં, તેનાં નામ નોંધી રાખવાં ઘટે છે. તે માનાં કોઇ બસેં ચારસેં વરસથી, તો કોઇ પચાસ સો વરસથી ચઢતી હાલતમાં આવેલાં હશે અને કદાચ કોઇ આમ ઉગીને આમ આથમી ગયાં હશે. નીચે નામ આપ્યા છે, તે કોઇ નિયમથી આપ્યાં નથી. કોઇ કદીમ કુટુંબનું નીચે અને કોઇ પાચ-પચીશ વરસથી જાણીતાં થયલાંનું ઉપર આવ્યુ હશે.

## ઓગણીશમી સદીમાં જાણીતાં કુટુંબો.

નવાબ, બક્ષી, કાઝી, સઇયદ એદરૂસ, શેખ, અબ્દુલ્લાબેગ, અબદુલગની, પટાણી, કંઠા વાળા; મુલ્લાં, હેદરઅલ્લી કાસમજી, મુછાળા, નવલખી, બુમલાવાળા, પાઠરીઆ, મીરભાઇ મુસાભાઇ, સજાઉદીન, નુરૂદીન રજબઅલી બસરાવાળા, શરફઅલી ચીબા, અબ્દુલઅલી તઇયબઅલી શીઆમવાળા, ઘીઆ, ઇબરાહીમ અબદુલ ખયુમ ચીપગર.

મોદીજી( દાવર ), શેઠવાળા, બહેરેમનખાન, તાલેયારખાન, પારેખ, હીરપારેખ, વખારીઆ, એંટી, ભાવનગરી, આલપાઇવાળા, મંકીદલાલ, હોડીવાળા, કુરજાવાળા, ફડવાળા, વકીલવાળા, સાહેર, નરીમાન, કેમેસરીવાળા, ફ્રેઝર, ઘડીઆલી, ભમગરા, સગુ, કાટપીટીઆ, લાકડાંવાળા, પોસ્તવાળા, દાકટર, હકીમજી, લોઢાવાળા, ચીનાઇ, દસ્તુર, પટેલ, મારફતીઆ, મહેતા, મલબારીના, કોબલા, કિલ્લાવાળા, દોટીવાળા, દલાલ, રૂવાળા, રાંદેરીઆ, વાડીઆ, સુખીઆ, લાહેવાલા, છોઇ, કોડખાઉ, જોશી; અકુગર, ઊમરીગર, ખાનસાહેબ, ખસુખાંજી, સબાવાલા, શેસવાલા, સુનાવાલા, પોવાલા, કાલાપેસી, કરાકા, લાલકાકા, ઘેયારા, કેકોબાદના, પટેલ, ઝાપ, તમના, મોદી, અડગરા, લાહેર, વાછા; ગાંધી, દાકટર, હાથીખાનાવાલા, લાહેર, મારફતીઆ; ફેતાકીઆ, ધા

લા, ખાન, દેવાન, દેસાઇ, દુમસીઆ, વૈદ, વાણીઆ, ગૌરવાલા, ગોભાઇ, દલાલ, દસ્તુર, સોહલાદાજી, તલાટી, સેઠ, પટેલ વગેરે.

આતમારામ ભુખાણ (મુંબઇમાં કાકાપારખ કહે છે), નગરસેઠ, વરજદારા વીઠલદારા, ભણસાલી, દુલાચંદ, ત્રવાડી, રામદાસ મામા, કળા શીપત, સ્ટોર, વેરાગી, ચીનીવાલા, પોપા, તાસવાલા, ચકાવાલા, સીતવાલા, ભરતીઆ, સેઠયાજીવાલા, દીવાનજી, મીઠારામ દીવાન, દેશાઇ, મહેતા, નીલકંઠ, મુનશી, ગોપાલ રતનજી, લાલા ચુનીલાલ, મથુરાં પારેખ, માલવીવાલા ઊદેચંદ ઇછાચંદ, નેમા વાંદા, તાપીદાસ વરજદારા, દલાલ, દીપુટી, જદજ, હીંમતરામ મયુારામ, હરીભકતીવાલા, લાલકીસનવાલા, ન્હાલચંદ કાકા, ખાંડવાળા વગેરે.

પારસીઓનાં જાણીતાં કુટુંબોની હકીકત પારસી પ્રકાશ નામના પારસીઓની તવારીખનાં પુસ્કોમાં આવેલી છે, તે પુસ્તકમાં કદીમ કુટુંબનાં નામો આવેલાં છે, તે આપ્યાં ઉપરાંત કેટલાંક નામો હિયાં ઉમેરયા છે.

પારસી પ્રકાશનો પહેલો ભાગ જોતાં માલમ પડશે કે કયાં કુટુંબો કદીમ છે, અને કયાં આ સદીનાં અથવા નવાં છે.

## જાણીતા લક્ષાપતિઓ.

આ શહેરમાં લક્ષાપતિઓ ઘણા થઇ ગયા છે, તેઓમાના કેટલાએકના કુટુંબો વિશે આગળ આવી ગયું છે. લક્ષાપતિઓમાં મુખ્ય નવાબ, બક્ષી, કાઝી વગેરેના કુટુંબ અને સોદાગર લોકો વિશે આગળ કહેવામાં આવ્યું છે. તે ઉપરાંત પારસી, હિંદુ, વહોરા વગેરે કોમોમાં પણ ઘણાએક લક્ષાપતિ થઇ ગયા છે. અને તેમાના ઘણાખરા હજી સારી હાલતમાં છે. કેટલાંક કુટુંબોએ આ સદીમાં લક્ષાપતિની ટીપમાં વધારો કરયો છે. લક્ષાપતિ તરીકે જણાયલાં કુટુંબોમાં જે જોવામાં આવે છે, તે આતમારામ ભુખાણ, ભણસા

લી, સ્ટોરવાળા, નેમાવાંદાવાળા, સેઠયાજીવાળા, ચાપાવાળા, કળાશીપત, વરજ દાશ વીઠલદાશ, મથુરાં પારેખ. રામદાશમામા, પેઢીવાલા, ડાહ્યાભાઇ વકીલના, નાનાભાઇ હરીદાશ, કહાનદાશ મંછારામ, નંદશંકર તુલજાશંકર. હીમત રામ મયારામ, મુકુંદરાય મણીરાય, મીઠારામ દેવાન, મનસુખલાલ મુગટલા લ, તાપીદાશ વરજદાશ, મોતીરામ ભગુભાઇ, ઘેલાભાઇ હરીદાશ, વગેરે.

વખારીઆ, પારેખ, મોદી, આલપાઇવાળા.તાલેયારખાં, એંટી, ભાવન ગરી. હીરપારેખ સેઠવાળા, વકીલ, માંકીદલાલ, ખા૦ બા૦ દોકટર ડોસાભાઇ પેસ્તનજી, શેઠ બેરામજી પેસ્તનજી દાકટર,વાડીઆ, રોસવાળા, ખશુખાંજીવાળા. સીયામવાળા, હેદરઅલી કાસમજીવાળા, ખસરદ્દીવાળા મુછાળાવાળા, વગેરે.

## પરી૦ આત્મારામ ભુખણ.

પરી. આતમારામ ભુખણ એક મોટા શાહુકાર તથા લાખો રૂ૦ના ધણી હતા. તેમની ૯ શહેરોમાં પેઢી હતી, અને હિંદુસ્તાન, યુરોપ તથા બીજા મુલકોમાં ૫૦૦ ઠેકાણે આડત હતી. મુંબઇમાં એ પેઢીને કાકાપારેખની પેઢીને નામે ઓલખવી શરૂ કરી હતી. તેઓ મોટા મોટા નવાબો તથા રાજા ઓના શાહુકાર હતા. ગાયકવાડ સરકાર, પેશ્વા વગેરેનું નાણું ધીરતા. છેલ્લા પેશ્વા બાજીરાવે ૫ લાખ રૂપીઆ એ પેઢીમાં અનામત મુકયા હતા, તે ઈંગ્રેજ સરકારે તેને હરાવ્યા પછી પેશ્વાના લેણાના પોતે માલેક છે, એવું જાહેર કરેથી, તે રૂ ૫૦૦૦૦૦ સુરત ખાતે કંપનિ સરકારને હવાલે કરયા હતા. તેના બદલામાં સરકારે તેમને સરદારનો ખેતાબ આપવા માગ્યો હતો, તે ઉપકાર સહીત ના પાડવામાં આવ્યો હતો. એ પેઢીની આંટ એવી સારી હતી કે આ ત્મારામ ભુખણની હુંડીના રૂપીઆ ઝાડ પણ આપે, એવી કહેવત થઇ પડી હતી. "મહોં હલામણી કબુલત" એ કહેવત પણ એજ પેઢીની સારી શાખને લીધે પડી હતી. તેમને ગાયકવાડ સરકારે ગાકણા નામે ગામ આપ્યું હતું. અને

પેશ્વા તથા ગાયકવાડે પાલખી તથા મસાલનો હક આપચો હતો. તેમનાં ઘર તથા પેઢીની આસપાસ ફરતો કોટ બાંધી લીધેલો હતો, તથા ઘરમાં ધન દાટવાને એવડાં તેવડાં ભોંયરાં હતાં, તેથી મરાઠાઓની લૂંટો વખતે તે લટાતું બચી ગયું હતું. વડોદરા રેલવે કંપનિના તે શરાફ હતા, અને તેમની પાસે આંગળીઆઓનું ગોયા એક લશ્કર રહેતું, તે આંગળીઆઓસાથે જયારે જોઇએ અને જયાં જોઇએ ત્યાં લાખો રૂપીઆ તેઓ સુરતથી પહોંચાડી આપતા હતા. તેમની ગામે ગામ ઇસ્ટેટો હતી, અને સુરતખાતે તેઓ પાસે ૨૪' ઘોડા, ૫૦ બળદો, તેટલીજ ગાડી તથા પાલખીઓ રહેતી. તેમણે કેટલાએક કૂવા બંધાવ્યા છે. તેઓ બ્રાહ્મણોને વરસમાં બે વાર ભંડારા ખવાડતા હતા, સુડતાળા કાળવખતે તેઓ ૧૦૦—૫૦૦ લગી લાડુ દરરોજ વહેંચતા. દરેક લાડુમાં એક રૂપીઓ છુપો મૂકતા, અને તે ગુપ્ત દાન ગાડીમાં બેસી ફરવા નીકળી જાતે આપતા. મંછુભાઇનો—આત્મારામ ભુખણનો દીકરો એવી કહેવત છે, તે કહેવત એ કુટુંબપરથી પડેલી હતી. પરી૦ આત્મારામ ભુખણના પીતા ભુખણદાસ વનમાલીદાસ સત્તરમી સદીની સરૂઆતમાં અમદાવાદથી સુરત આવ્યા હતા. આત્મારામ-દયારામ-જગજીવનદાસ-માણેકલાલ—પુરૂશોતમદાસ અને હમણાં તેમના બે પુત્ર ગુલાબદાસ તથા કસનદાસ છે. સને ૧૮૩૭ની મોટી આગમાં તેમની દોલત તથા દફતર પેઢીમાંથી ખસેડી એક મુનીમને ત્યાં લઇ ગયા, ત્યાં તે સઘળું બળી ગયું છે. એ પેઢીના આગળા મુનીમો કેટલાએક હાલ લક્ષાપતિ છે.

## ખા૦ બા૦ અરદેસર ધંજીશાહ.

અરદેશર ધંજીશાહ, ધંજીશાહ બરજોરજી બહેરેમંદ ખાનના બીજા પુત્ર હતા. સુરતમાં ધંજીશાહ મંજીશાહ નામના મોટા વેપારી હતા, તેમના નબીરા સોરાબશાહે બ્રિટિશ સરકારની ખેરખાહીથી નોકરી બજાવી હતી, તથા તેમને

દિલ્હીના પાદશાહે નેકશાએતખાંનો ખેતાબ તથા કેટલીક જાગીર આપી હતી. એ નેકશાએનખાના છોકરા બરજોરજીને બહેરામદખાનો અને નાના છોકરા પેસ્તનજીને તાલેયારખાનો ખેતાબ તેજ પાદશાહે આપ્યો હતે. એ બહેરામદ ખાનના બેટા ધંજીશાહ હતા. તેમને નેટિવ એજંટનો ઓહદો મલ્યો હતો, અને તે ઓહ્દાની સેવા બજાવવા જતાં બોઢાનમાં અબદુલ રહેમાન નામના ઝનુની મુસલમાનના લશ્કરે કાપીને કકડે કકડા કરી નાખ્યા હતા. ધંજી શાહને બે પુત્ર હતા. વડા ફીરોજશાહ તથા નાના અરદેશર. અરદેશર સને ૧૭૯૭માં જનમ્યા હતા.

ધંજીશાહ મારયા ગયા તે વખતે અરદેશરની ઉમ્મર ૧૩ વરસની હતી. તેમની કેળવણી માટે જદજ મિ૦ ક્રોએ મહેનત લીધી હતી. અરદેશર બચ પણથી કદાવર, ખુબસુરત ચહેરાના, જીની આંખ, લાંબા નાક તથા સીતલાના ડાગવાળા અને દેખાવમાં બહાદુર હતા. અરદેશારને પ્રથંમ પરાની કોટવાલી મલી. તેમા ઉલટથી મહેનત કરેથી વધતાં વધતાં શાહેરના કોટવાલ, સદર અમીન તથા નેટિવ એજંટના ત્રણે દરજજા સામટા મળ્યા, તે ઓહ્દા ભારે ખેરખાહીથી ચલાવ્યા. તે બજાવવામાં પગાર રૂ ૧૦૦૦નો અને ખરચ તેથી ચોગણો તેથી તેમણે કરજ કરીને ખરચ પુરો કરયો. એ કરજ ૪।। લાખ રૂ હતું. એજ બતાવે છે કે અરદેશરમાં પ્રમાણીકપણું તથા નીમકહલાલી એ મુખ્ય ગુણો હતા. અરદેશરને નામદાર સરકારે નીમકહલાલી ભરેલી નોકરીના બદલામા જૂદી જૂદી વખતે ખેલાત તથા સરપાવ આપ્યા તથા ખાન બહાદુરનો ખેતાબ આપયો હતો. તેમને સોનાનો ચાંદ તથા ભેસ્તાન, સોનારી, અમખાડા અને બોરીયાચ ગામો ઇનામમાં આપ્યાં હતાં. એ ઉપરાંત મરનારે પોતે જાગીરો વેચાતી લઇ કેટલાએક ગામો વસાવ્યાં હતા. તેમને પ્રજા તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું, અને દિલ્હીના પાદશાહના એક નબીરાએ એક તલવાર ઇનામમાં આપી હતી.

અરદેશારે નોકરી પણ તેવીજ કરી હતી. તેણે ગરાસીઆ તથા લુટારાઓ

ને પકડીને ફાંસીની તથા બીજી સીજાઓ કરાવી તેઓની જડ કાઢી હતી. તેથી તે કેટલીએકવાર ગરાસીઆઓને હાથે મારયા જતા બચ્યા હતા. ચોર, ઠગારા તથા જુલમગારોનો નાશ કરચો હતો. શહેરમાં પોલીસના બંદોબસ્ત ઉપરાંત શહેર સુધરાઇમાં પણ મહેનત કરી હતી. તે વખતે કાયદો હમણાના જેવો ન હોવાથી શહેરમાં ગેયા તે પોતેજ વડો હતો. મોઘવારી વખતે દલાલોને પકડાવી મંગાવી તેઓપર આંદેશા રાખતો. શહેરમાં આખી રાત જુદે જુદે વેશે ફરતા, અને તેથી પોલીસ જાગૃત રહેતી. મહોલે મહોલે દાંડીઆઓ રાખી, તેમને જાગ્રત રાખતા. તેઓ આખી રાત જાગી દાંડ ઠોકતા. અને બાર વાગે તથા બે વાગે મોહલે મોહલે દાંડ વગાડી લોકોને ખબર આપતા.

રાતના પોતે નીકળે તે ઉપરાંત પોલીસની ટુકડીઓ જીલ્લે જીલ્લે ફરતી રહેતી, તેને "રોન" કહેતા. એ રોન આખી રાત ફરતી. કોટ ઉપરથી લૂંટારાઓ ચઢી આવતા તેટલા માટે આખા કોટપર કકડે કકડે પહેરા રાખ્યા હતા. આવા બંદોબસ્તથી સુરતમાં જાનમાલની સલામતી વધી, અને કહેવત થઇ પડી કે, અરદેશરના બંદોબસ્તથી ચોરની જડ ગઇ છે, તથા લોકો રાતરે ઊંઘાડે બારણે સુતા થયા છે. એટલામાં મિ૰ લુઅર્ડ નામનો જડજ આવ્યો તેના વખતમાં નોકરીના પાછલા ભાગમાં તેમના ઉપર જુલમ કરવાનું તોહમત મૂકવામાં આવ્યું. તે બાબદ તેમને સસ્પેંદ કરયા, અને મુકરદમાના બચાવમાં ભારે ખરચ થયો. આખરે તેમનાપરનું તોહમત સાબેત થયું નહીં, અને ઇજત સાથે પાછી નોકરી મળી. પણ તે ઓહદો ઝાઝો દહાડા ભોગવ્યો નહીં. તેમની કીર્તિની અદેખાઇ કરનારા વધી ગયા અને તેથી નોકરી મૂકી દીધી. ખા૦ બા૦ અરદેસર સને ૧૮૫૬માં મરણ પામ્યા. મરનારને જાંગીરશાહ નામે એક પુરો છોકરો હતો, તે સને ૧૮૫૯માં ૨૩ વરસની ઉમ્મરે મરણ પામ્યો.

## ખાન સાહેબ ફીરોજશાહ ધંજીશાહ.

ખા૦ સા૦ ફીરોજશાહ, ધંજીશાહ બરજોરજીના વડા દીકરા હતા. તેમણે પ્રિન્સીપાલ સદર અમીન તથા નેટિવ એજંટનો ઓધ્ધો નીમકહલાલીથી બજાવ્યાથી નામદાર સરકારે તેમને ઊબેર, વેલારવા, ભાણોદરા, ગેજ, ખુરવેલ નામના ગામો ઇનામમાં આપ્યાં હતાં.

માંદવીના રાજાએ કમલાપોર ગામ અને વાંસદાના રાજાએ વાંદરવેલા ગામ ઇનામમાં આપ્યા હતાં. તે ઉપરાંત નામદાર સરકારે તેમને ખેલાત તથા શાલ આપી હતી.

ફીરોજશાહ, અરદેશર કરતાં એલમમાં ચઢીઆતા હતા. તેમની શોધકબુદ્ધિ ઘણી સારી હતી. નવી નવી શોધો–નવા નવા અખતરા કરવામાં પોતાની દોલતનો ભોગ આપ્યો. વેલાતી હળથી જમીન ખેડી હતી. યંત્રથી ઘાસ કાપવાનાં, ખજુરીના નીરાની અને જુવારના સાંઠાના રસમાંથી ખાંડ બનાવવાનાં વગેરે કારખાનાં કાઢયાં હતાં. મરનાર સાલેસ, બુદ્ધિમાન, અને ઠંડા હતા. મરનારને પેટે એકે ફરઝંદ નહોતું. તેથી તેમની મીલકતનો વારસો તેમના ભાઇ ખા૦ બા૦ અરદેશરને હાથ ગયો.

## જાત મહેનતથી વધેલા ગ્રહસ્થો.

ફરતો આસમાન એક કુટુંબને હમેશાં તવંગર અથવા હમેશાં ગરીબ રાખતો નથી. તંવગરો ગરીબ થઇ ગયલા–ગરીબીમાંથી તવંગર થયલા ઘણા હોય છે. પણ ગરીબીમાંથી તંવગર થવું એ કાંઇ જેવું તેવું કામ નથી.

જાત મહેનતથી પ્રકાશી નીકળેલા સુરતમાં ઘણાએક છે. તેઓ એલમ ભણીને સદગુણને માર્ગે ચાલ્યાથી વધ્યા છે મુંબઇ હાઇકોર્ટના મરહુમ જડજ

મિ૦ નહાનાભાઈ હરીદાશ ગરીબ માબાપને પેટે જનમ્યા હતા. તેમણે બચપણમાં મોટી મુશ્કેલી વેઠી હતી. મિ૦ નાનાભાઈએ વકીલનો ધંધો એવા પ્રમાણીકપણાથી ચલાવ્યો કે તેમને નામદાર સરકારે ખુશ થઈ હાઈકોર્ટના જડજ બનાવ્યા હતા. પોતાના કીસ્મતના ઘડનારાઓ માંહેલા તેઓ એક હતા અને મરણ પામ્યા ત્યારે મોટી આબરૂ તથા ભારે દોલત મૂકી ગયા હતા. રા૦ બા૦ જગજીવનદાશ ખુશાલદાશ પણ પોતાની જાત મહેનતથી વધેલા, આબરૂદાર અને સરકારના એક ભારે નીમકહલાલ નોકર છે. તેમને નામદાર સરકારે રાવ બહાદુરનો માન ભરેલો ખેતાબ આપ્યો છે. ખા૦ બા૦ દોકટર ડોશાભાઈ પેસ્તનજી પણ ગરીબ માબાપને પેટે જનમ્યા હતા. વિદ્યા મેલવવામાં ખંત તથા ઉલટ રાખ્યાથી તેઓ દોકટર થયા. પોતાની નોકરીનાં દરમ્યાનમાં તેમણે સરકાર તથા પ્રજાની ભારે સેવા બજાવેથી નામદાર સરકારે તેમને ખાન બહાદુરનો માન ભરેલો ખેતાબ આપ્યો. એવા કેટલાએક ગ્રહસ્થો જાત મહેનતથી શહેરના આગેવાન ગ્રહસ્થોનો દરજ્જો ભોગવે છે. ખા૦ બા૦ કુંવરજી કાવસજી, રા૦ બા૦ નંદશંકર તુલજાશંકર, મિ૦ કહાનદાશ મંછારામ મિ૦ તાપીદાશ વરજદાશ, પ્રખ્યાત આલપાઈવાળાના કુટુંબના મિ૦ [illegible] હોરમજી આલપાઈવાલા, સેઠ બેરામજી પેસ્તનજી દોકટર વગેરેએ જાત મહેનતથી પોતાનાં કુટુંબને નામાંકીત બનાવ્યાં છે. જાત મહેનત સાથે સહાસની મોટી અગત છે. જાત મહેનત, નીમકહલાલી અને પ્રમાણિકપણા ઉપરાંત હિંદુ ગ્રહસ્થોમાના કેટલાએક ગ્રહસ્થો સહાસથી વધ્યા છે. ઈંગ્લાંદની મુસાફરી કરવી, એ ધર્મવિરૂદ્ધ ગણાતું હતું. એ ખોટી છીટને લીધે એ આખી કોમને નુકશાન હતું તે કોરે મુકી, કેટલાક ગ્રહસ્થો એલમને માટે ઈંગ્લાંદ જઈ આવ્યા છે. તેઓમાં રા૦ બા૦ મહીપતરામ રૂપરામ નીલકંઠ મોખરૂ નીકળ્યા છે. તેમણે દેશનું ભલું કરવા જતાં ઘણું સોસ્યું છે. નામદાર સરકારે તેમને રાવ બહાદુરના ખેતાબ ઉપરાંત કંપેનિયન ઓફ ધિ ઈન્દયન એમ્પાયરનો નામાંકિત ખેતાબ આપ્યો છે.

વિદ્યાના બળથી વધેલા ગ્રહસ્થોમાં ખાન બહાદુર બરજોરજી એદલજી, ખાન બહાદુર બમનજી એદલજી, ખાન બહાદુર એદલજી મંછુભાઇ, ખાન સાહેબ કેખશરો એદલજી વગેરેને મૂકાય. એ સઘળા સુરતના જાણીતા મોદી કુટુંબના નબીરાઓ છે. એ કુટુંબ આગલા વખતમાં પારશીઓની સંસારી તથા ધર્મ સંબંધી તકરારોના ફેસલા કરવાની સત્તા ધરાવતું હતું. બ્રિટિશ રાજ થયા પછી બ્રિટિશ સરકારે પણ, જ્યાં સુધી કાઝી તથા નગરસેઠની સત્તા ચલાવવા દીધી ત્યાં સુધી, એ સત્તા વાપરવા દીધી હતી. તેમના વડાને સુરતના વડએ તથા નામદાર ગવર્નર હરેક વખતે શાલ તથા ખીલાતો આપી હતી. તેમણે બ્રિટિશ સરકારની વફાદારી ભરેલી સેવા બજાવેલી, તેના બદલા તરીકે તેમને સરકારે ૩૫૮૦ વીઘાં જમીન આપી છે, તથા હાલના મોદીજીને ખાન બહાદુરનો ખેતાબ આપ્યો છે. સરકારી કાગળ પત્રમાં નામદાર સરકાર તેમને "ખાન બહાદુર રૂસ્તમજી ખરશેદજી મોદી, દાવર," એ પ્રમાણે લખે છે.

મહમદન કોમમાં વિદ્યાના બળથી કેટલાએક ગ્રહસ્થો વધ્યા છે. મીર ગુલામબાબાખાન જાણીતાં કાઝી કુટુંબના નબીરા છે. એ કુટુંબના વડા લાંબી મુદત થયાં મહમદન કોમનો સંસારી તથા ધર્મ સંબંધી ન્યાય કરવાની સત્તા ધરાવતા હતા. તે અખત્યાર સરકારે લઇ લીધો છે. તોપણ મીર ગુલામબાબાખાન પોતાની બાહોશીથી પોતાના અમીરી દરજ્જાને જેબ આપે છે. આરબ સોદાગરોમાં એકને પાદશાહ શાહજહાંએ ઉમેદ-તુલ-તુઝાર નો ખેતાબ આપેલો, તે કુટુંબના ગ્રહસ્થો ખા૦ સા૦ શેખ બહાદુર બખશુમીઆ તથા મી૦ નતુમીઆ બખશુમીઆ છે. જેમ આ બધે ગ્રહસ્થો એલમને લીધે પ્રખ્યાતીમાં આવ્યા છે, તેમ તેઓના બુઝરોગો પણ સુરત જીલ્લાના કમિશનર, મુનસફ, વગેરેના ઓદ્ધા ભોગવી ગયા છે. એ કુટુંબને અમદાવાદના પાદશાહ મહમદ બેગડાએ એક ખેતાબ આપ્યો હતો, અને તેઓ પાદશાહ શાહજહાંના વખતથી પાલખીનશીન હતા.

સુરતના વતનીઓ પૂર્વ મહાદ્વિપના દરેક ભાગમાં વેપાર ધંધાને માટે ફરી વળ્યા છે. વહોરા કોમ એ બાબતમાં સૌથી આગેવાન છે. તેઓથી ઉતરતા પારસી છે. કેટલાક હિંદુઓપણ દેશાવર જાય છે. તેઓ એશિયા, યુરોપ તથા આફ્રિકાના દરેક ભાગમાં અને ટાપુઓમાં વેપાર કરતા જોવામાં આવે છે. તેઓ નાગાસાકી, ઓસટરેલિયા, મોરીસ, મોઝાંબીક, દંગ્લાંડ, ચીન ઉપરાંત આફ્રિકામાં નેટલ તથા ત્રાનસવાલ સુધી ગયા છે.

## ઓગણીસમી સદીના અમલદારો, વકીલ, દાકટર વગેરે.

જડજો—મેશર્ઝ એ. રામસે, નાઠનિયલ ક્રો, એસ. બોરચેર, ટી. એમ. કીટ, મોરીસન, જોન રોમર, જોન ફ્રેનટીશ, જી. બલ્યુ એંદરસન, દબલ્યુ. એ. જોન્સ, ટોમસ બારનદી, એદવર્દ ગ્રાંટ, દબલ્યુ. જે. લમસ્દન, ગ્રેગર ગ્રાંટ, ઓનરેબલ જે. સધરલેંદ, ઇ. બી મિલઝ, દબલ્યુ સિમસન, જી. એલ. એલીયટ, દબલ્યુ રિચર્દસન, આર. દી. લુઅર્દ, એ. રેમીંગટન, દબલ્યુ સી. એંદરૂસ, આર. કીસ, દબલ્યુ ઇ. ફ્રેર, દબલ્યુ. એચ. હેરીસન, એચ હેબર્ટ, એ. કે. ફોરબ્સ, એ. બી. વોર્દન, સી. ફોરબ્સ, આર. એચ. પીન્હી, સી. એચ. કેમેરન, સી. જી. કેમબોલ, દબલ્યુ. એચ. ન્યુનહામ, એચ. એમ. બર્દઉદ, જી. એમ મેકફરસન, એસ. ટાગોર, એ. દી. પોલન, એફ. કુલટન, હોસ્કીંગ, કેન્દી, હોરસ્લી, કોરદો, બીમન, એસ. હેમિક, જી. વીટવર્થ, હેમિલ્ટન, ફિટઝમોરિસ, એસ હેમિક.

મિનસિપાલ સદર અમીન—ફરસ્ટ કલાસ સબ જડજ—મેશર્ઝ ફીરોજશાહ ધંજીશાહ, અરદેશર ધંજીશાહ, જનારધન વાસુદેવ, ... ... ...... ... ... ...—નગરના દસ્તુર, માણેકજી પેસ્તનજી, ભોલાનાથ સારાભાઇ, મુકુંદરાય મણીરાય, દીનશાહ પેસ્તનજી દસ્તુર, ખરસેદજી રૂસ્તમજી થાણેવાળા, વીસ્તુમોરેશ્વર ભીડે, સુમુખરામ નવનીધરામ મહેતા, આબાજી બ

લવંત ભીસે, જોગલેકર, મંગેશરાવ બલવંત, બરજોરજી એદલજી મોદી, એદલજી મંજીભાઈ મોદી, હરદેવરામ અનુપરામ, બરજોરજી એદલજી મોદી.

કલેકટરો—મેસર્સ ઇ. ગેલી, જે. મોરિસન, ડબ્લ્યુ. જે લમ્સડન, ડબ્લ્યુ. સ્ટફ્સ, જે વાઇટ, ડબ્લ્યુ. સી. એંડરૂસ, ડબ્લ્યુ. સિમસન, સર. આર કે. આરબઠનોટ, જે. ગોર્ડન સ્ટુવર્ટ, સી. જી. પ્રેનડરગાસ્ટ, ઇ. જી, ફોસેટ. જે. એમ. ડેવિસ. જે. એચ પેલી. એચ. લિડલ જી. ઇનવેરેરિટિ, એ. ડી. રોબર્ટસન એ. એફ. બેલાસિસ. ઇ. ડબ્લ્યુ. રેવન્સક્રોફ્ટ, એ રોજર્સ. જે ડબ્લ્યુ. રાબર્ટસન, જે. એ. જી. ડફ, ટી. સી. હોપ, જે. બી રિચિ, એ. કે. નેરન, એમ. જે. શો સ્ટુઅર્ટ, ડબ્લ્યુ. આર. પ્રાટ, ઇ. સી કે. ઓલિવંટ, જી. એફ. એમ ગ્રાટ, ડબ્લ્યુ. લાક. ટી. ઓસ્ટનકેટ, એ કેસર, એ. એ. બોગેદેલ, જે. જી. વાઇટ. એફ. એસ. પી. લેલી, જે. જી. વાઇટ, જી. સી. વિટવર્થ, ડબ્લ્યુ એલન, એફ. એસ. પી. લેલિ,, ડબ્લ્યુ બી. મ્યુલક, જે. એ. બેન્સ, ડબ્લ્યુ. પોયસ, જે. એ. બેન્સ, ગોલી. બોવી, સી. બી. વિન્ચેસ્ટર, એ. સી. એકવર્થ, જે. બી. રીદ.

સ્મોલકોઝ કોર્ટના જડજો—મેસર્સ સૈયદ એલ. મેદીની, ફેખશરો હોરમજી આલપાઇવાળા—

સિટિ મેજીસ્ટરેટ—ખા૦ બા૦ દારાશાહ ડોશાભાઈ—

ડેપ્યુટિ કલેકટરો—મેસર્સ વિનાયકરાવ ગણેશ, ડબ્લ્યુ. એમ ડેલી, ફરામજી નશરવાનજી, મોતીરામ દળપતરામ, નાહના મોરોજી, જગજીવનદાસ ખુશાલદાસ, શંકર પાંડુરંગ પંડીત વીરપ્રસાદ તાપીપ્રસાદ, કાશીનાથ માહાદેવ ઠટે. જગજીવનદાસ ખુશાલદાસ, આદરજી જીવનજી, ફીરોઝ હુશંગ દસ્તુર, દારાશાહ ડોશાભાઈ.

હેડ માસ્તર—મેસર્સ દાદોબા પાંડુરંગ, ગ્રીન, ગ્રેહામ, ગુણનંદ શંકર તુલજાશંકર, રૂનાન. મનસુખલાલ મુગટલાલ મુનશી બી. એ, એલ. એલ. બી, પીલસન. બેસ્ટ, ફોરેસ્ટ, અંબાલાલ શાકેરલાલ દેશાઇ એમ. એ, જમશેદજી

અરદેશર દલાલ એમ. એ. વામન આબાજી મોદક બી. એ, વીશ્નુ નારાયણ પાઠક, એમ. એ, ઉત્તમરામ નરભેરામ મહેતા, બેરામજી ફ્રામજી પટેલ એમ. એ. દોરાબજી એદલજી ગીમી બી. એ વીશ્નુ નારાયણ પાઠક એમ. એ.

કોટવાલ—સિટિ પો૦ ઇન્સ્પેકટર—મેસર્સ મહમદી, મીરજાં અમાની, અરદેશર ધંજીશા, બેજનજી પાલનજી, વીનાયકરાવ ગણેશ, હોરમજી દોરાબજી, દુરગાપ્રસાદ સુરજપ્રસાદ દેસાઇ, ગજાનંદ વીઠલ, દોલતરાય રળીયાતરાય, નારાયણરાવ, ફતેહસીંગ બનસીસીંગ, હીરજીભાઇ જીવનજી, જાંગીરશા અરદેશર, મોતીલાલ મોહનલાલ, યુસફઅલી અલાબક્ષ, નાનાભાઇ કાવસજી—

મ્યુનિસિપાલિટિના સેક્રેટરી—મેસર્સ બેજનજી પાલનજી કોટવાળ, હીરાચંદ શામરાવ, દાદાભાઇ ધંજીભાઇ ભાભા, નશરવાનજી કોયાજી, ... ... દીનશાહ અરદેશર તાલયારખાં, દોસાભાઇ દાદાભાઇ મોદી, પાંડુરંગ બાળકિશન, નથુમીઆ બખશુમીઆ શેખ, બમનજી સોરાબજી, નશરવાનજી ખરશેદજી સેઠના, નથુમીઆ બખશુમીઆ શેખ.

વકીલ—મેસર્સ પેસ્તનજી કાળાભાઇ, માણેકજી પેસ્તનજી, મકનભાઇચંદ, દયારામ મકન, નશરવાનજી પેસ્તનજી, રણછોડદાસ નાનાભાઇ, જીવણરામ, પરભુદાસ, દાજીભાઇ કસનજી, મગારામ દાજી, રાજારામ લખમીદાસ, હરકીશનદાસ, આત્મારામ ઊમીયારામ, ડાહ્યાભાઇ સવાઇચંદ, દોરાબજી, રતનરામ દાજી, ત્રીકમદાસ ભીખારીદાસ, કીરપારામ દાજી, તુલજારામ દયારામ, ઉત્તમભાઇ શવાઇચંદ, ડાહ્યાભાઇ દયારામ, ટેમુલજી હોરમજી, નથુરામ રાજાભાઇ, બલવચરામ સતવચરામ, દવારકાંદાસ રૂઘનાથદાસ, કાશીદાસ મયારામ, ભીખારીદાસ, દોલતરામ કેશવરામ, ધીરજલાલ મથુરાંદાસ, નાનાભાઇ હરીદાસ, કેખશરો હોરમજી આલપાઇવાળા, મોતીરામ દલપતરામ, મધુવચરામ બલવચરામ, કલાભાઇ લલુભાઇ, બેજનજી માણેકજી જંબુસરીઆ એલ. એલ બી, બરજોરજી નશરવાનજી વકીલ, દોલતરાય સુરભાઇ દેસાઇ (બેરીસ્ટર), મંચેરજી દાદાભાઇ દાદીસેઠ (બેરીસ્ટર). હોરમજી બરજોરજી

વાણીઆ, ગુલાબદાસ ભાઇદાસ, બળરામ, ઓછવલાલ નગીનદાસ, લલુભાઇ ત્રીકમદાસ, સુરભાઇ ત્રીકમદાસ, શાકેરલાલ મોતીરામ, રણછોડદાસ પરભુદાસ, કેવલરામ ઉમેદરામ, દલપતરામ ફકીરભાઇ, રૂઘનાથજી નીછાભાઇ, ઘેલાભાઇ જગજીવનદાસ, માણેકલાલ નંદલાલ, માણેકલાલ નરોતમદાસ ભગુભાઇ ડાહ્યાભાઇ, ત્રંબકલાલ હરકીશન, મોતાભાઇ મોતીલાલ, રણછોડદાસ નરોતમદાસ, ત્રીભોવનદાસ ભગવાનદાસ, નાગરજી ત્રીકમદાસ, નીછાભાઇ અખુભાઇ, જેવંચરામ કેશવરામ, ઠાકોરદાસ નવળરામ, બાલુભાઇ મોતીરામ, બળવંતરાવ ત્રીપુરાશંકર, હરપતરામ હરમુખરામ, વજેરામ મનીભાઇ, છબીલદાસ હરકીશનદાસ, ઠાકોરદાસ નારણદાસ.

હકીમ—મીર ઇસા, મુલાં મેદી, ચાંદાભાઇ, શેખમહમદ, અબદુલ તૈયબ, કાસમ મહમદ, બદરૂદીન શેખ મહમદ, નુરમહમદ કાસમહમદ, નશરવાનજી રૂસ્તમજી તમના, રૂસ્તમજી નશરવાનજી તમના. પેસ્તનજી રૂસ્તમજી તમના, કાવસજી રૂસ્તમજી તમના, બેરામજી ભીખાજી, ડોશાભાઇ, ભીમજીભાઇ પેસ્તનજી, માણેકજી ખુશખાંજી, દોરાબજી, ... પેસ્તનજી જીવાજી તમના, ધંજીભાઇ ભોગી, બેરામજી ભોગી, બેરામજી પેસ્તનજી, પીરોજશાહ જમશેદજી, જામાસજી જીવાજી. જમસેદજી જીવાજી.

વૈદ—ભુલા ભટ, કેવળ ભટ, દીના ભટ, બાલવૈદ, લલુભાઇ (આંખના) જગનનાથ-ઇછાશંકર, મનીશંકર, આદીતરામ, હરગોવદાસ, ડાહયાભાઇ ભાઉશંકર, રતુભાઇ કડાંવાળા, ભાણાભાઇ.

મલમપત્તાના દાકટર—સોરાબજી, પેસીભાઇ જામાસજી, પેસીભાઇ ખરશેદજી, કુંવરજી પાલનજી બારીઆ.

પાસ થયલા દાકટરો—કેખશરો શોરાબજી નરીમાન (સિવિલ સરજન) દોસાભાઇ પેસ્તનજી (વાઇસરાયના ઓનરરી સરજન), નશરવાનજી નવરોજી, એદલજી દોરાબજી પટેલ, દીનશાહ જીવાજી, રામલાલ લલુભાઇ, સુરજલાલ મથુરાંદાસ, ગણેશ વીશ્નુ ખેર, ફરદુનજી એદલજી શેરડીવાળા, લલુભાઇ

ભગવાનદાશ કાજી—( ગુજરાતી ક્લાસના ) સોરાબજી પેસ્તનજી, અરદેશર દેરાબજી.

આ૦ સેનિટરિ કમિશનર—દાકટર મંચેરજી બેરામજી કોલા.

ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સપેકટરો—રાવ સાહેબ મોહનલાલ રણછોડ દાશ, રાવ સાહેબ મોતીરામ રાજારામ.

કવિ—નર્મદાશંકર લાલશંકર.

મ્યુનિસિપાલિટિના અમલદારો.

પ્રમુખ—કલેકટર.

ઊપપ્રમુખ—ખા૦ બા૦ ડોકટર ડોશાભાઇ પેસ્તનજી.

સરકાર તરફના મેમ્બરો-દાકટર કેખશરો શોરાબજી નરીમાન. સિવિલ સરજન, મિ૦ એચ. જી પાલિસર એકસીકયુટિવ એનજીનીયર, રા૦ બા૦ ઉમેદરામ રણછોડદાશ, ખા૦ બા૦ દારાશાહ ડોશાભઇ, ખાન સાહેબ નાહનાભાઇ કાવસજી સિટિ પોલીસ ઇન્સપેકટર, અને મામલતદાર. ખાન સાહેબ કેખુશરો એદલજી મોદી. રાવ સાહેબ ગુલાબદાશ પુરશોત્તમદાશ, આત્મારામ ભુખણવાળ, ખાન સાહેબ મીર માસુમઅલીખાન, ખાન બહાદુર યુસફઅલી અલાબક્ષ, ખાન સાહેબ અબદુલહુશેન અબદુલઅલી મુછાલા, ખાન સાહેબ સૈયદ ઝેન એલ એદરૂસ. મિ૦ એલફ્રેદ જરવીસ, રાવ સાહેબ અનુપરામ બાલમુકંદાશ.

કેળવાયલા વર્ગ તરફના મેમ્બરો—ખાન બહાદુર દાકટર ડોશાભાઇ પેસ્તનજી, મિ૦ કાળાભાઇ લલુભાઇ વકીલ, મિ૦ ઇશ્વરદાશ જગજીવનદાશ સ્ટોર.

કરભરનારાની તરફના મેમ્બરો—મેશર્સ મેચેરજી દાદાભાઇ દાદીસેઠ. એ. જી.આલમંદ, ગુલાબદાશ ભાઇદાશ વકીલ. દીનશા જીવાજી એદલ બહેરામ, બલરામ મોતીરામ વકીલ, ભાનુશંકર નારણશંકર દવે, મંછરામ ઘેલાભાઇ અધીપતિ ગુજરાત મિત્ર. રામલાલ લલુભાઇ. હરીલાલ તુલજારામ દરૂ, નરભેરામ મનસુખરામ કંટરાકટર, ફીરોજશા જમશેદજી નાણાવટી, અનુપરામ કીરપારામ.

## નામદાર સરકાર તરફથી ખેતાબ તથા ચાંદના માન પામેલા ગ્રહસ્થો.

સી. એસ. આઇના ખેતાબવાળા—સૈયદ એદરૂસ.

સી. આઇ. ઇના ખેતાબવાળા—રાવ સાહેબ મહીપતરામ રૂપરામ.

ખાન બહાદુરો—અરદેશર ધંજીશાહ, બરજોરજી મેરવાનજી ફ્રેઝર, મીર ગુલાબાખાખાન, રૂસ્તમજી ખરશેદજી મોદી, દોસાભાઇ પેસ્તનજી દોકટર, કુંવરજી કાવસજી સબાવાળા, હોરમજી આદરજી પટેલ. યુસફઅલી અ[illegible]ક્ષ.

રાવ બહાદુરો—જગજીવનદાસ ખુશાલદાસ, મુકુંદરાય મનીરાય, દોલતરાય સંપતરાય, પારવતીશંકર મનીશંકર.

---

## પ્રકરણ ઓગણીસમું.

---

### પારસીઓનું ધરમખાતું.

સુરતમાં લાંબા વખતથી પારસીઓનું ધરમનું ફંદ હતું. તે ઘણા નાના પાયાપર હતુ.

હાલનું ફંદ સને ૧૮૪૦ માં થયું. ટેણાગામના દોખમાને કોઇ અંબેલાલ દેસાઇ ખણી ખોદીને તેના પથરા કાઢી ગયલો. પેશ્વાએ સને ૧૮૧૨માં તે દેસાઇને દંડ કરૂયો અને સુરતની પારસી પંચાયતને નુકશાનને પેટે રૂપીઆ ૬૦૦૦ અપાવ્યા. આ રૂ ૬૦૦૦ મુંબાઇમાં ફોરબ્સ કંપનિમાં વ્યાજે

નાખેલા તે તથા તેનું વ્યાજ તથા સીલક મલી સુરતની અંજુમન પાસે રૂ ૧૫૦૦૦ હતા.

હવે સુરતની સંવત ૧૮૯૩ની મોટી આગ વખતે મુંબાઈમાં જે ઉઘરાણું થયું, તેમાંથી સુરતનાં ગરીબ લોકોને દાણો, વસ્ત્ર વગેરે અપાવ્યા ઉપરાંત પારસીએના રૂ ૫૯૦૦૦ વધેલા હતા તે તથા ચીનની પારસી અંજુમને રૂ ૨૫૦૦૦ મોકલ્યા હતા, તે મળી આશરે રૂ ૧૦૦૦૦૦ એકઠા કરીને તેમાંથી સુરતનું ધરમખાતું ઉભું કરયું.

સને ૧૮૪૦માં મુંબાઇની પારસી અંજુમનના પ્રમુખ વાડીઆ નવરોજી જમશેદજી, ફરામજી કાવસજી બનાજી, હોરમજી દાદાભાઈ શાહેર, નશરવાનજી મંચેરજી કામા, બમનજી હોરમજી, જમશેદજી જીજીભાઇ વગેરેની સહીનો એક કાગળ સુરતની અંજુમનના પ્રમુખ મોદી રૂસ્તમજી પર આવ્યો કે આગના ફંડમાં પારસીઓનાં વધેલા નાણામાંથી સુરતમાં ધરમનું ફંદ ઊભુ કરી, તે માટે એક ટરસ્ટદીદ કરવું છે, માટે તેમાં ટરસ્ટી કોણ કોણને નીમવા છે તે લખવું. સુરતથી મોદી રૂસ્તમજી ખરસેદજી, શાપુરજી ફરદુનજી. પારખ મેરવાનજી રતનજી, પટેલ અસપંદીઆરજી હોરમજી. વાડીઆ એદલજી હીરજીભાઇ વગેરે એ અંજુમન તરફના વિચાર લઈ ટરસ્ટી દાખલ ૭ નામો સુચવ્યાં. મુંબાઈની અંજુમને ૧૩ ટરસ્ટીઓ કર્યા, એક ત્રસ્ટદીદ કરયું, અને તે મુજબ એ ફંદનું કામ ચાલે છે.

એવી રીતે એ ફંદ ઉભું થયું. તેમાં મુંબઈવાળા સખીવજુદ સર જમશેદજી જીજીભઈ બેરાનેટે આશરે રૂ ૧૨૫૦૦૦ ભરયા, અને બીજા પારસી ગ્રહસ્થો એ ફંડમાં ભરતા રહયા. એ ફંડમાં હાલ નીચે મુજબ પુંજી છે.

રૂ ૪૧૪૪૦૮ સુરતની પારસીની અંજુમનના ધરમના ફંડના તથા પારસી સુરત ચેરીટી ફંડના મલીને રૂ ૪૧૪૪૦૮ છે તેમાંઃ—

૧૫૪૧૬૭ સુરતની પારસીની અંજુમનના ધરમના ફંડના.

૨૬૦૨૪૧ સુરત પારસી ચારીટી ફંડના.

તેમાં જે ખાતે જમે છે. તે ખાતાં તથા નામ આ પ્રમાણે છેઃ—

રૂ ૧૯૩૭૬ જનરલ ધરમના ફંડમાં.

૪૫૫૩૬ આંધલાં પાંગળાંના ફંડમાં.

૯૪૩૮ અવલમં જલ પહોંચાડવાના ફંડમાં.

૧૨૯૦ દોખમાના રસ્તાની મરામતના ફંડમાં.

૩૦૯૮ ડુમસની દરેમહેરના ફંડમાં

૩૬૦ મુકતાદમાં કપડાં આપવાના ફંડમાં.

૧૮૫ સગડી આગળના બાગનું ફંડ.

૮૦૨૭ સર જમસેદજીએ ગણદેવીના નસેસાલારોનું પગાર આપવાના ફંડમાં.

રૂ ૨૭૮૮ વાડીઆજી દાદાભાઇ તથા મંચેરજી પેસ્તનજીએ ઓલાવના નસેસાલારોને પગાર આપવા.

૨૯૧ સુરતના ગરીબ છોકરાંઓને કેળવણી આપવા ના ફંડમા.

૧૬૧૦૪ શેઠ પેસ્તનજી જાંગીરજી લીકીમ.

૧૫૦૦ નામદાર સર જમશેદજીએ પોતાના મીત્રના પુન માટે.

૧૫૦૦ નામદાર સર જમશેદજીએ ખા૦ બા૦ અરદેશરના પુન માટે.

૫૦૦ ભાઈ માણેકજી દોસાભાઈ દરબારી.

૫૦૦ મોદી બેરામજી માણેકજીની છોકરી ડોસીબાઇ.

૧૦૦૦ સેઠ નશરવાનજી મંચેરજી કામાજીના છોકરાઓ.

૧૦૦૦ સેઠ જમશેદજી કાવશાજી એંટી.

૫૦૦ શેઠ રતનશાહ પેસ્તનજી વકીલના પુણને માટે.

૧૦૦૦ શેઠ માણેકજી શાપુરજી હોડીવાળા.

૫૦૦ શેઠ જમશેદજી કાવશાજી એંટી.

૩૦૦૦ બાઈ બચુબાઇ તે મેરવાનજી હોરમજી ફરેજરની બેટી.

૫૦૦ શેઠ પેસ્તનજી કાવસજી દારૂવાળા.

૫૦૦ આ૦ શાપુરજી રૂસ્તમજી સુખીઆ.

૪૯૯ શેઠ રૂસ્તમજી કાવસજી ઘડીઆલી.

૪૯૯ શેઠ માણેકજી શાપુરજી હોડીવાળા વગેરે.

૬૬૮૮ બાઈ ડોશીબાઈ તે ડોશાભાઈ એદલજી કીલ્લાવાળાની ધણીઆણી.

૧૩૪૫૦ બાઇ આવાંબાઇ તે શેઠ મેરવાનજી હોરમજી ફરેઝરની ધણીઆણી.

૧૦૨૦૫ શેઠ રતનજી રૂસ્તમજી સુખીઆના પુણને સારૂ.

ઉપર મુજબ નાચાર પારસીઓને ગુજરાણ સારૂ દર મહીને પગાર આપવા. ગરીબ લોકોનાં છોકરાંઓને મફત કેળવણી આપવા, તેમની નવજોત કરવા તથા નાવારેશ માણસ મરણ પામે તેના મરણની ક્રિયા કરવા વગેરેના એ ધરમખાતામાંથી ખરચ થાય છે. રૂઆનોને અવલ મંજલ પહોંચાડવાને નસાસાલારોને પગાર આપવામાં આવે છે, ગંબાર તથા જસનો થાયછે, ઇ૦.

## ગંબારનુ જસન—ન્યાત.

સુરતમાં દર વરસ તીર મહીનામાં પહેલા ગંબારને દિવસે એક ગંબાર થતો. તેમાં સુરત તથા આસપાસના ગામોના પારસીઓ સામેલ થતા એ ગંબાર ઊઘરાણાથી થતો. તેમાં ઘટ પારસી અંજુમનની કોથલીમાંથી ઉમેરવાંમાં આવતી. એ ગંબાર રૂસ્તમપુરામાં પારસી પંચાયતની ખુલ્લી જમીન છે, તે ઉપર માંડવા નાખી કરવામાં આવતો. એમાં કેટલા પારસીઓ સામેલ થતા હશે, તેનો વિચાર એટલાપરથી આવશે કે, સદીની સરૂઆતમાં એ ગંબારમાં ૩૦૦ મણ અને પાછલા ભાગમાં ૧૫૦ મણ ચાવલ થતા.

સને ૧૮૫૦થી તીરમહીનાનો પહેલો ગંબાર સર જમશેદજીએ દર વરસ રૂ ૫૦૦ સુધી ખરચી કરવો શરૂ કરયો. બીજે વરસથી તીર મહીનાનો

પાંચમો ગંભાર શેઠ મેરવાનજી હોરમજી ફ્રેઝરનો થવા માંડયો. એ ગંભાર ઉપરાંત શેઠ ફીરોજશાહ પંજીશાહ તરફનો એક ગંભાર કદમી તીર મહીનામાં થાય છે. એક ચોથી ન્યાત થાય છે, તે શેઠ રતનજી રૂસ્તમજી સુખીઆના ફંદમાંથી દર વરસ થાય છે. સર જમશેદજીનાં ફંદમાંથી દર વરસ છ ગંભાર થાયછે. હાલ દરેક ગંભરમાં ૧૦—૧૮ મણ ચાવલ ખપે એટલા જરથોસ્તીઓ ભેગા મળે છે.

સુરતના નાચારોને શીપલા ગ્રહસ્થો સિવાય હાલના મુંબાઇના પણ સુરતના વતની નામદાર સર દીનશાહજી માણેકજી પીટીટ નાઇટે હરેક મુશ્કેલી વખતે ભારે સખાવતો કરી છે. એ સખી વજુદ અકાબરે આસરે ૧૫ લાખ રૂપીઆની સખાવત કરી છે, તેમાં સુરત જીલ્લામાં પણ મોટી રકમો આપી છે. એ રકમોમાં સુરતના ગરીબ ગરબાંને જે દાન આપ્યું છે, તે ટુકમાં નીચે લખ્યું છે.

૬૧૩ હીરા મલીદાની અગીઆરીમાં.
૬૦૦ ફારસી મદરેસાના ફંદમાં.
૩૦૦ ભગરસાથના મોબેદોના અવલ મંજલ પહોંચાડવાના ફંદમાં.
૬૦ રૂસ્તમપુરા જરથોસ્તી રિદિંગરૂમમાં.
૧૨૦ નાનપુરા રિદિંગરૂમમાં.
૧૦૦ રૂસ્તમપુરામાં કૂવો બાંધવાના ફંદમાં.
૧૦૦ રૂસ્તમપુરામાં વાડી મોહોલ્લાના ગંભારની વાડી બાંધવા.
૧૦૦ નાનપુરાના દવાખાનાના ફંદમાં.
૫૦૦ દોખમાના રસ્તાના ફંદમાં.
૨૫૦ સીગનપોરના રૂઆનો માટે સુરત લગી રસ્તો બાંધવાના ફંદમાં
૨૫૦ લાઇસંસ ટેકસ બાબત દુકાનદારોએ હુલ્લડ કર્યું, તે વખતે બેગુનાહ લોકોના બચાવના ફંદમાં.
૧૦૦૦ સુરતનાં રૂઆનોને અવલમંજલ પહોંચાડવાના ફંદમાં.

૧૦૦૦ આંધળાં પાંગલાં તથા નાચારોના ફંડમાં.
૫૦૦૦ સને ૧૮૮૩ની મોટી રેલથી નાચારીમાં પડેલાના છુટકારામાટે
૧૦૦ નાનપુરામાં તમનાની ધરમશાળાનાં ઉઘરાણામાં.
૧૦૦૦ પાંજરાપોળ બાંધવાના ફંડમાં.
૧૨૫ બીબીની વાડીના આદરીઆનના ફંડમાં.
૫૦૬ કદમી પારસીઓના આતસબહેરામના ફંડમાં.
૩૦૫૦ સને ૧૮૮૯ની મોટી આગથી નાચારીમાં આવી પડેલાઓને અન્ન વસ્ત્ર અપાવવા તથા ઘર બાંધી આપવાનાં ફંડમાં, એ સખી ઉમરાવે, એવનનાં નેકનામ મહેરદાર લેડિ સાકરબાઈએ તથા સાહેબજાદાઓએ મળી.

એ આગને લગતી દુખનિવારણ કમિટિના સર દીનશાહજી પ્રમુખ હતા. એમણે પહેલેથી છેહલે સુધી એને લગતાં કામકાજમાં અગ્રાગ મહેનત લઇ પારસી મહમદન, હિંદુ વગેરેને એક સરખી રીતે ઇનસાફ આપવાને કાળજી રાખી હતી.

ઉપલી વીગત મુજબની સખાવત ઉપરાંત એ સખી નરે સુરત તથા તેની આસપાસનાં ગામોમાં પારસી, હિંદુ તથા મહમદન એ ત્રણે કોમોનાં સામાન્ય સુખમાટે કુવા, અવાડા, રસ્તા વગેરે બાંધવાના ઉઘરાણામાં મદદો આપી છે.

## હિંદુ નિરાશ્રિત ફંડ.

સુરતની હિંદુ મહાજનના ધરમના ફંડને હિંદુ નિરાશ્રિત ફંડ કહે છે, તેમાં રૂ ૧૮૧૨૪૩ા—છે. એ ફંડમાંથી બંગાળ બેંકના દર રૂ ૫૦૦ના ૧૪૪ શેર તથા ૩૨ નોટ લીધેલી છે. તેના વ્યાજમાંથી દર વરસ આસરે રૂપીઆ ૪૦૦૦ દાણો કપડાં વગેરે હિંદુ નિરાશ્રિત લોકોને આપવાના કામમાં વપરાય

છે, તથા હિંદુઓના ગરીબ છોકરાઓને નિશાળમાં ભણવાની ફી તરીકે આશરે રૂ ૫૦૦ આપવામાં આવે છે. તે ખાતાની એક કમિટિ છે, તે કમિટિના વડા શેઠ દ્વારકાંદાશ લલુભાઇ છે. સુરતની ૧૮૯૩ની આગ પહેલાં પાંજરાપોળનું ફંદ હતું, તે ફંદમાં આગના ફંદમાંથી હિંદુ કોમના વધેલા રૂપીઆ ૫૧૩૦૦ નાખ્યા હતા, અને તે વધતાં વધતાં ઉપર મુજબનું ફંદ થયું છે.

## મુંબઇના લોકોની સખાવત.

સુરતમા જ્યારેબી કોઇ આફત પડી છે, ત્યારે મુંબાઇ સુરતની મદદે આવી છે. હરેક આફતમાં મુંબઇના સખી લોકોએ સુરતપર અહેશાન કરયુ છે.

## સડતાળા કાળ વખતે.

સડતાળા કાળ વખતે મુંબાઇના પારસીઓએ ગરીબ લોકોને પાળવાને રૂ ૧૬૦૦૦ ખરચ્યા હતા, એવુ નોંધાયલુ છે.

## સને ૧૮૩૭ની આગ.

સુરતના આગથી નુકશાનમાં આવેલાને માટે મુંબાઇ, ચીન વગેરેમાં ઉઘરાણા થયા. મુંબઇના અકબરોએ એ આગની વાત સાંભળી નામદાર ગવર્નરને અરજી કરી તેની મતલબ આ હતી:—

"સુરતમાં તા૦ ૨૪મીએ મોટી આગ લાગી, તેમાં ૨૦૦૦૦ ઘરો બળી ગયાં છે; સેંકડો માણસો મરી ગયાં છે,, વગેરે. માટે નામદાર સરકારે એ આફતમાં મદદ આપવી. અમે અમારૂં બનતું કરીએ છીએ." (આ આંકડા જુલભરેલા હતા, એવું એ કમિટિને માલમ પડયું હતુ, અને તેથી એ ક

મિટિએ થોડી મુદ્દત એ આગના ફંડનો હેવાલ છપાવ્યો તેમાં બળેલાં ઘરની સંખ્યા ૧૦૦૦૦ લખી છે. હરેક આફત વખતે તરતા તરતનો સહરાગાંત ભરેલી ખબરો ફેલાય છે).

આ અરજી પરથી નામદાર સરકારે રૂ ૫૦૦૦૦ રોકડા મોકલ્યા; તથા બીજી મદદ કરી, તે ઉપર આવી ગયું. મુંબાઇ શહેરમાં મોટી જાહેર સભા મળી તથા ઉઘરાણું થયું, તેમાં નીચે મુજબ રૂપીઆ ભરાયા હતા.

| | |
|---|---|
| રૂ ૬૮૧૦૨ હિંદુઓએ. | રૂ ૬૨૧૫૨ પારસીઓએ. |
| ૫૮૦૩ મુસલમાનોએ. | ૨૩૩૧ પરભુઓએ. |
| ૧૦૦૫ વહોરાઓએ. | ૨૫૦૦૦ પાંજરાપોલનાં ફંડમાં પારસી. હિંદુ વગેરે સઘળી કોમના ભરાયલા તેમાથી. |

એકંદર રૂ ૧૬૪૩૮૮.

યુરોપીયન લોકોએ ઉઘરાણું કરયું તેમા રૂ ૮૯૦૦૦ થયા. ચીનના પારસીઓએ રૂ ૨૫૦૦૦ મોકલ્યા. એવી રીતે સુરત, મુંબાઇ, ચીન, વગેરે શહેરોમાં ઉઘરાણા થયાં. સુરતમાં થયલાં ફંડમાથી સરકારના રૂ ૫૮૦૦૦માથી અને યુરોપીયનોની સખાવતમાથી સુરતની કમિટિએ નાચારીમા આવી પડેલાને અનાજ, કાપડ વગેરેની મદદ કરી. તે ઉપરાંત મુંબાઇની કમિટિએ, પણ અનાજ, કાપડ વગેરેમા રૂ ૫૪૦૦૦ ખરચ્યા. મુંબઇના સખી લોકોના પૈસામાથી સુરતમાં જે ગરીબ લોકોને તરત મદદ આપી તે કોમવાર નીચે મુજબ—

| | |
|---|---|
| રૂ ૩૬૬૩૪ હિંદુ લોકોને. | રૂ ૪૧૬૨ મહમદન લોકોને. |
| ૭૩૭૪ પારસી લોકોને. | ૪૬૦૨ વહોરા લોકોને. |

બાકીના રૂ ૧૧૦૩૦૦ મુંબાઇવાળી કમિટિ પાસે રહયા. ગરીબ લોકોને ઘર બાંધવાને રોકડા રૂપીઆ આંપવાનો વિચાર હતો, તે અમલમાં આણીને

શકાયાથી, તે રૂપીઆમાંથી રૂ ૫૯૦૦૦ પારસીઓના જૂદા કાઢી પારસીઓને આપ્યા; તથા બાકીના રૂ ૫૧૩૦૦ હતા, તે હિંદુની મહાજણને આપ્યા.

## સને ૧૮૮૩ની મોટી રેલ વખતે.

સને ૧૮૮૩ની મોટી રેલ વખતે પણ મુંબાઇના સખી લોકોએ સુરતના ગરીબોને મદદ કરી. રેલનો જેવો તાર ગયો કે લોકોમાં દયા ઉત્પન્ન થઇ. નામદાર સેઠ દીનશાહજી માણેકજી પીટીટે કોટમધેનાં પોતાનાં મકાનમાં એક સભા બોલાવી, તે સભામાં તરતા તરત રૂ ૨૫૦૦૦ ભરાઇ ગયા. જેમાં સખી વજુદ બાઇ મોતલાંબાઇ તે સેઠ જાંગીરજી નસરવાનજી વાડીઆની બેટીએ રૂપીઆ ૧૫૦૦૦ની નાદર રકમ ભરી. તેવીજ રીતે સેઠ દીનશાહજી માણેકજી પીટીટે રૂ ૫૦૦૦ની રકમ મૂકી કે લાગલું નાણું ભરાતું આવ્યું. એ ફંડમાં રૂપીઆ ૧૦૦૦૦૦ થયા, તેમાંથી સુરતમાં સુરતના આગેવાન લોકોની મારફતે ભૂખ્યાંઓને દાણો, નાગાંઓને વસ્ત્ર, અને ઘર બાર વગરનાંઓને ઘર બાંધવા રૂ ૧ થી રૂ ૫૦૦ સુધીની દરેકને મદદ આપી. એવી રીતે રૂ ૬૩૦૦૦ આપ્યા. બાકીના રૂ ૩૭૦૦૦ તે કમીટી પાસે બાકી હતા.

## સને ૧૮૮૯ના મોટા અગ્નિ કોપ વખતે.

સને ૧૮૮૯ની મોટી આગ વખતે મુંબઇમાં સખીવજુદ ગ્રહસ્થ સર દીનશાહજી માણેકજી પીટીટને ખબર પડતાંજ તેમણે અતરે રાવ બહાદુર જગજીવનદાસ ખુશાલદાસ તથા શેઠ બેરામજી પેસ્તનજી દાકટરપર તાર મોકલીને કહેવાડયું કે, દુઃખમાં ટવલતાંઓને તરતા તરત મદદ આપવાની અગત્ય હોય તો એકથી પાંચ હજાર રૂપીઆ સુધી તાબડતોબ મારી તરફથી આપવા. જો એથી વધારે રકમ તરત જોઇતી હોય તો તે લખવું. બીજી તરફથી સર દીન

શાહજીએ પોતાના વાલકેશરના મહેલમાં સભા બોલાવી એક ફંડ કરયું.

એ સભામાં મુંબઇના નામદાર ગવર્નર લોર્ડ રે પણ હાજર થયા હતા. એ ફંડમાં રૂ ૧૫૦૦૦૦ થયા, તેમાંથી રૂ ૧૪૦૦૦૦ સુરત ખાતે જે નાચાર લોકોનાં ઘર આગમાં બળ્યાં હતાં, તેમને ઘર બાંધવાને આપ્યા. એ કામ માટે સુરતમાં પણ ફંડ ઉભું થયું હતું. તે ફંડમાં રૂ ૫૦૦૦૦ થયા હતા, તથા તે કામ પાર ઊતારવાને જે કમિટિ થઇ હતી, તેના પ્રમુખ આસિસ્ટંટ કલેક્ટર મિ૰ સી બી. વીન્ચેસ્ટર હતા. આવી રીતે ગરીબો ને આશરો મળ્યાથી, ઘણાખરાએ પોતાના ઘરો બાંદયાં છે, અને તેથી સખી લોકોનો સમાર્ગનો પૈસો ખરા ધર્મના કામમાં વપરાયો છે.

## પ્રકરણ વીસમું.

## બીજી અગત્યની નોંધો.

### સુરતના પારસીઓ.

પંદરમી સદીમાં સુરતમાં પારસીઓનાં ઘણાં થોડાં કુટુંબો હતાં. તેઓનાં નામો નવસારી ખાતે મલતી અંજુમનોમાં અને પારસી ઊમરાવ ચાંગા આશાએ જરથોસ્તી ધર્મ બાબત શોધ ખોળ ચલાવી ઇરાન માણસો મોકલી દીનને લગતા ખોલાસા મંગાવ્યા હતા, તેમાં જોવામા આવે છે. ત્યાર પછીના વખતમાં યુરોપીઅન મુસાફરોએ પારસીઓ વિશે જે નોંધ કરી છે, તે પારસી પ્રકાસમાંથી નીચે આપ્યું છે.

" આલબરટ ડી. માનડેલસો નામનો ફ્રેંચ એલચી પોતાની ઇરાની

તથા હિંદુસ્તાનની મુસાફરીનાં પુસ્તકમાં સન ૧૬૩૮ના. ગુજરાતના પારસીઓ માટે લખે છે કેઃ—

"તેઓ ઘણાખરા કીનારા ઉપર રહે છે, અને સલાહ સંપથી ચાલે છે, તથા તમાખુની ખેતી અને તાડીના દારૂની આવપત ઉપર ઘણાખરા રહે છે. તેઓને દારૂ પીવાની છુટ છે. તેઓ વ્યાપાર વનજ, સરાફી, દુકાનદારી અને બીજા બધા ધંધાઓમાં ગુંટાયલા છે. ફક્ત લોહાર અને સોનીના ધંધામાં તેઓ પડતા નથી, કારણકે આતશને બુજાવવો એ તેઓ મોટો ગુનાહ સમજે છે.

પારસીઓ એકજ સર્વ શકતિવાન ખોદાને માનનારા છે.

તેમના ઘરો નાધલાં અને અંધારાં તથા તેમાં સામન થોડોજ હોય છે. તેઓ બધા એકજ ભાગમાં સાથે રેહેવાને ચાહે છે. તેઓમાં કોઈ એકસ માજીસ્ટરેટ નથી, પણ પોતાનીજ કોમો મધેથી બે સારાં માણસોને તેઓ પોતાનો ઇનસાફ સોંપે છે, અને પોતાના ટંટાઓની બાબદ ઘણી ખરી બીજાઓ આગલ લાવતા નથી.

તેઓ આતશ જેવી પવીત્ર ચીજ બીજી કોઇ ગણતા નથી. અને તેની તેઓ ઘણી જતન લે છે, કારણકે તેઓના કહેવા મુજબ ખોદાઈ નુર બતાવવાને આતશ જેવું બીજું કાંઇ નથી. અને તેથી તેઓ એક બતી અથવા ચેરાગને ફુક મારીને બુજાવતા નથી, તથા આતશને બુજાવવા કદી પણ પાણી વાપિરતા નથી. અગર કોઇનું ઘર આગથી બળી જાય તોબી તેપર પાણી નમતા નથી, પણ ધુલ અથવા માટી તેપર દાબી દીએ છે, અને તેબી તેઓ ઘણું મુસીબત જેવું સમજે છે.

તેઓ બચાંઓને નહાનપણથી પરણાવે છે, પણ તેમનો સંબંધ ૧૫ કે ૧૬ વરસની વયે પુગા પછી થાય છે; તેઓમાં વીધવાઓ નાતરૂં કરી શકે છે. છીનાલું અને રંડીબાજી તેઓમાં મોટા ગુનાહ ગણાય છે. અને જો ઇનસાફ તેઓના હાથમાં હોય તો એવા ગુનેહગારોને તેઓ મોતની સજા કરે.

તેઓ અંગે ઘણા કદાવર નથી. તોપણ તેમનો દેખાવ હિંદુસ્થાનના બીજા લોક કરતાં સોભાઈતો છે; તેઓની ઓરતો દેશની બીજી જ્ઞાતની ઓરતો કરતા મુકાબલો નહી થઇ શકે એવી સફેદ અને ખુબસુરત છે. મરદો લાંબી અને ગોલ કાપેલી દાઢી રાખે છે, કે જે રીત આજ ૫૦ વરસ થયાં ફ્રાંસમાં દાખલ થયલી છે. તેઓમાંના કોઇ બાલ રાખે છે. અને કોઇ કાપે છે જેઓ કાપે છે તેઓ માથાંની તાલકી ઉપર એક અંગોઠા જેટલી લાંબી વાળેલી ચોટલી રાખે છે."

"ઓગીલબીસ આટલાસ"માં સને ૧૬૭૦ના સુરતના પારસીઓ વિશે લખે છે કે:—

"તેઓ હીયાંના દેશીઓની માફક છુટાપણે રહે છે અને મનપસંદ ધંધાઓ કરે છે. તેઓ ઘણા બુદ્ધીવાન અને ઘણાખરા ખેતી તથા દારૂ ગાળવાના ધંધામાં ગુજરાન કરે છે. કેટલોક પરદેશનો વ્યાપાર, સરાફી, દુકાનદારી, અને લોહાર સિવાય તરેહવાર જાતના હુન્નરોના ધંધા કરે છે, કાંએકે લોહારના ધંધામાં આતશપર પાણી નાખવું પડે છે. જે તેમના ધર્મથી ઊલટું છે.

અગર કોઇ વખતે ભુલચુકે કોઇથી બીજાનાં પીધેલાં પીઆલાંમાનું પીવાઇ ગયું તો તે પીઆલુ ત્રણ વખત ધોઇ, કેટલોક વખત ગુજરયા પછી ઉપયોગમાં લીએ છે.

મરદો મોટી ગોલ દાઢી અને માથાંપર લાંબા બાળ રાખે છે, તથા ઘણાખરાઓનાં નાક વાંકાં હોય છે કે જેપરથી તેઓ હજારો લોકોમાંથી ઓળખાઇ આવે છે. તોપણ કેટલાકો ટુકા બાળ અને તાલવાં ઉપર ચોટલી રાખે છે."

ઓવીંગટન નામનો મુસાફર સને ૧૬૮૯માં સુરત ફરી આવ્યો હતો તે પોતાના ગ્રંથમાં ત્યાંના પારસીઓમાટે લખે છે કે:—

"તેઓ ફકત એકજ ખોદાને માને છે, અને તેને સઘળી ચીજોના

પેદા કરનાર તરીકે ગણી દર મહીનાનો પેહેલો દીવસ તેની આરાધનામાં ગુજારે છે, અને એ સિવાય બીજા કેટલાક દહાડાઓ (હમકારા) પણ જાહેર બંદગીને માટે નમેલા છે.

તેઓ પોતાના પવીત્ર તેહવારો (ઘાહંબાર) પર સો બસો માણસો શેહેર બાહેર પરાંમાં એકઠાં મળેછે. જયાં દરેક પોતાની શકતિ પ્રમાણે ભાણાં લાવે છે, અને પછી બધા સરખે ભાગે પીરસીને સાથે બેસી ખાએ છે. તેઓ પોતાના જાતભાઈઓ ઉપર ઘણી પ્રીતી રાખે છે, ગરીબોને મદદ કરે છે, અને જેઓ તંગીમાં હોય તેમને મદદ કરવાને હંમેશ તૈયાર હોય છે. જેઓ ગરજાઉ અને કામ કરવાને શકતિવાંન હોય તેમને કામ સોંપે છે, તથા જેઓ મુફલેસ અને લાચલાજ હોય તેઓને પુર છુટથી બખશેશ કરે છે, કે જેથી તેઓ પોતાની કોમનાં એકબી માણસને ભીક્ષક તરીકે રહેવા દેતા નથી. અને એ બાબદમાં પીઠાગોરસની જે સઊથી ઉમદા નશીહત કે "પોતાના દોસ્ત આસનાઓમાં સરખાપણું રાખવું" તે તેઓ પુરતી રીતે અમલમાં લાવે છે.

તેઓ ધંધાધાપામાં ઘણા મેહેનતુ અને ચાલાક તથા પોતાનાં બચ્ચાંઓને ઉદયોગ અને હુનરની તાલીમ આપવામાં ઘણી કાળજી રાખે છે. આખા દેશમાં વણવાનાં કામપર મુખ્ય કરી પારસીઓ સરસ છે, અને સુરતનું ઘણુંખરૂં રેશમી તથા બીજું કાપડ તેઓને હાથનું બનવેલું હોય છે."

કપટાંન એ. હેમીલટન પોતાના પુસ્તકમાં સને ૧૭૧૦ના ગુજરાતના પારસીઓ માટે લખે છે કેઃ—

"તેઓ સરશ સુંથારો અને વહાણ બાંધનારા, તેમજ વણત અને ભરતના ધંધામાં ઘણા કુશલ છે, કે જે તેઓને હાથના બનાવેલા રેશમી અતલસ, બુતેરી તાકાઓ, તથા ભરૂચ અને નવસારીથી આવતા સરશ બાસતાઓ ઉપરથી માલમ પડે છે. તેઓ હાથીદાંત અને અકીક તેમજ લાકડાંની નકશીનાં કામો કરવામાં એક્કા છે."

કારસ્ટન નીંબર નામનો મુસાફર કે જેણે આર્બસ્થાન તથા હિંદુસ્થાંન

મધે ઇ૦ સ૦ ૧૭૬૨થી તે ૧૭૬૪ સુધી મુસાફરી કીધી હતી તે સુરતના પારસીઓ માટે લખે છે કેઃ—

"સુરતમાં સંખ્યાબંધ પારસીઓ જેઓ ચાલાક વ્યાપારીઓ, ઉદ્યોગી કારીગરો અને સરસ નોકરો છે.

મુંબાઇ, સુરત, અને તેની પાસેનાં શેહરોમાં અસલી ઇરાનીઓનું એક સંસ્થાન છે, જેઓ અગીઆર સદીની વાત ઉપર જ્યારે આરબોએ તેમનો સ્વદેશ જીત્યો ત્યારના હિંદુસ્થાનમાં આવી વસ્યા છે. તેઓને પારસી કરી કહે છે; અને હિંદુઓ તેમને ચાહે છે. તેમની સંખ્યા ઘણી વધતી જાય છે જ્યારે કેરમાંનમાં તેઓના જાતભાઇઓ મુસલમાનોની જુસરી હેઠલ દબાઇતા ઓછા થતા જાય છે. તેઓ ભલા, નરમ, અને ઉદ્યોગી તેમજ પોતં પોતામાં સુલેહ સંપજથી રેહનારા તથા પોતાની કોમના ગરીબોને હંમેશાં મદદ કરનારા છે કે જેથી તેઓ બીજી જ્ઞાતના લોકો પાસે ભીખ માંગે નહીં.

તેઓમાં એકજ બાયડી પરણવાનો ચાલ છે. જયાં સુધી તે બાયડી વાંજણી નહી હોય ત્યાં સુધી તેઓ કદી બીજી બાયડી કરતા નથી. તેઓ પોતાના બચ્ચઓને ૭ વરષની વયમાં પરણાવે છે, પણ તે પરણેલાં જોડાં જયાં સુધી ઉમરે પુગે ત્યાં સુધી પોતાના માબાપના ઘરમાંજ જુદાં રહે છે. તેમનો પોશાગ હિંદુઓના જેવો છે. ફકત ઇરાંનીઓની માફક તેઓ કાનની હેઠલ બે ઝુલફાં રાખે છે.

પારસીઓ એટલે જરથોસ્તનો ધર્મ પાલનારાઓ એકજ સર્વ શકતિવાંન તથા અમર ખોદાતાલાને માને છે."

નામીચો મુસાફર મી૦ જેમસ ફારબસ કે જેણે ઇ૦ સ૦ ૧૭૬૫થી તે ૧૭૮૪ સુધી એશીઆ, આફ્રીકા, અને અમેરીકાના જુદા જુદા ભાગોમાં મુસાફરી કીધી હતી તે પોતાના લખાણમાં જણાવે છે કેઃ—

"મુંબઇ અને સુરત ખાતે મુખ્ય વ્યાપારીઓ તથા વહાણના ધણીઓ પારસીઓ છે. કેટલાકો કારીગરોના હુન્નરો શિખેલા છે, અને તરેહવાર જા

તની વનાતના કામમાં ગુંતેલા છે. હિંદુસ્થાનમાં સઊથી સરસ સુથારો અને વહાણ બાંધનારાઓ એ કોમના છે.

તેઓની સંખ્યા મુંબઇમાં ઘણી છે, અને સુરતમા તેમનાં ૨૦૦૦૦ કુટુંબો છે. હજુ સુધી તેઓએ પોતાની જુદી હકુમત સ્થાપવાને કસ્સી કોશેશ કીધી નથી. તેઓમાં ધર્મ સંબંધી માથાં ભાંગે એક મતફેરને લીધે બે તડાં પડેલાં છે.

તેઓ ઘણાખરા ઉંચા કદના, ખુબસુરત, કસરતબાજ, સારા બાંધાના, અને હિંદુસ્થાનના બીજા દેશીઓ કરતાં ગોરા છે. તેઓની ઓરતો પાકદામાનીને માટે વખાણાયલી છે. છોકરીઓ નાજુક અને દેખાવડી હોય છે, પણ તેમની જુવાંનીનો બાહાર જલદીથી જતો રહે છે. અને ૨૦ વરસની ઊમરની અંદરનો નાજુકી જઇ તેઓ હિંદુ તથા મુસલમાની ઓરત કરતાં પણ વધારે આંગે ફેલાઇ પુરૂષનાં જેવી દેખાય છે.

હિંદુસ્થાનમાં જયાં જયાં પારસીઓ રહે છે ત્યાં તેઓ પોતાના પવીત્ર આતશના કેબલાને માટે દરેમેહર તથા સેવટના વીસાંમાને માટે દોખમું બાંધે છે."

એજ મુસાફર સુરતના પારસીઓ માટે જણાવે છે કે:—

"થોડાં વરસ થયાં સુરતના સઊથી નાદર બાગ બગીચા હિંદુ અથવા મુસલમાનોના હાથમાં નથી, પણ શહેર બાહેર ઘણીક જાગીરો સાથે તે પારસીઓનાં હાથમાં છે, કે જેઓ આગલ જણાવ્યા મુજબ એક મોટી અને ઉદયોગી કોમ છે. આએ ઇરાંનથી આવેલી કોમ હાલ અજાયબ રીતે વધી ગઇ છે. હિંદુસ્થાંનના પારસીઓની પોતાના ધર્મના બચાવને સારૂ નાશી આવેલાં થોડાંક કુટુંબોમાથી આટલી બધી સંખ્યા વધી ગઇ, તેવો દાખલો ઇઝરાયલ લોકોના અજાયબ જેવા દાખલા સિવાય બીજો કોઇબી મોજુદ નથી."

અરાઢમી સદીમાં સુરતની આખી પારસી કોમને લગતા બે બનાવ સંને ૧૮૪૧ તથા ૧૮૪૨માં બન્યા છે.

ઓગણીશમી સદીના એ બંધે બનાવ પારસી પંચાયતની સત્તાને લગતા છે. એક મુંબઇ સમાચાર તા૦ ૭ નવંબર ૧૮૪૧માં અને બીજો પારસી પ્રકાશ પાને ૯૦૪ થે છપાયલા છે.

## ૧૮૮૯માં લોકોની વસ્તી, હાલત, પોશાક વગેરે.

સને ૧૮૮૧ની ગણત્રી મુજબ વસ્તી નીચે મુજબ છેઃ—

હિંદુ ૮૧૪૯૯, મુસલમાન ૨૧૪૨૦, પારસી ૬૨૨૭, ખ્રિસ્ટિ ૫૧૯ બીજા ૧૯૯.

હાલત—સને ૧૮૮૮–૮૯ના સરકારી હીસાબ મુજબ સુરતખાતે વરસે રૂ ૫૦૦ અને વધારેની પેદાશવાળા ૩૨૬૭ માણસો છે. તેઓની આવકપરં સેંકડે ૨ તથા ૨ાા ટકા લેખે ગણતાં સરકારને રૂ ૮૩૦૧૩ની ઊપજ થઇ છે. એ હીસાબે રૂ ૫૦૦ અને તેથી વધારે પેદા કરનારાની કમાઇ ૪૦ લાખ રૂપીઆની છે. પણ રૂ ૫૦૦થી ઓછી આવક વાળી વસ્તી બહોળી છે. એજ વરસમાં રૂ ૫૦૦ અને તેથી વધારે પેદા કરનારાઓ ઉપરનો ઇનકમટેક્ષ મુંબઇમાં રૂ ૧૭૩૮૮૬૮ અને અમદાવાદમાં રૂ ૧૬૪૮૩૪ છે, તે મુકાબલાથી સુરતની હાલત તરત જણાઇ આવે છે.

સને ૧૮૮૯માં મજૂરીનો દર નીચે મુજબ છેઃ—

| | | | ૬ કલાકના. | ૮ કલાકના. | ૧૨ કલાકના, |
|---|---|---|---|---|---|
| સુથાર | ... | ...આના | ... | ૧૦ | ૧૨ાા | ૧૫ |
| કડિયો. | ... | ... ,, | ... | ૧૦ | ૧૨ાા | ૧૫ |
| મજૂર. | ... | ... ,, | ... | ૬ | ૭ાા | ૯ |
| ખેતીનામજૂર... | | ... ,, | ... | ૦ | ૪ | ૦ |
| દરજી | ... | ... ,, | ... | ૮ | ૧૦ | ૦ |
| મોચી | ... | ... ,, | ... | ૮ | ૦ | ૦ |

લોકોની હાલત તેમની કમાઇની સાથે તેમનાં ખાનપાણ, ઘરેણાં ગાઠાં ત

આ પોશાક ઊપરથી કેટલેક દરજ્જે સમજાય, માટે, અને ગઇ સદીમાં લોકોનાં પોશાક, ઘરેણાં કેવાં હતાં, તેની સાથે, આ જમાનાના પોશાક વગેરેનો મુકાબલો કરવાને અને વળી આવતા જમાનાના મુકાબલા માટે, તે સઘળું નીચે આપ્યું છે.

પોશાક—મહમદન તથા વહોરાઓના પોશાકમાં ઘણોજ થોડો ફેરફાર થયો છે. વહોરાઓ તેજ જાત તથા રંગનાં પણ ઝીણાં કપડાં પહેરે છે. હિંદુ સ્ત્રીઓમાં નાગર, શ્રાવક, વગેરે રેશ્મી સાડી તથા પોલકા પહેરે છે. બ્રાહ્મણોમાં—વાણિયાઓમાં પણ રેશ્મી લૂગડાં દાખલ થાય છે. બીજા વર્ગમાં હજી કાંચળી સિવાય સઘળાં લૂગડાં સુતરાઉ પહેરવામાં આવે છે. પારસી મરદોએ રેશ્મી તુમાન પહેરવાં બંધ કીધાં છે; પાગડી રેશ્મી-કોઇ લાંબી, હાથની બાંધેલી, કોઇ બે ગજના કકડાનું ખોખું, કોઇ ફેંટા અને કોઇ પાગડીને બદલે ટોપીજ પહેરે છે. લાંબી બાંહેના અંગરખા જવલેજ જોવામાં આવે છે; તેને બદલે સુતરાઊ, ઊનના કે રેશમના ટુંકી વાંકી બાંહેના અને હમણાં હમણાં છેક ટુંકા દગલા પહેરે છે. લેગાને ઠેકાણે સાંકડા પાયચાના પાટલુન, પગમાં મોજાં અને લગભગ સઘળા બુટ પહેરે છે. લગન તથા મરણની મીજલસમાં જામા પીછોડીનો પોશાક કાયમ રહયો છે. પારસણો માથાબાના તથા સદરા સિવાય સઘળો પોશાક ઘરમાં તથા જવે આવવે રેશ્મી પહેરે છે. ટીલીની કે રેશ્મી ચીકનની કોર મુકેલી રેશ્મી સાડી, રેશ્મી પોલકા, રેશ્મી ઇજાર, રેશ્મી મોજાં પહેરે છે. ઘણીખરી પગમાં વારનીશની સપાટ, થોડીએક બુટ પહેરી, ઘણીજ થોડી હાથમાં છત્રી લઇ નીકળે છે.

હિંદુ સ્ત્રીઓનાં ઘરેણાં—ગળામાં પહેરવાનાં—હાર, કાંટલી, કાળી ગાંઠી, પાટિયાં, કંઠી, મોહનમાળા. કાને—ચોકડાં, લોલીઆં, નખલી, બુગરી, એરીંગ, કુકડવાં, વાળી, લોલકાં. નાકે—વાળી, નથ, કાંટો. દાંતમાં—જડ અથવા રેખ. હાથે—કલ્લાં, સાંકળાં, ગજરા, બંગડી, છન, કંકણી, પાટલી, વાંક, ઘોડાવાંક, ઘુંઘરી, વીંટી. પગે—અઠાસીઆં. તોડા, ઝાંઝેર, લંગર, ગજરાં, ગંઠોડા. પગના અંગુઠામાં કરડા, બીજી આંગલીએ વીંટી, ત્રીજીએ માછલી, બો

૨. માથાના વાળમાં—ચાક, ગુલાબનાં ફુલ, વેણી. એ ઘરેણાં સોના તથા રૂપાના હોય છે. મોતીના દાગીના આ પ્રમાણે છે—છડો, નવસેરો, સાતલડો, કાલીગાંઠી, તનમનીઉં, હાર, બંગડી, ચીણ, કડક (વરરાજાને કાન લગનને દહાડે). મરદોને પહેરવાની જણસો—કંઠી, કડું, કલ્લાં કંદોરો, બાજુબંધ, વીંટી, ફોકરવું લવેંગ છોકરાને ચાંદ, સુરજ, સીરપેચ (વરઘોડામાં) જાગ સેર (શ્રીમંતવખતે સ્ત્રીઓને). ઇ૦.

સો વરસપર પારસણો નીચે મુજબ રૂપાની જણસો પહેરતી.

હલકા, કંઠી, તુલસી, હાંસડી, નઠ, કાવડી, અઠાશીઆં, તોડા, ઝાંઝર, પાટલી, વીટલી, ચુરા, કાંકણ, કારીઉં, કારેલી, પોલ્લાં, હલકા હીરાજડાવના, ચીતાગ, ઘઉંમાળા, ગુંગરી, સાકડી. મરદો—રૂપાની વીંટી, કંદોરા, બુરખા. છોકરાઓ—વીંટી કડી, બાળી, આંસડી, વાડા, તોડા, ઝાંઝર ઇ૦.

પારસી સ્ત્રીઓની હાલની જણસો—સોનાની—સાકળાં, વાડા, બાંગડી ચીનળ, સાકળી, લાકીટ, એરીંગ, ફોરટ, વીટલી, પંચી, ચોકડા, હાર, વીંટી. હીરા મોતીની જણસો-હાર, સાંકળાં બાંગડી, ફોરટ, વીંટી, ચોકડા, વાડા, પોંચી.

રૂપાની જણશો પારસણોમાંથી નીકળી ગઈ છે, અને મરદો કે છોકરાઓ કોઇપણ જણસો પહેરતા નથી. ફક્ત કોઇ હાથે વીંટી પહેરે છે.

જણસ પહેરવા પારસણો કાન અને બીજી બધા વર્ગની સ્ત્રીઓ કાન તથા નાક વીંધાવે છે. કેટલાક હિંદુ મરદો હજી કાન વીંધાવી મોતીની જણશો પહેરે છે.

ખોરાક—પારસીઓમાં ઓગણીસમી સદીની સરૂઆતમાં ચાહરુમ, માસીસો, છમસી વરસી, જંદરવાન, નવજોત લગન, અઘરણી, નાતરૂં, રાંદેલ(!)વગેરે ટાંકણે, ખાવાન કરવું પડતું. તે વખતે ચાવલ, દાળ, એવું સાદું ખાનું હતું. દારૂ કે તાડી કોઈ જાણતું નહીં. હમણાં તેમ નથી. કેટલાએક એવાં જમનવારો બંધ કીધાં છે. અને કેટલાએક લગન તથા નવજોતનાં કરે છે, તેઓ ૨ થી ૭ વાણીનાં ખાનાં દારૂ સાથે આપે છે. દારૂ મવડાંનો અને કોઇ ઠેકાણે બ્રાંડી, આઇસ, સોડાવોટર સાથે ૫ થી ૭ ફેરા લેવાડવામાં આવે છે.

હિંદુ લોકો જમણવારમાં નીચે કહેલા માંહેથી એક અથવા વધારે જાતના ખવાડે છે. (પકવાન)–ખાજાં, ગેભર, જલેબી, ફરસીપુરી, દહીત્રાં. લાખણશીલાડુ કળીનાલાડુ, ગુદરપાક, અમરતપાક. મહેસુર મોહનઠાર; (મીઠાઇ)- બરફી, પેંડા, કોપરાપાક, માવો. ગુગરા, ઘારી, હલવો;- સીખંડપુરી, બાસુદીપુરી. સીરાપુરી, ઘારી–મગજ–દુધપાક. બરફી ૨૨મુ મોહનઠાર, માલપૂડા–દુધપાક. જલેબી દુધ પાક; કેળાં પોળી, રસપોળી, બરફીપોળી- બીરંજ- મઠો ( અથવા ) દુધ; સીરા પોળી બીરંજ, મઠો ( અથવા ) દુધ; ગેબરખાજાં બીરંજ—મઠો (અથવા) દુધ.

## બજારો.

બરાનપુરી ભાગળનો, ઝાંપાંનો, નાનપરાનો, વરીઆવી ભાગળનો, ચઉટાનો, નવસારી ભાગળનો, ચોકનો, નાણાવટનો, મરદી બજાર. ગલેમંડીનો રામપરાનો, લાલ દરવાજાનો, ગોપીપરાનો, ખાંડબજાર, એટલા બજારો છે.

## પીઠ.

કણપીઠ ( ચઊટા આગળ. ), ઘઉંની પીઠ ( વરીઆવી ભાગળે ), ભાજી નીપીઠ ( નવાપરામાં ), દાણા તથા ઘાસની પીઠ (બેગમપરામાં), માછલી પીઠ, ઘીનો કાંટો ( પીઠ )હરીપુરામાં.

## વખણાતી વસ્તુઓ.

કિનખાબ, એલાયચો, ગજી, છતારી, કસબ, કીનારી, ખુશબો, હાથીદાંત તથા લાકડાનું કોતરકામ.

મીઠાઇ( વિશેષ કરી બરફી ),તંબાકુ, પનીર, દાડવાનું દી, ખતાઇ,ઇ૦.